# જાતિસ્વભાવશતક.

પૂર્વાર્ધ.

૧૦૫

श्री सयाज़ी साहित्यमाला.

૧૪૨૯૯
OG:3 BAR/JAT
7PK
1930
·B291 Ja
1926-1

SMT. HANSA MEHTA
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY

O154:3 BAR/JAT

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University of Baroda.
Call No. PK 1930 ·B291 Ja 1926-1
14298

શ્રી સયાજી સાહિત્યમાળા પુષ્પ ૧૦૫ મું.

UNIVERSITY LIBRARY M. S. UNIVERSITY

(વાર્તા-ગુચ્છ)

# જાતિસ્વભાવશતક.

(પૂર્વાર્ધ)

લેખક,

કવિ શિવલાલ લલ્લુભાઇ બારોટ,

મુ. ભાંડુ.

પ્રકાશક.

એમ. સી. કોઠારી,

કાપડી પોળ, રાવપુરા—વડોદરા.

આ ગ્રંથ વડોદરા-મોદીખાનામાં શ્રી ભારત વિજય પ્રિં. પ્રેસમાં
પરભુલાલ શીવલાલ ઠક્કરે તા. ૩૦-૬-૨૬ ના રોજ છાપ્યો.

ઈ. સ. ૧૯૨૬. સંવત ૧૯૮૨. } કિમ્મત. રૂ. ૦-૧૫-૦ { પહેલી આવૃત્તિ. પ્રત ૫૦૦

શ્રી.

# જાહેરાત.

આપણા દેશી ભાષાના સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના સદુદ્દેશથી પતિતપાવન શ્રીમંત મહારાજા સાહેબ શ્રી સયાજીરાવ ગાયકવાડ, સેનાખાસખેલ, શમશેર બહાદૂર, જી. સી. એસ. આઇ., જી. સી. આઇ. ઇ., એલએલ. ડી., ઇત્યાદિ એઓશ્રીએ કૃપાવંત થઈને બે લાખ રૂપિયાની જે રકમ અનામત મુકેલી છે તેના વ્યાજમાંથી "શ્રી સયાજીસાહિત્યમાળા" રૂપે વિવિધ વિષયોને લગતાં પુસ્તકો તૈયાર કરાવવામાં આવે છે.

આ સ્વતંત્ર પુસ્તક "જાતિસ્વભાવશતક" નો પૂર્વાર્ધ છે, અને તે ભાંડુના જાણીતા બારોટ કવિ શિવલાલ લલ્લુભાઇ, એમની પાસે તૈયાર કરાવી ઉક્ત માળાના વાર્ત્તા-ગુચ્છમાં એકસો પાંચમા પુષ્પ રૂપે વિદ્યાધિકારી કચેરીની ભાષાંતર શાખાએ ઠરાવેલા ધોરણ પ્રમાણે સંશોધાવી પ્રસિદ્ધિમાં મુકવામાં આવે છે.

| | | |
|---|---|---|
| વડોદરા. | ન. શિ. શાસ્ત્રી. | નંદનાથ કે. દીક્ષિત<br>વિદ્યાધિકારી, |
| તા. ૩૦-૬-૧૯૨૬ | ભા. મ. | વડોદરા રાજ્ય. |

શ્રી.

# જાતિ સ્વભાવ શતક

## પૂર્વાર્ધ

### મંગળાચરણ

દોહરા

ગૌરીનંદ અને ગિરા[૧], મંગળ મનિષા[૨] રૂપ,
પ્રેમ સહિત વન્દું પ્રથમ, રચવા ગ્રંથ અનૂપ. ૧

### પ્રયોજન

શ્રી દિવાન બહાદૂર જે, માનવંત મનુભાઇ,
સમ્મતિ એ સાહેબની, મળી મને સુદદાઇ, ૨
પદ્ય ગદ્ય રચના પરમ, સહ દષ્ટાન્ત સિધાન્ત[૩],
જાતિસ્વભાવશતક રચું, પ્રદ પ્રમોદ જન સ્વાન્ત[૪], ૩
સમયસુચક નૈતિક સરસ, કથા પુરાતન દંત,
પ્રગટ કરૂં પ્રતિ દોહરે, પૂરણ શતક પર્યંત, ૪

### વિનય

વિનય કરૂં વિદ્વાનને, રચતાં ગ્રંથ રસાળ,
દૃષ્ટિપ ગુણથી દેખવા, સદશ્ય સુમતિ મરાળ[૬], ૫

### ગ્રંથારંભ

શૂરાને રણક્ષેત્રમાં, ઘુમ્મત લાગે ઘાય,
શીષ પડે તો યે લડે, જાતિસ્વભાવ ન જાય , ૧

ભાવાર્થ:-યુદ્ધમાં ઘુમતાં શૂરવીર પુરુષને ઘા લાગવાથી મસ્તક પડે તો પણ તેનું ધડ લડેછે. તેનો જાતિ સ્વભાવ ન જવા બદ્દલ:-

૧ સરસ્વતી; ૨ બુદ્ધિ; ૩ સિદ્ધાન્ત; ૪ મન; ૫ ગુણ દષ્ટિ; ૬ હંસ

## દૃષ્ટાન્ત.

દિલ્હીની ગાદી ઉપર પૂર્વે સાર્વભૌમ મહારાજા પૃથ્વીરાજ ચોહાણ રાજ્ય કરતા હતા, અને તે જ સમયમાં કનોજની ગાદી ઉપર રાઠોડ વંશના રાજા જયચંદ રાજ્ય કરતા હતા આ પૃથ્વીરાજ અને જયચંદ મસિયાઇ ભાઇ થતા હતા. પરંતુ તેમના દાદા ( માના બાપ ) દિલ્હીના રાજા અનંગપાળે પૃથ્વીરાજને દિલ્હીનું રાજ આપ્યું તેથી બન્ને ભાઇઓ વચ્ચે દ્વેષની લાગણી ઉત્પન્ન થઇ. ઝેરનાં બી ભારતભૂમિના કમનસીબે રોપાઇ ચુકયાં હતાં. આ એક દ્વેષ તો હતો અને બીજો એવી રીતે ઊભો થયો કે, રાજા જયચંદની કુંવરી સંયુક્તાનું મહારાજા પૃથ્વીરાજે હરણ કર્યું, આ વખતે પૃથ્વીરાજ પોતાના મુખ્ય સરદારોને સાથે લઇને મહાન શૂરવીર રાજ્યકવિ ચંદ બિરદાઇના સેવક તરીકે કનોજ ગયા હતા. સેવક થઇને જવાનું કારણ એ હતું કે, જયચંદ પાસે અસંખ્ય સૈન્ય હતું કે જેથી તે "દળે પાંગળ" ના સંબોધનથી ઓળખાતો હતો. તે ઉપરાંત પૃથ્વીરાજ સાથે તે ઇર્ષા ધરાવતો હતો, અને વળી પૃથ્વીરાજને તેણે સંયુકતાના સ્વયંવરમાં આમંત્રણ પણ કર્યું ન હતું, અને તેથી મહારાજા પૃથ્વીરાજ મહાકવિ ચંદ બિરદાઇના સેવક થઇને સાથે ગયા હતા. કનોજ જઇ તેમણે જગપ્રસિદ્ધ મહાસ્વરૂપવાન સંયુકતાનું ગુપ્ત રીતે હરણ કર્યું તેથી મહાન લડાઇ થઇ. આ વખતે પૃથ્વીરાજ સાથે તેમના કાકા કન્હ ચોહાણ કે જેઓ હિંદુસ્તાનમાં મહાન યોદ્ધા ગણાતા હતા તેઓ પણ હતા, અને તેમની સાથે છગન નામનો પરમાર રાજપૂત તેમનો હજુરિયો હતો. જ્યારે પૃથ્વીરાજ સંયુકતાનું હરણ કરી દિલ્હી તરફ રવાના થયા ત્યારે જયચંદને પૃથ્વીરાજે સંયુકતાનું



હરણ કર્યાની ખબર પડવાથી તેણે પોતાના મહાન સૈન્યને પૃથ્વીરાજને પકડી લાવવાની આજ્ઞા કરી. તે મુજબ સૈન્ય ગયું. આ વખતે પૃથ્વીરાજના સરદારોએ દરેક રાજા અમુક માઇલ પહોચે ત્યાં સુધી લડવાનું કબૂલ કર્યું. તેમાં કન્હ ચોહાણે પણ કેટલાક માઇલ વહોરી લીધા. જ્યારે કન્હને લડવાનો વખત આવ્યો ત્યારે તેમને તૈયાર થઇને આવતા પહેલાં જ કનોજનું સૈન્ય નજીક આવી પહોંચ્યું. આ વખતે વીર છગન પોતાના માલીકની રાહ ન જોતાં લડવા તૈયાર થયો; અને તે એવી રીતે લડયો કે, મહાકવિ ચંદ બારોટ કે જેઓ તે વખત હાજર હતા તેમણે એવું વર્ણન કર્યું છે કે:—

### છપ્પય

હય કટ્ટત હુવ ભોમ, ભોમ હુવ પય ન પલટ્ટયો,
પય કટ્ટત કર લર્યો, કરહુ સબ સૈન સમટ્ટયો;
કર કટ્ટત શિર લર્યો, શિરહુ સનમુખ હુઇ ફુટ્ટયો
શિર ફુટ્ટત ધર લર્યો, ધરહુ તિલ તિલ હુઇ તુટ્ટયો.
ઈમ તુટ્ટ ફુટ્ટ કવિ ચંદ કહે, રોમ રોમ લરન લગો
સુર અસુર નાગ સ્તુતિ કરત, ધન્ય ધન્ય;છગ્ગન મરન.

ભાવાર્થઃ— છગન પરમાર પોતાના ઘોડા ઉપર સ્વાર થઇને લડવા લાગ્યો તે વખત લડતાં લડતાં પોતાનો ઘોડો કપાયો એટલે તે પૃથ્વી ઉપર આવ્યો,:તો પણ તેણે રણાંગણમાંથી પોતાનો પગ પાછો ન હઠાવ્યો: પગ કપાયાથી તે હાથ વડે લડયો, અને હાથ વડે તમામ સૈન્યને સમેટી નાખ્યું, હાથ કપાયા પછી તે મસ્તક વડે લડયો કે જેનું મસ્તક દુશ્મનોની છાતીમાં તોપના ગોળાની માફક વાગવા માંડયું; પછી મસ્તક ફૂટી જતાં તે માત્ર

ધડ વડે લડયો, અને અન્તે ધડ વડે તલ તલ પ્રમાણે તે સુભટ્ટ તૂટવા લાગ્યો. એમ ધડ વડે ઝુઝીને તૂટી પડતાં ચંદ કવિ કહે છે કે, તેનાં બધા રૂંવાટાં લડવા લાગ્યાં. તે વખત દેવતાઓ, રાક્ષસો અને પાતાળમાં રહેનારા નાગસમૂહો પ્રશંસા કરવા લાગ્યા કે ધન્ય છે ધન્ય છે છગનના મરણને !

અર્થાત શૂરવીર પુરુષને પોતાને ગમે તેટલા ઘા વાગે અને તેનું મસ્તક પડે તો પણ તેનું ધડ લડે છે, પરંતુ તે પોતાનો જાતિસ્વભાવ છોડતો નથી.

### દોહરા.

ફતેહ કરવા ફાતડા, ઘોડે ચઢે ઘણાય,
તરત જ પાડે તાળિયો, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:--કદાચ વિજય મેળવવાની ઇચ્છાએ ઘણા ફાતડાઓ એકઠા થઈ ઘોડે ચઢે તો પણ મામલો આવ્યે તુર્ત જ તાળિયો પાડવાનો તેમનો જાતિસ્વભાવ ન જવા બદલ:—

---

## દૃષ્ટાન્ત ૨.

કોઇ એક ગામથી રાજપૂતનું ખાંડું આવતું હતું. તેમાં પાંચ સાતેક જુવાન, સરખા, બળવાન રાજપૂત સાથે સાથે ચાલ્યા આવતા હતા. રાજકન્યા પડદાવાળા રથમાં બેઠેલી હતી. દરમ્યાન વચમાં નાનું ગામ આવ્યું ત્યાં પાદરમાં કલાલની દુકાન હતી તે જોઇને કેટલાક રાજપૂતોનું દિલ લલચાયું. તેમાં માત્ર અપવાદાસ્પદ એકાદ જણ જ નિર્વ્યસની હતો. તેને વ્યસની જુવાનોએ કહ્યું કે, “ ભાઇ! તમે આસ્તે આસ્તે રથની પાછળ પાછળ ચાલતા થાઓ. તેટલામાં અમે જરા ખુશાલિયાની લહેજત માંણતા આવીએ. ” નિર્વ્યસની જુવાને કહ્યું કે, “ ભાઇઓ ! સંધ્યાકાળનો સમય નજીક આવવા થયો છે. વિશેષમાં હવે પછીનો પંથ પણ વિકટ છે તેમ જ આપણું ગામ હજુ છેટું છે; માટે મારૂં કહેવું જો કે તમને માન્ય તો નહિં થાય, કારણ કે તમે મદ્ય પીધા પહેલાં જ મદના આવેશમાં આવી ગયા છો એટલે હું તમને રોકી શકવા સમર્થ નથી, તો પણ છાકોમાં છકી જઈ જમીનથી દોસ્તી ન કરતા ! વળી તમે એમ ન જાણશો કે, આ એકલો છે એટલે ડરે છે. પરંતુ હું તો માત્ર તમારા હિતની ખાતર કહું છું કે, તમે જેમ અને તેમ સ્વસ્થપણે રહીને જલદી મને પહોંચી મળજો. ” એમ કહી નિર્વ્યસની જુવાન રાજપૂત રથની પાછળ પાછળ રવાના થયો, અને વ્યસની રાજપૂતો દારૂના પીઠા ભણી વળ્યા. દુકાન પાસે બહારની બેઠક ઉપર બેસીને તેમણે કલાલ પાસે દારૂ માગ્યો તેટલામાં તો નાજુકડી પ્યાલીઓ હાજર થઇ એટલે દરેક જુવાને એક એક છાક લીધી; પણ વ્યસની જુવાનોને એક એક છાકનો શો હિસાબ ? વધતાં વધતાં તેઓ આસવના રાતા રંગમાં આગળ વધ્યા. કોઇ કવિએ કહ્યું છે કે:—



### દોહરો.

આમ ફળે પરવારકે, મહૂ ફળે પત ખોય,
વાકા પાની જો પિયે, ( વામેં ) બુદ્ધિ કહાંસે હોય.

ભાવાર્થ:—આંબાનું વૃક્ષ ફળતાં ડાળાંપાંદડાં સાથે લેલૂમ થઇને ફળે છે, અને મહુડાનું વૃક્ષ ફળતાં જ દિગંબર ( નગ્ન ) થાય છે, અર્થાત એક પાંદડું સરખું પણ રહેતું નથી; તો પછી એ મહુડાનાં ફૂલોનું પાણી પીએ તેમાં બુદ્ધિ કયાંથી હોય ?

વ્યસની રાજપુત્રોની રગેરગમાં ખુશાલિયો રમણ કરવા લાગ્યો કે તુરત જ વૈર ન હોવા છતાં પણ અન્યોન્ય લડવા લાગ્યા. પછી રથ જહાનમમાં ગયો કે શું થયું તેની કોને દરકાર રહે? અહીં આ પ્રમાણે વ્યવસ્થા થઇ અને રથ પછવાડે ચાલનાર રાજપૂતનું શું થયું તે હવે આગળ તપાસીએ. રથ બરાબર બે ત્રણ ગાઉને છેટે ગયો એટલે સૂર્યનારાયણ અસ્ત થયા. તે વખત કોઈ ચાંપાકુંવર, કોઇ જેકુંવર, તો કોઇ અંબાકુંવર, એવા નામવાળા સાડા સાતસો હીજડા ત્યાંથી પાંચ દસેક ગાઉને છેટે રહેતા હશે. તેમના મનને એવો વિચાર આવ્યો કે, " મા ! સૌ કોઈ ધાડાં પાડે છે ને આપણે કેમ ન પાડીએ ? " એ પ્રમાણે નિશ્ચય કરીને તમામે મરદાની વેશ ધારણ કર્યા, મેવાડી પાયચાવાળા પાયજામા પહેર્યા, ઘુંટી સુધી લટકતાં લાંબાં અંગરખાં પહેર્યાં, માથે કલગીદાર મેવાડી બત્તીઓ બાંધી, ખભે ચંદ્રમા જેવી ચળકતી સુવર્ણથી મઢેલી ઢાલો બાંધી, હાથોમાં વાદળામાં સમાએલી વીજળીની માફક મ્યાન કરેલી તરવારો ધારણ કરી, કમ્મરોમાં જરકસી દુપટ્ટે જમદઢ કટાર ભૂતના છરાની માફક બાંધી. વિશેષમાં લટકતા વીજગીસાઇ મેંમચા ઘુંટણોને વારણાં લઇ રહ્યા છે, અને પગોમાં પણ મેવાડી મોજડીઓ ચળકાટ કરી રહી છે. એ પ્રમાણે બખ્તરીયા પાખરિયા સાડાસાતસો સૂર્યરથ જેવા ઘોડાઓ ઉપર ચઢીને સાડાસાતસો હીજડાઓ ધાડાં પાડવાના ઇરાદે રવાના થયા. તે રથની સામા ગાઉએકને છેટે આવતા સાંભળી રથની પાછળ ચાલનાર જુવાન રાજપૂત રથની આગળ થયો. તેટલામાં તો ઘોડાઓના ડાબલા જોસભેર વાગવાથી જમીનનો પડદો તૂટવા માંડયો. ચોગરદમ ધૂળકોટ છવાઇ ગયો એટલે રાજપૂતે જાણ્યું કે, "ગજબ



થયો ! કોઈ હરામખોર ધાડપાડુઓ આવે છે !" અંધારામાં થોડું માણસ પણ સંખ્યામાં વધારે જ ભાસે તેમ જુવાન રાજપૂતને સાડાસાતસો ઘોડેસ્વાર પંદરસો જેવા ભાસવા લાગ્યા એટલે રાજપૂતે રથમાં બેઠેલી કન્યાને કહ્યું કે, " બાઇ ! નિર્ભય રહેજે. જ્યાં સુધી મારા ધડ ઉપર મસ્તક રહેશે ત્યાં સુધી તો હું તે હરામખોરોને રથનાં દર્શન પણ નહિ કરવા દઉં." તેટલામાં તો ઘોડેસ્વારો નજીક આવી પહોંચ્યા. એટલે બાઇએ રાજપૂતને કહ્યું કે, " મને બીલકુલ ડર નથી. હું પણ રાજપુત્રી છું. " એમ કહી વીરકચ્છ વાળી હાથમાં ઢાલતરવાર લઇ તે રથમાંથી જમીન ઉપર કૂદી તે વખત ખુલ્લા કેશે સાક્ષાત ચંડી સ્વરૂપ ધારણ કર્યું; અને રાજપૂત પણ મહાપ્રલય કરનાર અગિયારમો રુદ્ર બન્યો, અને તુરત જ હાકલ દીધી કે, " ખબરદાર ! તમારી માના હીજડાઓ રાખું તમારા હીજડાઓની ! " આવો છો એમના એમ જ આવજો; કારણ કે, હાથીઓનાં કુંભસ્થળ વિદારનાર કેસરી બબ્બરના પંજા બકરાંઓના ટોળામાં વાગે તેમાં શું આશ્ચર્ય છે, અને શી શૂરવીરતા છે ? તો પણ હાથીનો શિકાર ન મળતાં બકરાં શાં ખોટાં છે. ? "

સામા પક્ષવાળાને શૂરવીરે હીજડાના સંબોધનથી પોકારવો, એ તો સ્વાભાવિક જ છે.

હીજડાઓ 'હીજડા' શબ્દ સાંભળતાં જ ચમકયા, અને જેમ વાઘની ધાક સાંભળી વૃક્ષ ઉપર રહેલાં વાંદરાં ટપોટપ જમીન ઉપર પડી જાય તેમ તેઓ બધા જમીન ઉપર પડી ગયા, અને તાળીઓ વગાડી કહેવા લાગ્યાં કે, " હાય હાય મા ! તમે અમને શી રીતે ઓળખી શકયા કે અમો હીજડા જ છીએ ? " શૂરવીર રાજપૂતે કહ્યું કે, " ભાગી જાઓ, હરામખોરો ! નહિ તો એકે એકનું આવી

અન્યું સમજજો, !" એમ કહી તેણે ઘોડા, શસ્ત્ર અને કપડાંલત્તાં વગેરે તમામ હીજડાઓની પાસેથી પડાવી લીધું, અને હીજડાઓ પોતાનો જીવ લઈને નાસી ગયા.

જુઓ એમાં ફાતડાઓએ વિજય મેળવવાની વ્યર્થ ઇચ્છાએ ઘોડે ચઢી પોતાનો માજનો ગુમાવ્યો અને તાળીઓ પાડવાનો જાતિસ્વભાવ ન છોડયો.

દોહરો.

ખરને ખૂબ જતન કરી, મખમલ ઘો મઢાય,
ભૂંકી પડે ભભૂતમાં, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—અનેક યત્નો વડે ગધેડા ઉપર મખમલનું જીન મઢાવીને મુકીએ તો પણ ભૂંકીને રાખના ઢગલામાં આળોટવાનો તેનો જાતિસ્વભાવ ન જવા બદલ:—

---

દૃષ્ટાન્ત ૩.

કોઇ એક રાજ્યની નોકરી કરનાર સરદારને ત્યાં પરાપૂર્વથી ચાલ્યા આવતા પોતાના મરજીદાનના વંશનો એક મૂર્ખ ચાકર રહેતો હતો. તે મૂર્ખ ચાકરથી સરદાર હંમેશાં કંટાળતો હતો; પણ શું કરે? કારણ કે, સરદારના પૂર્વજો તે મૂર્ખ ચાકરના પૂર્વજોને પરંપરાથી પાળતા આવતા હતા તેમ આ મૂર્ખને પણ પાળવો, એમ તે સરદાર પોતાનું મહાન બીરુદ સમજતો હોઈ તે મૂર્ખનો કદિ ઇનકાર કરતો ન હતો. તેની મૂર્ખતાનું વિસ્તારપૂર્વક વર્ણન હોવા છતાં પણ અહીં સંક્ષેપથી માત્ર એટલું જ જણાવવામાં આવે છે કે, એક વખત સરદારને ઘોડેસ્વાર થઇ બહાર જવું પડયું. દરમ્યાન પોતાના કોઇ અન્ય ચાકર



નજરે ન પડતાં આ મૂર્ખને જ પોતાની પાછળ પાછળ ચાલ્યો આવવાનું કહી સરદાર આસ્તે આસ્તે રવાના થયો. નગરથી બહાર નીકળી તે સરદાર જંગલને રસ્તે જતો હતો તેટલામાં પોતાની પાસેથી તેનો હાથરૂમાલ પડી ગયો. તે કેટલેક છેટે જતાં સાંભર્યો, એટલે ચાકરને તેણે કહ્યું કે,"રસ્તામાં પડી ગએલો મારો હાથરૂમાલ તને મળ્યો કે?" ચાકરે જવાબ આપ્યો કે, "ના, બાપજી! આપે મને કયારે ફરમાવ્યું છે કે રસ્તામાં પડી ગએલી ચીજ ઊઠાવી લઈને મને આપવી?" સરદાર ચીડાઇને બોલ્યો કે, "અરે બેવકૂફ! એમાં શું કહેવાનું હોય? તું એટલું પણ નથી સમજતો કે બેશરતથી પડી જતી ચીજ ઊઠાવી લઇ માલીકને હાજર કરવી?"

મૂર્ખ ચાકર હાથ જોડીને કહેવા લાગ્યો કે, "બાપજી! સમજ્યો તો હતો, પણ માત્ર માલીકના ફરમાનની રાહ જોતો હતો." એમ કહી ચાકર પાછો વળ્યો એટલે સરદારે પાછળ પાછળ આવવા કહ્યું; એટલે મૂર્ખાએ નક્કી કર્યું કે, હવે ઘોડા પછવાડે પડી જતી ચીજ ઊઠાવીને માલીકને હાજર કરવી. થોડોક રસ્તો કાપતાં ઘોડો લાદ કરવા મંડયો, એટલે મૂર્ખને વિચાર સૂઝયો કે,"લાવ લાદ લઈ લઉં અને માલીકને હાજર કરૂં; નહિ તો ફરી પણ ઠપકો વેઠવો પડશે." એ પ્રમાણે નક્કી કરી તે પડતી લાદ ઊઠાવતો ગયો. થોડેક છેટે ગયો એટલે ભાર લાગવાથી જરા છેટું પડયું, એટલે સરદારે તેને છેટો પડેલો જોઈ પૂછયું કે, "અલ્યા! આ તારા ખોળામાં શાનો ભાર છે?" મૂર્ખાએ જવાબ આપ્યો કે, "બાપજી! આપના ફરમાન મુજબ પાછળ પડી ગએલી ચીજ મેં ઊઠાવી લીધી છે. કૃપા કરી જરાક સબુર કરો, અને તે લઇ લ્યો; કારણ કે, મને તો

ભાર લાગ્યો છે, અને વિશેષમાં આપની ચીજ મારાથી રખાય જ કેમ ? ” સરદારે કહ્યું કે, “ શું છે ? લાવ, ” અને લાવ કહેતાં તો તે મૂર્ખાએ લાદનો લોચો ઊંચો કર્યો. તે જોઈ સરદારને અત્યંત રીસ ચઢી એટલે તેણે બે ચાર ચાબુક લગાવી દીધી, અને તેની મૂર્ખતા માટે રીસ ઊતર્યા પછી સરદારને બહુ જ હસવું આવ્યું. એક વખત આરામગૃહમાં શાન્ત તબિયતે બિરાજેલા પોતાના માલીકને તે મૂર્ખાએ જોયો. જોતાંની સાથે જ આજીજી કરી કે, “બાપજી ! મને રાજદરબારની ભરેલી સભા બતાવો” સરદારે કહ્યું કે, “બહુ સારૂં; જરાક બારણાં આડાં કર. પણ સબુર. તને રાજદરબારમાં લઈ જાઉં અને તું કંઈને બદલે કંઇ કરે તો પછી તને મારે શું કરવું ?” ચાકરે કહ્યું કે, “ના બાપજી ! આપ મને જેવી રીતભાત શીખવાડશો તે પ્રમાણે જ હું વર્તીશ. ” સરદારે કહ્યું કે, “ બહુ સારૂં; ત્યારે આજ સાંજે તને છાજતો રાજદરબારનો પોષાક તું પહેરી લેજે, અને જતાં વેંત સામા મોટા સિંહાસન ઉપર બિરાજેલા દરબારને સલામ કરી ચોપદાર બતાવે તે જ ઠેકાણે બેસી જજે. પરંતુ ચુપકીથી બેસજે, અને ઊધરસ, બગાસું વગેરે ખાઇશ નહિ.” “જી હુકમ ” કહી પાછો વળી બારણા સામી નજર કરી નરથી માદા વિખૂટી પાડી તેણે બે બારણાં જમીનદોસ્ત કર્યાં તે જોઇ સરદારે પૂછ્યું કે, “અલ્યા મૂર્ખ આ શું કર્યું ? ” હુકમ બાપજી ! આપના ફરમાન મુજબ બારણાં ઊભાં હતાં તે આડાં કર્યાં. અરે બેવકૂફ ! મેં તો તને બારણાં બંધ કરવાનું કહ્યું હતું. હુકમ બાપજી ! ભૂલ્યો ત્યારે એમ કહી બારણાં અડકાવી મૂર્ખ ચાકર રવાના થયો. દરમ્યાન સાંજ પડી એટલે સરદારે રાજદરબારમાં જવા માટે અન્ય ચાકરને ફાનસ સળગાવવા હુકમ કર્યો. તેટલામાં જ પાસે ઊભેલો મૂર્ખ



ચાકર સમજ્યો કે, “ બાપજી આજે મને સાથે લઇ જવા ફાનસ સળગાવી મુકવાનું ફરમાવે છે. ” એમ સમજી મૂર્ખાએ ફાનસને સળગતા ભડકામાં ફેંકી દીધું. એ બધાની દરકાર ન કરતાં સરદારે તે મૂર્ખને રાજકચેરી બતાવવા સાથે લઇ જવા હુકમ કર્યો, એટલે તે મૂર્ખ ચાકર છાજતા પોષાક સાથે પોતાના માલીકની પાછળ પાછળ અન્ય નોકરો સાથે રવાના થયો. દરબારગઢ નજીક આવતાં દરબાર ભરાવાની વાર હતી એટલે સરદારે પોતાના વાકેફગાર ચાકરોને કહ્યું કે, “ આ મૂર્ખને રાજદરબાર જોવાની ઇચ્છા તો થઇ છે, પરંતુ જરાક તમારી રીતભાત યત્નપ્રયત્ન વડે તેને શીખવાડી મુકજો.” આ પ્રમાણે કહી સરદાર રાજકચેરીમાં રવાના થયો, તેટલામાં દરબાર સિંહાસનારૂઢ થયા; એટલે નીમાશ્યામ રોશનીની સલામો થવા માંડી. દરબાર અનુક્રમે સલામો લે છે અને દરબારી મંડળ અનુક્રમની બેઠકે બેસતું જાય છે. અન્ય ચાકરવર્ગની સલામ થયા બાદ સાથે આવેલો મૂર્ખ ચાકર પણ બતાવેલી બેઠકે ગોઠવાઇ ગયો. ચાકર “ મૂર્ખ ” પણ દેખાવડો, પોષાક “ સાદો ” પણ ખૂબસુરત, “ રોશની ” સભાસદોથી જરાક છેટે પણ ચાકરવર્ગની નજીક જ હતી. સૌ સભાસદોને નક્કી થયું કે, દરબારની સલામ કરવા આવનાર કોઇ અજાણ્યો ગૃહસ્થ ડરનો માર્યો ચાકરવર્ગમાં જ બેસી ગયો છે. પરંતુ ત્યાં તે વખતે હુકમ વગર અગર કામ વગર શી રીતે અગર કોણ બોલી શકે એમ હતું. દરમ્યાન સભાનું કાર્ય શરૂ થયું. પરંતુ સરદારને દહેશત હતી કે, “ રખેને પેલો મારો બેવકૂફ કાંઇ બકી ઊઠે ! ” સરદાર હર વખત તે બેવકૂફની સામું ટગર ટગર જોયાં કરે એટલે બીજા સભાસદોની નજર પણ તેના સામી જ જાય. દરબાર પણ

વિચારમાં પડયા કે, " આ તમામ સભાસદો પેલા અજાણ્યા સદ્‌- ગૃહસ્થ સામું જ જોયાં કરે છે માટે તે ગૃહસ્થ કોણ હશે ? અને તે અહીં એકાએક શા ઇરાદે આવ્યો હશે ? " ખુદ રાજાની નજર તે મૂર્ખ તરફ વળી એટલે રાજના હજુરિયા સમજ્યા કે, "અજાણ્યા ગૃહ- સ્થને જાણવાની ઇચ્છા દરબારશ્રી ધરાવે છે." તેટલામાં દરબારનો ઇશારો થતાં સભાનું કાર્ય મુલતવી રહ્યું એટલે ખુદ દરબારે તે મૂર્ખ સામું જોઇને પૂછયું કે, " ગૃહસ્થ ! તમે કોણ છો અને કયાંથી આવ્યા છો ?" એટલે મૂર્ખાએ ભૂંકીને રાખમાં આળોટવા જેવો જવાબ આપ્યો કે, " હું તો ( પોતાના માલીક સામી આં- ગળી કરીને ) મારા માલીકની લાદનો ઊપાડનાર અંગરક્ષક છું. પણ આપ મને પૂછનાર કોણ છો? અને આ કાન ફોડનારીઓ મારી આગળ આવીને કેમ બેસી ગઈ છે ? હું તો જોવા આવ્યો છું, સાંભળવા આવ્યો નથી. " સભાસદો સ્તબ્ધ થતાં સભા વિસર્જન થઈ, અને દરબાર બેચેન થઇ, તુરત પધારી ગયા. અર્થાત મૂર્ખને ગમે તેટલો બોધ આપીએ તો પણ ગધેડાની માફક તે પોતાનો જાતિસ્વભાવ ન ત્યજે.

### દોહરો.

મોર મધુર શબ્દો વદે, સુણી જન સહુ હરખાય
વખત મળ્યે વિષધરગ્રહે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—મોર મીઠા શબ્દો બોલે છે તે સાંભળી તમામ જણ ખુશી થાય છે; પણ વખત મળતાં સાપને ખાઇ જવાનો તેનો જાતિસ્વભાવ ન જવા બદલ:—

---



## દૃષ્ટાંત ૪.

એક ગામમાં કર્મકુશળ નામનો શખ્સ રહેતો હતો. તે કુકર્મ કરવામાં બહુ કુશળ હતો. તેનામાં માત્ર મીઠું બોલવાનો જગપ્રસિદ્ધ ગુણ હતો. એક ઉર્દુ કહેતી છે કે, "જબાં શિરી તો મુલકગિરી." વિશેષમાં મીઠાશથી તમામ જગત વશ થાય છે.

### દોહરો.

તુલસી મીઠે બચન તેં, સુખ ઉપજત ચહુ ઓર,
બસીકરન યહ મંત્ર હૈ, તજ દે બચન કઠોર.

મહાત્મા તુલસીદાસજીના કહેવા પ્રમાણે મીઠાશ એ એક જાતનો વશીકરણ મંત્ર છે. પરંતુ ભોળી દુનિયાને જાળબાજીમાં ફસાવવા માટે એવા મંત્રનો ઉપચાર કરવો, એમ મહાત્માનું ફરમાન નથી. પરંતુ પેલો કર્મકુશળ તો ભોળી દુનિયાને જાળ- બાજીમાં ફસાવવા માટે જ મીઠાશ રૂપ વશીકરણ મંત્રનો ઉપચાર કરતો હતો, અન્ય ગૃહસ્થોમાં લઘુતા સાથે વિનય વાપરતો હતો, અને સમાન વર્ગમાં પ્રભુતા સાથે મીઠાશ વાપરતો હતો. સમાન વર્ગમાં તેણે એવી મીઠાશ વાપરી બહુધા વેળુ સાથે અવળી જ ઈંટો માંડી માંડીને કંઇકનાં ઘર જમીનદોસ્ત કરી નાખ્યાં હતાં. વચનમાં શેરે આઠ શેરની ખાંડ પીરસી ઘણા જણાઓના અપાન- વાયુ તેણે ઢીલા કરી નાખ્યા હતા. ખુદાની લાકડીનો ગેબી અવાજ છે. કૃત્યનો બદલો માલીક ગમે ત્યારે પણ પહોંચાડે છે. તે પ્રમાણે ઘણા કુદરતી ફટકા વાગવા છતાં પણ તે ધનાઢય હોઇ પ્રત્યેક વખત સચેત થઇ શકતો હતો. લક્ષ્મી જળની પુત્રી છે; અને જળનું વહન હંમેશાં નીચાણમાં જ હોય છે. એટલે વડીલોપાર્જિત

વારસાના ન્યાયે લક્ષ્મીદેવી તેને પ્રસન્ન હતી. પણ જેટલો કુળનો મદ હતો તેટલો લક્ષ્મીનો મદ તે કર્મકુશળને ન હતો એટલે તેની મીઠાશ દાંભિક રીતે વર્તાતી ન હતી. જો કે તે દંભનું તો પૂતળું જ હતો તો પણ તેનો દંભ ગર્ભિત હોઇ સહસા બહાર ન પડતો હતો. પગે કમાડ વાસવાં, અને અન્યના હાથમાં દીવી પકડાવવી, વગેરે યુક્તિપ્રયુક્તિના ગુણો તેનામાં સંખ્યાબંધ હતા. એકને જુદો કરવો, અને બીજાને જોડવો, વગેરે સંધિવિગ્રહ પણ તે ઇશારાની સાથે કરાવતો હતો. સામ, દામ, દંડ, ભેદાદિક રાજનીતિનો તે પણ જ્ઞાતા હતો. તે જેવો ઇર્ષાવાળાઓમાં ફાવતો તેવો સ્પર્ધાવાળાઓમાં ફાવતો ન હતો. કુકર્મનું રાજ ચલાવવામાં તેને રાજા કહીએ તો પણ ચાલે. તેને મંત્રીઓ પણ તેના જેવા જ આવી મળતા. અધર્મસાગરમાં અનીતિની આગબોટ ચલાવનાર તેને નૌકાપતિ કહીએ તો પણ ચાલે. વગર પૈસાના ખલાસીઓ પણ તેના જેવા તેને મળતા રહેતા. તેને દુષ્કૃત્યવાદી સેનાપતિ કહીએ તો પણ ચાલે; કારણ કે, ભારવાહક બચ્ચરો ભૂખે મરતા તેની પાસે સંખ્યાબંધ હતા. તે ધોકા ખાતાં પણ નાસે નહિ તેવા સકંચામાં ફસાયા હતા. પ્રપંચ રચનારૂપી તેની આ તમામ દિવાલ મીઠાશ રૂપી જમીન ઉપર અવલંબી રહી હતી.

દૈવયોગે એક વખત એવો બનાવ બન્યો કે, તે કર્મકુશળે પોતાના પ્રતિસ્પર્ધી પ્રત્યે કુકર્મકળા અજમાવી. સહજ ભોલા હૃદયનો હોઇ તેના કેટલાક શાગરિતો ભોળા હૃદયના અને કેટલાક કાબેલ હૃદયના હતા. તે તમામ વચ્ચે કર્મકુશળે પ્રપંચનો બાજી ઢાલી. તેમાં પ્રપંચી પાસા પડતાં ભોળા હૃદયવાળા શાગરિતોની



સોગઠી ભંડમાં ફસાઇ ગઈ છતાં પ્રતિસ્પર્ધી સહિત કાબેલ હૃદયવાળા શાગરિતો તેને ઉશ્કેરણી આપવા મંડયા. બિચારો ભોળા હૃદયનો શાગરિત અવળે રસ્તે માર ખાઈ ઢીલે લમણે નિરુપાયે પાછો વળ્યો. બીજા શાગરિતો બાજુ ઉપર રહ્યા. પણ પ્રતિસ્પર્ધી પણ કર્મકુશળના અન્ય પ્રપંચ–પાસામાં પકડાયો. દરમ્યાન તેનો તો જીવ ગયે જ છૂટકો થયો, અને અન્ય શાગરિતોને પણ વહેંચાતા નુકસાનના ભાગલા ભોગવવા પડયા.

વિશેષમાં માર ખાઈ બચી ગએલા શાગરિતને મીઠાશ વડે તેણે પોતાનો કર્યો, અને પછી સંધિવિગ્રહરૂપ વખતે વિષધર ગ્રહણ કરવાની મોરકળા પાછી શરૂ કરી. તેમાં કેટલાક સર્પ કામ આવ્યા. તે પ્રમાણે પ્રતિસ્પર્ધીના શાગરિતને પણ ગળી જવાની ઇચ્છા કરી, પણ તે શાગરિત વિષ્ણુવાહન ગરુડનું બચ્ચું હતો એટલે તેને મોટે માન ચઢાવીને તેની પાંખો ફૂલાવરાવીને આસમાનમાં સૂર્યલોક સુધી ઊડાવડાવ્યો. પણ આ તો શ્રી વિષ્ણુ ભગવાનના વાહનનું બાળક એટલે તેને શાની ઇજા થાય ? ઈજા કરાવવા જતાં તો સામી ઇજ્જત વધી. નિખાલસપણે મોકળું હૃદય રાખનારને માલીક હર પ્રકારે આપ્યાં કરે છે. તેમાં પછી કર્મકુશળની મોરકળા શું ફાવી શકે ? એક મીઠાશ રૂપ સદ્ગુણ સિવાય, પગની પાનીથી તે માથાની ચોટલી સુધી કર્મકુશળના દુર્ગુણો છે. તેનું સવિસ્તર વર્ણન કરતાં આખો ગ્રંથ રચાય તેથી વર્તમાન શતક અધૂરૂં રહે; માટે ઉપર મુજબ કર્મકુશળનું સંક્ષેપ વર્ણન કરી હવે ચાલુ કલમને પાંચમા દૃષ્ટાન્ત માટે પ્રવર્તમાન કરવામાં આવે છે. જુઓ, જેમ મોર વર્ષાદ ગાજવાથી મીઠી વાણી વદે છે

પણ વખત મળતાં સાપને ગળી જાય, તેમ આ કર્મકુશળ બોલવામાં તો મીઠો જ હતો, પણ વખત મળ્યે વિષધર ગ્રહણ કરવા રૂપ પોતાની કર્મકળાનો જાતિસ્વભાવ શી રીતે ત્યાગે ?

દોહરો.

શ્વાન પૂંછ સૈકા સુધી, ધરી રાખો ધરમાંય,
તો પણ તે વાંકું રહે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થઃ—કૂતરાની પૂંછડી સેંકડો વર્ષ સુધી જમીનમાં દાટવામાં આવે તો પણ તેનો વાંકું રહેવા રૂપ જાતિસ્વભાવ ન જવા બદલઃ—

---

## દૃષ્ટાન્ત ૫.

કોઈ એક ગામમાં ઓઘડ નામનો શખ્સ રહેતો હતો. તેને વાંકું બોલવાની જન્મથી જ ખોડ પડી હતી. કોઈ સજ્જન માણસ તેને વિનયપૂર્વક બોલાવે તો પણ તે વક્ર વાણી વડે જ વિવાદ કર્યા કરતો હતો. તેની ટેવ ભૂલવવા ખાતર કોઈ પરોપકારી પુરુષે તેને ઘણા કાળ સુધી શાસ્ત્રોકત બોધ કર્યો. પણ તે ઓઘડને બોલવાનો વખત આવે ત્યારે તે વક્રવાણીનો જ ઉપયોગ કરે. એમ કરતાં કરતાં એને એના જેવો અડિયલ ટટ્ટુ મળ્યો. તેણે તેને પૂછ્યું કે, "કેમ છો ઓઘડકાકા ?" એટલામાં તો ઓઘડ કાકાનો મિજાજ મગજમાંથી ફાટી નીકળી પાયખાનામાં પેસી ગયો.

મારી જીવા દોરી છે ત્યાં સુધી તારા જેવા સતરસેં ભામટાઓ બકશે તો તેથી મારૂં આયુષ્ય શું ઓછું થવાનું છે ? ઓઘડ કાકા એ ખોચેલે મિજાજે જવાબ આપ્યો.



'પણ હું આપને મરી જવાનું ક્યાં કહું છું, કાકા ?' અડિયલે આસ્તેથી જવાબ આપ્યો. "ત્યારે 'કેમ છો' એમ કેમ બોલે છે ?" ઓઘડ કાકાએ ભ્રૂકુટિ ચઢાવીને કહ્યું. "બાપા, મારાં પાંચ વર્ષ આપનામાં, પણ હું તો તબિયત પૂછું છું.'' અડિયલે જરા વિવેકનો ડોળ દેખાડયો; પણ વિવેક વસ્તુ જ શી છે તેની ઓઘડ કાકાને સ્વપ્નામાં પણ ક્યાં ખબર હતી ! "અલ્યા ! ઘનચક્કર દેખાય છે કે શું ? તારી આંખો ફૂટી તો નથી ગઈને ? મારી તબિયત ક્યાં નાદુરસ્ત છે કે તું તબિયત પૂછે છે ?" ઓઘડ કાકાએ ભૂતની માફક ડોળા કાતરીને જવાબ આપ્યો.

"ઓઘડ કાકા! આપે તો બચપણમાં આઠ શેરનું ઘી આરોગ્યું છે, અને હવે તો આપને સૈકો પણ ફરી વળવા આવ્યો. વિશેષમાં મોં દાંતોની તંગાસવડે ગબ્બી જેવું દેખાય છે અને દાઢીમૂછ પણ રૂના પેલ જેવાં થઇ ગયાં છે; તો પણ આપની અવળચંડાઇ તો ન ગઇ તે ન જ ગઇ," અડિયલે યથાર્થ રૂપાંતર વાળો ચઢાઉ જવાબ વાળ્યો. "અલ્યા બેવકૂફ !ચઢાઉ દેખાય છે કે શું ?" ઓઘડ કાકાએ સંદેહવાચક સવાલ પૂછ્યો. "કાકા !બાપા ! મારા માટે તો આપને જે ભાસતું હોય તે ખરૂં; પણ આપને માટે તો મને એમ ભાસે છે કે, થોડા વખતમાં આપને ગાંડાંની હોસ્પિતાલ શોધવા વખત આવશે, અને જો તેમ નહિ થાય તો ગામનાં છોકરાં પછવાડે જરૂર ઢેખાળા લઈને દોડયાં સમજજો." અડિયલે અડિયલ જવાબ વાળ્યો. એટલામાં તો બુઢ્ઢા બાવા લાલ કસુંબા જેવા બની ગયા. "અલ્યા ! તું કોઇ હેવાન છે," બુઢ્ઢા બાવાએ નિશ્ચયાત્મક ઉદ્ગાર કાઢયો. "ચાચા ! હું તો ગમે તે હોઇશ; પણ આપ કોઇ જરૂર

હેવાનના ચરાવનાર છો; કારણ કે, તે સિવાય આપના હાથમાં અણછોલ્યું ઘોકલું ન હોય, ”અડિયલે અનુમાન પ્રમાણે જવાબ આપ્યો તે સાંભળતાં જ બુઢ્ઢા બાવા તપી ગયા, અને અણછોલ્યું ઘોકલું અડિયલના અંગ ઉપર ફેંક્યું : કે તુરત અડિયલે અંગ ખસેડી લીધું અને ઘોકલું સામેની ભીંતે અથડાઇ જોરભેર વાગ્યું કાકાના કપાળમાં, એટલે અડિયલ નાઠો; અને કાકાના કપાળમાંથી અચ્છેરેક કપાસિયાનો લોચો બહાર નીકળી પડ્યો કે તુરત અંબનાળે ખળખળ રક્તે વહેવા માંડ્યું; પણ કાકાને તેનો શો હિસાબ ! સોએ વર્ષ પાણીમાં ગયાં અને ધોળાંમાં ધૂળ પેસી ગઈ, છતાં પણ કૂતરાની પૂછડીની માફક ઓઘડકાકા ૈખરી વાણીની વક્તા છેવટ સુધી ન તજી તે નજ તજી.

દોહરો.

સર્પ પાળિયે સ્નેહથી, સીંચી દૂધ સદાય,
તો પણ વિષ તે ના તજે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—હમેશાં દૂધ પાઈને પ્રેમયુકત સાપ પાળિયે તો પણ તેનો વિષ ન તજવાનો જાતિસ્વભાવ ન જવા બદલ.:—

---

## દૃષ્ટાન્ત ૬.

કોઇ એક ગામમાં કનક નામનો દુર્જન રહેતો હતો. તેનાથી ગામના સૌ લોકો ડરીને જ ચાલતા હતા; કારણ કે, જરાક તેને કોઈ દાબનાર મળે તો તે તુરત બચકું જ ભરી લેતો હતો, પણ કોઇના ઝપાટામાં આવતો નહિ. બહુધા બિનસ્વાર્થે અસાધ્ય



એવી ઝેરી બચ્ચીઓ કરીકરીને તેણે કેટલાક જણાને મરણપ્રાય કરી નાખ્યા હતા, અને કંઇક જણને પ્રાણગત કરી નાખ્યા હતા. એની જીંદગીમાં એને મેથીપાક જમાડનાર કોઈ પણ ગારૂડી મળ્યો ન હતો, એટલે સૌ કોઈને તે ફુંફાડા જ માર્યા કરતો હતો. ફુંફાડેથી અર્થ ન સરે તો તે બચકું પણ ભરી લેતો. એક વખત ગામમાં હરિકીર્તનકાર સાધુમંડળ આવી ચઢ્યું, અને તે જ દુર્જનના ઘર પાસે, સાધુમંડળનો ઉતારો હતો. સહજ પરિચયથી સાધુમંડળ તે દુર્જનનો સ્વભાવ ઓળખી ગયું. પણ આ હરામખોરે સાધુઓનો સ્વભાવ ન ઓળખ્યો. ઘણા લોકોને તે નડતો જાણી સાધુઓને વિચાર થયો કે, આ દુર્જનને કોઇ પણ ઉપાયે ઠેકાણે લાવવો. એ પ્રમાણે વિચાર કરી એક વખત સાધુઓએ તે દુર્જનને નજીક બોલાવ્યો, અને વાતોની છટા જમાવીને તે સાથે કંઇક શાસ્ત્રોક્ત ઉપદેશ પણ કર્યો. તેમાં તેને આસ્તે આસ્તે સ્વાદ લાગ્યો. પછી હંમેશાં તે સાધુમંડળમાં બેસવા આવવા લાગ્યો.

શ્રોતાજનો સમક્ષ એક વૃદ્ધ સાધુએ નવીન સંવાદ ચલાવ્યો કે, “ભાઇઓ ! દુનિયામાં સત્કીર્તિ એ જ સારી કમાણી છે. મનુષ્ય જીવન સત્કીર્તિ વડે જ શોભે છે. સુકીર્તિવાળો સદેહે મોક્ષ મેળવી શકે છે. જુઓ ! પૂર્વના મહાન સમર્થો, કે જેઓ આ દુનિયામાં અત્યારે અવિદ્યમાન હોઇ સુકીર્તિવડે પોતાનાં અવિચળ નામ ઓળખાવે છે. કોઇ વેશ્યાએ એ સાધુને સવાલ પૂછ્યો, કે “ મહારાજ ! સ્વર્ગ અને નર્ક એ શી વસ્તુ હશે ? અને તે કયાં હશે ? તે કૃપા કરી મને યથાર્થ સમજાવો.”એટલે મહારાજે તેને પૂછ્યું કે, “બાઈ ! તમે કયાં રહો છો?” વેશ્યાએ જવાબ આપ્યો કે, “મહારાજ ! હું

આ જ નગરના દક્ષિણ દરવાજે રહું છું." મહારાજે કહ્યું કે, "બાઇ ! તે દક્ષિણ દરવાજો જ તને તે વિષયનું યથાર્થ જ્ઞાન આપશે. તું હંમેશાં પ્રાતઃકાળે કાન દઈને સાંભળજે." એટલો ઉપદેશ લઇ વેશ્યા તુરત પોતાના નિવાસમાં આવી ઝરૂખે ચઢી નગરના દરવાજા સામા કાન રાખીને બેઠી તે વખતે કેટલાક ડાઘુ એક શબ ઉઠાવીને દરવાજા બહાર નીકળતા હતા. તે માંહો માંહે એમ બોલતા હતા કે, "સાળો, મહા દુર્જન અન્ય કેટલાક નગરવાસીઓ પણ કહેતા હતા કે એ ગામની બલા, માટે નર્કમાં પણ નિવાસ મળવો મુશ્કેલ છે; કારણ કે, તેનાં કૃત્ય જોઇ નર્ક પણ નાક સિંકોરે છે." તેટલામાં તો બીજું પણ શબ નીકળ્યું. એટલે ઘણા જણાએ કહેવા માંડયું કે, "જુલમ થયો, આવા પુરુષની તો અહીં ઘણી જ જરૂર હતી, પ્રભુ એના સૂક્ષ્મ આત્માને શાન્તિ આપે. ધન્ય છે એના જીવનને કે જેણે સુકીર્તિની કમાણી ગાંઠે બાંધી લીધી છે. એમને માટે સ્વર્ગના દરવાજા સદાય ખુલ્લા છે." આ સાંભળી વેશ્યાને જ્ઞાન થયું. વૃદ્ધ સાધુ એટલું બોલી બંધ રહ્યો એટલે દુર્જન કનકદાસે દૂધમાં ન ચોરવાનો મસાલો ચોરી દીધો અને રંગમાં ભંગાણ પાડી ચાલતો થયો. કનકદાસભુજંગ ઉપદેશ રૂપી દૂધ પી ગયો, પરંતુ છેવટે દુર્જનતા રૂપી વિષ વાપરતો ગયો.

દોહરો–

વધુ લિંબના મૂળ વિષે, સીંચો મધુ સદાય,
કિંચિત તજે ન કટુકતા, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—લીંબડાના મૂળમાં હંમેશાં વધુ પ્રમાણથી મધ સીંચીએ તો પણ કિંચિત માત્ર કડવાસ ન તજવાનો તેનો જાતિ સ્વભાવ ન જવા બદલ.



## દ્રષ્ટાંત ૭

કોઇ એક ગામમાં નિન્દા કરનાર નફ્ટ માણસ રહેતો હતો. ભંગી ગામના બગદા ઝાડુથી વાળે, અને તે નિન્દાખોર જીભથી વાળતો હોઇ આખા ગામને અભાવતો હતો. તે નફ્ટ સજ્જનનાં પણ વ્યર્થ છિદ્ર શોધી કાઢતો હતો. તેનામાં માત્ર શાન્ત પ્રકૃતિનો ગુણ હોઇ તે બનતાં સુધી કોઇથી કલેશ કરતો ન હતો. પરંતુ નિન્દારૂપી અખજ ખાણાનો ખાનાર હોઇ તેનું પોષણ સજ્જન વર્ગમાં થતું! ન હતું નિન્દાખોર થવું એ મનુષ્યજીવનમાં મોટી એબ છે, તેનું તેને બીલકુલ ભાન ન હતું, તે પોતાનાં માતાપિતા સુધીની નિન્દા કરવા પણ ચુકતો ન હતો, ચુગલખોરનો મોટો ભાઇ તે નફ્ટ, નિન્દાખોર, બહુધા અપમાનને જ પાત્ર હતો.

એક વખતે તે પોતાને ગામથી પરગામ જતો હતો તેવામાં તેને રસ્તામાં એક ભલા વટેમાર્ગુની સોબત થઇ. સમય ગ્રીષ્મ ઋતુના મધ્યાહ્ન કાળનો હતો. તે વખત તે નિન્દાખોરને ક્ષુધા અને તૃષા બરાબર વ્યાપી, એટલે એક વૃક્ષની ઓથે ઉભો રહીને વટેમાર્ગુને કહેવા લાગ્યો કે, "ભાઇ ! જરા સબુર કરો; તમારે તથા મારે પથ લાંબો છે; માટે અહીં જરા વિશ્રામ લઇએ. જુઓ, આ રૂપાળો લીલો આરો છે; પાણી પણ નિર્મળ અને ઊંડું હોઇ ઠંડું જ હશે" એમ કહી વટેમાર્ગુને યુકિતપ્રયુકિત વડે રોકીને તે નફ્ટ ઝાડ નીચે બેઠો.' અત્યંત ક્ષુધાને લઇને તેના જીવને જરા યે ચેન પડયું નહિ, વટેમાર્ગએ જાણ્યું કે એને ક્ષુધા

અને તૃષા વ્યાપી છે, માટે લાવ. પહેલાં તો હું પાણી જ ભરી
આવું એમ વિચાર કરી વટેમાર્ગુ પાણીના આરા તરફ વળ્યો.
અને આ ભાઇ તો ત્રણ કપડાં સિવાય શરીરનો પણ ભાર મહા
મુશીબતે ઊઠાવી શકતા હતા. બિચારો વટેમાર્ગુ પાણી ભરી
લાવ્યો કે તુરત જ ગાંઠનું ભાથું ખુલ્લું કર્યું. ખાનારનું દાણે
દાણે નામ છે, માટે લો ભાઇ, થોડોક પાણીનો આધાર કરી લો;
ઠંડા પહોરે ગામ ભેગા થઇ જઇશું. પછી ગાંઠે બાંધ્યું નકામું
જ છે. માટે માણસ જેવાને મોઢે વરે તો વધારે સારૂં, વગેરે
હકીકતથી વટેમાર્ગુએ તે નફટનું જંગલમાં આતિથ્ય કર્યું.
વટેમાર્ગુ સીધા સ્વભાવનો હોઇ તે દરેકને પોતાના જેવો જ
સમજતો હતો. " ભાઇ, દસમી જરાક વાસ મારે છે, કયારની કરેલી
હશે વારૂ, " નફટે જાતિસ્વભાવ દર્શાવ્યો. " ગઇ રાતની થએલીમાં
વાસ કયાંથી હોય ? આપે પરસેવાવાળા હાથ ધોયા વગર આરો-
ગવાની ઉતાવળ કરી તેથી એમ થયું હોય તો કાંઇ કહી ન શકાય "
વટેમાર્ગુએ યથાર્થ જવાબ આપ્યો. " હા, ભૂલ થઈ મારી, પણ
જળ જોઈએ તેવું શીતળ નથી" નફટે પારકે ભાણે તરેહવાર ખોડીલો
જવાબ આપ્યો. હિમાલયને ગાળનારો સખત તાપ છે તો લોટામાં
રહેલું પાણી શી રીતે શીતળ રહી શકે ? વટેમાર્ગુએ ઋતુની
તીવ્રતા દર્શાવી. એ પ્રમાણે ક્ષુધા તૃષાને શાન્ત કરી બન્ને જણાએ
જરાક આરામ કર્યો. બેઉને એક જ ગામ જવાનું હતું એટલે
નમતા સૂર્યે સુધી જેમ તેમ વખતનો વ્યય કરી પુનઃ બન્ને સાથે
જ રવાના થયા. સમી સાંજે તેઓ પોતપોતાને ઠેકાણે પહોંચી ગયા.
બપોરે ગળા સુધી દાબો કર્યો હોઇ નિન્દાખોરે રાત્રે જમવા માટે
ના પાડી. " ભાઇ શું જમીને આવ્યા છો તે નથી જમતું, "



સગાએ વિવેક દર્શાવ્યો. " જમ્યો તો કાંઈ નથી, પરંતુ રસ્તામાં એક સોબતીની દશમી પેટમાં હજુ પણ ઊછળ્યાં કરે છે," ઇત્યાદિક સ્વાભાવિક નિન્દારૂપી કટુતા વડે આતિથ્યમહસેવન તે નફટે મૂળમાંથી નાબૂદ કર્યું.

### દોહરો.

કરતો જાય કુટિલતા, પાછળ જનો પીડાય
શઠજનનો મરતાં સુધી, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થઃ——એવી આડાઇ કરતો જાય કે, પાછળ રહેનારાં માણસો પણ દુઃખી થાય, એ પ્રમાણે મરતાં સુધી પણ શઠ જનનો જાતિસ્વભાવ ન જવા બદલ.

---

### દૃષ્ટાન્ત ૮.

કોઇ એક ગામમાં એક જ્ઞાતિનો પટેલ ચૌદસિયો ઢેડ રહેતો હતો. તેને અને ગામના હવાલદારને સારી દોસ્તી હતી; કારણ કે, તે ચૌદસિયો હંમેશાં વેઠે લીધેલા મડાંના ભારા હવાલદાર જેવા અનેક આગેવાનોને ઘેર પરભારા પહોંચડાવી દેતો. ન બનવા જેવા સાધારણ ગુનાને પણ ભયંકર રૂપમાં લાવી-લાવીને તે ચૌદસિયા ઢેડે પોતાના અનેક જ્ઞાતિ બંધુઓને દંડાવી નાખ્યા હતા. એટલે તેના જ્ઞાતિવાળા સા કોઇ તેનું નામ સાંભળી થરથર કંપતા હતા. આ પ્રમાણે જીંદગી સુધી તેણે પોતાની જ્ઞાતિમાં અને કુટુંબમાં ત્રાસ વરતાવી દીધો. અહો ! શઠજનો મદના આવેશમાં આવી જઇ માલીકની પરવા રાખ્યા સિવાય શું નથી કરતા ! અર્થાત શઠજન ગમે તેવું ભયંકર કામ

પણ કરી લે છે. એમ કરતાં કરતાં તે ઢેડનો અન્તકાળ નજીક આવી પહોંચ્યો ત્યારે તેને વિચાર સૂઝયો કે-"અહા ! બંદા મરી જશે ત્યારે આ હરામખોર લોકોને પછી કોણ દંડાવશે; માટે લાવ, કંઇક મરતાં મરતાં પણ ઉપાય શોધી આ લોકોને જરૂર દંડાવતો જાઉં" એમ નિશ્ચય કરીને તેણે તેના તમામ જ્ઞાતિવાળાને ભેગા કર્યા. આ પૂર્વે તેણે થાણામાં હવાલદારને કહી રાખેલું કે, બાપજી મારા ઘણા દુશ્મનો છે માટે કોઈ દિવસ જરૂર મને વગર મોતે મારી નાંખશે માટે આપ જરા તે બાબતની તજવીજ રખાવતા રહેજો. ત્યારબાદ પોતાની વરદી પ્રમાણે તેના તમામ જ્ઞાતિલા તેની પાસે હાજર થયા એટલે તેણે સર્વેને જોઇને પછી હાથ જોડી માફી માગી, અને કરેલાં કૃત્યોથી બચવા માટે તે પોતાનાં કૃત્યોને પ્રકાશમાં લાવી પુનઃ પુનઃ પશ્ચાત્તાપ કરવા મંડયો. તે એટલે સુધી કે, પાસે આવેલા જ્ઞાતિલાઓને પણ મહાન કરુણા ઉત્પન્ન થઇ; એટલે તમામ જ્ઞાતિલાઓએ કહ્યું કે "તમે હવે જરા પણ વલોપાત કરશો નહિ અને તમારા જીવની સદ્‌ગતિ કરજો," આ સાંભળી મરનાર બોલ્યો કે, "મારા ઉપર કૃપા કરી મને એક વચન આપો તો જરૂર મારી સદ્‌ગતિ થાય; નહિ તો હું અસદ્‌-ગતિને પામીશ. આ પ્રમાણે સાંભળી પાસે ઊભેલાઓને બહુ જ દયા આવી. ત્યારે કહ્યું કે,'બોલો, તમારી શી ઇચ્છા છે ?' મરણ, પથારીએ પડેલા ઢેડાએ કહ્યું કે,' હું પ્રાણગત થાઉં એટલે મારા મૂળદ્વારમાં એક લાકડાની ખુંટી બેસાડી દેજો કે જેથી મને કૃત્યનો બદલો અહીં ને અહીં જ મળીચૂકે, તો મારે આગળ ઉપર ભોગ-વવું પડે નહિ. આ પ્રમાણે સાંભળી બધાએ મળી હા કહી એટલે તે ચોદસિયો તુરત જ પ્રાણગત થઈ ગયો. દરમ્યાન તેના કહેવા



પ્રમાણે ડાઘુઓએ લાકડાની ખુંટી બેસાડી, અને શબને શ્મશાને લઇ જવામાં આવ્યું. પરંતુ રસ્તામાં થાણું આવતાં શબને રોકયું, અને તેની તપાસણી કરતાં લાંકડાની ખુંટી માલૂમ પડી એટલે ઉપરિ અમલદારે તમામ ડાઘુઓને અટકાવવામાં અને બિચારાઓને બિન ગુને સખત રીતે દંડી નાખ્યા તેને માટે નીચે પ્રમાણે રચાએલો.

### દોહરો.

પ્રાણ જતાં પણ પારકું, કરે અહિત કુટિલ,
દેહાન્તે દંડાવતાં, ઢેડે કરી ન ઢીલ,

ભાવાર્થ:—શઠતાથી ભરેલો કુટિલ મનુષ્ય જાતે મરતો જાય છે અને બીજાને પણ મારતો જાય છે.

### દોહરો.

જુઓ જન્મતાં કાગથી, શિશુ કોયલ સેવાય,
મુકે ન વાણી મધુર તે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—જુઓ કોયલનું બચ્ચું જન્મતાં જ કાગડાથી સેવાય છે; પણ તેનો મીઠી વાણી ન ભૂલવાનો જાતિસ્વભાવ ન જવા બદલ:—

---

### દૃષ્ટાન્ત ૯.

કોઇ એક સતીશિરોમણી સ્ત્રીના ઉદરસમુદ્રથી સુકન્યા-રત્નનો પ્રસવ થયો. પ્રસવ થતાંની સાથે જ દૈવયોગે પ્રસૂતિ પ્રાણગત થઇ ગઈ. તે દુ:ખથી કન્યાનો પિતા પાગલ બની ગયો. એટલે કન્યારત્ન રઝળતું થઇ ગયું, તે ભાવિની પ્રબળતા વડે

વેશ્યાના હાથમાં આવ્યું. વેશ્યાએ તેને સ્વચ્છપણે ઉછેરીને મોટું કર્યું, કન્યા ઉમ્મર લાયક થઇ એટલે વેશ્યા પોતાના મૂળ સ્વભાવ ઉપર આવી. એના હૃદયને એવો વિચાર થયો કે, મેં દુઃખ સહન કરી આ કન્યાને મોટી કરી છે, માટે હું તેને મારા ઉદ્યમમાં જ પ્રવર્તમાન કરાવું; કારણ કે, હું ગતયૌવના છું, એટલે હવે મારો ધંધો મારી જાતે તો નહિ જ ચાલે. એ પ્રમાણે નિશ્ચય કરીને તેણે કન્યાને પોતાના ઉદ્યમનો ઉપદેશ શરૂ કર્યો. પરંતુ કન્યાને તે ઉપદેશ કુલીન વિધવાના શણગાર જેવો મહાન અરુચિકારક થઇ પડ્યો. કન્યાએ અત્યંત લજ્જાયુકત જવાબ આપ્યો કે, "માજી, મનુષ્યજીવન શું બદફેલ માટે જ છે ? તેં તારૂં જીવન ગમે તે રીતે ગુમાવ્યું; પરંતુ હું મારા જીવનને અમૂલ્ય જ સમજું છું. તેં મને પાળીપોષીને બે અક્ષરના જ્ઞાન સાથે મોટી કરી તેને માટે તારી જીંદગીપર્યંત દેવાદાર છું; પરંતુ તે દેવું મારો સમય આવ્યે હું યોગ્યતાથી વાળીશ. ક્ષમા કર, માજી, તારો ઉપદેશ મારા હૃદયને તીરની માફક વિંધે છે. મારૂં તો ભવિષ્ય પ્રમાણે જ થશે; પરંતુ તું તારૂં ભવિષ્ય સંભાળ, અને હવે જુઠી જંજાળ છોડી ઇશ્વરસ્મરણમાં આનંદ માન.

"હું કુમારિકા તને હૃદયનો આશીર્વાદ આપું છું કે, હવે પછી તું તારી જીંદગી સાચા સુખથી વ્યતીત કરીશ. પરંતુ મારી જીંદગી સુધાર અને હું કહું તે પ્રમાણે તું કર." સારા સંસ્કારવડે વેશ્યાને જ્ઞાન થયું, અને કુમારિકાનું કહેવું તેણે કબૂલ કર્યું. "મારી પવિત્ર પુત્રિ ! બોલ, તારી શી ઇચ્છા છે ?" વેશ્યાએ આનંદના આવેશમાં વિવેકવાળો પ્રશ્ન પૂછયો. "માજી, આપણો રાજા ન્યાયી છે, માટે રાજમાં મારા માટે અરજ કરો કે, મારે હસ્તગત



ઉમ્મરલાયક થએલી કન્યાનું સુપાત્રને દાન કરો. રાજા દાનવિધિ સમજનાર છે." એ પ્રમાણે કન્યકાએ વેશ્યાને દૈવીબુદ્ધિવાળો જવાબ આપ્યો. વેશ્યાએ તે પ્રમાણે તુરત રાજમાં અરજ ગુજારી. રાજા મહાન પવિત્ર હોઇ તેણે તે અરજ કબૂલમંજુર કરી. પોતાની સ્ત્રીના સતીત્વના મહાન પ્રભાવે કરી પાગલ થએલો કન્યાનો પિતા યથાસ્થિત થઇ પુનર્ભવ ધારણ કરેલ પોતાની તે જ સ્ત્રીને પ્રાપ્ત થયો હોઇ રાજ્યના પ્રધાનપદને પામ્યો હતો. તેને ઉપર્યુક્ત અરજ માટે રાજાએ ભલામણ કરી. તપાસ કરતાં માલૂમ પડયું, કે, " તે પુત્રી મારી છે, અને બીજાઓને પણ તે પ્રમાણે ખાત્રી થઇ, એટલે પ્રધાને તે કુમારિકાનું યથાવિધિ સુપાત્રને પ્રદાન કર્યું. પોતાની પુત્રી વેશ્યાના હસ્તગતે નિર્મળપણે ધર્મયુકત મોટી થએલી જાણી તે વેશ્યાને પ્રધાને પુષ્કળ દ્રવ્ય આપ્યું, અને જનસમાજમાં પણ તે વેશ્યાનાં ખૂબ વખાણ થયાં. સૌભાગ્યવતી પ્રધાનપુત્રીની અદ્દભુત પૂર્વતપશ્ચર્યા જાણીને જનસમાજ અત્યંત આનંદિત થયો. સારાંશ એ કે, કાગવર્તણુંકત્ વેશ્યાના હસ્તગતે ઉછરેલી સતીશિરોમણી માતાની દીકરીનું કોયલ જેવી મીઠી વાણી રૂપ શિયળ પોતાના મૂળ સ્વભાવે આબાદ રહ્યું. ધન્ય છે એવા દૈવી જીવોને !

### દોહરો.

વાયસ શ્રાદ્ધ વિભાગની, ખીર રોટલી ખાય,
તો પણ ભક્ષાભક્ષનો, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થઃ—કાગડો શ્રાદ્ધપક્ષના વિભાગની ખીરરોટલી ખાય છે તો પણ તેનો અભક્ષ ભક્ષવા રૂપ જાતિસ્વભાવ ન જવા બદલઃ—

---

## દૃષ્ટાન્ત ૧૦.

કોઇ એક ગામમાં શાહુકાર રહેતો હતો. તેને ત્યાં લગ્નપ્રસંગ આવ્યો, એટલે તેણે પોતાના તમામ આપ્તવર્ગ, મિત્રમંડળ સહિત નોતર્યા. અસંખ્ય દ્રવ્ય ખરચી તેણે લગ્નપ્રસંગે જોઇતી તમામ વિધિ કાર્યદક્ષ કારીગરોના હાથે તૈયાર કરાવી. જાણે મહાયજ્ઞ આરંભ્યો હોય એવી ધામધૂમથી તે પ્રેમપૂર્વક મહાઆનંદ લેવા મંડયો. ધનવાન ધારે તે કરી શકે છે. દૈવી દ્રવ્ય ગેરરસ્તે વપરાતું નથી. તે પ્રમાણે તે ધારેલું શુભ કાર્ય નિર્વિઘ્ને સંપૂર્ણ પાર પાડવા મન મોકળું મુકી પોતાના દૈવી દ્રવ્યનો સદુઉપયોગ કરવા મંડયો. તેણે આવેલા મિજમાનો માટે પાકશાસ્ત્રની વિધિ પ્રમાણે ભક્ષ, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય આદિ ચાર પ્રકારના મિષ્ટ કટુ તિક્ત, અમ્લ, લવણ અને કષાય આદિ ષટરસ, ખાદ્ય અને પેય, વગેરે સ્વાદિષ્ટ પાકો તૈયાર કરાવ્યા હતા. તે વખતસર ચતુર પીરસનારાઓ પ્રત્યેક ભાણે સપ્રમાણ હજારોની પંગતોમાં અનુક્રમે ચપળતાથી પીરસતા હતા. તેમાં પ્રત્યેક વસ્તુની ગણના ખુદ સ્વાદ લેનાર પણ ન કરી શકે તો અન્યથી તો શી રીતે બની શકે? તમામ સુજ્ઞ મિજમાનો મિતાહાર લઇલઇને તૃપ્ત થતા હતા. તે ખાદ્ય પેય પદાર્થો એવા પ્રકારે તૈયાર થએલા હતા કે, તેઓમાં વખતસર જ અભિરુચિ ઉત્પન્ન થતી હતી.

આવા પ્રકારની સામગ્રી સતત તૈયાર હોવા છતાં પણ જમનાર મિજમાનો પૈકી એક શખ્સ જુદી પ્રકૃતિનો હોઇ :જમી રહ્યા બાદ થોડાક વખત પછી બજારમાં ભટકતા ભામટાની માફક વિક્રયવાળાં નિષિદ્ધ ભોજનગૃહોમાં પેસી જતો હતો. તેની જોડે તેના



જેવા બીજા પણ મિત્રો ત્યાં અગાઉથી આવીને બેસી રહેતા હતા. તેઓ સાથે જ નિષિદ્ધ ખાદ્યપેય પદાર્થોનો ઉપભોગ કરતા હતા. એક દિવસ તે સઘળાઓએ ત્યાંથી બહાર નીકળવું અને મિજમાનો પૈકી કોઇ અન્ય સદ્‌ગૃહસ્થે તે અયોગ્ય ચર્યા ગુપ્ત રીતે જોઇ લેવી, એ બેઉ બાબત સાથે જ બની; દરમ્યાન સરખા મિત્રો આગળ ખુલ્લા મેદાનમાં હવા ખાવા ગયા, અને સદ્‌ગૃહસ્થ મિજમાનોના નિવાસે ગયો. કુછંદવાળી ચેષ્ટા જોઇ સદ્‌ગૃહસ્થ બહુ જ નારાજ થયો અને પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યો કે, " અહા! આ પ્રપંચી દુનિયામાં ખોપરીખોપરીનાં અને રકમરકમનાં મનુષ્યો છે. કોઇને નિષેધ પ્રિય છે તો કોઇને વિધિ પ્રિય છે, શાસ્ત્ર તો એમ કહે છે કે, નિષેધ સર્વથા વર્જનીય છે, અને વિધિ ગ્રહણ કરવા યોગ્ય છે. પરંતુ અસજ્જનને કયાં છે શાસ્ત્રનો બાધ? " અસજ્જનના દુષ્કૃત્ય રૂપી તાપ વડે ગૃહસ્થનું હૃદય તપી જતાં તેના વિચારક્ષીરે જોર કર્યું કે તુરત જ કુછંદવાળી ચેષ્ટા વિશાળ જળમાં તેલના બિન્દુઓની માફક મિજમાનસમાજમાં વિસ્તારને પામી.

સારાંશ એ કે, ઉમદા ઉમદા ભોજન મળવા છતાં પણ અભક્ષ ભક્ષનારનો મૂળ સ્વભાવ બદલાતો નથી.

### દોહરો.

મૃગમદ સાથે મેળવો, હિંગ હિયે હરખાય,
કદિ તજે ન કુવાસના, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—કસ્તુરી સાથે હિંગ મેળવતાં હિંગ પોતાનો જાતિસ્વભાવ ન તજે તે બદલ:—

———

## દષ્ટાન્ત ૧૧.

કોઈ એક ગામમાં વીરભાણ નામનો વૈશ્ય રહેતો હતો. તેને બે પુત્ર હતા. મજકુર ગામ નાનું હોવાથી કેળવણીનો બહુધા અભાવ જ હતો, એટલે તેને ત્યાં એક તરફે ખેતીનું કામ ચાલતું હતું અને બીજી તરફે ગામના પ્રમાણમાં વીરભાણ સાધારણ પરચુરણ દુકાનદારી ચલાવતો હતો. તેના પોતાના બે પુત્રો ખેતીના કામમાં રોકાએલા હોઈ દુકાનદારી તરફ બીલકુલ તેમનું લક્ષ રહેતું ન હતું.

એક વખતે તે ગામમાં ફરતો ફરતો કોઇ કસ્તુરીનો વેપારી આવી ચઢયો. તપાસ કરતાં ગ્રાહકના અભાવથી હતાશ થયો. છેવટે માલૂમ પડતાં તે વેપારી વીરભાણની દુકાને ગયો, અને તેને નમૂના દાખલ થોડી ઘણી કસ્તુરી રાખવા આગ્રહ કર્યો. તેણે ગામડાગામમાં કસ્તુરી જેવી મોંઘી વસ્તુનો કોણ ગ્રાહક મળે ? છતાં પણ વીરભાણે તે વેપારી પાસેથી થોડીક કસ્તુરી વિક્રય માટે ખરીદ કરી. દરમ્યાન તેને વિચાર સૂઝયો કે, આ ગામમાં કસ્તુરીને કોણ ઓળખે છે ? માટે તેને હિંગ સાથે મેળવીએ એટલે જરૂર તે હિંગ કસ્તુરી રૂપ થઇ જશે, અને તે હિંગની કિમ્મતં કસ્તુરીના પ્રમાણમાં જ ઊપજશે. એમ સમજી તેણે તે કસ્તુરી હિંગ સાથે રાખી. પરંતુ ગામમાં હિંગનું ગ્રાહક ન આવે તો પછી કસ્તુરી તો કોણ ખરીદ કરે ? આવા કારણને લઇ તેણે ઘણા દિવસો સુધી તે મેળવેલી હિંગકસ્તુરીને જોવા સરખો પણ વખત લીધો નહિ. દરમ્યાન એક વખત તે વીરભાણને જ ખાસ કસ્તુરીની જરૂર પડી, એટલે મેળવેલી હિંગ સાથે કસ્તુરીને જુદી પાડી બહાર કાઢી જુએ છે તો તે કસ્તુરી તમામ હિંગરૂપ થઈ ગઈ હતી, પરંતુ હિંગ તો પોતાના મૂળ સ્વભાવ ઉપર જ રહી હતી. આમ ખાત્રી થવાથી તેને ઘણો જ અફસોસ થયો કે, “મેં આ શી મૂર્ખાઇ કરી !” કસ્તુરીના ખર્ચેલા દામ તમામ બાતલ ગયા, અને હિંગ તો તેવી ને તેવી જ કાયમ રહી. આ પ્રમાણે હિંગે પોતાનો જાતિસ્વભાવ ન તજ્યો. અર્થાત ઘણાં મનુષ્યો એવાં હોય છે કે, પોતે શ્રેષ્ઠ સોબત કરી બીલકુલ સુધરતાં નથી, અને તે શ્રેષ્ઠને પણ નેસ કરી નાખે છે.



### દોહરો.

જાતિશત્રુથી જો કદિ, સ્થિર મિત્રતા થાય,
વેર ન મુકે વેગળું, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—જાતિશત્રુથી કદાપિ સ્થિર મિત્રતા થાય તો પણ છેવટે વખત આવ્યે વેર વેગળું ન મુકવાનો જાતિસ્વભાવ ન જવા અદલ.

---

## દષ્ટાન્ત ૧૨.

એક જંગલમાં અરિદમન નામનો સિંહ રહેતો હતો, અને જે જંગલમાં તે રહેતો હતો તેની આજુબાજુ બીજા જંગલી પશુ પણ રહેતાં હતાં. આ અરિદમન તે તમામ જંગલનો રાજા ગણાતો હતો, અને તેની પાસે ધૂર્તધ્વજ નામનો શિયાળ મુખ્ય પ્રધાનપદે બિરાજતો હતો, અને તે સામ, દામ, દંડ, ભેદાદિક ચારે પ્રકારની રાજનીતિને જાણતો હોઇ પોતાની હુશિયારી વડે રાજાને બહુ જ પ્રસન્ન હતો. એક દિવસે અરિદમન પોતાના જંગ-

લમાં નિઃશંકપણે ફરતો હતો તેવામાં ભદ્રક નામનો એક આખલો તેની દ્રષ્ટિએ પડચો. તે આખલો જંગલનું લીલું ઘાસ ચરીચરીને શરીરે હૃષ્ટપુષ્ટ થયો હતો. જંગલમાં તેને કોઇ પણ પ્રકારનો ભય ન હોવાથી તે નિઃશંકપણે મહાલતો હતો. અરિદમનને જોવા છતાં પણ તેને બીલકુલ ભય ઉત્પન્ન થયો નહિ. ઉલટું, અરિદમનને પોતાનો અતિથિ માની તેણે તેનું અત્યંત સ્વાગત કર્યું. તેથી અરિદમન ભદ્રક ઉપર બહુ જ પ્રસન્ન થયો, અને હંમેશાં પોતાની સાથે રહેવા બહુ જ આગ્રહ કર્યો. એટલે ભદ્રકના મનને ગર્વ થયો કે, “અહો ! ખુદ રાજા પણ મને ચાહે છે, અને રાજા પાસે રહેવું એ પણ એક મોટો માનમરતબો છે, માટે આપણે રાજાજી પાસે રહીશું અને અનેક પ્રાણીના માનીતા થઇશું, અનેકને જોડશું, અનેકને ફોડશું અને અનેકની દાવાઅરજીઓના ફેંસલા યોગ્ય લાગશે તેમ મુકશું.” આ પ્રમાણે પાણી પહેલાં મોજડાં વાળા શેખચલ્લીના વિચારો તેના હૃદયમાં સ્ફુરવા લાગ્યા, અને તે ભદ્રક પોતાના દિલમાં પણ. ન સમાવા લાગ્યો. પછી ભદ્રક અરિદમનની સાથે રાજ્યભુવન રૂપ પહાડી કંદરામાં ગયો. ભદ્રકનો ખોરાક ત્યાં પુષ્કળ પ્રમાણમાં હોઇ ભદ્રકે હાથીના જેવું પોતાનું શરીર ખડકર્યું, અને મદોમન્ત્ત થઈ પોતે પોતાને સ્વતંત્ર અને નિરંકુશ માનવા લાગ્યો ” એ તો સ્પષ્ટ છે કે, ઓછી અક્કલવાળો આજુબાજુના કાંઇ પણ સંસ્કાર વિચાર્યા વિના એકતરફી મળતું ક્ષણિક સુખ અક્ષય માને છે. તેવી જ રીતે આ ભદ્રકે પણ કર્યું. પરંતુ તેનું તે સુખ ઘણી વાર ટકી શક્યું નહિ. એક વખતે કંદરાની નઠારી હવાને લઇ અરિદમનની તબિયત નાદુરસ્ત થઇ. તે એટલે સુધી કે, પોતાની હદની પૂરતી



તપાસ પણ તેનાથી થઇ શકતી ન હતી; અને પોતાને મળતી ખોરાકી પણ તેને વખતસર ન મળવા માંડી. તે કારણને લઇ રાજા અરિદમન ઘણો જ ગભરાયો. અન્તે પોતાના માનીતા પ્રધાન ધૂર્તધ્વજની સલાહ લેવાની તેને જરૂર પડી. તેણે પ્રધાનને એકાન્તે બોલાવી પોતાની આન્તરિક કફોડી સ્થિતિ નિવેદન કરી, અત્યંત દિલગીરી જાહેર કરી, અને પૂછ્યું કે, ”મારી આવી સ્થિતિ માટે, તમે મને શી સલાહ આપો છો ? તમારા જેવા શાણા અને ચાલાક પ્રધાનોની તો આવે જ વખતે જરૂર પડે છે. તો હું આશા રાખું છું કે, આ પ્રસંગે મને તમારા તરફથી યોગ્ય સલાહ મળશે.” રાજાનું આ વાક્ય સાંભળી મનમાં ફૂલાઇ તે ભદ્રક ઉપર ઘણા દિવસથી પોતે દ્વેષ રાખતો તેનો બદલો વાળવાનો વખત નજીક આવ્યો જાણી ઘણો જ ખુશ થઇ નીચે પ્રમાણે બોલ્યો.

“હે મૃગેન્દ્ર ! હે વનાધિપ ! આપ આમ તદ્દન નાસીપાસ કેમ થાઓ છો ? જો મારી સલાહ જ આપને યોગ્ય લાગતી હોય તો હું આપ નામદારને નિખાલસ હૃદયથી જણાવું છું કે, જે ભદ્રકને આપ મિત્ર તરાકે માનો છો તે ભદ્રક આપનો મિત્ર નથી, પરંતુ ખરી વખતનો એ આપનો ખોરાક છે. માટે તેને મારી તે ખોરાકીથી આપનું તથા આપના અન્ય આશ્રિતોનું પોષણ કરી ભલું કરો. તેના ખોરાકથી આપની તંદુરસ્તી સુધરશે તથા ગએલી શકિત પુનઃ પ્રાપ્ત થશે. તેથી કરી આ વિશાળ વનમાં આપની ગેરહાજરીને લઇ જે અવ્યવસ્થા વ્યાપી રહેલી છે ” તે પણ દૂર થશે, એ આપે નકકી જાણવું. આ પ્રમાણેની પોતાના માનીતા પ્રધાન ધૂર્તધ્વજની સલાહ અરિદમનને યોગ્ય લાગી. તેથી

ભદ્રક જે જંગલમાં ગએલો હતો ત્યાંથી પોતાના ઘમંડમાં છકેલો અને 'હું પોતે કાળના મોઢામાં છું' એ ખ્યાલ સ્વપ્ને પણ પોતાની મૂર્ખતાને લઈ ન રાખેલો, એવો અરિદમન પાસે આવ્યો કે તુરત જ પોતાના વિકરાળ પંજાઓ વડે અરિદમને ભદ્રકને પ્રાણુગત કર્યો. અને તેના માંસથી પોતે તથા પોતાના માનીતા પ્રધાને પોતાનાં શરીરો હૃષ્ટપુષ્ટ કર્યાં. એ તો સત્ય છે કે, જાતિશત્રુની મિત્રતા આખરે દુઃખદાયક નીવડે છે એ ઉપરના દૃષ્ટાન્તથી સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે.

## દોહરો.

લસણ છોડવો વાવીને, પય અમૃત સમ પાય,
વિધવિધ વધે કુવાસના, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:–લસણનો છોડ વાવી તેની કુવાસ મટાડવા બદલ અનેક યત્નપ્રયત્ન કરવામાં આવે છતાં તેનો જાતિસ્વભાવ ન જવા બદલ:–

---

## દૃષ્ટાંત ૧૩.

પૂર્વે સૌરાષ્ટ્રમાં એક અજિતસિંહ નામે રાજા રાજ કરતો હતો. તે રાજકાર્યમાં ઘણો જ દક્ષ તથા પ્રજાપાલનમાં એકકો હતો. તેની પાસે રાજકોષ પુષ્કળ હતો. તેના સેવકો રાજધર્મ પાળવામાં નિપુણ હતા. તેનો અમલ સર્વને એટલે દુષ્ટજનો સિવાય બાકીનાઓને સર્વદા સુખદ હતો. તેને રાજમહિષી નામે કમળાદેવી પતિવ્રતધર્મપરાયણ હતી. ઉક્ત રાજાને ખોરાકમાં લસણ ખાવાનો બહુ જ શોખ હતો, પરંતુ લસણ ખાઈ,



ને જનસમાજમાં જવું તે તેને ઠીક લાગતું ન હતું. હવે લસણ ખાધા વિના તેનાથી રહેવાતું ન હતું, તેમ જનસમાજમાં જવાની પણ તેને ઘણી જ અગત્ય હતી. આ ઉભય કારણોને લઇ રાજાએ એક દિવસ એવો વિચાર કર્યો કે, હું રાજા છું અને પરમ શકિત ધરાવું છું મારી શકિત વડે દરેક વસ્તુમાં હું ફેરફાર કરી શકું છું. તો આ લસણની કુવાસનામાં ફેરફાર કરવો તેમાં શું અશકય છે, 'એમ ધારી તેણે પોતાના બગીચામાં કેટલાક પુરતા કયારા કરાવ્યા તથા તેમાં કસ્તુરીનું ખાતર કર્યું', અને તેની આજુબાજુ મલયાગિરિથી ઉમદા ચંદન મંગાવડાવી ચોમેર વાડ કરી અને પોતાની પરમપવિત્ર રાજમહિષીને તેને તેણે હુકમ કર્યો કે, હે દેવી ? મારે આ લસણની કુવાસનામાં સુવાસના કરવાનો વિચાર છે, તો તેમાં તમે સંમત થઇ મારી મરજી મુજબ કાર્ય કરો. એમ કહી તેણે ધાતુઓમાં સર્વોત્તમ ગણાતું એવું જે સુવર્ણ તેનો એક ઘડો બનાવડાવ્યો, અને સર્વ નદીઓમાં શ્રેષ્ઠ ગણાતી અને જગતને પાવન કરનારી એવી જે ગંગા તેમાંથી પાણી મંગાવડાવ્યું, અને અન્ય વર્ણોમાં શ્રેષ્ઠ ક્ષત્રિય રાજા તેમાં તે રાજાની રાણી પોતાના સુશોભિત શરીર ઉપર સોળ શૃંગાર સજી પ્રતિ દિવસ પતિની આજ્ઞાને અનુસરી પરમ પ્રેમથી સવારના પહોરમાં પાણીનું સિંચન કરવા લાગી. જેમ જેમ પાણીનું સિંચન થવા લાગ્યું તેમ તેમ લસણની કુવાસનાનો તો પાર જ રહ્યા નહિ. તેના માટે કવિવર્ય શામળભટ્ટે નીચે પ્રમાણે કાવ્ય લખ્યું છે:–

### છપ્પય.

વાયો લસણનો છોડ, વાડ ચંદનની કીધી,
ક્યારો કર્યો કપૂર, ખાત્ર કસ્તુરી દીધી;
સજી સોળ શૃંગાર, નિત્ય રાજાની રાણી,
હેમ ઘડો લઇ હાથ, પાય ગંગાનું પાણી;

પ્રતિ દિન સીંચે પ્રેમથી, તેમ વાસ અદકી ચઢે,
શામળભટ સાચું કહે, જાત વિના ભાત કદી ન પડે.

ઉપર લખેલા કાવ્ય મુજબ રાજાએ અનેક પ્રયત્નો કર્યા છતાં પણ લસણે પોતાનો કુવાસનારૂપ જાતિસ્વભાવ કિંચિતમાત્ર પણ ન તજ્યો.

### દોહરો.

આંબાને આદર વિના, ધોકો મારો ધાય,
તો પણ અર્પે મિષ્ટ ફળ, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થઃ—આમ્રવૃક્ષને નિરાદર પણે દોડીને ધોકો મારતાં પણ તે મધુર ફળ આપે છે તેનો જાતિસ્વભાવ ન જવા બદલઃ—

---

### દ્રષ્ટાન્ત ૧૪.

એક વખત ઋષિઓની સભામાં વાદવિવાદ થતાં કોઇએ બ્રહ્મા, કોઇએ શંકર, કોઇએ વિષ્ણુ, તમામ દેવોમાં મોટા હોવાનો પોતપોતાનો અભિપ્રાય દર્શાવ્યો. તે ઉપરથી વિવાદમાં આખરે એવું ઠર્યું કે, દેવોમાં આ ત્રણ દેવ મોટા છે, એ વાત તો



નિર્વિવાદ છે; પણ આ ત્રણ દેવ પૈકી કયો દેવ મોટો છે તે બાબતની શંકા તો ઉભી જ રહી; અને તેથી શંકાના સમાધાનાર્થ "ભૃગુ" નામના અતિ ક્રોધી ઋષિને આ ત્રણે દેવોની પરીક્ષા કરી આપવા તમામ ઋષિઓએ વીનવ્યા, તેથી તેઓ ગયા. ભૃગુ ઋષિ બ્રહ્માજીના પુત્ર કહેવાય છે અને શંકર ભગવાન પણ બ્રહ્માજીના પુત્ર કહેવાય છે ( જુઓ, શ્રીમદ્ ભાગવતમાં સૃષ્ટિની ઉત્પત્તિ ), અને તેથી ભૃગુજીએ પ્રથમ શંકર ભગવાનની પરીક્ષા કરવાનો વિચાર કર્યો, અને કૈલાસમાં તેઓ જ્યાં શંકર ભગવાન અને તેમનાં રાણી મહાસતી પાર્વતીજી એકાન્ત સ્થળમાં બેઠા હતાં ત્યાં વરદી અપાવ્યા વગર એકાએક ચાલ્યા ગયા. આ ઉપરથી એકાન્ત સ્થળમાં ભૃગુજીને આવતા જોઇ ભગવાન શંકર કોપાયમાન થયા, અને ભૃગુજીનું પોતે અપમાન પણ કર્યું. ભૃગુજી પણ જાણે પોતાના થએલા અપમાનથી નાખુશ થયા હોય એવો ડોળ કરીને ચાલ્યા ગયા, અને ત્યાંથી પછી બ્રહ્મલોકમાં ગયા. આજે બ્રહ્માજીને ત્યાં કાંઈ કારણવશાત્ દેવતાઓનો દરબાર ભરાયો હતો, અને ઇન્દ્ર, વરુણ, કુબેર, યમ, પવન, અગ્નિ વગેરે તમામ દેવો ભરાઇને બેઠા હતા. તે દરબારમાં બ્રહ્માજીને વરદી આપ્યા વિના ચાલ્યા ગયા, અને પોતાન પિતા બ્રહ્માજીને પ્રણામ કર્યા વગર પોતાના આસને બેસી ગયા. આથી બ્રહ્માજી ક્રોધાયમાન થયા, અને ભૃગુજીનું સભાજનો સમક્ષ મહાન અ માન કર્યું. હવે આ બે મુખ્ય દેવોની તો તેમણે યથાર્થ પરીક્ષા કરી લીધી, અને બાકી રહેલા ત્રીજા શ્રી વિષ્ણુ દેવ-આદિનારાયણના લોકમાં તે પોતે ગય . ભગવાન શેષનાગ ઉપર આસન જમાવી પોઢયા છે, અને શ્રી લક્ષ્મીજી પગ તળાંસે છે, હનુમાન ગરુડ

વિશ્વકસેન, વગેરે પોતાના મુખ્ય પાર્ષદો બેઠા છે. તેવામાં ભૃગુજીએ વગર વરદીએ એકાએક આવીને અનાશક શ્રી ભગવાનની છાતીમાં લાતનો પ્રહાર કર્યો, અને કેટલાંક કટુ વચનો પણ પોતાના સ્વભાવને અનુસરીને કહ્યાં. ભગવાને તો તુરત જ ઊઠીને ઋષિજીના પગ દબાવ્યા. તેમને યત્કિંચિત્ પણ ક્રોધ ઉત્પન્ન ન થયો; અને થાય પણ શાનો ? કારણ કે, તેમનો લોક સત્ત્વગુણવાળો મનાય છે. તેપોતે સત્ત્વગુણના અધિષ્ઠાતા છે, અને તેથી તેમણે ભૃગુજીના પગ દબાવવા ઉપરાંત કહ્યું કે, "ઋષિ, મારી છાતી અત્યંત કઠોર છે, અને આપના ચરણારવિંદ સુકોમળ છે, માટે મને લાત મારવાથી આપના ચરણને ઇજા થઇ હશે," ઉપરાંત એમણે એમ પણ કહ્યું કે, 'આપના પધારવાની મને અગાઉથી ખબર નહિ હોવાથી હું આપને સામો લેવા આવી શક્યો નહિ. તે મેં આપનો મોટો અપરાધ કર્યો છે. પરંતુ આપ જેવા સત્ પુરુષો તેવા અપરાધ તો શું પણ ગમે તેવા મોટા અપરાધો પણ લક્ષમાં લાવતા નથી. તેમ આપ પણ મારો અપરાધ ક્ષમા કરશો. શ્રી ભૃગુજીને ભગવાનનાં વચનો સાંભળી ખાત્રી થઇ કે, ત્રણે દેવોમાં મોટા શ્રી વિષ્ણુ દેવ છે. એમ જાણી ઋષિઓની સભામાં આવી તેમણે યથાર્થ પરિણામ જણાવ્યું. તેને માટે વૃંદ સપ્તશતીમાં નીચે પ્રમાણે દોહરો છે:-

### दोहा

क्षमा बडनको उचित है, ओछनको उतपात ।
कहा विष्णु का घर गया, जा भृगु मारी लात ॥



### દોહરો

સર્પમણિ શિર સર્પને, સહેજે વસે સદાય;
ગ્રહે ન તો પણ ગરળ તે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—સાપના માથા પર સ્વાભાવિક સર્પમણિ હંમેશાં રહે છે, તો પણ તેનો ઝેર ન ગ્રહણ કરવા રૂપ જાતિસ્વભાવ ન જવા બદલ:-

## દૃષ્ટાન્ત ૧૫.

પૂર્વે કચ્છ દેશમાં માંડવી નગર વિષે એક બ્રહ્મચારી શ્રીમદ્ ભાગવતની કથા કરતો હતો. ઉક્ત બ્રહ્મચારી એવો તો વકતા હતો કે, તેની કથા વાંચવાની છટાથી માંડવી જેવા એક વિશાળ નગરનો ઘણોખરો ભાગ તેનાથી પૂર્ણ પ્રસન્ન હતો. લગભગ ચારસો પાંચસો માણસોનું મંડળ કથા શ્રવણ કરવા પ્રતિદિવસ અત્યંત ઉત્સાહથી ત્યાં આવતું. માસ શ્રાવણ હતો. આજુબાજુનો પ્રદેશ વરસાદના આગમનથી અત્યંત રળિયામણો દેખાતો હતો. શ્રાવણ વદ પંચમીનો દિવસ કે જે હિંદુઓમાં પવિત્ર ગણાય છે, તે દિવસે સાંજના ચારેક વાગવાનો સમય હતો. વરસાદ ઝરમર ઝરમર વરસી વસુધાને આનંદસુધામય કરતો હતો. ચારે દિશાએ વીજળીના ચમકારા થઇ રહ્યા હતા. ગગન વિષે ઘુમંડી રહેલો ઘોર ઘન પણ લોકોને આનંદ આપનારી ગર્જના કરી રહ્યો હતો. પપૈયા પિયુ પિયુ કરી રાજા ઇંદ્રની કીર્તિના ગુણાનુવાદ ગાતા હતા. મયૂરો ઉન્નત અટારીઓ ઉપર ઉન્મત્ત થએલા

પોતાનાં મનોહર પીછાંની કળાઓ ચઢાવી નાનાવિધ નૃત્ય કરી રહ્યા હતા. આવા અતિ આનંદિત સમયમાં ઉક્ત બ્રહ્મચારીએ કથા વાંચતાં વાંચતાં ઊભા થઈ નીચે પ્રમાણે એક આશ્ચર્ય-જનક ભાષણ કર્યું:—“ આર્ય બન્ધુઓ અને પવિત્ર બહેનો, આજે આ પવિત્ર સ્થળે આપ જેવા મહાશયોના સમાજ વચ્ચે મારા મનમાં એક વિચિત્ર ઘટના ઉત્પન્ન થવાથી તમારી સમક્ષ એ વિદિત કરવા હું સાહસ કરૂં છું. કદાપિ મારી એ ઉક્ત ઘટનામાં કાંઈ વિશેષ વિચિત્રતા માલૂમ પડે તો દરગુજર કરવાની ઈચ્છા રાખી આગળ બોલવા રજા લઉં છું.

“ આ એક અદ્‌ભુત જમાનો છે, તે આપ સહુ જાણો છો, એટલે તે માટે વધારે વિવેચન કરવું એ હું ઉચિત ધારતો નથી. માત્ર એટલુંજ કહેવા માગું છું કે, એક કવિના મોઢે મેં એક દિવસ એક પદ સાંભળ્યું છે તેની ભ્રમણા મારા મનમાં અદ્યાપિ ઘર કરી રહેલી છે, અને તેનો ખુલાસો કરવાનો શુભ અવસર મને આજે પ્રાપ્ત થયો છે, એ કવિએ એમ કહ્યું છે કે:—बार बार जाते सो तो दूसरो परम. એનો અર્થ એટલો જ થાય છે કે, મનુષ્યમાત્ર જીતેન્દ્રિય હોય તો તેના ઉપર પરમાત્મા સદા પ્રસન્ન રહે છે, અને તે જ પરમાત્માનો અંશ છે કે જેને મહાત્મા કહેવામાં આવે છે. આ સ્થળે એકઠાં થએલાં બન્ધુઓ તથા બહેનોની સંખ્યા લગભગ પાંચસોથી વધારે હશે તો મેં જે આ કળશ શ્રીમદ્ નારાયણના નામથી અંકિત કરેલો છે, તેને જે ભાઈએ અથવા બહેને પારાવાર જીતેલો હોય તેણે આ સમાજમાંથી ઊઠી ઊપાડવો. ” આ ભાષણ બ્રહ્મચારીએ કરી લગભગ પા એક



કલાક રાહ જોઈ; પરંતુ તે સમાજમાંથી સ્ત્રી વર્ગ અથવા પુરુષ વર્ગમાંથી કોઈએ તે કળશ તરફ જવા હિમ્મત કરી નહિ. ખુદ બ્રહ્મચારી પણ તે કળશને સ્પર્શ કરી શક્યો નહિ, તેવા સમયમાં એક નારાયણજી વસનજી નામનો વરસ સાઠેકની ઉમ્મરનો લુહાણો ઊભો થઈ સમાજ પ્રત્યે આ પ્રમાણે બોલ્યો:—

“ભાઈઓ તથા બહેનો ! મારી આ સાઠ વર્ષની ઉમ્મરમાં મારાથી થએલો એક ગુનો જો આ સઘળો સમાજ માફ કરતો હોય તો શ્રીમન્નારાયણ સ્વરૂપ આ કળશને હું સ્પર્શ કરૂં.” સહુ કોઈ એકે અવાજે બોલી ઉઠયા કે, “ તમારાથી થએલો ગુનો તમે જનસમાજમાં જાહેર કરો કે જે સાંભળી દરગુજર કરવા જેવો હશે તો તમને માફ કરવામાં આવશે.” ઉક્ત ગુનાનું સ્વરૂપ જાહેર કરતાં લુહાણો નીચે પ્રમાણે બોલ્યો:—

ગૃહસ્થો ! મારી દસ વર્ષની ઉમ્મર હતી ત્યારથી મને રામ કથા શ્રવણ કરવાનો બહુ જ શોખ હતો બીજી બાજુએ મારી ઉમ્મરના છોકરાઓની સાથે ખેલકુસ્તી કરવાનો પણ તેવો જ શોખ હતો. એમ કરતાં જ્યારે મારી સત્તર અઢાર વર્ષની ઉમ્મર થઈ ત્યારે મારા સોબતી કે જેઓ હંમેશાં સ્વછંદી અને વેશ્યાઓના વિહારી હતા, તેમના આ કૃત્યથી હું હંમેશ અણ-વાકેફ અને અલગ રહેતો. એ વાત મારા સોબતીઓને પસંદ પડી નહિ, તેથી તેઓ જે પાપકર્મથી ડૂબતા હતા તેજ પાપકર્મ કરી મને પણ ડૂબાડવાની ઈચ્છા તેમણે કરી એક દિવસે આ જ શહેરની પીરમજાન કરીને એક નાજુક અને બહુ જ પ્રવીણ વેશ્યા સાથે મળી મને નર્કમાં ફેંકવા તેમણે સંકેત કર્યો. સાંજના આઠેક

વાગે હું જ્યારે રામકથા વાંચી તથા મારા ઇશ્વરસ્મરણના અન્ય કાર્યથી નિવૃત્ત થયો ત્યારે અમારા મંડળમાંના એક જણે આવી મને ચિઠ્ઠી આપી. તેમાં નીચે પ્રમાણે હકીકત હતી.

'પ્રિય નારાયણજી! આજે રાતના નવ વાગે મારા નવા રાખેલા મકાનમાં રામકથા વંચાવાની છે, તો તે શુભ પ્રસંગે આપ વખતસર પધારી અમારા ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરશો. એ જ.

લી. હું છું આપનો,
**પ્રેમજી ઘેલાભાઇ.**

---

ઉપર પ્રમાણેની ચિઠ્ઠી વાંચી મારૂં મન શ્રી રામકથા સાંભળવા એટલું બધું તલપાપડ થઇ રહ્યું કે, માત્ર એક કલાકનો જ અંતર હતો છતાં તે કલાક મને યુગ બરોબર ભાસવા લાગ્યો. એ મારા પ્રેમજી ઘેલાભાઇ મિત્રનું નવું રાખેલું ઘર મેં કદાપિ જોયું ન હતું. તેથી ચિઠ્ઠી લાવનારને મેં પૂછ્યું કે, 'ભાઇ! પ્રેમજીભાઈનું એ નવું રાખેલું ઘર કયી શેરીમાં છે' ત્યારે તે ઇસમે મને જાહેર કર્યું કે, 'તે નવું ઘર ખોળવા તકલીફ પડશે નહિ. કારણકે, પ્રેમજીભાઇ આદિ તમારા તમામ મિત્રો તમારી રાહ જોઇ ઉપલા ફળિયાના ચોકમાં ઊભા હશે. ત્યાંથી તમે સાથે સાથે જઇ શકશો.' આ વાત સાંભળી હું ઘણો જ ખુશી થયો, વખત જતાં વાર લાગતી નથી. પોલીસ ચોકી ઉપર નવ વાગ્યાની સાક્ષી ઘડિયાળે પૂરી. હું લૂગડાંલત્તાં પહેરી તૈયાર જ હતો. એટલે ઉપલા ફળિયાના ચોકમાં આવતાં વાર લાગી નહિ. ત્યાં આવી જોઉં છું તો મારા અન્ય મિત્રો સહ પ્રેમજીભાઇને ત્યાં મેં ઊભેલા દીઠા. અમે પરસ્પર રામરામ કર્યાં કે તુરત ઉક્ત મંડળ



ચાલવા મંડ્યું. ચાલતાં ચાલતાં તેમણે એક શેરીમાં પ્રવેશ કર્યો ત્યાં એક ભવ્ય મકાન રોશની વગેરેથી શણગારેલું મેં જોયું. પ્રેમજીભાઇએ એ ઘરને બીજે મજલે જવા મને સૂચના કરી. 'હું બીજા ગૃહસ્થોને લઇ આવું છું' એમ કહી તેમણે પ્રહ્લાદ નામના અમારા જાણીતા મિત્રને મારી સાથે મોકલ્યો. હું બીજે મજલે દાદર ઉપર ચઢી જોઉં છું તો ત્યાં એક નવયૌવના પોતાનાં અણિયાળાં નેત્રો વડે વિષયી પુરુષોને કતલ કરવા ત્યાં ઊભેલી મેં દીઠી. પાછું વાળી જોઉં છું તો પ્રહ્લાદભાઇને મેં ત્યાં દીઠા જ નહિ, અને એ સુંદરીએ મારા ખરા મિત્રોએ બતાવેલા સંકેત પ્રમાણે મારો હાથ પકડ્યો. મેં તેના કોમળ હાથમાંથી મારો હાથ છોડાવ્યો. પુનઃ તે આવી મને વળગી. મેં તેને અળગી કરી. આ ગોટાળો હજીસુધી મારા સમજવામાં આવ્યો ન હતો. પાછળથી તેજ સુંદરીના કહેવાથી હું સમજી શક્યો કે, તેના પાપી પ્રેમના ફંદમાં મને ફસાવવા તે ફાંફાં મારે છે, અને આ દુષ્કૃત્યના પ્રેરક બીજા કોઇ નહિ પણ મારા ખલ મિત્રો જ હતા. તેથી મને વળગી રહેલી તે સુંદરીને અળગી કરી હું નીચે આવ્યો, તો એ મારા ખલ મિત્રોનું મંડળ ઊભું જ હતું. તેઓને મેં મારાથી બને તેટલો ઠપકો આપ્યો, અને 'આવાં આચરણોથી ઈશ્વર તમારૂં ભલું નહિ કરે ?' એમ કહી હું મારા મકાનમાં આવ્યો. પરસ્ત્રીનો સ્પર્શ થવાથી ઘેર આવી મેં સચૈલ સ્નાન કર્યું, અને શ્રી વિષ્ણુ સહસ્રનો પાંચ વખત પાઠ કર્યો. બીજા દિવસે પંડિતને બોલાવી સમુદ્રકિનારે જઇ પ્રાયશ્ચિત્ત કર્યું.

ઉપર બતાવેલો અપરાધ આખી જીંદગીમાં મારાથી એ એક જ વખતે બનેલો છે. તે જો આ સમાજ માફ કરતો હોય તો ઉક્ત

કળશને સ્પર્શ કરવા હું શક્તિમાન થાઉં. "આ શબ્દો સાંભળતાની સાથે તમામ સભાએ એકસાથે " ધન્ય છે, ધન્ય છે " એ શબ્દો વડે નારાયણજીને વધાવી લીધો અને શ્રીમન્નારાયણના સ્વરૂપ જેવા પેલા પવિત્ર કળશને તેણે યુગલ કર વડે ઊપાડી સકળ સમાજને દર્શન કરાવ્યાં. જુઓ!, એવા ખલ મિત્રોની પ્રેરણા તથા યુવાન અવસ્થા અને સ્વરૂપવતી યુવતી, એટલાં સબળ કારણો મળ્યા છતાં પણ લુહાણે જેમ સાપના માથા ઉપર રહેલો મણિ ઝેર ગ્રહણ કરતો નથી તેમ વિષયવાંછના ગ્રહણ કરી નહિ. એ મહાત્મા જનનો જાતિસ્વભાવ છે.

### દોહરો.

કીડી મન્દિર કનકને, ચઢે ન સદ્દગુણ ચ્હાય,
છિદ્રો શોધે સર્વદા, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:-કીડી સુવર્ણથી બનેલા ઘરની ભીંત ઉપર ચઢે, પણ તેની કારીગરી અથવા મનોહરતા ન જોતાં માત્ર છિદ્ર શોધવા રૂપ જાતિસ્વભાવ ન જવા બદલ:—

---

### દૃષ્ટાન્ત ૧૬.

પૂર્વે ખેરાળુ તાલુકામાં એક જાસકા ગામે જસલો નામે દરજી રહેતો હતો. તે પોતાના ધંધામાં એટલો બધો કુશળ હતો કે, બીજા વીરલા દરજીઓ જ તેની બરાબરી કરી શકતા હતા. તે પોતાના હુન્નર વડે ઘણા પૈસા પ્રાપ્ત કરી શકયો, અને તે વડે તેણે સારાં સારાં મકાનો બંધાવ્યાં. માત્ર તેને



એટલી જ ખામી હતી કે, સંતતિમાં પુત્ર ન હતો. માત્ર બે કન્યાઓ હતી. તેમાં મોટીનું નામ કંકુ અને નાનીનું નામ ઊજળી હતું. ઉકત છોકરીઓ ઉમ્મર લાયક થઇ એટલે તેના બાપને કોઇ સારા સ્થળે પોતાની " છોકરીઓ પરણાવવાની ચિન્તા થઈ. તે ચિન્તામાં ને ચિન્તામાં તે તથા તેની ઓરત નામે જીવી શરીરે દુબળાં પડવા માંડયાં. તેમને જોઇ તેમનાં સગાંસંબંધીઓ ઠપકો આપવા લાગ્યાં કે, "છોકરીઓ પરણાવવી તેમાં ચિન્તા શાની? એમના નસીબમાં લખ્યું હશે એવું ઠેકાણું મળશે. તેમ છતાં અમને પૂછતા હો તો અમે સારૂં ઠેકાણું બતાવીએ." એ સાંભળી જસલો ઘણો રાજી થયો, અને પોતાના સંબંધીઓને પગે પડી કહેવા લાગ્યો કે, "હે ભાઇસાહેબ! આ છોડીઓ તમારી છે, એમ સમજી તેઓના સંબંધ માટે તમો સારાં સ્થળ બતાવો." એ સાંભળી તેના સંબંધીઓએ એકતે ખેરાળુમાં ખેમા મેરાઇને ત્યાં, અને બીજીને ઊંઝામાં ઉમેદ મેરાઇને ત્યાં આપવા સૂચના કરી; અને તેઓની સૂચના પ્રમાણે બન્ને છોકરીઓના સંબંધ તુર્તાતુર્ત કરવામાં આવ્યા, અને ઘડિયાં લગ્ન લીધાં, એટલે વૈશાખ વદ ૪ ને સોમવારના દિવસનાં લગ્ન નક્કી થયાં. તે વિષે કંકોતરીઓ લખાઇ. બહુ પૈસા ખરચી જ્ઞાતિ વ્યવહાર કરવો એટલે પંદર દિવસ આગમચ જ્ઞાતિના આગેવાનોને નોતરવામાં આવ્યા. આવનાર મહેમાનો માટે ખાવાપીવાની તથા ઊતરવા વગેરેની સારીસગવડ કરવામાં આવી હતી. તે વખતે ખેરાળુમાં જામીનમિયાં સાહેબનો અધિકાર હતો, અને એ અધિકારમાં ભીલોનો ઉપદ્રવ બહુ જ હતો. એ કારણને લઇ મિયાં સાહેબે એવી પ્રતિજ્ઞા કરેલી હતી કે, હંમેશાં પાંચ ભીલોનાં માથાં કાપ્યા પછી જ દાતણ

કરવું. એવા સમયમાં ઉક્ત દરજીને ત્યાં આ વિવાહનો ઉત્સવ ઊજવાતો હતો. હવે જ્ઞાતિના આગેવાનો, જે પ્રથમ આવેલા હતા, તેઓ પોતપોતાનો ધંધો સાથે લાવેલા હતા. તે ધંધાની ધમાલમાં ને ધમાલમાં તેઓ નીચે પ્રમાણે વાર્તાલાપ કરવા લાગ્યા. મહેસાણે-થી આવેલા મોહન મેરાઈને સંબોધીને તેઓ કહેવા લાગ્યા કે, "સાંભળો, મોહન મેરાઈ ! આ જસલા જાસ્કીએ જે બે સગા ખોળી કાઢ્યા, તે બેઉ જણ કચેરીના થાંભલા છે. આપણી જ્ઞાતિમાં એ બે જેવા જબરા બીજા કોઇ નથી.' એ વાતને વીરા વડનગરાએ ટેકો આપ્યો; અને ભીમા ભાંડવાએ ટાપસી પૂરી કે, "આ ધનો ઘેણું જો જે કહે છે તે બધી વાત સાચી છે; કારણ કે, હું બન્નેને ઓળખું છું. તેમાં ખેરાળુવાળો જે ખેમો મેરાઇ છે, તેની વાત તો જવા જ દો; કારણ કે, આપણાથી તે થઇ શકે નહિ. એણે એક વખત મિયાં સાહેબની બીબીનો પેસવાદ સીવ્યો તેને છ મહિને પૂરો કર્યો. તેની કારીગરી ઉપર મિયાં સાહેબ ખુશખુશ થઇ ગયા, અને હાથે હાથ મેળાવી 'આવો, ભાઈ સાહેબ.!' કહી પોતાની જોડે બેઠક આપી. એટલે એનો છોકરો અહીં પરણવા આવે છે, તો મિયાં સાહેબ તેની સાથે નગારાનો ડંકો જરૂર મોકલશે. આ વાત બધાઓએ સાચી માની. ભાવિના જોરે સંયોગ પણ એવો બન્યો કે, જે દિવસે જાસ્કે જાનો આવવાની હતી, તે જ દિવસે મિયાં સાહેબના એક છૂપા જાસુસે બાતમી આપી કે' "ખુદાવિંદ ! આજ જાસ્કામેં જસલા દરજી કે વહાં ઉનકી દોઉ બેટી-ચોંકી શાદી હૈ, ઔર સારી ન્યાત વહાં ઈકઠ્ઠી હુઈ હૈ, તો ઇસ ધમા-લમેં તાલુકા કે જીતને ભીલ લોક હૈ વે સબ આજ જાસ્કામેં



મિલેંગે, તો સારા ભવકા સાલ નિકાલનેકા આજ અચ્છા મોકા હૈ." એ બતમીથી મિયાં સાહેબ ઘણા જ ખુશ થયા. અને પાંચસે સ્વાર સાથે લઇ ડંકા યુક્ત જાતે મિયાં સાહેબ સાંજના પાંચેક વાગે રવાના થયા. અહીં તો હમણાં ડંકો લઇ ખેમા મેરાઇ જાન જોડી આવે છે, એમ ગપ ચાલી રહી છે. એટલામાં સૂર્યનારાયણ પણ જાણે દરજીઓના ટાઢા પહોરના ગપ્પાથી કંટાળી ગયા હોય તેમ અસ્તાચળના પંથે સત્વર પલાયન કરી ગયા. રાત અંધારી એટલે અંધકારે પોતાનો અધિકાર લીધો; એટલે મિયાં સાહેબની સ્વારી ગામ નજીક આવી પહોંચી. નગારચીએ ડંકા ઉપર ચોપ મારી એટલે "દડીક ધીમ, દડીક ધીમ" કરતું ઘોર રવથી નગારૂં વાગ્યું. અહીં ભેગાં થએલાં દરજી તથા દરજણોએ તો નક્કી કર્યું કે, ખેરાળુથી ખેમા મેરાઇની જાન આવી છે. મિયાં સાહેબ તો પોતાની સ્વારીસહ તળાવમાં આંબાઓને ઓથે છૂપી રીતે ઊભા રહ્યા. મિયાં સાહેબની સ્વારી છે, એમ જાણવામાં આવે તો ભીલ લોકો નાસી જાય, એ કારણને લઈ સ્વારી જ્યારે ત્યાં છૂપી રહી છે, ત્યારે દરજીવાડામાં તો તમામ દરજી તથા દરજણોએ એકે સાથે " જાન આવી, જાન આવી " એ શબ્દોથી કોલાહલ મચાવી દીધો, અને "સામૈયું કરો, સામૈયું કરો" એમ કહેતા દસ વીસેક જ્ઞાતિના આગેવાનો ત્યાં દોડતા આવ્યા. પચાસેક મશાલો પ્રગટાવી હજામોએ પણ પોતાનું કર્તવ્ય અદા કર્યું, "ઢાઢીને ઘેર વિવાહ તે મન માને તેમ ગાય" એ કહેવત પ્રમાણે ભેરિઓનું તો પૂછવું જ શું ? બેસુરથી ભરેલી પચીસ પચાસ ભેરિઓ "ભરેડ ભરેડ" થતી વાગવા માંડી. વાજીંત્રો, ઢોલ, દદામાં, સરણાઇઓ

વગાડવા મંડી. અનેક દરજણો એકઠી થઇ સામૈયાને છાજતાં નીચે મુજબ ગીત ગાવા મંડી:-

આવડા અસુરા શું આવ્યા, મારા વેવાઇઓ રે.
વાટે કૂતરી વિયાણી, મારા વેવાઇઓ રે.
તેની બળી ખાવા રહ્યા'તા, મારા વેવાઇઓ રે.
તેનાં બચ્ચાં જોવા રહ્યા'તા, મારા વેવાઇઓ રે,
તેનાં ખરિયાં ખુંટવા રહ્યા'તા મારા વેવાઇઓ રે.

ઇત્યાદિ ગીત ગાતી ગાતી એ લોકોએ મુકરર કરેલા સ્થળે આવી પહોંચી કે જ્યાં જાન તથા સામૈયું લઇ આવેલાઓની ત્યાં જ મુલાકાત થાય. તે ઠેકાણે આવી જુએ છે, તો જાન દીઠામાં આવી નહિ, એટલે તેઓ એમ સમજ્યા કે, વેવાઈ નગારાનો ડંકો લઈ આવ્યા છે, એટલે તેમને અભિમાન છે. તેથી વેવાઈને છાજે તેવા મશ્કરીના રૂપમાં તેમણે અપશબ્દનો વરસાદ વરસાવવા માંડયો. 'ડંકો લઈ આવ્યા છો, એનો અભિમાન કેમ આવડો વધી ગયો છે ?' વગેરે સામાન્ય શબ્દો વડે તેઓ ગાળે વધાવવા મંડયા. જે સાંભળી મિયાં સાહેબની સ્વારી માંહેના કેટલાક ઝનુની વીરોથી સહન થઈ શકયું નહિ, તેથી બંદુકની ગોળી મારી તેમણે બોલનાર વેવાઇને ઠાર કર્યો. એ જોઇ ત્યાં ભેગા થએલા ભીલો તુરત સમજી ગયા કે, આ દરજીઓની જાન ન હોય; આ તો ભીલોના કાળ રૂપી વિકરાળ જામીન મિયાં સાહેબની સ્વારી છે. માટે "ભાગો, મારા ભા!" એમ કહી સઘળા ભીલ નાઠા. તે જોઈ મિયાં સાહેબે હાથમાં આવેલી તક સાધવા સનિકોને ભીલો ઉપર આક્રમણ કરવા આજ્ઞા આપી. આજ્ઞા મળતાં તુરત જ પાંચસો સ્વારોએ એકદમ નાસતા



ભીલોની પાછળ હલ્લો કર્યો. સ્વારોનાં ખાંડાંઓના ખળકાટથી, ધરાને ધ્રુજાવી નાખે તેવી ઘોડાઓના ડાબલાઓની ધમકથી અને "પકડો પકડો" એવા વીરોના ગગનભેદક શબ્દોએ કરી સામૈયે આવેલો સમાજ સંભ્રમિત થઇ ગયો. ભીલો વાંઘાંઓમાં ઊતરી નાસી ગયા. મિયાં સાહેબનો પારાવાર પરિશ્રમ મિથ્યા ગયો. ઘણાં દરજી તથા દરજણો આ અચાનક ઉપદ્રવથી બેશુદ્ધ થઈ ગયાં. આ પ્રસંગના વચ્ચે માર્ગ પસાર કરી બેઉ જાનો જાસ્કાને ગાંદરે આવી તેઓનું સામૈયું મહામુશીબતે જેમ તેમ કરીને કર્યું. વિવાહમાં થએલું અમંગળ ન સંભારતાં જાનને ઉતારો આપ્યો. હવે જ્ઞાતિના આગેવાનો ભેળા થઇ જાનને જમાડવાની તજવીજ કરવા લાગ્યા. જાન જમવા ઊઠી. પત્રાળાં, પડિયા, વગેરે મુકવામાં આવ્યાં. મણ આટે મણ ઘી નાખી શીરો કરવાનો તેમનં જ્ઞાતિમાં રિવાજ હોવાથી તે પ્રમાણે, બલ્કે તેથી પણ વિશેષ ઘી નાંખી શીરો કરેલો તે તમામ જાનૈયાઓને પીરસવામાં આવ્યો. ભોજન પીરસાઇ રહ્યું એટલે રિવાજ મુજબ ઘરધણી ખોળો પાથરી "મને જસ આપો જસ આપો" ના શબ્દોથી જ્ઞાતિને વીનવવા લાગ્યો, એટલે પંચના પાંચ પચીસ જણ ભેળા મળી વિચાર કરવા લાગ્યા કે, "જસ આપો" એટલે બીજાઓ બોલ્યા કે, "સામટો જસ આપશો તો વેવાઇ ફાટી જશે, માટે કાંઇક ખામી જણાવો." કહી સઘળાઓએ વિચાર કરી "મણે અધોળની કસર છે તોપણ તને જસ આપીએ છીએ" એમ કહી "જમો, જમો" ના શબ્દોએ આખો મંડપ ગજાવી દીધો. જુઓ, જેમ કીડી કનકના મહેલમાં ચઢે અને માત્ર છિદ્ર જ શોધે તેવી જ રીતે આ

દરજીઓએ પણ વેવાઇએ કરેલા ખરચ તથા વિનયના તરફ બિલકુલ ન જોતાં મણે એક અધોળની પણ કસર કાઢી.

### દોહરો.

ચોખ્ખી જાણી ચાળણી, મેદો મૂકો માંય,
અવગુણ રાખે ઉદરમાં, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:-સ્વચ્છ ચાળણી જોઇ અંદર મેદો મુકવામાં આવે, એટલે ચળામણ રૂપ અવગુણ પોતાની અંદર રાખવાનો તેનો જાતિસ્વભાવ ન જવા બદલ:—

---

### દૃષ્ટાન્ત.

પૂર્વે ચંપકપુર નામે એક નગરમાં ચંદ્રશાહ નામે એક સદ્‍ગુણી અને ધનાઢ્ય વણિક રહેતો હતો. તે ‘ નગરશેઠ ’ ની ઉપાધિથી અંકિત હોઇ મહા પરમાર્થી તથા પુરુષાર્થી અને દયાળુ હતો. તેણે ઠેકાણે ઠેકાણે ઘણાં જળાશયો તથા અન્નક્ષેત્રો બંધાવ્યાં હતાં. તેના સદનમાં સર્વ માણસો સદ્‍ગુણી અને સુશીલવંતા હતા. તેની પ્રેમકુંવર નામે પરમ સાધ્વી સદ્ધર્મપરાયણ અને શુદ્ધ પતિવ્રતા પત્ની હતી. તે પોતાના પતિને સુશીલતા—સેવાથી વશ કરનારી હતી. તે સારા કુટુંબની હોઇ મહાન વિદ્વાન્ હતી. પરસ્પર દંપતીને ગાઢ સ્નેહ જેમ જળમત્સ્યને હોય છે તેવી જ રીતે હતો પતિપત્નીનું જોડું સારસ સરખું હતું. એક પળની પણ જુદાઇ એ દંપતીને જુગસમ લાગતી. આવા પરમ પૂજ્ય સ્થળમાં રહેલા તે શેઠને ધીરજી નામે નોકર હતો. તે દાસત્વમાં ઘણો જ દક્ષ હતો. એક દિવસે ગ્રીષ્મ ઋતુમાં શેઠ પોતાના બહારગામના



બંગલે રહેવા ગયા, અને શેઠાણીથી ત્યાં ન જઈ શકાય તેમ હોવાથી તે ઘેર રહ્યાં. ઘરને તથા બહારગામના બંગલાને લગભગ ચારેક માઈલનું છેટું હતું. પ્રસૂતિસમય નજીક હોવાથી શેઠાણીની તબિયત નાદુરસ્ત હતી. શેઠને તેથી રાતદિવસ હૃદયમાં ચિન્તા રહ્યાં કરતી. ધીરજી કે જેણે પોતાની આખી જીંદગી સત્યવક્તાઓ તથા સદ્‍ગુણી મનુષ્યોમાં જ વિતાવેલી તે પોતાના પાપી ઉદરમાંથી અસત્ય બોલવા રૂપી અવગુણ અલગ કરી શક્યો ન હતો. ગ્રીષ્મની ગરમી ઘણી જ પડી રહી છે. શ્રી સવિતાનારાયણે પોતાની સોળે કળાઓથી પ્રકાશી દેવી વસુંધરાને તામ્રવર્ણી બનાવી દીધી છે. તૃષાતુર થએલાં હરણો પણ પાણી ઉપર જવા શક્તિ ધરાવી શકતાં નથી. ચારે દિશાએ લૂનો વરસાદ વરસી રહ્યો છે. પક્ષીઓનાં વૃન્દનાં વૃન્દ ઘણી ગરમીને લીધે તરુવરોનાં કોતરોમાં પેસી જાણે શ્રીમન્સવિતા-નારાયણને આ સૃષ્ટાએ ઉમંગથી સજેલા જગતને ભસ્મીભૂત ન કરવા એક ધ્યાને વિનવતાં હોય એમ શ્વાસોચ્છ્વાસ લઇ રહ્યા હતાં. તવંગરોથી માંડીને છેક ગરીબ સુધી કોઇ સખ્સ છાયામાંથી બહાર પોતાનું મસ્તક કાઢી શકતું ન હતું. ટુંકામાં સઘળું જગત આ વિષમ ગરમીથી કંટાળી ગયું હતું, અને જગતને શાન્ત કરનાર શ્રી ચન્દ્ર દેવના અધિકારની આતુરતાથી રાહ જોઇ રહ્યું હતું. એવામાં આપણી ચાલુ વાર્તાના નાયક શેઠ ચન્દ્ર-શાહનો નોકર ધીરજી ઉતાવળે પગલે ત્યાં હાજર થઇ શેઠને સલામ કરી નિઃશ્વાસ મુકી બેઠો. તેનો નિસ્તેજ અને ફિક્કો ચહેરો જોઇ શેઠની ગભરામણનો પાર રહ્યો નહિ. તેના સામે જોઇ શેઠે કહ્યું કે, “અલ્યા ધીરજી! આજ આવે વખતે અને અત્યંત ઉતાવળ-થી અહીં આવવાનું શું કારણ છે? તથા તું નિઃશ્વાસ મુકતો

નિસ્તેજ કેમ દેખાય છે? "એ સાંભળી જેના અંદર અસત્ય બોલવારૂપી અગાધ અવગુણો ભરેલા છે, તેવો પાપી ધીરજી પોતાના ઉદાર અન્નદાતા તથા પુણ્યશાળી શેઠને પોતાના આ અઘોર કૃત્યથી કેટલી વેદના થશે, તેનો કાંઇ પણ ખ્યાલ ન કરતાં નીચે પ્રમાણે બોલ્યો:—

"શેઠ સાહેબ! હું આપ નામદારને શું કહું ? ગજબ થઇ ગયો, વિધાતાને જરા પણ દયા આવી નહિ. એ તો સત્ય જ છે કે, આ અધમ જમાનામાં ધર્મીને ઘેર ધાડ હોય છે. તે દાખલો આપ નામદારને ઘેર બરાબર થયો; કેમ કે, પ્રસૂતિના સમય પહેલાં માલૂમ નહિ કે શા કારણથી અચાનક બે ચારેક હેડકીઓ આવી શેઠાણી ગુજરી ગયાં." આ વચનથી શેઠના ઉપર જાણે વજ્રપાત થયો હોય તેમ તે જ્યાં બેઠા હતા ત્યાંને ત્યાં ધરણી ઉપર ઢળી પડયા. આજુબાજુના નોકરચાકરોએ આવો અનેક ઉપચારો વડે શેઠને સાવધ કર્યા. શેઠના બંગલા નજીક બીજા જે જે અમીરોના બંગલા હતા ત્યાંથી સારા સારા ગૃહસ્થો આવી " गतं न शोचामि " વગેરે શબ્દોથી શેઠને આશ્વાસન આપવા લાગ્યા. સૌ કોઇએ શેઠાણીના લાકડે જવાની તૈયારી કરવા માંડી. આ બનાવ બનાવી પાપી ધીરજી અહીંથી તત્ક્ષણ પલાયન કરી ગયો. તે શેઠાણી પાસે આવી એકદમ "મારા બાપ રે! ગજબ થઇ ગયો! અકરો કેર થઇ ગયો! પરમેશ્વરે આ શું કર્યું કે એક પુણ્યનો સ્તંભ આ સૃષ્ટિમાંથી દૈવે તોડી નાખ્યો" કહી મોટા સાદે પોકેપોક મુકી રડવા મંડયો. આથી શેઠાણી ઘણાં જ ગભરાયાં અને પૂછવા માંડયાં કે, "ધીરજી! શું છે? શું છે, ? તું આટલો બધો રડે છે



શાને ?" શેઠાણીના આ શબ્દ સાંભળી જાણે દુઃખના સમુદ્રમાં જ ડૂબતો હોય તેવો ડોળ કરી ધીરજી બોલ્યો કે, "શેઠાણી સાહેબ! ગજબ થયો; કારણ કે, શેઠને એક ઝેરી સર્પ કરડયો તેથી તત્ક્ષણ શેઠ આ ફાની દુનિયાનો ત્યાગ કરી અક્ષય ધામમાં સિધાવ્યા. તેમને અગ્નિસંસ્કાર માટે સ્મશાને લઈ જવામાં આવ્યા છે, અને હું આ દુઃખદ સમાચાર આપ જેવાં ધર્મજ્ઞ, પતિવ્રતા ધર્મપરાયણ દેવી સમક્ષ કહેવા કમનસીબ થયો છું." ધીરજીના આ માઠા સમાચારથી જેમ નાગરવેલ ઉપર હિમ પડવાથી તે દગ્ધ થઇ જાય તેવી રીતે તેજહીન તથા બળહીન થઈ આક્રંદ કરતાં બેશુદ્ધ સ્થિતિમાં શેઠાણી ધરાશાયી થયાં, તેમના સઘળા કુટુંબમાં હાહાકાર વર્તાઇ રહ્યો. જ્ઞાતિનાં સ્ત્રી તથા પુરુષોનાં ટોળેટોળાં આ દુઃખદ સમાચાર સાંભળી શેઠને ત્યાં લોકાચાર માટે આવવા લાગ્યાં. આખા ગામમાં " બહુ જ માઠું થયું બહુ જ માઠું થયું " એ જ શબ્દો જ્યાં ત્યાં શ્રવણે પડવા મંડયા. હવે જેમ તેમ કરી સૌએ શેઠાણીને સાવધ કરી ચૂડાકર્મ કરવા તૈયાર કર્યાં. તળાવ ઉપર જવા સ્ત્રીઓનું મોટું ટોળું નીકળ્યું. " હાય-હાય " ના શબ્દો ગાઉનાગાઉ પર્યંત સંભળાવા લાગ્યા. એવામાં શેઠના મુનીમે સત્યાસત્યના માટે મોકલેલો સ્વાર આવી પહોંચ્યો. તેણે બૈરાંને રડતાંપીટતાં જોયાં એટલે ખાત્રી થઇ કે, જરૂર શેઠાણી ગુજરી ગયાં. એમ ધારી ઉકત સ્વાર કોઇને પૂછયાગાછયા વિના તુર્ત પાછો વળ્યો. તેને શેઠનો એક પિત્રાઇ ભાઇ સામો મળ્યો. તેણે તે સ્વારને ઊભો રાખ્યો અને પૂછયું કે " અલ્યા! આ શો ગજબ થયો? એવો સાપ કેવો ઝેરી હતો કે જેને કોઇ ઊતારી પણ ન શકયું? તેમ કોઇ વૈદ્યકીય ઇલાજ પણ ન ચાલ્યો.? અને શેઠ તુર્ત

જ સ્વર્ગવાસી થયા ? આવો બનાવ તો મારી જીંદગીમાં આજે જ જોયો," એ સાંભળી સ્વાર આશ્ચર્ય દર્શાવતો બોલ્યો કે, "શેઠને ઘણી ખમા ! તમે આ શું બોલો છો ? શેઠાણીનું અચાનક મૃત્યુ થયું, એમ આપણા નોકર ધીરજીએ કહેવાથી, શા કારણથી અને કેવી રીતે અચાનક મરણ નીપજ્યું, તેનો પૂરતો તપાસ કરવા આપણા મુનીમ સાહેબે મને મોકલ્યો છે." એમ સાંભળી શેઠના ભાઈએ પાપી ધીરજી ઉપર લાખો લ્યાનતનો વરસાદ વરસાવ્યો, અને કહ્યું કે "શેઠાણી અહીં શ્રીમન્નારાયણની કૃપા વડે કુશળ છે, અને એ જ પાપી ધીરજીએ શેઠના પરલોકગમન વિષે પણ માઠા સમાચાર આપ્યા હોવાથી આ રડાપીટનો કોલાહલ તેના એ પાપી આચરણને જ આભારી છે." આ સત્યાસત્યનો ઉભય બાજુએ ખુલાસો થવાથી સર્વત્ર આનંદ છવાઈ રહ્યો. ધીરજી પોતાના આ પાપકર્મથી ઘેરાએલો પોતાનું કાળું મોઢું લઈ ક્યાંક પલાયન કરી ગયો તે ફરીથી નજરે પણ પડ્યો નહિ. તેમ તેવા અતિ અધમ જનને ખોળવાનો કોઈએ પ્રયત્ન પણ કર્યો નહિ.

જુઓ, આવા સદ્દગુણી, સુશીલ, સત્યવક્તા અને સુધર્મપરાયણ સમાજમાં રહ્યા છતાં પણ ધીરજી પોતાના પાપી ઉદરમાં અસત્યનો જ સંગ્રહ કરી શક્યો.

### દોહરો.

અવગુણ ગુણ વસ્તુ ઉભય, ધરો સૂપડા માંય
અવગુણ તજેં ગુણ સંગ્રહે, જાતિસ્વભાવ ન જાય

ભાવાર્થ:—કાંકરા અગર કસ્તરવાળું અનાજ સુપડામાં



નાંખતાં અવગુણરૂપ કાંકરાકસ્તરને જુદાં પાડી ગુણરૂપ અનાજને સંગ્રહવાનો સુપડાનો પોતાનો જાતિસ્વભાવ ન જવા બદલ:—

---

## દષ્ટાન્ત ૧૮.

પૂર્વે નૌતમ નામે નગરમાં એક નિર્મળચંદ નામે કોટિધ્વજ શાહુકાર રહેતો હતો. તે ઘણો જ ધર્માત્મા, પરોપકારી હતો. તેની ઉમ્મર લગભગ સાઠેક વર્ષની થઈ છતાં તેના પૂર્વકર્મ-સંયોગે તેને પુત્રરત્નનું સુખ પ્રાપ્ત થયું નહિ. શેઠાણીની અવસ્થા પણ લગભગ એટલી જ થઈ હતી. શેઠ મહાજ્ઞાની હતા તે કારણે તે તો આ અસાધ્ય દુ:ખથી જો કે પીડાતા ન હતા તો પણ શેઠાણીને તો આ દારુણ દુ:ખની વેદના પ્રચંડ અગ્નિની જવાળા સમાન બાળીને ભસ્મીભૂત કરી નાખતી હતી. શેઠાણી આદિ શેઠના અન્ય પરિજનસમાજે એક દિવસ વિચાર કર્યો કે, શેઠને ફરીથી પરણાવવા. આ વાત બીજે દિવસે તેમણે શેઠની આગળ નિવેદન કરી. ભાવિયોગે શેઠને પણ આ વાત રુચી. તે જ નગરના એક વીરચંદ નામે ગરીબ પણ શેઠની જ જ્ઞાતિના વાણિયાને ત્યાં એક સોળ સત્તર વર્ષની કન્યા રૂપગુણસંપન્ન હતી તેની સાથે બીજા જ દિવસે ઉક્ત શેઠ નિર્મળચંદના લગ્ન થયાં. લગ્ન કર્યા પછી બારેક મહિને આ સુશીલ, નવાં શેઠાણીના ઉદરથી ઈશ્વરકૃપાએ એક અમૂલ્ય પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. તે દિવસે શેઠને ત્યાં મોટી ધામધૂમ થઈ. ગરીબોને મિષ્ટ ભોજન અપાયાં અન્ન ક્ષેત્રો ખોલવામાં આવ્યાં; આખા શહેરને જમાડવામાં આવ્યું; નિશાળોમાં વિદ્યાર્થીઓને પુસ્તકો તથા મીઠાઈઓ આપવામાં

આવ્યાં. ટુંકામાં કહીએ તો જાણે તે દિવસે ઉદારતા દેવીએ એક નવીન પ્રકારનું જ રૂપ ધારણ કર્યું હોય તેમ બધી વિધિ શેઠના પુણ્યશાળી દ્વાર પાસે બની રહી હતી. સારા સારા પંડિતોએ આવી શેઠના આ બાળકને દીર્ઘાયુષ્ય ઈચ્છી આશીર્વાદાત્મક શ્લોકની ધૂન મચાવી. જ્યોતિષ-કળામાં અતિ નિપુણ એવા જોષીઓએ આવી શેઠના આ બાળકની અતિ ઉત્સાહથી પત્રિકા તૈયાર કરી. એ જન્મપત્રિકામાં સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાને પડેલા હતા તેથી ઉક્ત જોષીઓએ શેઠને કહ્યું કે, "આ આપનો ભાગ્યશાળી પુત્ર ઘણો જ પ્રવીણ તથા જગમિત્ર થશે તેમ જ દીર્ઘાયુષ્ય ભોગવી પરમ યશસ્વી નીવડશે. વળી તે માતાપિતાને પરમ મોદદાયક થશે." આ પ્રમાણેની વિધિ પૂર્ણ થઈ ગયાને લગભગ સાત આઠ વર્ષ થયાં એટલે શેઠનું શરીર તદ્દન અશક્ત થયું. એક દિવસે શેઠ અને શેઠાણી બેઠે-બેઠે વિચાર કરવા લાગ્યાં કે, " છોકરાને કેળવણી આપવી એ મા બાપની ફરજ છે; કારણ કે, સંપત્તિ તો કોઈની અચળ રહી નથી અને રહેશે પણ નહિ. માત્ર કેળવણી એવી વસ્તુ છે કે, તેને જે મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે તેને અન્ય કોઈની સ્પૃહા રહેતી નથી. પરંતુ મારી ઉમ્મર લગભગ પૂરી થવા આવી છે, એટલે આ આંખે છોકરો સર્વ પ્રકારની કેળવણી લઈ યશસ્વી થાય એ જોવા શ્રીમન્નારાયણ કૃપા કરે તો જ હું ભાગ્યશાળી થાઉં." આવા વિચારમાં શેઠ તલ્લીન હતા તેવામાં તેમને એક શ્લોક યાદ આવ્યો તે નીચે પ્રમાણે હતો:—

देशाटनं पंडितमित्रता च, वारांगना राज्यसभाप्रवेशः ।
अनेकशास्त्राणि विलोकितानि, चातुर्यमूलानि भवंति पंच ॥



ઉપરના શ્લોકને એકથી અનેકવાર શેઠે વિચારી જોયો. તેમાં લખેલા રહસ્ય બદલ તેમણે વિચાર કર્યો કે, " એકને એક છોકરો! વળી મારી ઉત્તર અવસ્થા, એટલે તેને દેશાટન કરવા મોકલવો, તે તો વ્યાજબી ગણાય નહિ. વળી પંડિત લોકો નિરંકુશ હોય છે એટલે તેઓ અન્ય લાલચે પ્રીતિ કરે કે કેમ, તે અસમંજસ છે. વળી અનેક શાસ્ત્ર જોવામાં ઘણાં વર્ષો વ્યતીત કરવાં પડે; તેટલો વખત મારા માટે નથી. રાજ્યસભામાં જવું તેમાં નવાણું ટકા જોખમ સમાએલું છે; કેમ કે, કોઈ કવિએ કહ્યું છે કે,

દોહરો.

રાજા જોગી અગન જળ, ઉનકી ઉલટી રીત,
ડરતા રહો ફર્સરામજી, વો થોડી પાળે પ્રીત.

ઉપરના દૃષ્ટાન્ત મુજબ તો રાજસમાજમાં જવું અને અગ્નિમાં પ્રવેશ કરવો એ બે રસ્તા સરખા જ છે. માટે મારા એકને એક લાડકવાયા છોકરાને તો રાજસમાજના સામે પગલું પણ ભરવા દેવું યોગ્ય નથી. રહ્યું માત્ર એક વેશ્યાના ગૃહે ગમન; પરંતુ ત્યાં અવગુણ અવગુણ અને અવગુણજ જોવામાં આવે છે! ખેર, અવગુણ હશે તેમાં આપણને શું? છોકરો હુશિયાર હશે તો અવગુણ ને ત્યાગી ગુણને જ ગ્રહણ કરશે, એવો મારા પુત્ર માટે મને ખાસ વિશ્વાસ છે." એમ ધારી શહેરમાં ગાયન તથા નૃત્યકળામાં કુશળ એવી કેશર નામે સુપ્રસિદ્ધ વેશ્યા રહેતી હતી તેને બીજા દિવસે શેઠે પોતાના મુકામે બોલાવી અને પોતાનો માનીતો અને લાડકવાયો એકનો એક પુત્ર કે જેને પોતે આંધળાની આંખો સમાન ગણે છે, તેને તે વેશ્યાને

સ્વાધીન કર્યો. વેશ્યાને બક્ષીસ તરીકે શેઠે દસ હજાર રૂપિયા આપ્યા. કહ્યું છે કે, "શ્રીમતાં કુત આપદઃ" એ મુજબ શેઠે વેશ્યાને ન્યાલ કરી નાખી:ને કહ્યું કે, "આ મારો પ્રાણસમાન પ્રિય પુત્ર તારી સેવામાં સોંપું છું તે ગમે તે પ્રકારે પણ હુશિયાર થાય તે મુજબ તારે વિધિ કરવી; તથા તેના શરીરનું સંરક્ષણ કરવાનું જોખમ પણ હું તને જ સોંપું છું, એમ કહી છોકરાને તે વેશ્યાની સાથે શેઠે મોકલ્યો. શેઠને આશ્વાસનનાં રૂડાં વચનોએ વધાવી છોકરાને લઇ વેશ્યા પોતાને ઘેર આવી. વખત જતાં વાર લાગતી નથી. એ મુજબ છોકરાને વેશ્યાને ઘેર આવ્યે લગભગ સાત આઠ વર્ષ થયાં. ઉકત વેશ્યાએ આ છોકરા પાસેથી રસોઇનું કામ લેવા માંડયું હતું, એટલે છોકરો રસોઈ કરે અને વેશ્યા જમે. એક દિવસે શ્રાવણ માસમાં કોઇ એક સદ્‌ગૃહસ્થને ત્યાં માંગલિક પ્રસંગ હોવાથી વેશ્યાને રાતે સાત વાગે નૃત્ય માટે બોલાવવામાં આવતાં તે ગઈ. ત્યાં મિજલસમાં વખત વધારે લાગવાથી લગભગ અગિયારેક વાગી ગયા ત્યારબાદ જલસો પૂરો થયો. વેશ્યાને ઇનામ મળ્યું તે લઇ તે પોતાના મકાને આવીને જુએ છે, તો પોતાની ઘડિયાળમાં બાર વાગ્યા હતા. નિત્ય નિયમાનુસાર છોકરાએ રસોઇ પીરસી. વેશ્યાને જમવા બોલાવી, વેશ્યાએ આવી પોતાના પાટલા ઉપર આસન લીધું. છોકરે પીરસેલી થાળી મોં આગળ મુકી. થાળી પ્રત્યે જોઇ વેશ્યાએ છોકરાને "દૂધ કેમ નથી મુકયું?" એમ સંજ્ઞા કરી. સંયોગે કરી તે દિવસે છોકરો દૂધ લાવવું ભૂલી ગયો હતો, તેથી પોતાની ભૂલનો પશ્ચાત્તાપ કરતો છોકરો વિનયયુક્ત કહેવા લાગ્યો કે, "બાઇ! ક્ષમા કરો. આજે મારો એ અપરાધ થયો છે કે, હું દૂધ લાવવું ભૂલી ગયો છું. તો



આટલી ભૂલ માટે આપ આજે દરગુજર કરો. આયંદેથી આવી ભૂલ નહિ થાય એવી હું આપને ખાત્રી આપું છું." છોકરાનાં આ વચનોથી સંતુષ્ટ ન થતાં ઉલટી ક્રોધયુક્ત વક્રકટાક્ષથી છોકરા સામે નિહાળી વેશ્યા બોલી કે, "મૂર્ખ? તને એ ભાન કેમ ન રહ્યું કે હું દૂધ વગર જમતી નથી? માટે જા, જલદી જા, અને બજારમાંથી ગમે તે પ્રકારે મારા માટે દૂધ લઇ સત્વર આવ." આ સાંભળી વાણિયાનો છોકરો ગભરાયો, અને હાથ જોડી વિનયપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યો:—"બાઇ! જરા આપ દયા લાવો. રાતના બાર વાગવાનો સમય છે. શ્રાવણ માસની રાત હબસીના મોં જેવી જમીનની સાથે વાતો કરી રહી છે. ઉત્તર દિશાએ વરસાદ ભયંકર ગર્જના કરી રહ્યો છે. જેમ રત્નાકરસાગરમાં ભરતી આવે અને ઘુઘવાટ થાય તેમ બજારમાં પાણીના ધોધ પડી રહ્યા છે. મોટો હિમ્મતવાળો પુરુષ આ ભયંકર રાત્રિમાં બહાર પગ મુકવા શકિત ધરાવી શકતો નથી, તો હું એક તો છોકરૂં, વળી જાતે વાણિયો અને એકલો; અને તેમાં વળી આ ચોમાસાની અંધારી ઘોર રાત્રિએ શી રીતે બહાર જઇ શકું?" આ શબ્દોથી વેશ્યા વધારે ક્રોધિત થઇ કહેવા લાગી કે, "બેવકૂફ! એમાં બીક શાની? તું એમ શા માટે ધારે છે કે, તું એકલો છે? તારા મનમાં એવી કલ્પના કર કે, પાંચ સાત આદમીઓની વચ્ચે તું ચાલ્યો જાય છે, અને તેઓ સઘળા તારૂં રક્ષણ કરવા તત્પર છે. એમ કલ્પના કરવાથી તને યત્કિંચિત પણ ભય લાગશે નહિ," આ પ્રમાણે વેશ્યાના શબ્દોએ ઉકત વાણિયાના છોકરાનું કોમળ હૃદય જર્જરિત કરી નાખ્યું, પરંતુ કરે શું? કહ્યું છે કે—"પરાધીન સ્વપ્ને સુખનાહી" એ વાકયાનુસાર તેણે કંપિત હૃદયે તતક્ષણ હાથમાં લોટો લીધો, અને તે વેશ્યાની અટારીથી

નીચે ઉતર્યો. એટલું ગાઢ અંધારૂં હતું કે, પગ દેવા માટે પણ સૂઝ પડે નહિ. જમીનનો પડદો વીજળીના ઝબકારા વિના દેખાતો ન હતો. કાળી સાપણીની માફક રાત ફૂફાડા મારી રહી હતી. તમરાં તમતમ શબ્દ વડે રાત્રિદેવીને રીઝાવી રહ્યાં હતાં. આજુબાજુનાં વૃક્ષો ઉપરથી ઘુવડોના ભયંકર નાદ શ્રવણે પડતા હતા. આવી સ્થિતિમાં તે છોકરાનું હૃદય થરથર કાંપતું અને તર્કવિતર્કમાં તલ્લીન થયું હતું, તેને વિચાર થયો કે, "મારે કયી દિશાએ જવું, ?" એવામાં ભાવિના યોગે વીજળીનો ઝબકારો થયો. સામે એક વડનું ઝાડ દેખાયું. તેણે તેના નીચે એક ગધેડાને મૂતરતો દીઠો, અને તેથી તેને તુરત જ વિચાર સૂઝયો કે, આવો વખત પુનઃ હાથ આવવો મુશીબત છે. એમ ધારી તેણે દોટ દીધી અને હાથમાંનો લોટો ગધેડા નીચે રાખ્યો એટલે તુરત જતે લોટો ગધેડાના પિશાબ વડે છલ્લો છલ ભરાયો, તે લઇ ચતુર વણિક પુત્ર તુરત જ વેશ્યાના મંદિરે આવ્યો. રાહ જોઇ રહેલી વેશ્યા પ્રત્યે વિનયથી તે બોલ્યો કે, "લો, આ દૂધ. તમારૂં નસીબ બહુ જ જબરૂં છે; કારણ કે, દૂધ તુરત મળ્યું તે પણ બાખડી ભેંસનું શેડ કાઢેલું અને અન્દર નાના પ્રકારે કેસરાદિક મસાલો મેળવી કઢેલું છે. તે લો, અને તમારા આત્માને સંતુષ્ટ કરો." એમ કહી લોટો તેણે તેના મુખ આગળ મુકયો કે, તુરત જ તેની દુર્ગંધ વડે વેશ્યાનું મગજ ફરી ગયું અને ક્રોધયુકત વાણીથી તે બોલી કે, "મૂર્ખ ! આ તે શું કર્યું ? આ તો ગધેડાનું મૂતર છે. તેને દૂધ કહી તે મારા સમીપ શા માટે મુકયું ?" એ સાંભળી ચતુર વણિક પુત્રે તુરત પોતાની ચતુરાઇનો પડદો ખોલ્યો, અને તે બોલ્યો, "કે હું આટલા દિવસ તને ડાહી સમજતો હતો, પરંતુ આજે જ



મેં તને જાણી કે, તું ખરેખરી મૂર્ખી છે. તેમ ન હોય તો તું શા માટે એવી કલ્પના કરતી નથી કે આ બાખડી ભેંસનું શેડ કાઢેલું મસાલા નાંખી ગરમ કરેલું દૂધ છે." એ સાંભળી વેશ્યા બોલી કે? "મૂર્ખ ! વળી મૂત્રમાં તે દૂધની કલ્પના થતી હશે ?" વણિકપુત્ર બોલ્યો કે, "મૂર્ખી ! ત્યારે એકલામાં પાંચ સાત આદમીઓની કલ્પના થતી હશે ?" છોકરાની આ હરીફાઇથી વેશ્યા ખુશ ખુશ થઇ ગઇ સવારમાં તેણે તેના બાપને બોલાવ્યો, અને આ છોકરો દરેક વ્યવહારમાં ઘણો ચાલાક છે એમ કહી ને તેના બાપને સ્વાધીન કર્યો.

જુઓ અવગુણના અખાડા રૂપ વેશ્યાના ઘરમાં રહેલા છોકરાએ એક અવગુણ ગ્રહણ ન કરતાં જેમ સુપડું અનાજ રૂપી માત્ર ગુણનો જ સંગ્રહ કરે છે તેમ આ પણ ચતુરાઇ રૂપ ગુણને જ ગ્રહણ કર્યો.

## દોહરો.

ગંગાજળમાં નીકજળ, રાતદિવસ રેડાય,
પાપીને પાવન કરે, જાતિસ્વભાવ ન જાય. ૧૯

ભાવાર્થ:—દેવસરિતા ગંગાજીના જળમાં રાતદિવસ નીકનું ગંદું પાણી રેડાય તો પણ પાપીને પાવન કરવાનો તેનો જાતિસ્વભાવ ન જવા બદલ:—

---

## દૃષ્ટાન્ત ૧૯.

પૂર્વ કાળમાં એટલે દ્વાપરના અન્તિમ સમયમાં કુરુનન્દન દુર્યોધનના પ્રપંચપાશમાં ફસાઇ ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિર દ્યુત-

રમણ કરી સર્વસ્વ હારી જતાં વચનથી બંધાઈ પોતાના આજ્ઞાંકિત ચાર બંધુઓ અને પતિવ્રતા ધર્મપરાયણ પત્ની પાંચાળીસહવર્તમાન પોતે દ્વાદશ વર્ષો સુધી દુ:સહ દુ:ખે કરી ભયાનક અનેક વનોમાં નિવાસ કરતા કરતા તેરમે વર્ષ વૈરાટ નગર નજીક આવી પહોંચતાં પોતાના વિશ્વાસુ પરિચારકને દ્વારામતી ભણી રવાના કરી પોતાનાં અમોઘ શસ્ત્રાસ્ત્રો શમીવૃક્ષને ભળાવી ગુપ્ત રહેવાની ખાતર વેશ બદલી વૈરાટ નગરમાં આવ્યા, અને પ્રત્યેકે મૂળ નામ ફેરવીને નીચે પ્રમાણેના નામથી ઓળખાવાનો સંકેત રચ્યો.

ધર્મરાજા કંકભટ થયા; અર્જુન ઉર્વશીના શાપનો અંગીકાર કરીને બૃહન્નટા નામે ઓળખાયા; ભીમ પાકશાસ્ત્રવેત્તા દક્ષર રસોડદાર વલ્લવ નામે ઓળખાયા; સહદેવ અને નકુળ તંત્રીપાળ થયા; અને સતી દ્રૌપદી સૈરન્ધ્રી નામે પરિચારિકા થયાં. અહા ! દૈવની પ્રબળતા મહાન વિષમ છે. જ્યારે વખત બદલાય છે ત્યારે વસ્તુઓમાં પણ બહોળો ફેરફાર થાય છે. પરંતુ ધૈર્યવાન મનુષ્યો સુખમાં છકી જતાં નથી અને દુ:ખમાં થાકી જતાં નથી. મહાત્મા તુળસીદાસજી એ રામાયણમાં કહ્યું છે કે, ધીરજ, ધર્મ, મિત્ર અને સ્ત્રી, એ ચારની પરીક્ષા આપત્તિકાળમાં જ થાય છે. પાન્ડુપુત્રોને માથે આપત્તિના તો પોટલેપોટલાં જ હતાં છતાં પણ તેઓએ શ્રવણની માફક ધીરજ, ધર્મને માવિતર તરીકે પરમ પૂજ્ય માન્યાં હતાં. આ પ્રમાણેની દુ:ખદ સ્થિતિને સહન કરતાં કરતાં તેઓએ વૈરાટ રાજાનો આશ્રય લીધો. દરમ્યાન પ્રત્યેકે સ્વામિ ભાવમાંની પોતપોતાની સેવાનો અધિકાર ગ્રહણ કર્યો.

એક વખત વૈરાટ રાજાના ફરમાનથી દ્યુતક્રીડા રમવા માટે



કંકભટ રાજા વૈરાટની સમીપ બેઠા હતા તેવામાં વૈરાટ રાજાનો સાળો કીચક કુદૃષ્ટિ વડે કામાંધ બની સભા વચ્ચે સૈરન્ધ્રી પાછળ દોડી લાત મારતો દૈવકોપે અચાનક અદૃશ્ય થયો. આ દૃશ્ય કંકભટ સહિત રાજા વૈરાટ જોઇ રહ્યો છે. દુ:ખી હાલતમાં સૈરંધ્રીએ તે તરફ જોતાં આર્તનાદ કર્યો. પરંતુ મદાન્ધ વૈરાટ રાજાએ તે તરફ બિલકુલ પોતાનું લક્ષબિન્દુ ખેંચ્યું નહિ, એટલે કંકભટે "સ્ત્રીનો પોકાર અન્તઃપુરમાં જ રહી કરવાથી દુ:ખનિવારણ કરવામાં આવે છે; રક્ષકોને ખોટા વચન કહો રક્ષકો સમયાનુસાર રક્ષા કરશે, "એમ હૃદયભેદક માર્મિક જવાબ આપ્યો. પરંતુ ન તો વૈરાટ રાજાને કાંઇ કહ્યું અને ન તો દુષ્ટ કીચકના મહાન અપકૃત્ય સામી દૃષ્ટિ ફેંકી. અહા ! ધર્મ, તમારા ધર્મધૈર્યને હજારવાર ધન્યવાદ સાથે શીર્ષવન્દના હો !

દરમ્યાન કેટલોક વખત વીત્યા બાદ એક દિવસે પ્રતિહારે આવી સવિનય જાહેર કર્યું કે,

"મહિપાળ ચૂડામણિ મચ્છરાજાને ઘણી ખમા! બહાર ગોવાળિયાઓ આવી પોકાર કરી રહ્યા છે કે, વૈરાટ નગરનું તમામ ગૌધન રાજા સુશર્માએ ગ્રહણ કર્યું છે અને તેની સહાયે અજિત કૌરવોનું અસંખ્ય દળ આવ્યું છે, તો પૃથ્વીનાથ યોગ્ય તે તજવીજ કરવા સમર્થ છે." પ્રતિહારનાં આ વચને રાજા વૈરાટનું હૃદય ધકધકાવી નાખ્યું. શું કરવું તે કાંઇ સૂઝયું નહિ. બળિયા સાથે બાથ ભરવી અને મૃત્યુને આમંત્રણ કરવું, એ બે બરોબર છે, એમ વૈરાટ રાજા સમજ્યો. એવા પ્રકારની રાજાની અંતઃકરણની ઊંડી વેદનાનો ભેદ પાસે બેઠેલા ધર્મપુત્ર કે જેને કંકભટના નામથી ઓળખવામાં

આવે છે, તે તુર્ત સમજી ગયા અને કહ્યું કે, "આપ શા માટે હિમ્મત હારો છો ? પુરુષાર્થ કરવો એ ક્ષત્રિયનો ખાસ ધર્મ છે. ધર્મયુદ્ધ કરવું એ રાજપુત્રોનું માંગલિક કર્તવ્ય છે. સ્વકર્મ ધર્મનું સ્મરણ કરાવનારાં સત્યવક્તા કંકભટનાં વચન સાંભળી વૈરાટ રાજાએ ગૌધનના રક્ષણાર્થે યુદ્ધમાં જવા પોતાના પાટવી પુત્ર ઉત્તરકુમારને આજ્ઞા આપી કે તુરત જ ઉત્તરકુમાર યુદ્ધમાં જવા રવાના થયો.

અગાઉ પ્રાણગત થએલા પોતાના બલિષ્ઠ સારથિનું સ્મરણ કરતો કરતો તે રાજ્યભુવનથી બહાર નીકળે છે તે સમયે રાજ્યદ્વારથી બહાર ઊભેલી સૈરન્ધ્રીએ તેના હૃદયની વેદના જાણીને કહ્યું કે, 'જો તમારે યુદ્ધમાં જ જવાની ઇચ્છા હોય તો 'સારથિ, સારથિ' શું કરો છો? જુઓ, પેલી નૃત્યશાળામાં સ્ત્રીવર્ગને નૃત્યકળાનો અનુભવ કરાવતો બૃહન્નટા છે તેને શ્રીકૃષ્ણચંદ્ર સમાન રથ ખેડતાં આવડે છે. તો જાઓ તેની પાસે અને કહો એટલે જરૂર તે તમારો સારથિ થશે. " મૂર્ખ દાસી ? શું બકે છે. જરા મોં સંભાળીને બોલ "સૈરન્ધ્રીના બોલ મશ્કરી રૂપ માનીને ઉત્તરકુમારે કરડી આંખે ધમકી આપી. "યુવરાજ ચીડાઓ નહિ હું સત્ય હકીકત કહું છું. આપ ત્યાં પધારો અને તે ના કહે તો હું મહાન ગુનેગાર છું." સૈરન્ધ્રીએ પુનરપિ બૃહન્નટાનું સારથિપણું સ્વીકારવા વિનયથી જવાબ વાળ્યો, એટલે ઉત્તરકુમારે બૃહન્નટા પાસે જઈ તેને સારથિ થવા આજ્ઞા આપી. " જોઈતું હતું ને વૈદે આપ્યું " એ વચનાનુસાર બૃહન્નટા ઉત્તરકુમારનો રથ હાંકવા તૈયાર થયો. ઉર્વશીનો શાપ આજે પૂર્ણ થાય છે. તેથી તેને આનંદનો પાર રહ્યો નહિ. રથમાં બેઠા પછી ઉત્તરકુમારે કહ્યું કે, " રથ જલદી



હાંક. શત્રુઓનો પરાજય હું આજે સત્વર કરી નાખીશ. " સારથિએ કહ્યું કે, "ત્રિલોકને જીતનારા એવા જે પાંડવો છે તેમને દુઃસહ દુઃખ દેનારા દુશ્મનો મહાન પ્રબળ છે, માટે યુક્તિથી સંભાળ રાખજો. છેવટે બીજો ઉપાય ન ચાલે તો વૈરીને છળબળથી પણ વશ કરવો એમ રાજનીતિ કહે છે. " આ સાંભળી ઉત્તરકુમારે કહ્યું કે, "શું હું યુધિષ્ઠિર છું કે તુરત જ વચનથી બધાઇ દુશ્મનોને સ્વાધીન થાઉં ? શું હું અર્જુન છું કે હીજડાની માફક કંઇ પણ પુરુષાર્થ ન દેખાડું ? અરે, એ બીકણ બિલાડી ભીમને તો જોયો કે જે વખતે ભરી સભામાં દ્રૌપદીની ઇજ્જત લેવાતી હતી તે વખત કાયર થઇને બેસી રહ્યો ! એ સમય બેસી રહેવાનો ન હોય, પરંતુ ઘા કરવાનો કે મરણનો જ માની લેવો જોઇએ. વળી નકુળ, સહદેવ તો જન્મના જ ફોસી એટલે એમની તો વાત જ શી ? ઠીક વાતો કરવાથી શું વળે ? ચાલો, ખરે મોખે યથાર્થ પરિણામ સમજાશે." એમ કહી સારથિએ રથ આગળ હાંકયો એટલે દુશ્મનોનું પ્રચંડ દળ ઉત્તરકુમારની દૃષ્ટિએ પડ્યું. દળનો અદ્ભુત ડિમાક જોઇ ઉત્તરકુમારનાં હાંજાં ગરગડી ગયાં અને હૃદય કંપવાથી સારથિને કહ્યું કે, " સબુર કર. રથ આગળ હાંકીશ નહિ: કારણ કે, આ પ્રચંડ સેનાને જોઇ મને કંપારી છૂટે છે. " બૃહન્નટાએ તેનું કહેવું બીલકુલ લક્ષમાં લીધું જ નહિ અને રથને ઉતાવળે હાંકવા માંડયો, એટલે ઉત્તરકુમારે રથમાંથી પડતું મુકયું. આ જોઇ સારથિએ રથને ઊભો રાખી જમીનદોસ્ત થએલા ઉત્તરકુમારને મહામુશીબતે રથમાં બેસાડયો અને કહ્યું કે " અલ્યા ! પ્રથમ શું લવતો હતો ? અને હવે તારી તે હિમ્મત કયાં પલાયન કરી ગઇ? ધીરજ ધર. કાયર

ન થતાં હૃદયમાં જુસ્સો લાવ.” ઇત્યાદિ સારથિએ આપેલી હિમ્મત તેના ભીરુ હૃદયમાં બીલકુલ ન ઊતરી, એટલે સારથિએ કહ્યું કે, “ઠીક ત્યારે. તું રથ હાંક ને હું રથમાં બેશું. “ શું તારે મને જાણીબુઝીને મારી નંખાવી નિમકહરામી થવું છે ? તું બ્યંડળ, રથમાં બેસીશ એટલે શી ફતેહ થશે ? એમાં તો તારૂં અને મારૂં બન્નેનું મોત થાય, માટે જો સ્વામીધર્મ સમજતો હોય તો રથને પાછો વાળ કે જેથી હું કુશળ ક્ષેમે રાજ્યભુવન ભેગો થઇ જાઉં.” ઉત્તરકુમારે આ પ્રમાણે અન્તિમ વિચાર જણાવ્યો.

બૃહન્નટાએ કહ્યું કે, “ ગભરાઇશ નહિ. હું પોતે જ અર્જુન છું. ” “અલ્યા હીજડા ! તું આ શું બોલે છે ? તારે મને ફસાવવો જ છે ? ” ઉત્તર કુમારે સનિઃશ્વાસ આશ્ચર્યકારક દુઃખદ જવાબ આપ્યો. “હું સત્ય હકીકત કહું છું કે, હું અર્જુન જ છું,” બૃહન્નટાએ પુનરપિ કહ્યું. “ ભલા, તું અર્જુન હોય તો તારા નામ મને કહી બતાવ. મને શી ખાત્રી થાય કે તું અર્જુન છે ?” “સાંભળ, ૧ જિષ્ણુ, ૨ ધનંજય, ૩ વિજય, ૪ નર, ૫ ફાલ્ગુન, ૬ કિરીટી, ૭ ગુડાકેશ, ૮ ગાંડીવધર, ૯ પાર્થ, ૧૦ કપિધ્વજ, ૧૧ સવ્યસાચી અને ૧૨ અર્જુન.” આ પ્રમાણે બારે નામ સાંભળી આશ્ચર્યમાં ગરક થએલા ઉત્તરકુમારે પુનઃ પ્રશ્ન કર્યો કે, “ કૃપાનાથ ! આપ અર્જુન છો એ મને સિદ્ધ થયું. તો કૃપા કરી જણાવો કે, કુરુકુળભૂષણ ધર્મપુત્ર મહાત્મા યુધિષ્ઠિર રાજા કયાં બીરાજે છે ? તથા ત્ર્યંબકાસુર, હેડંબાસુર, ઇત્યાદિ અસુરોનો સંહાર કરનાર કાળના પણ કાળ વીરશિરોમણિ અજાનબાહુ ભીમસેન કયાં છે ? તથા પોતાના સ્વરૂપમાં કામદેવને પણ લજાવે તેવા અને અતુલિત પરાક્રમી સહદેવ અને નકુલ એ કયાં છે ? તથા સતીઓમાં



શિરોમણિ અને પોતાની અનુપમ ભકિત વડે જગદાધાર શ્રીમન્નારાયણ શ્રી કૃષ્ણચંદ્રને વશ કરનાર, પતિવ્રતાધર્મપરાયણ, સમુદ્રયુકત પૃથ્વીના અધિપતિ પાંડુનંદનોની પટરાણી મહાદેવી શ્રીમતી દ્રૌપદી કયાં છે ? એ મારો સંશય દૂર કરવા હે મહાબાહો ! આપ દયા કરો. ” ઉત્તરકુમારની આ જિજ્ઞાસાને તૃપ્ત કરવા પુરુષાર્થી પાર્થ નીચે મુજબ બોલવા લાગ્યો. ” હે વીર ! સાંભળ; કંકભટના નામે ઓળખાય છે તે જ ધર્મપુત્ર મહારાજા યુધિષ્ઠિર છે, વલ્લવ નામે ઓળખાતા મહાબાહુ ભીમસેન છે, અને તંત્રીપાળનું કાર્ય કરવા રૂપે ઓળખાતા સ્વરૂપશિરોમણિ સહદેવ અને નકુળ છે. દુર્દૈવના યોગે વશીભૂત થએલાં, તમારી જ માતુશ્રી પાસે રહેનાર સૈરન્ધ્રી નામે ઓળખાતાં સતીશિરોમણિ તે જ પાંચાલી છે. ” આ અદ્ભુત ઘટના સાંભળી પારાવાર આશ્ચર્યમાં ડૂબેલો ઉત્તરકુમાર અતિ દીન વાણીથી ગદ્ગદ્ કંઠે વીરશિરોમણિ શ્રી અર્જુનના પાદારવિંદોને પોતાનાં અશ્રુ વડે પ્રક્ષાલન કરતો, ‘ક્ષમા કરો, ક્ષમા કરો,’ કહેતો લજ્જિત થયો, તેને આશ્વાસન આપતાં શ્રી અર્જુન કહેવા મંડયા કે, “હે વીર ! શા માટે દિલગીર થાય છે ? અમારો યત્ કિંચિત પણ અપરાધ ન કરતાં ઉલટું અમારા દુઃખના દિવસોમાં તમારાથી ઉપકાર જ થયો છે, કારણ કે, વિપત્તિ વેળાએ અમે તમારો જ આશ્રય ગ્રહી સુખ પ્રાપ્ત કર્યું છે. માટે ગઇ ગુજરી વાત હવે યાદ કરવા જેવો વખત નથી. હવે આપણે જે કામ માટે આવ્યા છીએ તેમાં પ્રવૃત્ત થવું જોઇએ. ” એમ કહી તે પોતે રથમાં આરૂઢ થયા, અને ઉત્તરકુમારે સારથિનો અધિકાર ગ્રાહ્ય કર્યો. અર્જુને બતાવેલા શમીવૃક્ષ તરફ રથ હાંકયો, ત્યાંથી શમ રૂપે ટાંગેલાં

ગાંડીવાદિ આયુધો લીધાં, અને સુરપતિએ આપેલા મંત્રનો જાપ તે જ વખત જપ્યો કે તત્ક્ષણ જ શ્રી અર્જુન પોતાના મૂળ સ્વરૂપને પ્રાપ્ત થયા, એટલે હનુમાનજી ધ્વજા ઉપર બિરાજમાન થયા. ગાંડીવના ટંકારવે ગગનમંડળ ભેદી નાંખ્યું, તે સાંભળી ભીષ્મપિતામહાદિ મહાન યોદ્ધાઓના મનમાં શંકાએ સ્થાન લીધું. તમામ ભયગ્રસ્ત થઈ ગયા; તત્ક્ષણે અર્જુને એકરથી સમગ્ર સૈન્ય ઉપર આક્રમણ કરી પરાજિત કર્યું. મોહબાણથી સમગ્ર મહારથીઓને મોહિત કર્યા, અને તમામની ધ્વજાઓ ઉપર તેઓના જ રૂધિરથી લેખ લખ્યા કે "તમે અધર્મના સંગી છો, એટલે સમાજ છતાં પરાજય પામ્યા છો, અને હુ ધર્મપરાયણ છું, એટલે એકલો છતાં જય પામ્યો છું," એમ લખી વૈરાટ નગર તરફ તેમણે પ્રયાણ કર્યું. આ શુભ સમાચાર કંકભટ સાથે ધૃત રમતા રાજા વૈરાટને એક દૂતે આવી કહ્યા કે, "મહાબાહુ ઉત્તરકુમાર સમગ્ર કૌરવ સૈન્યનો પરાજય કરી વિજયદેવીને વરી આપણા નગર તરફ પધારે છે." આ સમાચારથી રાજા વૈરાટ ઘણો જ કુલાયો અને કહેવા લાગ્યો કે "અહો ? ઉત્તરકુમારના પુરુષાર્થનું હું ક્યાં સુધી વિવેચન કરૂં ? કેમકે જે કૌરવોના અસાધ્ય બળથી ભય પામેલા પ્રતાપી ગણાતા પાંડુનંદનો બિચારા વન વન ભટકે છે! તેઓ ક્યાં છે તેનો પત્તો સરખો પણ નથી, એવા દારુણ સૈન્યને એક પલકમાં પરાજય કરી દેનાર મહાબાહુ ઉત્તર કુમાર જેવો આજે કોણ સમર્થ છે.?" એ સાંભળી પોતાના મનમાં વૈરાટની મૂર્ખતા માટે હાસ્ય કરતા કંકભટ નીચે પ્રમાણે બોલ્યા, "અહો ! રાજેન્દ્ર, એમાં તમે શાની અજાયબી પામો છો ? જેને બૃહન્નટા જેવો સારથિ છે તે કૌરવને



તો શું પરંતુ તેત્રીસ કરોડ દેવતા યુક્ત મહાસમર્થ શક્રને પણ જીતવા શક્તિમાન થાય." આ કંકભટનાં વાક્યથી ઉશ્કેરાઈ "હે મૂર્ખ ! મેં તને બ્રાહ્મણ જાણી મોઢે ચઢાવ્યો, એટલે તું તારાપણું ભૂલી જઈ જ્યારે હું મારા મહાસમર્થ પુત્રની પ્રશંસા કરૂં છું ત્યારે તું એક ષંઢને વીરતામાં આગળ લાવવા ધારે છે ?" એમ કહી પોતાના હાથમાં જે પાસો હતો તેનો પ્રહાર મહાત્મા યુધિષ્ઠિરના ભાલપ્રદેશમાં કર્યો. તેના ઘાથી રુધિરની ધારા ખળખળાટ કરતી વહેવા લાગી. તે જ અવસરે પ્રતિહારે ઉત્તરકુમાર પધાર્યાના સમાચાર આપ્યા. તેને અંદર આવવા હુકમ મળ્યો તે જાણી પ્રતિહાર પ્રત્યે કંકભટે કહ્યું કે, "બૃહન્નટાને અંદર ન આવવા દેતાં માત્ર ઉત્તરકુમારને જ પ્રવેશ કરાવો." એમ કહેવાનું કારણ એ હતું કે, બૃહન્નટા કદાપિ તેના ભાલપ્રદેશથી નિકળતું રુધિર જોશે તો મહા અનર્થ નીપજાવશે. તે અનર્થ અટકાવવાના ઈરાદે જ બૃહન્નટાનું આગમન અટકાવ્યું.

જુઓ, મહાત્મા યુધિષ્ઠિરનો અગાઉ અપરાધ કર્યા છતાં, જેમ ગંગાજળમાં અનેક વસ્તુઓ નાંખ્યા છતાં જગપાવનપણાનો તેનો ગુણ જતો નથી તેવી જ રીતે મહાત્મા યુધિષ્ઠિરે પણ વૈરાટરાજા અપરાધી છતાં પણ તેનું શ્રેય કરવા બદલનો પોતાનો જાતિસ્વભાવ ન તજ્યો.

### દોહરો.

પથ્થર સાથ પારસમણિ, રક્ષણ કરી રખાય,
પણ કુધાતુ કંચન કરે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ: સ્પર્શમણિને કદાચ પથ્થર સાથે રાખવામાં આવે તોપણ લોઢાને સોનું કરવાનો તેનો જાતિ સ્વભાવ ન જવા બદલઃ-

## દૃષ્ટાન્ત ૨૦.

કોઇ એક ગામમાં ઠગોનું ટોળું રહેતું હતું. તેમાંના બે ચાર ઠગો જંગલમાં માણસોને આવવા જવાના રસ્તે બેઠા હતા. તેવામાં તે રસ્તે થઇને એક રાજપુત પોતાને જવાનો રસ્તો પસાર કરતો જોઇ એક વૃદ્ધ ઠગે તેને પોતાની પાસે બોલાવી કહ્યું કે, આવો, “રામરામ, જમાઇરાજ, ઘણા દિવસે આપનો ભેટો થયો હોં કે.” રાજપૂત તો સાંભળી આશ્ચર્ય જ પામી ગયો કે, “આ કયો સસરો ? અને કોને જમાઈ કહીને બોલાવે છે ? મારી પાસે અમુક જોખમી વસ્તુઓ છે તે જોઇને મારી સાથે કાંઇ પ્રપંચનો પાયો તેમણે રચ્યો છે કે શું ? “ આ પ્રમાણે પોતાના હૃદયમાં વિચાર કરતો રાજપૂત મોઢેથી કાંઇ પણ બોલ્યો નહિ, એટલે ઠગે કહ્યું કે, “શરમાઓ કેમ છો ? હવે કાંઈ નાના નથી. પણ ઠીક છે નાનપણમાં અમારે ત્યાં પરણીને ગયા ત્યારથી પાછા સાસરાનો લહાવો લેવા આવ્યા જ નથી. તેથી જરૂર શરમ આવે ખરી, વિશેષમાં અમારી દીકરી ઉપર શોક લાવ્યા તેથી પણ જરૂર શરમાવું પડે. પણ તમે જરા યે શરમાશો નહિ, અમને તે બાબત જરાપણ માઠું લાગ્યું નથી. તમે બીજી સ્ત્રી પરણ્યા એટલે અમે અમારી દીકરીને તમારે ત્યાં ન વળાવતાં અહીં જ રાખી. અમે પણ તમારે ત્યાં કદિ પણ આવ્યા નહિ. એમાં અમારો તમારો વાંક નથી. એ બધો વાંક તમે નવી પરણેલી સ્ત્રીનો જ છે; કારણ કે, તેણે પોતાને શોકનું સાલ થાય તે માટે તે જાણતી હોવા છતાં પણ તેણે તમને પ્રેમથી વશ કરી. તમે નાનપણામાં પરણેલા તે હકીકત તે સ્ત્રી તમારા લક્ષમાં પણ કદિ લાવી



નહિ.” રાજપૂત ભોળા હૃદયનો હોઇ તેને શંકા થઇ કે, કદાપિ નાનપણની વાત હોય તો યાદ પણ ન રહે, અને જમાઇ કરવાનુ અગર સસરો થવાનું પરાયો માણસ કેમ મન કરે ? માટે જરૂર તેની હકીકત ખરી જ હશે. ઠીક, હું મારે ઘેર જઇશ, ત્યારે તે મારી નવી સ્ત્રીની તો વાત, પણ હમણાં તો આ અજાણપણે ન ઓળખેલા સસરાને શો જવાબ આપુ? પુનઃ ઠગે કહ્યું કે, “કેમ, શા વિચારમાં છો ? ચાલો ઘેર. સારૂં થયું કે અચાનક તમારો ભેટો થઇ ગયો, નહિ તો તમે અમે કયારે મળવાના હતા ?” રાજપૂત વગર વિચારે સસરાના અપૂર્વ અત્યંત આગ્રહને લઇ તે ચારે ઠગોની સાથે રવાના થયો. રસ્તામાં તેણે પૂછયું કે, “આ ત્રણ જણ કોણ?” ઠગે જવાબ આપ્યો કે, “એ ત્રણે જણ મારા નાના ભાઇઓ છે.” એ પ્રમાણે થોડોક વાકેફ થઇ તે ઠગોની સાથે સાથે ઠગનિવાસમાં આવ્યો. ઇશારાની સાથે ઠગની ઓરતો સમજી ગઈ. અંદરથી એક આધેડ વયની સ્ત્રીએ બહાર આવી અતિથિ જમાઇનાં દુઃખડાં લીધાં, અને તે તેની સાચેસાચી સાસુ બની ગઈ. કોઇ પણ વાતમાં ભૂલ ન ખાતાં રાજપૂતને સાચેસાચો જમાઇ બનાવી દીધો. સાંજસમયે મેડી માથે શયન કરવા માટે રાજપૂતને મોકલી પોતાની છોકરીને ઇશારો કર્યો કે, “કોઇ ન જાણે તેમ ઠેકાણે કરીને જ આવજે.”

ઠગની છોકરી ઉપર જઇ જુએ છે તો રાજપૂત મહાન સ્વરૂપવાન દૈવી મૂર્તિ છે, એમ જાણી તેના હૃદયમાં સ્વાભાવિક દયા ઉત્પન્ન થઇ. સ્ત્રીનું હૃદય ઘણા અંશે કોમળ જ હોય છે. આ કન્યા ઠગની હતી, પણ તેની પ્રકૃતિ કોઇ પૂર્વના સંસ્કારને લઇને શાહુકારની હતી. તે દર વખત પોતાના માવિતરને કહ્યાં કરતી;

પણ માવિતરના મનમાં ગેરસમજ રૂપ અન્તરપટ હોઇ તેનું કહેવું નિષ્ફળ જતું. અહીં ભાવિને બનાવવાનું છે કે, " જેને રામ રાખે રે, તેને કોણ મારી શકે" એ વચનાનુસાર આ ઠગકન્યાને હૃદયમાં સાક્ષાત રામ વસ્યા. રાજપૂત તો થાકયોપાકયો તુરત ઊંઘી જ ગયો હતો. પછી માવિતરના કહ્યા પ્રમાણે જો ઠગકન્યાને કરવું હોત તો વાર જ શી હતી ? જમણા પગનો અંગૂઠો દબાવી રાજપૂતને ઠગકન્યાએ કહ્યું કે, " જાગૃત થાઓ. " તેટલામાં તો રાજપૂત ઝબકીને જાગી ઊઠયો.

"માનો તો સત્ય હકીકત જાહેર કરૂં. પરંતુ સાહસ કરવાની જરૂર નથી." કન્યાએ વિનયપૂર્વક કહ્યું. આ સાંભળી રાજપૂત વિચારમાં પડયો, અને તેની હકીકત સાંભળવા તેણે ઘણી જ આતુરતા બતાવી. " તમે હૃદયના ભોળા છો, અને મારાં માવિતર ઠગાઈનો ધંધો કરનારાં છે. કોણ સસરો અને કોના જમાઇ ? આ તો રસ્તે ચાલતાં તમને એક જાતની આફત રૂપ બલા વળગી. શું, એટલું પણ તમને માલૂમ ન પડયું કે, સાસરૂં કોઇનું કોઇ કાળે છાનું રહ્યું છે ? તમે ભોળા સ્વભાવને લઇ ભૂલ્યા. પરંતુ ખેર, જે થયું તે ખરૂં. મારા કમજાત માવિતરે તો તમને વિશ્વાસઘાત કરી મારા હસ્તક મારી નંખાવવાની કોશીશ કરી હતી. પણ હું તેવી નફ્ટ નથી. ઈશ્વરના ન્યાયને હું ઓળખું છું, તેથી અઘટિત કર્મ કરતાં હંમેશાં ડરૂં છું. વળી આપની આ અનુપમ કાન્તિએ મારા મનમાં કાંઈ જુદા જ પ્રકારનો ભાવ ઉત્પન્ન કર્યો છે. એ ઉભય કારણને લઇ મારાં માઆપની અધમ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. તમે એક દૈવી મૂર્તિ સમાન સદ્ધર્મપરાયણ હોઇ મારાં માવિતરના અચાનક અતિથિ થયા છો, એમ ધારી તમે તમારા હૃદયમાં એમ ન ધારશો કે,



આ અબળા ભ્રષ્ટ છે. તમારા પ્રાણની ઈશ્વર પ્રેરણાથી રક્ષક બની છું. હું હજુ સુધી કુમારિકા જ છું. ઈશ્વર સાક્ષીથી કહું છું કે, મેં તમારા સિવાય અન્ય પુરુષની સ્વપ્ને પણ ઈચ્છા કરી નથી. ભાવિને લઇ માત્ર અત્યારે તમારા પ્રત્યે મને કુદરતી પ્રેમ ઉત્પન્ન થયો છે, માટે પ્રાતઃકાળ થતાં અહીંથી આપણે પ્રયાણ જ કરવાનું છે." રાજપૂતે કહ્યું કે, " શું, હું કાયર છું કે, છાનોમાંનો નાશી છુટું? ખેર. કદાચ મારા પ્રત્યે તારો કુદરતી પ્રેમ છે તો તેને માટે હું પ્રેમીને નાસીપાસ તો નહિ જ કરૂં; પરંતુ પ્રાતઃકાળ થતાં વિશ્વાસઘાત કરનાર તારાં માવિતરને તો હું જરૂર બદલો આપતો જઈશ. " ઈત્યાદિ હકીકત કહેતાં તેણે રાત્રિ વ્યતીત કરી.

પ્રાતઃકાળ થતાં ઠગકન્યા તેનાં માવિતર પાસે ગઈ. રાજપૂત પણ ત્યાં આવ્યો, અને કહેવા લાગ્યો કે, " મને અસુર થઇ જાય છે માટે તમારી દીકરીને જલદીથી મારી સાથે રવાના કરો, એટલે તુરત હું તેને લઈને પંથે પડું. " આ સાંભળીને ઠગમંડળ ચોંકી ઊઠયું; કારણ કે, 'કપાસ ખાવા જતાં ઊન મુકી આવવું' એવી હકીકત બની. કન્યાએ પોતાનાં માવિતરને કહ્યું કે, "હું તેને તન, મન અને ધનથી વરી ચુકી છું, માટે તમે કોઇ પણ પ્રકારનો આક્ષેપ ઊઠાવ્યા વિના મને તે રાજપૂતની સાથે રવાના કરો; અને જો તેમ નહિ કરો તો તે તમારી સાથે બળાત્કાર કરીને પણ જરૂર મને લઈ જશે. વળી તેની સાથે મારૂં એટલું કહેવું પણ તમે લક્ષમાં રાખો કે, હવે તમારા આ વર્તમાન અધમ કૃત્યની અવધિ પૂરી થઇ છે; માટે આવો સંજોગ બન્યો છે એટલે હવે તમે તમારૂં આ અધમ કર્તવ્ય તજી દો, અને કોઇ સારે રસ્તે ચઢી

તમે તમારી આજીવિકા નિભાવો." દૈવસંજોગે કન્યાનું કહેવું માવિતરને રુચ્યું, અને તેણે સારો સાસરવાસો આપીને તે રાજપૂત સાથે પોતાની કન્યાને રવાના કરી. દરમ્યાન ઠગમંડળ પોતાના મૂળ કર્તવ્યને ભૂલીને સારા રસ્તા ઉપર આવ્યું.

સ્પર્શમણિરૂપ કન્યા દુર્ગુણરૂપ પથ્થરની સાથે રહેવા છતાં પણ ઠગમંડળરૂપી લોહને બદલીને કનકરૂપ સદ્ગુણી બનાવવાનો પોતાનો જાતિસ્વભાવ જાળવી રહી.

### દોહરો.

અંબાડી નિજ ઉપરે, કંચન તણી કસાય,
ધૂળથી શિર કુંજર ધૂએ, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:--પોતાના ઉપર સુવર્ણનો હુદ્દો કસાય છે છતાં હાથીનો ધૂળથી શરીર ધોવાનો જાતિ સ્વભાવ ન જવા બદલ:--

### દૃષ્ટાન્ત ૨૧.

પૂર્વે ત્રંબાવટી નગરીનો ત્રંબકસેન રાજા પોતાની છડી સ્વારીએ શિકારની સહેલગાહે નીકળ્યો. ઘણે દૂર એક મહાવિકટ જંગલ હતું. જેમાં એટલા મોટા ઉન્નત પહાડો હતા કે, તેમનાં શિખર ગગનચુંબન કરી રહ્યાં હતાં. તે વનમાં વૃક્ષાવલિની તો અવધિ જ હતી. અનેક જાતના આંબા, જાંબુઆ, કદળી, રાયણી, જામફળી, આદિ સુફળવાળાં વૃક્ષો પણ ઘણાં હતાં, અને તે વૃક્ષોના ગાઢપણાને લીધે એ વિકટ વનમાં દિવસે પણ ઘોર અંધારૂં રહેતું. તેમાં ભગવાન ભાસ્કર-



દેવનાં કિરણો પણ પ્રવેશ કરી શકતાં ન હતાં. પહાડોના મધ્ય ભાગે અનેક જૂથબંધ વાંસડાઓ ઊભા હતા. તેઓમાં પવનના સપાટા લાગવાથી, જેમ કલેશી કુટુંબ પરસ્પર કલેશથી નાશ પામે છે તેમ, પરસ્પર ઘસાઈ ઘસાઈને તેઓ અંદરથી અગ્નિ ઝરી બળીને ભસ્મીભૂત થતા હતા. વળી એ પહાડોની મોટી મોટી કંદરાઓમાં મહાવિકરાળ અને ભય ઉત્પન્ન કરે એવા ઘાતકી સિંહો રહેતા હતા. રીંછ આદિ બીજાં ફાડી ખાનારાં જનાવરોનો તો ત્યાં પાર જ ન હતો. આવા મહા ભયંકર જંગલમાં રાજા ત્રંબકસેન ગયો. તેને શિકારનો અનહદ શોખ લાગેલો તેથી તે શિકાર માટે આમતેમ પોતાના મનવેગી અમૂલ્ય અશ્વને હાંકતો હતો. દૈવયોગે તેની દૃષ્ટિ એક વિકરાળ વરાહ ઉપર પડી. તુરત જ તેણે પોતાનો ઘોડો તે તરફ હાંક્યો. ઘોડાએ પણ જાણે પોતાના માલીકની મરજી જાણી લીધી હોય, તેમ તે પેલા વરાહ ઉપર એકદમ તૂટી પડ્યો. વરાહે પોતાનો પ્રિય પ્રાણ બચાવવાનો રસ્તો લીધો, અને તે અગોચર દિશાઓમાં નાસવા લાગ્યો. તુરંગ પણ ક્યાં તેની પૂઠ છોડે તેમ હતો? વરાહ પોતાની ચપળતાથી કદિ ભાલાના દાવમાં તો કદિક તીરના દાવમાં એમ કરતે કરતે ઘણે દૂર ગયો. રાજાના મનમાં તો "હમણાં મારૂં છું, મારૂં છું" એ જ આકાંક્ષાએ નિવાસ કર્યો હતો. એની એ જ ઇચ્છામાં રાજાને નિરાશ કરી કોણ જાણે ક્યાંય એ વરાહ અદૃશ્ય થઇ ગયો. તેના માટે અનેક પ્રયત્નો કર્યાં છતાં પણ તે જડ્યો નહિ, ત્યારે જ રાજા જાણી શક્યો કે, "હું ઘણે દૂર અને એકલો જ અત્યારે છું." આમ ખાત્રી થવાથી રાજાના અન્તઃકરણમાં અનેક તર્કવિતર્કો થવા લાગ્યા, અને ક્યી દિશામાં જવું તે તેને

સૂઝ પડી નહિ. તે પોતે તથા તેનો માનીતો અશ્વ પાણી વિના આકુળ વ્યાકુળ થવા મંડયા. તે સમયે દૂર દિશા તરફ રાજાએ નજર ફેંકી તો એક મોટું વડનું વૃક્ષ કે જેના ઉપર બગપંક્તિ બેઠેલી હતી તે દૃષ્ટિગોચર થયું. તે જોઇ રાજાને હિમ્મત આવી કે, ત્યાં આગળ જરૂર જળાશય હશે. એમ ધારી તેણે ઘોડાને તે દિશા તરફ લીધો. વડ નીચે આવી તેણે જોયું, તો એક સુંદર સરોવર નિર્મળ જળથી ભરેલું દીઠું. તેની અંદર વર્ણવર્ણનાં અનેક કમળો ખીલી રહ્યાં હતાં. તેમના ઉપ: મધુના લોભી મધુકરોના વૃંદે વૃંદ ગુંજારવ કરી આખા સરોવરને ગજાવી રહ્યાં હતાં. સરોવરના રમ્ય કિનારા ઉપર ઉત્તમ પ્રકારના ઘાસના નવાંકુરો પ્રફુલ્લિતપણે સરસાઇ કરી રહ્યા હતા. તે જોઈ રાજા ઘણો જ ખુશ થયો. પોતાના અશ્વને પાણી પાઇ પછી તેણે પોતે પણ પાણી પીધું. પાણી પી, આત્માને સંતુષ્ટ કરી, કિનારા ઉપર ઘાસના નવાંકુર ચરવાને માટે ઘોડાને રજા આપી ,રાજા એક મનોહર આમ્રવૃક્ષ નીચે ઘોડાનો ઘાસિયો બિછાવી બિરાજ્યો. ભાવિ પ્રબળ છે. વિધિના લેખ કોઇથી ટળતા નથી. તે સિદ્ધાન્તાનુસાર ઉકત સરોવરમાં સોળેક વર્ષની એક સુંદરી પાણી પીવાની ઇચ્છાએ આવી. તે યાવનમદથી છલોછલ છલકાતી હતી, તેમ તેની કાન્તિ પણ મનને આનંદ આપે એવી હતી, તેણે આવી સરોવરમાંથી શીતળ જળનું પાન કર્યું અને સારાં સારાં કમળ વીણી તેનો હાર બનાવી પોતાના રમ્ય કંઠમાં તેનું આરોપણ કર્યું. આ બધું રાજા એકાગ્ર ચિત્તે નિહાળી રહ્યો હતો, એક તો એકાન્ત; વળી ઉભયની યૌવન અવસ્થા એટલે નયને નયન મળવાથી કામદેવે પોતાનો અધિકાર બન્ને ઉપર પૂરેપૂરો



બજાવ્યો. રાજાએ ઇશારો કરી તે સુંદરીને પોતાની સમીપ બોલાવી. कामान्धो नैव पश्यति એ વાકયાનુસાર તેણે પોતાની કુવાંછના તૃપ્ત કરી. ત્યાર બાદ રાજાએ તેની ન્યાતજાત વિષે પુછપરછ કરી તો તેને માલૂમ પડયું કે તે એક વાઘરીની બાળા હતી. તથાપિ વેણુથી બંધાએલા રાજાએ તેને રાણી તરીકે સ્વીકારી પોતાના મહેલમાં લાવીને રાખી ઉક્ત વાઘરણ રાજ રાણીની પદવીને પ્રાપ્ત થઇ તથાપિ હંમેશાં રાતના આઠનવના સુમારમાં રાજાજીના આગમન પહેલાં પોતાના મહેલમાંનાં સાત તાકાંની અંદર સાત રોટલીના ટુકડા મુકી " આલજો, મા બાપ, આલજો, માબાપ," કહી એક એક ટુકડો લઇ પોતાના ઉદરનો નિર્વાહ કરતી તો જ તેને ચેન પડતું.

જુઓ, જેવી રીતે હાથીના ઉપર સોનાની અંબાડી કસાય તોપણ તે ધુળથી શરીરને ધુએ છે તો જ તેને ચેન પડે છે. તેવી જ રીતે આ વાઘરણને રાજાએ રાણી તરીકે સ્વીકારી એટલે તેને ખાવાપીવા વગેરેની કશી ન્યૂનતા ન હોય છતાં પણ સાત તાકાં માંથી ભીખના ટુકડા માંગી ખાવાનો તેનો જાતિસ્વભાવ ન ગયો.

### દોહરો.

છિદ્ર ઢાંકવા સર્વદા, ગુણ[1] તે ગુણી ગણાય
સાંધે સુઇના છિદ્રને, જાતિસ્વભાવ ન જાય.

---

૧ 'ગુણ' અનેકાર્થ શબ્દ હોઇ આ ઠેકાણે 'દોરો' એ સંજ્ઞાથી ઓળખવા માટે રાખ્યો છે.

ભાવાર્થઃ—હંમેશાં છિદ્ર ઢાંકવા માટે ગુણ એ જ ગુણી ગણાય છે. સોય છિદ્ર પાડે છે, અને ગુણ નામ દોરો તે છિદ્ર પૂરે છે તે બદલઃ—

## દ્રષ્ટાન્ત ૨૨ સું.

પૂર્વે ધારાનગરીમાં પ્રતાપશાળી, પરમારવંશવિભૂષણ, અમૂલ્ય વિદ્યારત્નોના ભંડાર રૂપી વિદ્વજ્જનના પોષક, વીરશિરોમણિ મહારાજા ભોજના દરબારમાં કાલિદાસ નામે મહાન વિદ્વાન તથા મહાકાલિકા દેવીનો ઉપાસક, વિશ્વવિખ્યાત કવિવર રહેતો હતો. તે એવો તો વાક્ચતુર તથા વચનસિદ્ધ પુરુષ હતો કે, તેના તે ગુણોથી ભોજ સરખા સર્વકળાસંપન્ન રાજા પણ ઘણા જ સંતુષ્ટ રહેતા હતા. એમ કહેવાય છે કે તે રાજા ભોજના દરબારમાં એકએકથી ચઢિયાતા એવા ચૌદસો પંડિતો રહેતા હતા. તે પૈકી નવ તો રત્ન હતાં. રાજા ભોજના દરબારમાં કોઇ વિદ્વાન નવો શ્લોક લખી લાવી વાંચે, એટલે એકપાઠી પંડિત હોય તે પ્રથમ તેને કંઠે કરી લે; એ પ્રમાણે નવ વખત વંચાય, એટલે અનુક્રમે નવે જણ તેને કંઠે કરી લે. તે પંડિતો એ રીતે નવા શ્લોકને જૂનો ઠરાવતા અને આવનાર અન્ય પંડિતને ખસિયાણો પાડતા હતા. આ નવ રત્નો ઉપરાન્ત કાલિદાસ પંડિત સૌથી અગ્રેસર હતા.

યાચક વર્ગ પરસ્પર વિરોધ ધરાવનારો હોય છે. તેમાં વળી બ્રાહ્મણો માટે તો કહેવું જ શું ? કાલિદાસ પંડિતનું રાજા ભોજની પાસે અત્યંત માન હોવાથી ઘણા પંડિતો તેના પ્રત્યે ઇર્ષા ધરાવતા હતા. તેજદ્વેષમાં સ્પર્ધા બુદ્ધિ ક્યાંથી રહે ?

રાજા ભોજની સભામાં રહેનારા ઘણાખરા પંડિતોનો એક



મત થયો કે, ભરી સભામાં ગમે તે પ્રકારે પણ કાલિદાસને એક વખતે. ખસિયાણો તો પાડવો ખરો; અને તે વળી એવો કે રાજા ભોજ કોઈ વખત તેની સામુ પણ ન જુએ. એતો સ્વાભાવિક છે કે, કોઇ માણસ કોઇના સદ્ગુણ ખોળવા બેસે એટલે સદ્ગુણ જ હાથમાં આવે અને દુર્ગુણ ખોળવા બેસે એટલે દુર્ગુણ જ હાથમાં આવે. વળી વિધિપ્રપંચ ગુણદોષમય છે, એટલે ગુણની પછવાડે દોષ લાગુ જ છે. કોઇનામાં એક ગુણ એવો હોય કે, તે તમામ દોષને ઢાંકે તો કોઇનામાં એક દોષ એવો હોય કે તમામ ગુણને ઢાંકે. આ પ્રમાણે મનુષ્યમાત્રમાં એકાદ જબરામાં જબરો ગુણ પણ હોય અને એકાદ જબરામાં જબરો દોષ પણ હોય. કેવળ ગુણવાળું અને દોષ વગરનું તો પરમાત્માનું નામ જ છે.

કાલિદાસ પંડિતની વિરુદ્ધમાં એક વખતે ઘણા પંડિતોએ ખાનગી સભા કરીને વિચાર કર્યો કે, " કાલિદાસનામાં ક્યાં ક્યાં દૂષણ છે ? અને તે પૈકી ખાસ ભોજ રાજાને જાહેર કરવા જેવાં ક્યાં?" એકે અમુક દોષ જાહેર કર્યો, તો બીજાએ જુદો જ દોષ જાહેર કર્યો, ત્રીજાએ એથી પણ વિચિત્ર દોષ જાહેર કર્યો. આ પ્રમાણે ઘણાઓએ ઘણા દોષો જાહેર કર્યા. પરંતુ જનસમાજમાં જાહેર કરવા જેવો કયો દોષ છે, તે ખોળી કાઢવા એક પંડિતે દરખાસ્ત મુકી કે, "કાલિદાસ પંડિત બહુ જ ક્રિયાભ્રષ્ટ હોઇ આપણને તમામને ભ્રષ્ટ કરે છે. તે એવી રીતે કે, હંમેશાં તે સ્નાન કરવા નદીકિનારે જાય છે. ત્યાં સ્નાન કરી રહી એક મોટો મચ્છ પકડી લઈ તેને ભીને કપડે વીંટી બગલમાં રાખી તે પોતાના નિવાસે આવીને તેને દેવી સન્મુખ ભોગ તરીકે ધરાવે છે. ત્યાર પછી તે પ્રસાદ લે છે. આ તેનું અતિ અધમ નિત્યકર્મ છે. તે જો રાજા ભોજ આગળ

જાહેર કરવામાં આવે, તો અવશ્ય રાજા ભોજ તેના ઉપર બહુ જ નારાજ થાય, અને પછી આપણું સારી પેઠે માન વધે." આ પ્રમાણેની કાલિદાસ પંડિત વિરુદ્ધની હકીકત સર્વાનુમતે નકકી કરી, બે ચાર પંડિતો ખાનગી સમય મેળવી રાજા ભોજની પાસે ગયા. અને ઉપર પ્રમાણેની વિરુદ્ધ હકીકત રાજાને તેમણે જાહેર કરી. આ હકીકત સાંભળી રાજા ભોજને ઘણું જ આશ્ચર્ય થયું. તે પોતે પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યા કે, "કાલિદાસ જેવા મહાન પંડિતની આ પ્રમાણે ભ્રષ્ટક્રિયા હોય જ નહિ; અને જો કદાચ હશે તો તેમાં કાંઇ ઊંડો ભેદ સમાએલો હશે. ઠીક, તે માટે તપાસ કરાવીશું." એમ કહી હકીકત આપનાર પંડિતોને રાજાએ રજા આપી, દરમ્યાન પોતાના ખાનગી જાસુસને બોલાવી રાજાએ તેને હુકમ કર્યો કે, "તું નદીકિનારે જા, અને પંડિત કાલિદાસ શી ક્રિયા કરે છે તે ગુપ્ત રીતે જો, અને તે પોતાની ક્રિયાથી નિવૃત્ત થઇ ઘર તરફ વળે એટલે એને 'મહારાજા ભોજની આજ્ઞા છે, માટે હમણાં જ પધારો' એમ કહી અહીં લાવ." જાસુસ આ પ્રમાણેનો હુકમ શિરસાવંદ્ય માની નદીકિનારે ગુપ્ત રીતે ભરાઈ બેઠો. ત્યાં કાલિદાસ પોતાનું નિત્યકર્મ કરી રહ્યા હતા. અમુક વખતે નિત્યકર્મથી નિવૃત્ત થઇ એક મચ્છ પકડી લઈ તે ઘર તરફ રવાના થયા. તેમણે પગમાં ચાખડીઓ પહેરેલી હતી. તેમના હાથમાં સુંદર કમંડળ શોભી રહ્યું હતું. તેમના શરીર ઉપર પીળું વસ્ત્ર વરસાદની વીજળી માફક ચમકી રહ્યું હતું. ભાલપ્રદેશે ત્રિપુંડ ખેંચેલું હતું, તે જાણે રેખાઓ સહિત બાળશશિ હોય તેવું શોભતું હતું. આઠે પ્રહર જેની મિષ્ટ જીભે શ્રીભારતી દેવીએ નિવાસ કરેલો એવા, દિવ્ય શરીરવાળા કવિ-



રત્ન કાલિદાસ વિશાળ રાજમાર્ગે નિર્ગમન કરતા હતા તેટલામાં રાજદરબાર નજીક આવ્યો; એટલે તેમની પાછળ ગુપ્ત રહેલો જાસુસ સન્મુખ આવી ઉભો રહ્યો. "પંડિત શિરોમણિ! પ્રણામ હો! આપને," ગુપ્તચરે એમ રસ્તામાં જ વિનય કર્યો.

હાથ ઊંચો કરી "कल्याणमस्तु" કહી પંડિતજીએ આશીર્વાદ આપ્યો. "શી આજ્ઞા છે મહારાજાધિરાજની?" એમ તેમણે પૂછ્યું. ગુપ્તચરે કહ્યું કે, "રાજાજીએ સકારણ સભા ભરી હોઇ, પંડિત શિરોમણિ જેવી ને તેવી જ સ્થિતિમાં સત્વર પધારે, એવી રાજાજીની આજ્ઞા છે." પંડિતજી મહારાજાધિરાજની આજ્ઞાનું ઉલ્લંઘન કદાપિ કરતા ન હતા. "ઠીક, ચાલો" એમ કહી જાસુસ સાથે પંડિતજી એ ને એ જ સ્થિતિમાં રવાના થયા.

અહીં સભામાં સૂર્યસમાન પ્રકાશમાન દૈવી સિંહાસન ઉપર રાજા ભોજ ઇંદ્રસમાન બિરાજમાન થએલા હતા. નવે રત્ન સહવર્તમાન તમામ પંડિતો સભામાં હાજર હતા, નાના પ્રકારના સંવાદો થઇ રહ્યા હતા, અને સાંભળનારાઓના શ્રવણને આનંદ આપતા હતા. એટલામાં તો પ્રતિહારે હાથ જોડી મસ્તક નમાવી સવિનય જાહેર કર્યું કે, "પંડિતશિરોમણિ કાલિદાસ પધારે છે." "આવવા દો" એમ કહી રાજા ભોજ વિશેષ સાવધ થયા, પ્રણામ કરતાં તેમણે પંડિતને આદર સહિત સામું જોઇ પૂછ્યું કેઃ—

कुक्षौकिम्

કાલિદાસ—मम पुस्तकं

ભોજ—किमुदकं

કાલિદાસ—काटे सुसारोदकं

ભોજ—જીવ:કિમ્

કાલિદાસ—मम गूढमंत्राक्षिखितं संजीवनं पुस्तकं ।

ભોજ—ગંધ:કિમ્–

કાલિદાસ—खलु रामरावणवधं संग्रामगंघोत्कटं ।

ભોજ—पुच्छ: किम्–

કાલિદાસ—खलु ताडपत्रलिखितं,

ભોજ—हा हा गुणाढयो भवान् ॥ १ ॥

એ અન્તિમ પદ બોલતાની સાથે તુરત જ સિંહાસનારૂઢ ભૂપાલચૂડામણિ ભોજરાજાએ ઊઠી પોતાના કરપલ્લવવડે કાલિદાસના કક્ષમાંનું મચ્છ લઇ જેવું નીચે નાખ્યું એટલે મહામાયાજગજ્જનની કાલિકાદેવીના પરમ પ્રસાદ વડે દિવ્ય અક્ષરોથી અંકિત રામરાવણ યુદ્ધવાળું નાના વિધિ તાડપત્રો ઉપર લખેલું મોહકાવ્ય રાજા ભોજ આદિ સકલ સભા સન્મુખ વીખરાતું દૃષ્ટિગોચર થયું. તે જોવાથી સકલ સમાજ આશ્ચર્યમાં પારાવાર ડૂબી ગયો, અને રાજા ભોજ તો કવિવરની આ અગાધ દૈવી શકિતથી સ્તબ્ધ જ બની ગયો. તેની સાથે ક્રોધાવેશમાં ને ક્રોધાવેશમાં તેણે અન્યનાં છિદ્ર જોવાવાળા તેજદ્વેષી તમામ પંડિતોને દેશનિકાલનો સખ્ત હુકમ ફરમાવ્યો. જે સાંભળવાથી ઉકત પંડિતોનાં હૃદય થરથર કંપવા માંડયા. અને પોતે કરેલા સાહસ માટે પશ્ચાત્તાપ રૂપી દુ:ખમાં ગરક થઇ ગયા. કવિવર કાલિદાસના સામે લજ્જાળુ લોચનો વડે જાણે માફી માગતા હોય એવું દશ્ય સભામાં જોવામાં આવ્યું. તે દશ્યથી વિદ્વર્જ્જનશિરોમણિ ક્ષમાસાગર કવિવર કાલિદાસ પોતાની અમૃતસમાન મીઠી વાણીથી મહારાજા ભોજને



વીનવીને કહેવા લાગ્યા કે, " કૃપાનાથ ! આ પંડિતોનો અપરાધ ક્ષમા કરો; કારણ કે, તેઓએ આ કાવતરૂં રચ્યું ન હોત તો આપ નામદાર સમક્ષ મારી આ શકિતની પરીક્ષા થવી અસંભવિત હતી. " કવિવર કાલિદાસની દુશ્મનો પ્રત્યે પણ દયા કરવાની આ અગાધ ઉદારતાથી મહારાજા ભોજ પરમ સંતુષ્ટ થયા. પંડિતોને ઉપાલંભના બે બોલ કહી તેઓએ કરેલો અસાધ્ય અપરાધ તેમણે માફ કર્યો, જુઓ જેમ સોય વસ્ત્રોમાં છિદ્રો જ પાડે છે તેમ મહાન વિદ્વાન કાલિદાસ જેવા દૈવી કવિનાં છિદ્રો ઊઘાડવા પંડિતો તત્પર થયા; પરંતુ ગુણ એટલે દોરો જેમ સોયે પાડેલા છિદ્રોને ઢાંકે છે તેમ કવિવર કાલિદાસે એ પંડિતોનાં પાપકર્મ રૂપી છિદ્રો ઢાંકવાનો પોતાનો જાતિ સ્વભાવ ન તજ્યો.

### દોહરો.

ચંદનને ચારે તરફ, લાખ સરપ લપટાય,
વિષ તદપિ વ્યાપે નહિ, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—ચંદનવૃક્ષની ચોગરદમ લાખો સાપ વળગે છે છતાં તે વૃક્ષને ઝેર ન વ્યાપવાનો જાતિસ્વભાવ ન જવા બદલ:—

---

### દૃષ્ટાન્ત ૨૩.

પૂર્વે ઇસ્વી સનના સોળમા સૈકામાં મહારાજા શિવાજીએ જ્યારે ગોવળકોંડાની બાદશાહી પોતાના પ્રચંડ બાહુબળવડે જીતી, ત્યારે બાદશાહ તથા તેના શાહજાદાને હસ્તગત કરી પોતે પોતાના માનવંતા અન્ય સરદારોને ત્યાંની માલમત્તા વગેરેની વ્યવસ્થા કરવા ત્યાં જ રાખી મહારાજા રાયગઢ પધાર્યા. હવે વ્યવ-

સ્થા કરવા ત્યાં રોકાએલા તાનાજી આદિ સરદારોએ માલમત્તા ઘોડાંટારાં, અસ્ત્રશસ્ત્ર, આદિ તમામ સામગ્રી હાથ કરી જનાનામાંથી શાહજાદાની બેગમ કે જેનું નામ શકીના હતું, તે આપણા ઉક્ત સરદારોની દૃષ્ટિએ પડી. અહા ! શકીનાનું અદ્‌ભુત રૂપ રંભા, ઉર્વશી, મેનકા અને રતિ આદિ દેવાંગનાઓ પણ કોઇ પ્રકારે તુલના કરવા શક્તિ ધરાવી શકે નહિ એવું હતું. આ જગતનો કર્ત્તા જે દહાડે ઘણા જ વખતનો અવકાશ લઇ બેઠો હશે, તે દહાડે તેણે થોડા થોડા ઘાટે ઉકત શકીના બનાવી પોતાની અદ્‌ભુત કારીગરીનો નમૂનો જાણે આ લોકને દેખાડવા જ અહીં મોકલ્યો ન હોય? તેનું નાજુક અને કસેલા કુંદન જેવું ચંપકવરણું શરીર તથા મૃગનયનોને પણ લજાવી દે તેવાં તેનાં અણિયાળાં અને વિશાળ નેત્રો; પુર્ણેન્દુ સમાન તેનું વચનસુધાએ ભરેલું મનોહર મુખ; અહંચુકી વાસુકિને લજાવે તેવી તેની લાંબીવેણી; મદોન્મત્ત મૃગપતિના મધ્યભાગને પણ તુચ્છ કરી દે તેવો મધ્ય પ્રદેશ; બાળ મરાલના સરખી ચાલ; ઈત્યાદિ અનુપમ અવયવોવાળી આ મનોરમાને જોઇ સરદારો સઘળા ચિત્રશાળાના ચિત્રવત્ બન્યા. પોતાના દેહની શુદ્ધિ ભૂલી કેટલાક વખતે તેઓ જ્યારે શુદ્ધિમાં આવ્યા, ત્યારે તેના રૂપ સૌંદર્યની પુનઃ પુનઃ પ્રશંસા કરતા પરસ્પર કહેવા લાગ્યા કે, "આપણા હાથમાં આ વિજયમાં અનેક અમૂલ્ય વસ્તુઓ આવી છે; પરંતુ આ એક રત્ન કે જેની અન્ય જોડ સૃષ્ટિમાં નથી એ આ શકીનાને તો આપણે જરૂર રાયગઢ લઈ જવી જોઇએ; કારણ કે, આવો એક અનુપમ રૂપગુણનો ભંડાર તો આપણા માનવંતા મહારાજા શ્રીમંત શિવાજીના જ જનાનામાં રહેવા યોગ્ય છે." એમ કહી શકીનાને પોતાના રસાલાની સાથે તેમણે લીધી.



શકીનાને આ વાતની ખબર પડતાં તેણે પોતાનું શિયળ સાચવવાના સાધનરૂપે એક તીક્ષ્ણ અને ઝેરી કટાર પોતાની સાથે લીધી. રસાલો દરમજલ કરતો કેટલાક દિવસે રાયગઢ આવી પહોંચ્યો. તેટલા દિવસ સતી શકીનાએ અન્નજળાદિ પોતાના શરીરને પોષણ કરનાર કોઇ પણ વસ્તુ લીધી ન હતી. રસાલો રાયગઢમાં આવ્યો તે વખતે રાતના નવ વાગ્યાનો સમય હતો. સરદારો પોતપોતાના રસાલાસહ મુકામે ગયા. શકીનાને ઊતરવા માટે એક ભવ્ય મકાન આપવામાં આવ્યું. મહારાજાને ખબર પડી કે, "મારૂં વિજયી સૈન્ય નગરમાં આવી પહોંચ્યું છે." ત્યાંથી શો શો માલ હસ્તગત થયો તેની વિગતવાર માહિતી માટે તાનાજી આદિ કેટલાક માનવંતા સરદારોને પોતાની હજુરમાં બોલાવવામાં આવ્યા. તેઓની સાથે ખાનગી મસલત ચલાવતાં મહારાજાએ પૂછયું કે, "આપણા હાથમાં ગોવળકોંડાની કુલ માલમિલ્કત કેટલી આવી હશે?" આ પ્રશ્નથી ઉકત સરદારોએ શ્રીમંત મહારાજા સાહેબને વિનંતિ કરી કે, "આ વિજયમાં રોકડ નાણું લગભગ એક કરોડ, તથા આઠ હજાર ઘોડા, પાંચ હજાર બંદુકો, બસો તોપો અને એકસો હાથી, એ પ્રમાણેની સમૃદ્ધિ ત્યાંથી આપણા હાથ આવી છે." તે દરમ્યાન એક સરદારે ઊભા થઇ બે હાથ જોડી નમ્ર અરજ કરી કે, "કૃપાનાથ ! આ જીતમાં એક અમૂલ્ય રત્ન અમે લાવ્યા છીએ કે જે રત્ન ઇન્દ્રને મળવું પણ અશક્ય છે; અને તે રત્ન આપ નામદાર જનાનારૂપી ભંડારમાં રાખવા કૃપા કરશો એવો અમને પૂર્ણ ભરોસો છે. તે રત્ન ત્યાંના સલામત બાદશાહના શાહજાદાની માનવંતી બેગમ શકીના છે.

તેના લાવણ્યે તો આડો આંક વાળેલો છે. એવું લાવણ્ય નજરે તો ભાળવામાં કયાંથી આવે ? પરંતુ કોઈ સારા શૃંગારના ઉમદા ગ્રંથમાં પણ અમે કોઇએ તે સાંભળ્યું નથી, તેમ તે લાવણ્યનું યથાર્થ વર્ણન કરવા કોઇ સાક્ષર કવિની કલમ પણ શકિત ધરાવી શકે એમ અમે ધારતા નથી. ” વગેરે અનેક ઉપમાઓથી ઉકત શકીનાનું વર્ણન કરતા સરદારો સદ્ધર્મપ્રતિપાલક મહારાજા શિવાજીના મુખારવિંદમાં થતા ભાવાનુભાવનું અવલોકન કરવા લાગ્યા. “ ઠીક છે; સવારે જોઇશું. ” એમ કહી અગાધ કૃપાવંત મહારાજા શિવાજી પોતાના અન્તઃપુરમાં પધાર્યા, અને સરદારો પોતપોતાના નિવાસે ગયા. શયનમંદિરે પર્યંક ઉપર પોઢેલા પ્રતાપશાળી મહાબાહુ શિવાજી એ શકીના માટે સરદારોએ કહેલી હકીકત વિષે અનેક તર્કવિતર્ક કરતા નિદ્રાધીન થયા. પોઢયાને લગભગ બે કલાક થયા હશે એટલામાં પહેરેગીરે ચાર વાગ્યાની “ ઓલ વેલ” પોકારી, એટલે શિવાજી પલંગ ઉપરથી ઊઠયા અને નિયમાનુસાર નિત્યકર્મમાં પ્રવૃત્ત થયા. તે કાર્યની પૂર્ણાહુતિ કરી પ્રતિહારને “આજ દરબાર ભરવો છે.” એવો હુકમ તેમણે ફરમાવ્યો, એટલે પ્રતિહારે પોતાની ફરજ યથાવિધિ બજાવી. સાત વાગ્યા, સરદારો, દરકદારો, ઇજારદારો, અમીરો અને ઉમરાવો આદિ ગૃહસ્થ મંડળથી દરબાર ચીકાર દેખાવા લાગ્યો. તે વખતનો તે ભવ્ય દરબારનો દબદબો જોવાથી જોનાર અંજાઇ જાય એમ હતું “ઘણી ખમા”ના પોકાર વચ્ચે મહાપ્રતાપી શિવાજી મહારાજ પધાર્યા. સરદારોએ રિવાજ મુજબ કુર્નીસો કરી તમામ દરબારીજનોનો મુજરો લઇ મહારાજા પોતે સિંહાસનારૂઢ થયા. તે સમયે ગોવળકોંડાના બાદશાહને



તથા તેના શાહજાદાને ઘણા જ માનમરતબા સહિત બોલાવવામાં આવ્યા. તેઓ આવ્યા બાદ શકીનાને હાજર કરવાનો હુકમ થયો. આ હુકમથી બાદશાહને તથા તેના શાહજાદાને ઘણું જ માઠું લાગ્યું; પરંતુ પરાધીન એટલે નાઇલાજ. આ ઘટનાથી દરબારમાં બિરાજેલા તમામ દરબારીઓના મનમાં ભાતભાતના સંકલ્પવિકલ્પ થવા લાગ્યા. આજ પોતાની જીંદગીની અવધિ પૂરી થઇ માની મહાચંડીસ્વરૂપ ધારણ કરી પોતાનું શિયળ સાચવવાના સાધનરૂપ કટારને સાથે લઇ શકીના ઉકતદરબારમાં ઉપસ્થિત થઇ. તેમ થતાંની સાથે મહારાજાએ હુકમ કર્યોકે, “ શકીનાના શરીર ઉપરનો બુરખો દૂર કરો.” એ હુકમનો અમલ તુરત કરવામાં આવ્યો. શકીનાના મુખચન્દ્રના પ્રકાશથી આખી સભા સંભ્રમિત, મોહયુક્ત બની સદ્ધર્મપરાયણ, જિતેન્દ્રિય અને એકપત્નીવ્રત પાળવામાં રામચંદ્રજી સરખા શિવાજી મહારાજ જેવા પણ ક્ષણવાર મોહ પામ્યા. ત્યાર પછી કેટલીક પળ સુધી શકીના સામે એકદૃષ્ટિએ નિહાળી રહી શિવાજી આ પ્રમાણે બોલ્યા:–“દેવી શકીના! હું દિલગીર છું કે, મારી જીજામામાં તારા જેવી ખૂબસુરતી નથી; તેથી કદાપિ મારો જન્મ તારા ઉદરથી થયો હોત, તો હું મને પોતાને અતિશય ભાગ્યવંત માનત. પણ ખેર. આજથી હું તને જીજાબાને ઠેકાણે સ્થાપિત કરી, ‘ માતુશ્રી ’ એ સંબોધનથી બોલાવી ભાગ્યશાળી થઇશ. દેવી ! આ તારા પૂજ્ય સસરા, અને આ તારા યૌવનનો શણગાર, તારા જેવી શિયળવતીને ઇષ્ટ સમાન આ મહાબાહુ તારો પ્રિયતમ રહ્યો. તેમને ભેટ, અને તારી જે માલમિલ્કત અમે લાવેલા તે તમામ સહ તેમની સાથે તારી રાજધાનીમાં સુખેથી સિધાવ અને

અખંડ સૌભાગ્યવતી રહી સાત પુત્રોની જનેતા થઇ અક્ષયસંપત્તિ ભોગવ; અને તારા પરમ શિયળનો પ્રભાવ ભારતવાસી અન્ય સ્ત્રીવર્ગમાં ફેલાવ." ઉપરપ્રમાણે ભાષણ કરી જે સરદારો શકીના જેવી એક સાધ્વીથી શિવાજી જેવા એક મહા જિતેન્દ્રિય રાજાને લપટાવવા કોશીશ કરતા હતા તેઓને યોગ્ય શબ્દોમાં ઠપકો આપી દરબાર બરખાસ્ત કરવામાં આવ્યો.

જુઓ, જેમ ચંદનવૃક્ષને અનેક સર્પો લપટાયા છતાં ઝેર ચઢતું નથી તેમ સદ્ધર્મપરાયણ શિવાજી મહારાજને તેમના કેટલાક સરદારોએ "વિષયવાંછનારૂપ સર્પોના ઝેર વડે અંકિત કરવા પ્રેર્યા તો પણ એ વિષયરૂપી ઝેર ન ચઢવા રૂપી એકપત્નીવ્રતપાલકનો જાતિસ્વભાવ તેમણે ન તજ્યો.

સોનાને સો વાર જો, તાપે ઘણું તપાય
મૂળ રૂપ મૂકે નહી, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—સુવર્ણને સો સો વાર અગ્નિમાં તપાવવા છતાં પણ પોતાનું મૂળ સ્વરૂપ ન મુકવાનો જાતિસ્વભાવ ન જવા બદલ:—

---

## દ્રષ્ટાંત ૨૪.

પૂર્વે, સત્યયુગની શરૂઆતમાં અયોધ્યાની ગાદીએ મહાપ્રતાપવંત, પ્રજાપ્રતિપાલક, વીરશિરોમણિ, મહાબાહુ સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર નામે રાજા રાજ કરતો હતો. તેણે પોતાના સત્યના પ્રભાવવડે સર્વ મેદનીના પ્રાણીમાત્રનું અતુલિત કલ્યાણ કર્યું હતું. તેને અજાતરિપુના નામથી સૌ ઓળખતું હતું. તે એક-



વ્રત પાળવામાં એકકો હતો. તેના આ પુરુષાર્થની તારીફ ત્રિભુવનમાં ફેલાઇ. એક દિવસે દેવતાઓનો રાજા ઇન્દ્ર દરબાર ભરી બેઠો હતો. તેમાં દેવતાઓ તથા મુનિવરો તમામ હાજર હતા. ત્યાં મૃત્યુલોકમાં કોઇ સત્યવાદી છે? એ વિષેની ચર્ચા ચાલી. તેમાં વસિષ્ઠ મુનિએ હરિશ્ચંદ્રને સત્યવાદી તરીકે ઓળખાવ્યો. તે સાંભળી મહામુનિ વિશ્વામિત્રને એ વાત રુચિ નહિ, તેથી તેમણે હરિશ્ચંદ્ર ઢોંગી છે અને ધર્મધ્વજ છે, એ સાબીત કરી આપવા સખ્ત પ્રતિજ્ઞા કરી તે ભૂલોક પ્રત્યે આવ્યા. આવીને પ્રથમ પોતાને યજ્ઞ કરવો છે, એ નિમત્તે લક્ષભાર સુવર્ણ જોઈએ છે. એ માટે પોતાના શિષ્યોને હરિશ્ચંદ્ર પાસે યાચના કરવા મોકલ્યા. તેમની માગણીથી લક્ષભાર સુવર્ણ આપવા રાજાએ વચન આપ્યું. તે વેળાએ મહામુનિ ત્યાં પધાર્યા અને આપેલું સુવર્ણ મારે જોઇશે ત્યારે યજ્ઞ વેળાએ લઇ જઈશ, ત્યાં સુધી રાજ્યમાં થાપણ રાખશો" એમ કહી મુનિવરે એક અપ્સરા ઉત્પન્ન કરી, તેને હરિશ્ચંદ્ર રાજાનું એક પત્નીવ્રતપણું મુકાવવા આજ્ઞા કરી. ઉક્ત અપ્સરાએ આજ્ઞાનુસાર વર્તન કર્યું; પરંતુ તેમાં તે નાસીપાસ થઇ, તેથી મુનિવરને ક્રોધ ચઢયો. "આ સ્ત્રી નાસીપાસ કેમ કરી," વગેરે શબ્દો કહી તેણે રાજાને ડરાવ્યો, પરંતુ રાજા તેથી ન ડરતાં પોતાના એ પવિત્ર વ્રતમાં અડગ રહ્યો, એમ જાણી મુનિવરે રાજા પાસે રાજની યાચના કરી. સત્યવાદી રાજાએ મુનિની એ યાચના સફળ કરી; અર્થાત્ સમગ્ર રાજ સમૃદ્ધિ મુનિને સમર્પણ કરી, પોતે સંન્યાસીરૂપે પોતાની ધર્મપત્ની તારા તથા કુમાર રોહિત સાથે વિદેશગમનાર્થે નીકળ્યો, તેમને નીકળતાં અટકાવી પેલું થાપણ રાખેલું સોનું મુનિએ માગ્યું. રાજાએ કહ્યું કે " એ સોનું રાજ્યમાં થાપણ છે અને જ્યારે

તમામ રાજ્ય મેં આપને સમર્પણ કર્યું છે ત્યારે થાપણ મુકેલા સુવર્ણનો સમાવેશ પણ તેમાં જ થઇ જાય છે." પણ મુનિને તો ગમે તે રીતે રાજાના સત્યવાદીપણામાં વિક્ષેપ નાખવાનો જ વિચાર હતો, એટલે તે વાત તેઓએ કબૂલ કરી નહિ. જ્યારે અત્યંત આગ્રહ છતાં મુનિએ એકે વાત કબૂલ કરી નહિ, ત્યારે નિરુપાયે રાજાએ કહ્યું કે, " આપના કોઇ શિષ્યને મારી સાથે મોકલવા કૃપા કરો કે જેને હું ગમે તે ઉપાયે પણ મારી પાસે જે સુવર્ણ આપનું થાપણ છે તે હું આપીશ. " એ વાતથી સંતુષ્ટ થઈ વિશ્વામિત્રે પોતાનો નક્ષત્ર નામે શિષ્ય હતો તેને સાથે મોકલ્યો. માર્ગમાં ઉકત નક્ષત્રે રાજાને દુઃખ દેવામાં કોઇ જાતની પણ કચાશ રાખી નહિ; તેમ મુનિવર વિશ્વામિત્રે પણ પોતાની કપટવિદ્યાના બળવડે રાજાના સત્યવાદીપણામાં વિઘ્ન નાખવા કોઇ પ્રકારે કચાસ રાખી નહિ. ભૂત, પિશાચ આદિ ઉત્પન્ન કરી ભય ઉપજાવવો; ગેબી અગ્નિ ઉત્પન્ન કરી ત્રાસ દેવો; પ્રલયકાળના જળપ્રવાહો બતાવવા; જમીનના પડદાને ઉથલપાથલ કરી નાખે તેવા પવન વવરાવવા; પહાડોનાં શિખરે શિખર તોડી પાડી મહાભય ઉત્પન્ન કરવો; ઇત્યાદિ આચરણોથી પણ પોતાના વ્રતમાં અડગ રહી રાજા કાશીક્ષેત્ર કે જ્યાં ત્રિભુવનનાથ ત્રિપુરારિ સાક્ષાત્ સ્વયંભૂરૂપે વિરાજે છે, તથા પતિતપાવની ગંગા જે સ્થળે વહે છે, તે પવિત્ર સ્થળે રાજા આવી પહોંચ્યો. પોતાના સત્યના માટે ક્ષત્રિયને ન છાજે તેવાં અધમ આચરણો જેવાં કે પત્ની અને પુત્રનો નીચ ઘેર વિક્રય કર્યો, તથા પોતે પણ એક ચાંડાળને ત્યાં વેચાયા; એવાં આચરણથી પણ મુનિના ઋણથી મુકત થઇ, જગતને પોતાનું સત્ય તેમણે પ્રત્યક્ષ બતાવ્યું.



જુઓ, જેમ સુવર્ણને અનેક વખત તપાવવા છતાં પણ તે પોતાનું મૂળ સ્વરૂપ ન મુકે, તેમ રાજા હરિશ્ચંદ્રને મુનિ વિશ્વામિત્રે અનેક વખત દુઃસહ દુઃખ દીધું છતાં પણ પોતાનો સત્ય ન તજવાનો મૂળ સ્વભાવ પોતે ન તજ્યો.

### દોહરો.

સ્વરૂપ સોનાનું ધરી, પિત્તળ પીળું થાય;
તાપ દીધે બદલે તુરત, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—સુવર્ણનું સ્વરૂપ ધારણ કરી કદાપિ પિત્તળ પીળું થાય; પણ અગ્નિમાં નાખવાથી તુરત જ બદલાવાનો તેનો જાતિસ્વભાવ ન જવા બદલ:—

---

### દૃષ્ટાન્ત ૨૫

પૂર્વે ઉદેપુરના તખ્તે બિરાજેલા રાણાજીએ એક વખત પોતાના રાજદક્ષ પ્રધાનને પૂછ્યું કે, હીરો "ક્યાં નીપજે ?" ત્યારે પ્રધાને જવાબ આપ્યો કે, 'અન્નદાતાજી ! આપ હિન્દના સાળિગ્રામ કહેવાઓ છો. વળી હિન્દુસ્તાનમાં આ ગાદી મહાન પ્રતાપી હોઈ, જે જે રાજાઓ થએલા છે તે તે મહાન બુદ્ધિશાળી અને સર્વગુણસંપન્ન ગણાયા છે, અને આપ પણ તે જ પ્રમાણે મહાવિચક્ષણ છો, એટલે કેવા પ્રકારના ભાવથી શ્રીમુખે ફરમાવતા હશો તે હું કાંઇ જાણવા સમર્થ નથી; પરંતુ સ્વાભાવિક અરજ ગુજારૂં છું કે, હીરો પોતાની ખાણમાં નીપજે."

"ત્યારે શું ઊકરડેથી રત્ન પારખી લેવું એ કથની ખોટી હશે ?" મેવાડના પ્રતાપી માર્તંડે જરાક ભાર દઈને પુનઃ પ્રશ્ન કર્યો.

"પુરાતન કથનીને ખોટી તો શી રીતે કહી શકું ? પરંતુ ઊકરડામાં તો દુર્ગંધ જ હોય. ત્યાં રત્ન હોવાનું ક્યાંથી સંભવે?" પ્રધાને સવિનય કહ્યું. "ત્યારે હું તમને ઊકરડાનો પ્રત્યક્ષ દેદીપ્યમાન હીરો બતાવું તો તમો શું હારો છો?" રાણાજીએ વિશેષ ભાર દઇને ફરમાવ્યું. "અન્નદાતા ! આપથી તો હું શી રીતે જીતી શકું ? પરંતુ તેમ બને તો હું આપનો તાબેદાર ફરમાન મુજબ શિક્ષા માટે તૈયાર છું." પ્રધાને બેધડક નિશ્ચયાત્મક હિમ્મતવાળો જવાબ આપ્યો.

મહાત્માશ્રી તુળસીદાસજીએ રામાયણમાં કહ્યું છે કે—

દોહરો.

સચિવ વૈદ્ય ગુરુ તીનનો, પ્રિય બોલહિ ભય આશ;
રાજ ધર્મ તનુ તીનકો, બેગહિ હોઇ બિનાશ.

આપણા આ મહારાણાનો પ્રધાન "ઠકુરસુહાતિ" કહેનાર ન હતો. ઉપરની હકીકત સાંભળી મહારાણાને તે બાબતની પુષ્કળ ચીડ થઈ; અને ત્યારથી જ તેના ચિત્તમાં સચોટ ચીવટ રહી કે, "જરૂર પ્રધાનને અમુક વખતે ઊકરડાનો હીરો બતાવવો." એમ નિશ્ચય કરીને તેણે ફરમાન કર્યું કે, "ઠીક, મોકો આવ્યે હું જરૂર તમને તે હીરો બતાવીશ."

દરમ્યાન તુરત જ પોતાના રાજદરબારમાં રહેનારી એક બાંદીને બોલાવી તેમણે તેને ફરમાન કર્યું કે, "ક્યાં છે તારો હીરો ?" "ગરીબ નિવાજેશ, અન્નદાતાશ્રી ! હાજર છે આપની સેવામાં જ. શી આજ્ઞા છે હજુરની ? સમસ્ત ભારતના શણગાર પૃથ્વીનાથને ઘણી ખમા. આ રહ્યું મુજ ગરીબનું નીવડતું રત્ન !"



હીરાની સ્વરૂપાકૃતિ જોઇને રાણાજી પ્રથમ જ મોહિત થયા હતા, અને ખાસ તે કારણને લઈને જ પોતાના પ્રધાન સાથે પોતે ઉપરનો વિવાદ ચલાવ્યો હતો. પ્રધાન આજ્ઞા લઇ પોતાને નિવાસે ગએલા હતા; નહિતર તે વખતે જ હીરાને ઓળખાવવાની પોતાની મહાકાંક્ષા હતી. દૈવસંજોગે રાણાજીના હૃદયમાં સૂઝ્યું કે, "ઠીક, હમણાં તો હવે તે બાબતની વાત સરખી પણ ચલાવવી નથી, પરંતુ અમુક લાંબા વખત પછી તેની રહેલી કચાસ નીકળી ગયે પ્રધાનને બતાવી પછી તે હીરાને જાહેરમાં મુકશું." રાજા દરેક પ્રકારે સત્તાધીશ છે, એટલે અમુક વસ્તુઓમાં ગમે તેવો ફેરફાર કરી શકે છે, પરંતુ કુદરતમાં ફેરફાર કરવા કોણ સમર્થ છે ? જે વસ્તુ સ્વાભાવિક કુદરતી રીતે ઉત્પન્ન થઇ તે તો ગુણસ્વભાવે તે ને તે જ કાયમ રહે.

હીરાની ઉમ્મર દશથી બારેક વર્ષની છે, અને તેટલી જ ઉમ્મરવાળો પોતાને એકનો એક યુવરાજ કુંવર છે. અત્યાર સુધી રાજકુંવર તથા હીરો એક સાથે રહીને જ ઉછરેલા છે, પરંતુ લાડકોડ પૂરા પાડવામાં તો જોઇયે તેટલું ન્યૂનાધિકપણું જ રહેતું હતું. હવે પછી રાણાજીનો ખાસ આગ્રહપૂર્વક હુકમ થયો કે, "જે પ્રમાણે યુવરાજકુંવરની બરદાસ રાખવામાં આવે તે પ્રમાણે જ હીરાની બરદાસ થવી જોઇએ." અનુચરોએ તે હજુર હુકમ શિરસા વંદનીય કર્યો; કારણ કે, "છાંદા અણરા વેહિયે, વસિયે જણ રે વાસ" એ પ્રમાણે રાજાને ગમી તે રાણી અનુચરોએ પણ જાણી લીધી. ઉપરની હકીકતને લગભગ પાંચ છ એક વર્ષ વ્યતીત થયાં એટલે રાણાજીએ પ્રધાનને પુનઃ પ્રશ્ન કર્યો કે, "હીરો ક્યાં થાય?" પ્રધાને કહ્યું કે, "અન્નદાતાશ્રી! સુમેરુ શિખર જેવા ગહ્વરમાં કોઇક

જ પર્વતના કક્ષપ્રદેશે હીરો પાકે છે, અને તે હીરો તો બહુ જ દુર્ગમ હોવાથી દુ:ખે કરીને જ મનુષ્યને પાત્ર થાય છે. “ ઠીક ત્યારે. જો આ હું કહેતો હતો તે જ હીરો કે કોઈ બીજો ?” રાણાજીએ અત્યંત આતુરતાથી ભાર દઈને કહ્યું.

“અન્નદાતા ! ઓપ હદ બહારનો ચઢાવેલો છે; પરંતુ હું કહું છું અગર માનું છું તેને ઓપ તો બીલકુલ ન જ ચઢાવવો પડે,” પ્રધાને માર્મિક જવાબ આપ્યો. “શું આ ઊકરડાનો હીરો નહિ?” રાણાજીએ શંકા થયા જેવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો. “પૃથ્વીનાથ! હું ક્યાં તેને પહાડપ્રદેશનો કહુ છું અગર માનું છું?” પ્રધાને સમાધાન જેવું જ કર્યું. આપણો ચાલુ વાર્તાનો અમુક દરજ્જાનો પાત્ર હીરો તો રાણાજીના ઇશારા માત્રથી જ રાણાજી પાસે આવતા પ્રધાનને ભેટીને રાજ્યભવનમાં ગયો હતો.

થોડાક દિવસો વીત્યા બાદ એક વખત યુવરાજકુંવર પોતાના ખાનગી નિવાસમાં સુખથી જ બિરાજમાન થયા હતા, તેવામાં હીરાએ ત્યાં જઇ સવિનય સલામ કરી જરાક દૂર સામું જ આસન લીધું. ભેગા નાનાથી મોટા થએલા અને એક જ લાડકોડથી ઉછરેલા તે બેઉ વચ્ચે પરસ્પર વાતચીત કરવામાં જરા પણ સંકોચપણું તો રહ્યું જ ન હતું. હીરાએ કહ્યું કે, “કૃપાનાથ! ક્યાં સુધી બેસી રહેશો? પિતાશ્રી તો હવે વૃદ્ધ થયા એટલે તેમની બુદ્ધિમાં તો ઘેલછારૂપ વિકાર થયો છે; માટે મને તો કાંઇક રાજ્યમાં આડુંઅવળું થઈ જવાની ધાસ્તી રહે છે, માટે વેળા છતાં પિતાને પાઈ દો મીઠું જળ, અને લો રાજ્યાધિકાર આપના હાથમાં; નહતિર અધિકારીઓ રાજ્યની મર્યાદા જરૂર બગાડશે, અને તેથી કરી આપને પણ પાછળથી વિમાસવું પડશે.”



યુવરાજ તો આ સાંભળી દિઙ્મૂઢ જ બની ગયા કે, “ આ હરામખોર શું બકે છે ? આ તે હીરો કે પથ્થર ? અગર વીંછીએ ડંખ મારેલું સોમલ ? ’ હૃદયમાં રોષને રોકીને યુવરાજે શાન્ત મિજાજે કહ્યું કે, “હીરા! એ તો બધું ઠીક છે; પણ હું કદાચ તારા કહેવા પ્રમાણે કરૂં અને તું કદાચ ફૂટીને વેગળો રહે, તો પછી મારા શા હાલ થાય ? ” “અન્નદાતા ! લાવો લેખ કરી આપું.” હીરાએ અદબપણાની આતુરતા દર્શાવી. “લે ત્યારે આ પત્ર” એમ કહી યુવરાજે પત્ર તેના હાથમાં મુકયો. હીરાએ “ આપ વૃદ્ધ પિતાનો નાશ કરો અને હું આપનો જીંદગી સુધીનો અનુગામી” વગેરે પોતાની અધમતાનો લેખ લખ્યો, એટલે યુવરાજે તે પત્ર લઇ પોતાની જેબમાં મુકયો, અને તુરત જ પોતાની ચાબુક સામી નજર ફેંકીને હાથમાં લઇ હીરાના સુકોમળ શરીર ઉપર વીસપચીસેક ફટકા માર્યા, પછી તેમણે ક્રોધભેર કહ્યું કે, “ચાલ્યો જા, કર્મચંડાળ, અહીંથી, અને હવે પછી તારૂં કાળું મોઢું મને કોઇ વખત ન બતાવીશ. એક ક્ષણિક સુખને માટે શું તું મને પિતૃહત્યારો બનાવવા કોશીશ કરે છે ? દુષ્ટભાગી ! જા સત્વર અહીંથી, નહિ તો જાનથી મારી નાખીશ.” વાઢયા કાને કૂતરૂં નાસે તેમ હીરો ત્યાંથી જીવ લઇ નાસી છૂટયો. પરંતુ ચામડી રંગ ઝીલતી નથી; કારણ કે, ચાબકાના પ્રહારનું રકત રોમેરોમ બંધાઇ ગયું છે.

એ વાતને થોડાક જ દિવસ વીત્યા બાદ “ બાપજી ! હું તો પગરખાં ઊપાડનાર આપનો ગુલામ છું, એટલે મેં મારા દુષ્ટ સ્વભાવને લઇને દુષ્ટ બુદ્ધિ આપ સમક્ષ જાહેર કરી, પરંતુ આપ તો સાક્ષાત્ દેવમૂર્તિ છો, માટે મારો સર્વ અપરાધ

ક્ષમા કરો, " અને હીરાએ પોતાની ગુલામભાવના દીન વાણીથી જાહેર કરી. દૈવી પ્રકૃતિવાળા યુવરાજે મંદહાસ્ય વાળે ચહેરે પૂછ્યું કે " હીરા, કેમ આવ્યો પાછો ?

હીરાએ કહ્યું કે, " આપજી આપનું કાસદિયું કરવા. વળી વિશેષમાં હું પતિત છું અને આપ પતિતપાવન છો "

" ઠીક નીચો બેસ. અત્યારે તું ક્યાંથી આવ્યો ? ગુનો માફ કરવાની સહેજ રુચિ જણાવી યુવરાજે પ્રશ્ન કર્યો.

અહા ! સજ્જન પુરુષો ! આપની ક્ષમાને હજારવાર ધન્યવાદ છે; અને હે દુર્જન પુરુષો ! તમારી અધમતાને હજારવાર ધિક્કાર છે. કોઈ કવિએ કહ્યું છે કે—

### દોહરો.

ઉત્તમ મધ્યમ અધમ નર, પાહન સિકતા વારી,
પ્રીત અનુક્રમ જાણીએ, વ્યતય વૈર વિચારી.

ભાવાર્થ—ઉત્તમ પુરૂષની પ્રીતિ પથ્થરમાં લીટા જેવી છે, અર્થાત્ તે કદિ પણ ન ભૂંસાય; મધ્યમ પુરુષની પ્રીતિ રેતમાં લીટા જેવી છે, અર્થાત તેના ઉપર કોઈનો પણ પગ ન આવે ત્યાં સુધી તે રેતીનો લીટો કાયમ રહે. હવે અધમ પુરુષની પ્રીતિ જળમાં લીંટા જેવી છે. હવે વૈરને ઉલટાવીએ એટલે ઉત્તમ પુરુષનું વેર જળમાં લીટા જેવું છે, અર્થાત જળનો લીટો કરીયે ત્યાં સુધી જ, પછી નહિ; મધ્યમ પુરુષનું વેર રેતીમાં લીટા જેવું છે, અને અધમ પુરુષનું વેર પથ્થરમાં લીટા જેવું છે.

અધમ હીરાએ કહ્યું કે, "આપજી નવાં માજીના અન્તઃપુરમાંથી આવ્યો. માજી આપની ખુશી પૂછતાં હોઇ આપને યાદ કરે છે.



અને તેની સાથે તેમણે કહ્યું છે કે, 'કુંવરજી હવે મને બોલાવવા સારૂ શાને માટે આવે ? કારણ કે, મોટા થયા એટલે સ્વાર્થબુદ્ધિ સૂઝી.' " બસ આટલું જ કહી હીરાએ હાથ જોડી રજા માગી.

સજ્જન પુરુષનું હૃદય અરીસા જેવું નિર્મળ હોય છે, અને તે પારકા દોષો તરફ લક્ષ આપતો નથી; અને અપકારી ઉપર પણ સ્વાભાવિક કૃપાદૃષ્ટિ રાખે છે. તે છતાં પણ અધમ તો પોતાની અધમતા ચૂકતો જ નથી. અધમ હીરાના ગયા બાદ યુવરાજના હૃદયમાં નવાં માજી માટે શંકાએ સ્થાન લીધું કે, " માજી સાહેબ હીરા સમક્ષ મારા માટે શા સારૂ આટલું બધું બોલ્યાં હશે ? ચાલ, સત્વર જાઉં અને મારો અજાણે અગર સ્વપ્ને પણ અપરાધ થયો હોય તો હું માજી રૂબરૂ જઇ ક્ષમાયાચના કરૂં." એમ નિશ્ચય કરી, આપણા નિખાલસ હૃદયના યુવરાજ કુમાર સાહેબ નવાં માજીના મહેલે પધાર્યા. સમય લગભગ રાતના આઠ વાગ્યાનો હતો, અને દોઢીદરવાજા બંધ થઇ ગયા હતા.

અહીં ઊકરડાનો ઓપેલો હીરો નિસ્તેજ ચહેરે રાણાજીના આવાસમાં આવ્યો, અને ફિક્કે મોઢે નીચતાનું નમન કરી સામો બેઠો.

મહાત્મા તુલસીદાસજીએ કહ્યું છે કે, ધનુષ્ય, અંકુશ, સાપ અને બિલાડીની માફક નીચની નમ્રતા અત્યંત દુઃખદાયી ગણાય છે. " હીરા ! કેમ આજ જાણે તું ઝંખવાણો પડ્યો ? " રાણાજીએ હીરાની ફિક્કાશ જાણવાની આકાંક્ષા બતાવી. પરંતુ હીરો શાનો જવાબ જ વાળે ? કારણ કે, તેને તો પોતાનું પોત પ્રકાશવું હતું.

" કોઇ દિવસ નહિ અને આજે તું મારા સમક્ષ મૂગે મોઢે

કેમ બેઠો છે ? " હીરાનું હૃદય જાણવા માટે રાણાજીએ પુનઃ વિશેષ આતુરતા બતાવી. "બાપજી ! મારી ગોઝારી જીભ ઊપડતી નથી. એટલે હું શી રીતે બોલું ? " હીરાએ રાણાજીને પોતાનું એક પક્ષી માની પાશ નાખવાનું મંગળાચરણ કર્યું. " અલ્યા! છે શું ? જવાબ તો આપ !" રાણાજીએ સાશંક પૂછયું. " બાપજી ! ન કરવા જેવી વાત હું આપ સમક્ષ શી રીતે કરી શકું ? " હીરાએ પાશ ફેલાવવાની યુકિત કરી.

" અલ્યા ! શી ન કરવા જેવી વાત ? અને તું આ શું બોલે છે ? જે હોય તેનો જલદીથી ખુલાસો કર. " રાણાજીનું હૃદય હીરાએ હલમલાવી મુકયું. " બાપજી ! ધરતી માગ દે તો હું જાતે જ જીવતો અંદર સમાઈ જાઉં: કારણ કે, મારાથી અઘટિત અને અયુકત રચના જોઇ શકાતી નથી, તેથી શરમીંદો થઇ આપની પાસે આવ્યો છું. " હીરાએ ભૂલવણીરૂપ કુંવરજીનો પણ મૃત્યુપાશ તૈયાર કર્યો. "

"અલ્યા ! શી અઘટિત વાત ? જલદી બોલ. મારા સમક્ષ જાહેર કર." રાણાજીએ અનેક પ્રકારના શંકાશીલ હૃદયે અત્યંત ઉતાવળથી પૂછયું. "બાપજી! મારાં નવાં માજી સાહેબને અને કુંવરજીને આડો વ્યવહાર છે." હીરાએ પોતાનો પહેલો પાશ પહોળો કરી માત્ર દોરી ખેંચવાનું કામ બાકી રાખ્યું. " હેં ! હેં ! ! અલ્યા શું બોલે છે ? ગજબ થયો ! શું તેં પાળક સાથે પ્રજાને આડે રસ્તે જોઇ ?" રાણાજી એકાએક હીરાનું કહેવું સાચું માની સક્રોધ ગાભરા બની ગયા. " બાપજી ! હું તે તરફ થઇને જ આવું છું. મારા અન્નદાતા ! હમણાં ને હમણાં જ ત્યાં જઈ જાતે તપાસ કરાવશો." હીરાએ રાણાજીને ફસાવી પાશની દોરી જોરથી ખેંચી.



અહીં કુંવરજી હીરાના કહેવા પ્રમાણે મુજરો માલૂમ કરાવી, નવાં માજીના નિવાસે પધાર્યા. કુંવરજી અનાયાસે અણચિંતવ્યા એકાએક આવ્યા જાણી, માજીએ કુશળ પૂછી તેમનું સ્વાગત કર્યું. થોડોક સમય મૂગે મોઢે વ્યતીત થયો, એટલે કુંવરજીને વિચાર થયો કે, "મને માજીએ યાદ કર્યા છતાં તે કેમ કંઇ કારણ જણાવતાં નથી ?" અને માજીને વિચાર થયો કે, "કુંવરજી અત્યારે અણધાર્યા શા હેતુથી પધાર્યા હશે ? મને કેમ પોતાના મનનો વિચાર જાહેર કરતા નથી ? 'વ્હાલા વત્સ' શા વિચારમાં ગરકાવ થયા છો ? તમે પુત્ર થઇ આટલો બધો કેમ સંકોચ ધરાવો છો ?" માજીએ વાત્સલ્યભાવ જાહેર કર્યો.

"માજી! પ્રથમ પૂજ્ય આપને જ માનું છું. છતાં શિશુવત્સનો અજાણપણે કાંઈ અપરાધ થયો હોય, તો હું તેને માટે ક્ષમાયાચના કરૂં છું." કુંવરજીએ પોતાને હીરાએ કહેલી હકીકતનો ભાવાર્થ જાહેર કર્યો.

"પ્રિય પુત્ર અપરાધ શો અને વાત શી ! !" માજીએ આશ્ચર્યજનક પ્રશ્ન કર્યો. "પ્રપંચ ! માજી ! પ્રપંચ ! પેલા કમજાત હીરાએ આજે મને ભોળાને ભૂલ ખવડાવી છેતર્યો, તેથી હવે પછીનું પરિણામ બહુ જ ભયભીત અને વિચિત્ર ધારૂં છું. " એ પ્રમાણે પશ્ચાત્તાપ કરી સખેદ ચહેરે આજ્ઞાંકિત યુવરાજે તુરત રજા માગી. અહીં હરામખોર હીરાના પ્રપંચપાશમાં ફસાએલા રાણાજીએ આજ્ઞા કરી કે, " દોઢી દરવાજાની ચાવીઓ સહિત પુરોહિત જલદી અહીં આવવો જોઇએ."

ઘણા ભાગે રાજા કાનશૂરા જ હોય છે. તેથી સાહસ કરી નાખવામાં તેઓ જરા પણ વાર લગાડતા નથી.

સાંભળવામાં આવ્યું છે કે, એ રાજ્યમાં એવો નિયમ છે કે, રાત્રે આઠ પછી દોઢીદરવાજા બંધ થઇ ચાવીઓ પુરોહિતને ત્યાં રહે, અને તે ચાવીઓ મોટે પરોઢિયે પાછી આવે. તેની વચમાં કાયદાનું ઉલ્લંઘન થાય તો પુરોહિતનું માથું ધડથી નીચે પડયા વિના ચાવીઓ ખુદ રાણાજીને પણ ન જ મળી શકે.

રાણાજીનો હુકમ પુરોહિત પાસે જઇ પહોંચ્યો. એટલે પુરોહિતે ચાવીઓ વગર હાજર થઇ મસ્તક નમાવ્યું એટલે તુરત જ તે ધડથી જુદું પડ્યું.

ચાવીઓ આવી અને નિરપરાધી યુવરાજના અકાળ મૃત્યુએ નિષ્પાપ તાળું ઊઘાડયું. તેની સાથે જ દરવાજાનાં કમાડ ' હું શું ઉં ઉં ઉં....કરૂં ' એ પ્રમાણે અવાજ કરતાં બેઉ એક રાહે ખુલ્લાં થયાં એટલે તુરત જ રાણાજી અંદર પધાર્યા. એટલામાં તો કુંવરજી એજ રાહે થઇ પધારતા હોઇ પોતાના પિતાને સામા આવતા જોઇ, પોતે નિષ્કપટ વંદના માટે પોતાનું દિવ્ય મસ્તક સુવૃક્ષના ફળની માફક નમાવ્યું. હવે વર્તમાન કલમ આગળ ચાલતાં કંપે છે. છતાં પણ હરામખોર હીરાના જેવી કમકમાટભરી અતિ વિચિત્ર રચના પોતાના સ્વભાવ પ્રમાણે લખી નાખવા આગળ ધસે છે. અફસોસ ! ગેરસમજનું માઠું જ પરિણામ. ચાક ઉપર ચઢેલો પિંડ જેમ રજ્જુચ્છેદ થતાં જુદો પડે, તેમ નિર્દોષ યુવરાજનું મસ્તક જળમચ્છની માફક વિયોગી થયું. આ ન જોઇ શકાય તેવી મહાન ગજબ ગુજારનારી કરુણાજનક રચના યુવરાજનાં પરમ પવિત્ર નવાં માજીએ જોઇ, અને જોતાંની સાથે જ તેઓ ભયંકર ચંડીસ્વરૂપ ધારણ કરી આગળ ધસ્યાં, અને કમજાત હીરાએ



લખી આપેલો નિમકહરામી લેખ કુંવરજી હસ્તક પોતાને પ્રાપ્ત થયો હોઇ રાણાજી આગળ ભાલપ્રદેશને હણતા પથ્થરની માફક ફેંકયો. અત્યંત અઘટિત લેખ વાંચીને રાણાજી મૂર્છિત થઇ જમીનદોસ્ત થયા. "મહારાણા, તેં ગજબ ગુજાર્યો, અને આ અખિલ મહારાજ્યને કાળા મુખવાળું કરી નાખ્યું."

કાચના કુપ્પાની માફક પોતાનું સૌભાગ્ય તૂટી પડતાં યુવરાજની બે ધર્મપત્નીઓ કુરરીઓની માફક આક્રંદ કરતી ત્યાં આવી શ્રદ્ધાપૂર્વક પતિ સાથે ભસ્મીભૂત થવા તેમણે ચંડીઓનું સ્વરૂપ ધારણ કર્યું.

ધર્મપત્નીઓએ પોતાના અતિ સૌંદર્યવાળા પણ નિસ્તેજ થએલા કેશપાશ ખુલ્લા કર્યા, એટલે રાણાજીએ પોતાના કંપતા હાથ ધરતી ઉપર પછાડી શાહીવરણે મોઢે ઊંધું ઘાલ્યું. ધર્મપત્નીઓએ ધણીના લોહીથી શરીર રંગ્યાં, એટલે રાણાજી સર્વાંગે શાહીવરણા થયા.

" ક્ષમા કરો ! દેવીઓ ! ક્ષમા કરો ! હું હરામજાદા હીરાના ભરોસે ભોળવાઇને ખરાબ થયો. મારી બદનક્ષી થવામાં હવે કાંઇ પણ બાકી રહ્યું નથી. અરે ! ઓ પ્યારા પ્રધાન ! તારો હીરો જ સાચો ! " ઇત્યાદિના અનેક કરુણાપોકાર પુત્રવધૂઓ સમક્ષ રાણાજીએ કર્યા. પરંતુ મૃત્તિકાનો કાચો ઘડો ફૂટી ગયો તે પુનઃ શી રીતે સંધાય?

આજથી ઉદેપુરની ગાદીએ પુત્રરત્નનો અભાવ જ રહેશે, એવો શાપ આપી પોતાના પતિ સાથે ધર્મપત્નીઓ સતી થઇ.

જુઓ, જેમ સોનાનું સ્વરૂપ ધારણ કરી પિત્તળ પીળું થાય

તેમ બાંદીજાયો હીરો કર્મસંજોગે ઉદેપુર મ્હારાણાના યુવરાજ-કુમારની હરીફાઇમાં આવ્યો, છતાં પણ પોતાની બદનક્ષીથી કુંવરના સહજ ક્રોધરૂપી તાપથી બદલાઈ પોતાની અસલ ઓખાત ઉપર આવવાનો પોતાનો જાતિસ્વભાવ તેણે ન તજ્યો.

સજ્જન કવિએ કહ્યું છે કે—

### દોહરો.

સજ્જન સબ જગ સરસ હૈ, જબ લગ પર્યો ન કામ,
હેમ હુતાશન પરખીએ, પીતર નિકસ્યો શ્યામ.

### સવૈયા મત્તગયંદ છંદ—

કુન્દ સો કસ કાઢી સવારી ઘરી ઘરી સુંદર ઘાટ ઉજાસ્યો,
કારીગરી કમનીય કરી જયસિંહ ધરી કર તાહી તપાસ્યો;
શંક મિટાવન રંચક બેર હુતાસ તપાય બહાર નિકાસ્યો,
પીતર હૈ પહિચાન ભયી તબહી જબહી નિજ પોત પ્રકાસ્યો.

### દોહરો.

દૂધ અર્કનું દેખતાં, અતિ ઉજ્જવળ દેખાય,
પણ પીતાં પીડા કરે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થઃ—આકડાનું દૂધ જોતાં તો અત્યંત ઉજ્જવળ જણાય છે; પરંતુ તે પીવાથી તેનો પીડા કરવારૂપ જાતિસ્વભાવ ન જવા બદલઃ—

---

## દૃષ્ટાન્ત ૨૬.

એક છિલ્લર તળાવના કિનારા ઉપર "કીચકિરીટ" નામનો બગલો રહેતો હતો. તે સ્વકર્મવડે જ પોતાનું ઉદરપોષણ કરતો હોઇ હંમેશાં મસ્ત ને મસ્ત આમતેમ તળાવની આજુબાજુ ચોગરદમ ફરતો હતો, અને અન્ય પક્ષીઓ પાણી પીવાની આશાએ તે તળાવમાં ચાંચો બોળવા આવતાં તેને પહોંચી શકે ત્યાં સુધી નડતો હતો. તેના મનને એમ વિચાર થયાં કરતો હતો કે, "રખેને આ આવનારાં અન્ય પક્ષીઓ મારો ખોરાક ખુટાડી નાખે" તે શંકાથી તે આવનાર પ્રત્યેક પક્ષીને પોતાની ચાંચોના પ્રહાર કરતો હતો.



અહા! પક્ષીઓમાં પણ માત્ર ઉદરનિમિત્તે કેવી સ્વાર્થબુદ્ધિવાળી ઇર્ષા ફેલાઇ રહી છે?

મહાત્મા તુળસીદાસજીએ કહ્યું છે કે—

### દોહરો

જીવ જીવકે આશરે, જીવ કરત હૈ રાજ,
તુલસી રઘુવર આશરે, કયું બિગડેગો કાજ.

એ મુજબ અનેક શીખામણો મળતાં છતાં પણ મનુષ્યજાતિ ન સમજે તો પછી પક્ષી કે જે ઊંઘ, આહાર, ભય અને મૈથુન એ ચાર પ્રકારનું માત્ર જ્ઞાન ધરાવે છે તે કયાંથી સમજે? મનુષ્યને તો પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય તથા તેની સાથે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર સાધન વિદ્યમાન છે. છતાં પણ મનુષ્ય આડે રસ્તે દોરાય છે. તો પશુ, પક્ષી, આદિ અવાચક પ્રાણીનો શો દોષ?

પરંતુ આ તો પરોક્ષવાદ વડે એકને ઉદ્દેશી બીજાને સમજાવવા સારૂ વર્તમાન હકીકત ચાલુ કરવામાં આવે છે કે, આપણી મૂળ વાર્તાનો નાયક બગલો નામે કીચકિરીટ એક વખત પોતાની

માનીતી માદા સાથે આસમાનની સહેલ કરવા નીકળ્યો કે જે શૂન્ય મંડળમાં સૂર્ય, ચંદ્ર આદિ અપાર નક્ષત્રાવળિ સહિત સપ્તવર્ણનો સમાવેશ થએલો છે.

ક્રીચકિરીટ અભ્યન્તરવાળું વિશાળ વાતાવરણ ભેદી થાકી ગયો એટલે પોતાની માદાને કહેવા લાગ્યો કે, તું "તારા પીઠપ્રદેશ ઉપર મને જરાક વિશ્રાન્તિ આપ."

"સ્વામીનાથ ! સ્વાશ્રમે પધાર્યા વિના ક્યાં છે વિશ્રામ ! ઠીક; પાંખનું જોર કમતી રાખો અને ઊતરો આસ્તે આસ્તે નીચે," માદાએ પોતાના પીઠ પ્રદેશનો જરાક આશ્રય આપી યુક્તિભર્યો જવાબ વાળ્યો.

અરધે રસ્તે આવતાં મુક્તમણિ નામનો હંસ તેની નજરે પડ્યો. તેને ક્રીચકિરીટે પૂછ્યું કે, "ભાઇ ! આજે એકાએક ક્યાં સિધાવો છો ? ચાલો અમારા રમણીય નિવાસે કે જ્યાં તમને ખૂબ મજા પડશે."

મુક્તમણિએ કહ્યું કે, "ભાઇ ! તમારે અને મારે ક્યાંની ઓળખાણ !"

"ભાઇ આપણે એકરંગી છીએ, એટલે મને તારા ઉપર સ્વાભાવિક પ્રેમ થયો." ક્રીચકિરીટે વર્ણસાદૃશ્ય બતાવ્યું. "બહુ સારૂં, ચાલો, ક્યાં છે તમારો નિવાસ ?" એમ કહી હંસે બગલાનો સાથ કર્યો, દરમજલ થોડેક વખતે તે નીચે ઊતર્યાં. દરમ્યાન મુક્તમણિ ત્યાં ચારે તરફ નજર ફેરવે છે, તો તદ્દન કાદવવાળું ડહોળાઇ ગએલું ગંદું પાણી છે. જળસંકોચને લઈ અંદરના જીવ આકુલવ્યાકુલ થયાં કરે છે.



"લો, ભાઇ, જમો" એમ કહી ક્રીચકિરીટે મુક્તમણિના સામે મચ્છી ફેંકી. "અલ્યા પાપિષ્ઠ જીવ ! મારો એ આહાર નથી. મેં સફેદ જાણી તારો સંગાથ કર્યો, પણ તું તો કાળાંકૃત્ય કરનાર ચંડાળ નીકળ્યો, તારા આડંબરવાળા પ્રેમને લઇ તેં મને દુઃખી કર્યો. વિશેષમાં મુક્તમણિએ કહ્યું કે, "સાંભળ:—

### દોહરો.

મન મેલા તન ઊજળા બગલા કપટી અંગ,<br>
તાસે તો કૌવા ભલા તનમન એકહિ રંગ.

તારા કરતાં બિચારા કાગડા શું ખોટા છે ? તારા જેવી તેમનામાં ધૂર્તતા નથી; કારણ કે, તેઓ તો સ્પષ્ટ કહી બતાવે છે કે, 'જુઓ અમે જેવા ઉપર છીએ તેવા જ અંદર પણ છીએ;' અને તું તો ભોળી દુનિયાને ઠગે છે." એવા પ્રકારે ફિટકારવચન આપી મુક્તમણિ ત્યાંથી રવાના થયો.

જુઓ, જેમ આકડાનું દૂધ સફેદ હોઈ પીનારને પીડા કરે, તેમ હંસને પોતાની સફેદાઈ બતાવવારૂપ ખોટો પ્રેમ જાહેર કરી બગલાએ દુર્ભક્ષ ભક્ષવા રૂપ દુઃખ દેવાનો પોતાનો જાતિસ્વભાવ ન તજ્યો. તેમ મનુષ્યે પણ ગાફેલ ન રહેવું. સારાસારનો વિચાર કરી આગળ પગ માંડવો તે મનુષ્યમાત્રની ફરજ છે.

### દોહરો.

રંગ જોઇ નવ રીઝવું, મનનું લેવું માપ,<br>
અંગે બગલા ઊજળા, ભર્યું પેટમાં પાપ.

ઉપર્યુક્ત હિતોપદેશ બાળકોને ફાયદાકારક હોઇ શિક્ષકે સમજાવવો.

### દોહરો.

પ્રિય શસ્ત્ર પોતાતણું પરહાથે પલટાય,
તજે તુર્ત પોતાપણું, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થઃ—પોતાનું અતિ ઉપયોગી શસ્ત્ર પારકા હાથે જતાં બદલાઇ પોતાપણું તજવાનો પોતાનો જાતિસ્વભાવ નથી છોડતું તે બદલ.

---

### દૃષ્ટાન્ત ૨૭.

મહાભારતના ભયંકર યુદ્ધમાં જે વખતે બાણાવળિ અર્જુને જયદ્રથને મારવાની પ્રતિજ્ઞા કરી તે વખત જયદ્રથ સાથે લડવા જતાં દ્રોણ ગુરુને પ્રદક્ષિણા કરી અર્જુન વ્યૂહરચનાના મધ્ય-ભાગમાં ગયો, અને લડાઇ શરૂ કરી. લડતાં લડતાં પોતાના દેવદત્ત નામના શંખનો ધ્વનિ ન થવા માંડયો, એટલે અહીં ધર્મરાજાને શંકા થઇ કે, "દેવદત્ત કેમ વાગતો નથી ? અર્જુનને શું થયું ? અરે, શું, અર્જુન શત્રુના હાથે હણાયો ? ના, ના, એમ તો ન જ બને; ત્યારે શું થયું ?"

આ પ્રમાણે ચિન્તાતુર થઇને ધર્મરાજાએ "સાત્યકિ" નામના યાદવને બોલાવી કહ્યું કે, "દેવદત્તનો અવાજ મને સંભળાતો નથી, માટે અર્જુનની કુશળતામાં મને બહુ જ શંકા ઉત્પન્ન થાય છે. તેથી તું દ્રોણ ગુરુના વ્યૂહમાં જા અને ત્યાંથી આવી મને જલદીથી અર્જુનના કુશળ સમાચાર સંભળાવ."

આ પ્રમાણે ધર્મરાજાની આજ્ઞા શિરસાવંદનીય માનીને સાત્યકિ



યાદવ અર્જુનની માફક દ્રોણ ગુરુને પ્રદક્ષિણા કરીને વ્યૂહમાં જઇ પહોંચ્યો. ત્યાં મોખરે તેને દુર્યોધનનો ભાઇ દુઃશાસન ભેટયો. તેનો પરાજય કરી સાત્યકિ આગળ ધસ્યો, એટલે મહાસુભટ ભૂરિશ્રવાની ભેટ થઇ. સાત્યકિએ તેની સાથે મહાયુદ્ધ આરંભ્યું. છતાં બેમાંથી એકે પણ પાછી પાની ન કરી. એટલે પોતપોતાની ઇચ્છાથી સામસામું મલ્લયુદ્ધ થયું. તેમાં ભૂરિશ્રવાએ સાત્ય-કિને નીચે પટકયો, અને પછી પોતે તેની છાતી ઉપર ચઢી બેઠો. આ વખતે ભૂરિશ્રવાના હાથમા તરવાર હતી, તેથી તેને વિચાર થયો કે, "હવે આ જ તરવારથી સાત્યકિનું માથું કાપી નાખું." એમ નિશ્ચય કરી જેવો ભૂરિશ્રવા તરવાર ઊગામવા જાય છે તેવો જ અર્જુને તેને જોયો. અર્જુને જાણ્યું કે, "ગજબ થયો, અને સાત્યકિ માર્યો જશે" એમ જાણી દુશ્મન સાથે લડતાં લડતાં એક બાણરૂપ પ્રસાદી તેના તરફ જ ફેંકી તે બાણ રૂપ પ્રસાદીએ ભૂરિશ્ર-વાનો તરવારવાળો હાથ મૂળમાંથી જ તેણે ઊડાવી દીધો, એટલે તે તરવાર સાત્યકિના હાથમાં આવી, અને સાત્યકિએ તુરત જ ભૂરિશ્રવાને નીચે કર્યો. પછી તે જ ભૂરિશ્રવાની તીક્ષ્ણ તરવારથી સાત્યકિ યાદવે ભૂરિશ્રવાનો શિરચ્છેદ કર્યો.

જુઓ, ભૂરિશ્રવાની તરવારે સાત્યકિ ભૂરિશ્રવાનું જ માથું કાપે છે તેનો વિચાર ન કર્યો, અને પોતાનું શસ્ત્ર પારકા હાથે જતાં બદલાઇને પોતાને જ મારવા રૂપ તરવારે પોતાનો જાતિસ્વભાવ ન છોડયો. તેવી જ રીતે આપણે અમુક શખ્સને પોતાનો કરી માનીએ છતાં પણ દૈવસંજોગે તે અન્યને વશ થઇ આપણને પોતાને પણ ઘા કરવા ચૂકતો નથી.

### દોહરો.

પાણી પૂર્ણ તપાવીએ, તે અગ્નિ સમ થાય,
પણ અગ્નિ શીતળ કરે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—પાણીને સંપૂર્ણ રીતે તપાવવાથી તે અગ્નિ જેવું તપે, પણ તેનો અગ્નિને શીતળ કરવાનો જાતિસ્વભાવ ન જવા બદલ:—

---

### દૃષ્ટાન્ત ૨૮.

કોઇ એક ગામમાં એક સાધુ મહાત્મા રહેતા હતા. તે શત્રુ-મિત્રને પરમપૂજ્ય હોઇ પોતે પોતાનો તમામ સમય ઈશ્વર સ્મરણમાં જ વ્યતીત કરતા હતા અને વિશેષમાં હમેશાં સત્સંગ કરી જનસમાજને પવિત્ર કરતા રહેતા હતા. તેથી મહારાજની ઉજ્જવળ કીર્તિ ઠામઠામે વિસ્તારને પામી. તે હકીકત તે દેશના રાજાને માલૂમ થઇ. તે રાજા સાત્ત્વિક વૃત્તિવાળો હોઈ ધર્મ ઉપર અત્યન્ત શ્રદ્ધા ધરાવનારો હતો. પોતાને મહાત્માનાં દર્શન કરવાની ઇચ્છા થવાથી તે રાજા પગે ચાલતો મહાત્માના આશ્રમે આવી પહોંચ્યો. મહાત્મા તો રાજાને અને રંકને સમાન દૃષ્ટિથી જ નીહાળતો. તે પ્રમાણે રાજાને વન્દન કરતો જોઇ મહાત્માશ્રીએ કુશળતા પૂછી તેમનું સ્વાગત કર્યું. વિશેષમાં તેમણે શુભાશીર્વાદ આપ્યો રાજા આશીર્વાદ લઇ નીચે પ્રમાણે બોલ્યો:–" કૃપાનાથ, મને એક શંકા ઉપસ્થિત થઇ છે. તેનું આપ સમાધાન કરો. " મહાત્માએ કહ્યું કે, " સમાધાન તો જરૂર થશે; પણ તે અગાઉ તમે તમારૂં હૃદય નિખાલસ રાખો. શંકા પણ મનની જ છે, અને સમાધાન પણ મનનું જ છે.પણ કહો વારૂ, તમને શી શંકા છે ?" રાજાએ



કહ્યું કે, "આપજી દાન કરનાર નર્કનો અધિકારી કેમ થાય?" મહાત્માએ કહ્યું કે, " નૃગરાજાની હકીકત જાણવા માગો છો કે અન્ય કોઈની ?" "કૃપાળુ ! મનની વાત આપે કળી લીધી. માટે સમજાવો વિસ્તારપૂર્વક, "રાજાએ સવિનય વિદિત કર્યું. મહાત્માએ કહ્યું કે, "હું શું સમજાવવાનો હતો ! તે તો શાસ્ત્રોકત પ્રમાણસિદ્ધ વાત છે. રાજા નૃગને હંમેશાં પ્રાતઃસમયે બ્રાહ્મણોને સંખ્યાબંધ ગાયોનું દાન કરવાનો નિયમ હતો. તે મુજબ તે દાનવિધિ કરતો હતો. એક દિવસ તે રાજાએ દાનમાં આપેલી ગાયનું પુનઃ દાન કર્યું. તે એવી રીતે કે, અગાઉ એક બ્રાહ્મણને આપેલી સંખ્યાબંધ ગાયો પૈકી એક ગાય તે બ્રાહ્મણના વાડામાંથી છૂટી રાજાના દાન-વાડામાં પેસી ગઈ, અને તે જ ગાય ફરીથી તે રાજાએ અન્ય બ્રાહ્મણને સંખ્યાબંધ ગાયોના ભેગી અજાણપણે આપી દીધી. એટલે ખોવાએલી ગાયની શોધમાં નીકળેલા બ્રાહ્મણે પોતાની ગાય અન્ય બ્રાહ્મણને દાનમાં મળી જાણી અત્યંત ક્રોધિત થઈ રાજાને ફિટકાર આપ્યો કે "તું દાનનું ઉત્થાન કરનારો હોઇ પાપિષ્ઠ છે."

અહો ! શું બ્રહ્મદેવનો મહાન મૂર્ખતાભર્યો ક્રોધ ! આટઆટલું દાન મળવા છતાં પણ કયાં છે રાજાની માફક બ્રાહ્મણોને સંતોષ ! બ્રાહ્મણોને ભિક્ષાપણું અમસ્તું વર્યું છે ? ના ના, આવા ને આવા જ સ્વભાવે.

"મને મારી તેજ ગાય લાવી આપ" બ્રાહ્મણે બાળહઠ લીધી. રાજાએ ભૂલથી અપાઇ ગએલી ગાય પાછી લઇ બીજી આપવા માટે તે અન્ય બ્રાહ્મણને બોલાવ્યો અને તેને કહ્યું; પરંતુ તે અન્ય બ્રાહ્મણ એકનો બે ન થયો તે ન જ થયો.

અહા ! યાચકવર્ગની શી લજ્જાભરી મક્કમતા ! ન જાણે વિધાતાનાથ કે તેમની કેટલી સ્વાર્થ લોલુપતા !

એક ગાય પાછી આપી, તે જ વખતે સંખ્યાબંધ ગાયો લેવાની તે બ્રાહ્મણની સ્વાર્થબુદ્ધિ હતી તે તેણે જણાવી નહિ, તેમ રાજા પણ ભાવિવશ થઈ તે પ્રમાણે કહેવું ભૂલ્યો, એટલે પહેલા બ્રાહ્મણે રાજાને કૂવામાં કાચંડો થઈને રહેવાનો ભયંકર શાપ આપ્યો, કહો, રાજા ! હવે તમને તે વિષયમાં કયે ઠેકાણે શંકાસ્પદ જેવું જણાય છે ? "

રાજાએ કહ્યું કે, "બાપજી શંકા તો એ રહી કે, જ્યાં અનંત ગાયોનું દાન અપાયું છતાં રાજાને શાપ કેમ લાગ્યો ?" મહાત્માએ કહ્યું કે, " દાનીએ દાનવિધિનો ખ્યાલ રાખવાની ખૂબ જરૂર છે. દેશે, કાલે અને પાત્રે, એમ ત્રણ પ્રકારે ઉત્તમ દાન કહ્યું છે. રાજાએ દાન આપતાં પાત્રકુપાત્ર ઓળખ્યા વગર દાન આપ્યું, તેથી કુપાત્ર બ્રાહ્મણે તુર્ત શાપ આપ્યો. પૂર્વના બ્રાહ્મણો મહાન સમર્થ હોઇ ક્રોધાવેશમાં જેને શાપ આપતા તેને તે શાપ ચોંટી જ પડતો."

રાજાએ કહ્યું કે, "કૃપાનાથ ! કુપાત્રનો શાપ લાગે જ શીરીતે ?"

મહાત્માએ કહ્યું કે, " પોતાના તપોબળ વડે."

રાજા—ક્રોધમાં તપશ્ચર્યા શાની રહે ?

મહાત્મા—ક્રોધ કરવા પછી તપશ્ચર્યા નષ્ટ થાય; પણ પહેલી હોય તે કયાં જાય ?

રાજા—એવા હરામીઓને દાન આપવાથી શું ફળ છે ? કુપાત્ર તો શિક્ષાને જ લાયક છે. માટે તેવાને તો શિક્ષા જ આપવી ઘટે છે.



મહાત્મા—રાજા ! શાન્ત થાઓ. ક્રોધ પાપનું મૂળ છે. તે તમે ઉપર સાંભળ્યું છતાં શા માટે આકળા થાઓ છો ?

રાજા—કૃપાળુ ! ભૂલી ગયો. માટે ક્ષમા કરો.

જુઓ, સારાંશ તો બે જ લીટીમાં છે કે, જેમ પાણીને તપાવતાં તે અગ્નિ સમાન થાય છે, તેમ રાજાનું શીતળ હૃદય કુપાત્રની ગેરવર્તણુક વડે ક્રોધરૂપ તાપથી તપી ગયું. પરંતુ તે સ્વાભાવિક શીતળ હૃદયે પુનઃ પોતાના ક્રોધરૂપ અગ્નિને શાન્ત કર્યો.

ઘરબાર વગર નિર્ધનદાવે ભટકતા પાખંડી વેશધારીઓ સાધુ ન ગણાય; પરંતુ ભલેને ગૃહસ્થાશ્રમી હોય છતાં જેનું હૃદય સાધુ છે તે જ સાધુ ગણાય. સાધુઓની પ્રશંસા તો જેટલી કરીએ તેટલી ઓછી જ છે. જેમ કે,

દોહરો.

સાધુ તો સીધા ભલા, કીધા ભલા ન ક્રોધ,
પ્રેમપીયુષ પીધા ભલા, દીધા ભલા પ્રબોધ.

દોહરો.

ખારી ભૂમિ વાવીને, ખારૂં જળ સિંચાય,
ઊખ મિષ્ટતા ના તજે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:-ખારી ધરતીમાં વાવીને ખારૂં પાણી પાવામાં આવે તો પણ શેરડીનો મિષ્ટતા ન તજવાનો જાતિસ્વભાવ ન જવા બદલ:-

---

## દૃષ્ટાન્ત ૨૯.

પાંડવોની ઇન્દ્રવૈભવને પણ તુચ્છ કરી નાખે તેવી અઢળક સંપત્તિ જોઈ તેજદ્વેષી દુષ્ટ કૌરવો સહન કરી શકયા નહિ, તેથી

પ્રપંચ આદરી દુર્યોધને ધર્મરાજાને દ્યૂત રમવા માટે બોલાવ્યા. કપટપાસાઓથી ધર્મરાજા પોતાનું સર્વસ્વ હારી બેઠા.

દ્યૂતક્રીડા મહાનિષિદ્ધ વસ્તુ છે. એ વિષયનું વર્ણન "સુભાષિતરત્ન ભાંડાગાર"માં નીચે મુજબ છે:–

એક દેહજર્જરિત અતિ દરિદ્રી મનુષ્યને જોઇ એક વિદ્વાને તેને પૂછ્યું કે, "અલ્યા આ તારા કક્ષપ્રદેશે શું તારી શિથિલ કંથા છે ?"

ભિક્ષુક–ના એ કંથા નથી, પરંતુ માછલાં મારવાની જાળ છે.
વિદ્વાન–અલ્યા પાપિષ્ઠ ! શું તું માછલાં મારે છે ?
ભિક્ષુક–હા. મારા ઉદરનિમિત્તે હું તે કર્મ કરૂં છું.
વિદ્વાન–શું તું માછલાં ખાય છે ?
ભિક્ષુક–દારૂ સાથે માછલાંનો ઉપયોગ કરૂં છું.
વિદ્વાન–શું તું દારૂ પણ પીએ છે ?
ભિક્ષુક–વેશ્યાની સાથે રહીને પીઉં છું.
વિદ્વાન–અલ્યા ! વેશ્યાને ત્યાં પણ જાય છે કે શું ?
ભિક્ષુક–દુશ્મનના માથા ઉપર પગ દઇને જાઉં છું.
વિદ્વાન–અલ્યા ! દુર્બળને દુશ્મન ક્યાંથી ?
ભિક્ષુક–તેઓની ચોરીઓ કરૂં છું તેથી.
વિદ્વાન–અરે, અધમ ! તું ચોરી શા માટે કરે છે ?
ભિક્ષુક–જુગાર રમવા સારૂ.
ઉત્તરોત્તર પતિત થનારને શાની શંકા રહે ?

દ્યૂતક્રીડા આવી મહા અધમ છે. એમ જાણવા છતાં પણ વડીલની આજ્ઞાને અધીન થઇ ધર્મધુરંધર યુધિષ્ઠિર રાજા દ્યૂત રમી પતિત થયા, એટલે છેવટે સતી દ્રૌપદીને સરતમાં મુકી તે પણ હારી ગયા.



મહાત્મા તુળસીદાસજીએ કહ્યું છે કે, ખરાબ રસ્તે પગ દેતાં તેજ, બુદ્ધિ, અને બળ તમામ હત થઇ જાય છે.

દુર્યોધને દુઃશાસનને હુકમ કર્યો કે, "શું જોઇ રહ્યો છે ! જલદી જા અને એ હરામજાદીને અહીં ખેંચી લાવ."

માત્ર એક જ વસ્ત્ર પહેર્યું છે એવી સ્ત્રીધર્મમાં આવેલી દ્રૌપદીને ચંડાળ દુઃશાસન સભામાં ખેંચી લાવ્યો, અને દુર્યોધનના અધમ હુકમને અધીન થઇ રજસ્વળા દ્રૌપદીનું વસ્ત્ર ખેંચવા તત્પર થયો, એટલે દ્રૌપદીએ નીચે પ્રમાણે આર્તનાદ કર્યો:–

—કેવો જુલમ જગતમાંહે, એ રાગ—

પોકારે પાંચાળી, વ્હારે ચઢજો વનમાળી;
પાન્ડવે સમ્પત્તિ ખોઇ, દ્યૂતથી મોહી, રહ્યા સહુ જોઇ,
નીચાં દ્રગ ઢાળી, વ્હારે ચઢજો વનમાળી–પોકારે૦
હું ઉભી કરૂં આક્રંદ, કૌરવો વૃંદ, હસે મતિમંદ,
દઇ દઇ તાળી, વ્હારે ચઢજો વનમાળી–પોકારે૦
દુરમતિ દુઃશાસન વીર, ખેંચવા ચીર, ઉભો ધરી ધીર,
શકે કોણ ખાળી ? વ્હારે ચઢજો વનમાળી–પોકારે૦
ગિરિધારી વાર થઇ ઘણી, આશ તમ તણી, દ્વારિકાંભણી,
રહી છું નિહાળી, વ્હારે ચઢજો વનમાળી–પોકારે૦
તમ વિના ત્રિભુવન નાથ, કોણ સમરાથ ? ગ્રહો હરિ હાથ,
ત્રિકમ દુઃખ ટાળી, વ્હારે ચઢજો વનમાળી–પોકારે૦

આ વેળાએ વ્રજરાજ, ગઈ જો લાજ, મરોશ મહારાજ,
પેટ લઇ પાળો, વ્હારે ચઢજો વનમાળી–પોકાર૦
શરણાંગતની શિવલાલ સઘ સંભાળ, લિયો નંદલાલ,
બિરદ સંભાળો, વ્હારે ચઢજો વનમાળી–પોકાર૦

આ વખતે શ્રી કૃષ્ણચંદ્ર પોતાના યાદવી સૈન્યને લઈને સાલ્વ નામના દૈત્યને મારવા સમુદ્રતટ ઉપર આવ્યા હતા તેમણે અરધું યાદવી સૈન્ય સમુદ્રરસ્તે ચઢાવ્યું, અને અરધું બાકી હતું એટલામાં તો ઉપરનો આક્રંદ–પોકાર પોતે સાંભળ્યો અને સાંભળતાંની સાથે જ દ્રૌપદીની લાજ નીચે મુજબ રાખી:—

### રાગ આશા.

નંદલાલ મહા નટખટની, લીલા અદ્દભુત નાગર નટની.
ઘનશ્યામ સમજનારા ઘટની, લીલા અદ્દભુત નાગર નટની.
સિંધુતટની સમીપ છબાલે, સાંભળી અરજી સંકટની,
ધાયા શ્વાસભર્યા ધરણીધર, વિસરી વટકે ઉવટની. લીલા૦
કહ્યું લાવજો કિંકર જનને, સાડીઓ સટસટની,
પગ ચઢવાણે પ્રિતમ જ્યારે, ઝાલી ચાલ ઝટપટની. લીલા૦
ચટક ચઢી ગઇ હરિના ચિત્તમાં, ચાકરી કેરી ચીવટની,
અલબેલાના ઉરમાં એવી, આવી લહેર ઉલટની. લીલા૦
ખેંચંતો દુ:શાસન ખચકયો, ક્રૂરતા જેમાં કપટની,
દેખીને દુર્યોધન ડરપ્યો, સભા ભ્રમિત થઇ સુભટની. લીલા૦
ગંજ થયો વસ્ત્રોનો અગણિત, થાકી ગતિ બળ થટની
તદપિ ત્યાગી નહિ નફટે ત્યાં, નીચી વૃત્તિ નફટની. લીલા૦
લેઇ શકે લજ્જા શું લંપટ, વેળા જાણી વિકટની,



હરિજન માટે સુખદ હંમેશાં, નીકળે વ્હાર નિકટની. લીલા૦
જેસંગ પામે જે વિરલા જન, પ્રીતિ પ્રભુજી પ્રગટની,
પોતે પધારી પાંચાળી, પૂરી આશા પટની. લીલા૦

પરાધીન થએલા પાંચે પાંડવો સભામાં મોજુદ છે છતાં વચનથી બંધાઇ આંખ પણ ઊંચી કરતા નથી. અનીતિ થવા આવે છે, એટલે તેની હદ જ રહેતી નથી. અનીતિનું ઝેરી ફળ શ્રીહરિ તે વખતે જ ચખાડત; પરંતુ આખા કૌરવી દળનું નિકંદન કરાવવું હતું, એટલે તેમણે ચાલુ ક્લેશમાં મુદત નાખી.

જુઓ, જેમ ખારી જમીનમાં વાવીને ખારૂં પાણી સીંચવા છતાં પણ શેરડી મીઠાશને મુકતી નથી, તેમ દુર્યોધને પાન્ડવોને દ્યૂતક્રીડારૂપ ખારી જમીનમાં વાવ્યા, અને દ્રૌપદીની લજ્જા લૂટવા રૂપ તે ઉપર ખારા જળનું જ સિંચન કર્યું, તો પણ પાન્ડવોનો મર્યાદારૂપ મીઠાશ ન મુકવાનો જાતિસ્વભાવ ન ગયો.

### દોહરા.

સંગત કુટિલ સુધારવા, ક્રોડ ઉપાય કરાય,
ઉર વળગ્યો અવળાઈનો, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—કર્મકુયોગે અવળા માણસ સાથે પાનું પડયું હોય તેને સુધારવા અનેક યત્નો કરાય તો પણ જાતિસ્વભાવ ન જવા બદલ:—

---

### દૃષ્ટાન્ત ૩૦.

કોઇ એક પુરુષને તેનાથી વિરુદ્ધ વર્તનારી સ્ત્રી હતી. પોતાનો પતિ જે વાત કહે તેનાથી તે વિરુદ્ધ જ કામ કરે. એક વખત તેના

પતિએ તેને કહ્યું કે, 'આજે મેમાન છે, માટે જરા વહેલી રસોઇ કરજે;' એટલે તેણે બાર ઉપર ચાર વગાડયા. "આજે કાંઇક મીઠું ભોજન બનાવજે," એમ તેણે તેને કહ્યું એટલે તેણે મોળી રાબ રાંધી. રાબ ન ભાવી એટલે તેણે તેને કહ્યું કે, "જરાક છાસ ને રોટલો હોય તો આપ;" એટલે સ્ત્રીએ તેને પૂરી અને દૂધ પીરસ્યાં. આ ઉપરથી પતિએ સરલાદેવીનો સ્વભાવ બરાબર ઓળખ્યો. આ દુષ્ટ સ્વભાવને અટકાવવા પ્રથમ તેણે ઘણા જ પ્રયત્નો કર્યા હતા, છતાં વિધર્મ પત્ની પોતાના સીધા રાહ ઉપર આવી નહતી, એટલે ઉપરની ચાવી તેને અનાયાસે મળી આવી. વિશેષમાં તેને પાડોસીઓનાં ઘર ગણી વળવાની પણ કુટેવ હતી. તે તેના ધણીના જાણવામાં આવી, એટલે તેને તેણે કહ્યું કે—"તું પાડોસમાં કેમ કોઇને ત્યાં નથી જતી; જા ? કારણ કે, આજ તો તને કમળા કાકી બહુ જ યાદ કરે છે." તે ઉપરથી તેણે કહ્યું કે, "કમળા કાકી યાદ કરે તેના ધણીને. હું તો કયાંય પણ જવાની નથી." ધણીએ કહ્યું કે, 'નીરાંત થઇ,' તે ઉપરથી તેણે કહ્યું કે, "ત્યારે આજ તો બાકી રહેલે બધે ઠેકાણે જઇ આવીશ." "પણ તું સમૂળગી જાય તોય મારે કીયા જુત્તારાતને?" "હું તો કદિ યે કયાંય પણ જવાની નથી." "જોજે હાં ! આ મારૂં પહેરણ તળાવે ધોવા લઇ જતી !" તે ઉપરથી આજ્ઞાંકિત ધણિયાણી ધણીને પહેરવાનાં જેટલાં કપડાં હતાં તેટલાં બધાં લઇને ચાલી કૂવા ઉપર. ધણીએ જાણ્યું કે, "હાં ? આજે સવામણ મેલ કૂવાકાંઠે મુકી આવી છે. જો ! આપણાં આ બધાં વાસણ કાટ ખાઇ ગયાં છે, માટે તને ઊટકવાં આકરાં પડશે; તો તું તેને ઊટકીશ નહિ. હું દહાડિયા કરીને બધાં વાસણ મંજાવરાવી નાખીશ. પરંતુ તેને કૂવાના ચોખ્ખા પાણીએ બધાં ત્યાં જ લેવડાવી લઇ અજવાળવાનાં છે." એટલે બાઇસાહેબે આખા તળાવનું પાણી માથે કર્યું" અને ઘેર બેઠાં બધાં વાસણ પોતાના હાથે જ માંજી નાખ્યાં.



ધણીએ વાસણનો ઢગલો ઘરને ખૂણે જોયો એટલે કહ્યું કે, "જોજે હો ! આ વાસણ ભીંતે ન ચઢાવતી; નહિતર ઉંદરો મૂતરી ભરશે." એટલે તેણે તમામ વાસણ વ્યવસ્થાપૂર્વક સૌસૌની જગ્યાએ ગોઠવી દીધાં. ધણીના મનને વિચાર થયો કે, "આ બૈરૂં કોઇ દિવસ ખોટું; કારણ કે,ભૂલેચૂકે કોઇ વખત સવળું કહું, તો જરૂર તે નાળને સાટે પેટ વધેરવાનું સાહસ કરી બેસે. માટે આવી સ્ત્રીનો તો સર્વથા ત્યાગ કરવો જ ઉચિત છે." એમ સમજી તેણે પોતાની સ્ત્રીને તેના પિહરનો એક બનાવટી કાગળ વંચાવ્યો. તેમાં તેને તેની માએ બોલાવ્યાનું લખેલું હતું. સાંભળી તે પોતાને પિહર જવા તત્પર થઇ; અને તેણે પોતાના પતિને કહ્યું કે "વચ્ચે નદી છે, માટે ચાલો મને મુકવા." ધણીએ કહ્યું કે, "ઠીક, ચાલો ત્યારે," રસ્તામાં આવતી નદી હોડીમાં બેસી ઊતરવા જેવી હતી. તે મુજબ બન્ને જણ હોડીમાં બેઠાં, એટલે ધણીએ કહ્યું કે, "જરાક વચ્ચે બેસ; નહિ તો હેરાન થઇશ." એટલે તે કોર ઉપર બેઠી. ધણીએ કહ્યું કે, "જોજે તું કિનારા ઉપર બેઠી છે, તે પડતું ન મુકે." આ સાંભળતાંની સાથે જ અવળચંડી મૂર્ખ સ્ત્રીએ પાણીમાં ભૂસકો માર્યો. કે તે તુરત તણાવા માંડી, એટલે ધણીએ કહ્યું કે "પિહરથી વહેલાં પધારજો." તેણે ડૂબતાં ડૂબતાં કહ્યું કે, "કદિ યે નહિ આવું." એટલે ધણીએ કહ્યું કે "ત્યારે જજે મારા ભાનું ભાત લઇને."

જુઓ, ઘરધણીએ પોતાની સ્ત્રીની અવળાઇ સુધારવા ઘણા

પ્રયત્નો આદર્યા, પરંતુ તે બધા નિષ્ફળ નીવડયા; કારણ કે, હૈયે વળગેલો અવળાઈનો જાતિસ્વભાવ શી રીતે જાય ?

### દોહરો.

પરશુરામ બળ પરશુથી, વસુમતિ વિપ્ર વસાય,
ભિક્ષા માગે બ્રાહ્મણો, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—પરશુરામજીએ પોતાના પરશુંના બળથી બ્રાહ્મણોને અનેકવાર પૃથ્વી આબાદ કરી આપી છતાં બ્રાહ્મણોનો પોતાનો ભિક્ષાવૃત્તિનો જાતિ સ્વભાવ ન જવા બદલ:—

### દ્રષ્ટાન્ત ૩૧.

પૂર્વે સહસ્રબાહુ (હજાર હાથ વાળો) નામનો એક દાનવ રાજા થઇ ગયો. તે શંકર ભગવાનનો વરદાયી હોઇ અતિ પ્રબળ થઈ પડયો હતો, અને તેણે ત્રણે લોક (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ) માં દિગ્વિજય કર્યો હતો, અને પોતાના બળથી તે રાજા અત્યંત ઉન્મત્ત થઈ ગયો હતો. એક સમયે તે પોતાના સૈન્ય સાથે ફરતો ફરતો જે જંગલમાં જમદગ્નિ નામના ઋષિનો નિવાસ હતો તે જંગલમાં આવ્યો. આ રાજા સહસ્રાર્જુન તથા જમદગ્નિ ઋષિ સાઢુ થતા હોવાથી જમદગ્નિજીએ પોતાના સાઢુ સહસ્રાર્જુનને તેના સૈન્ય સાથે રોકી તેનું આતિથ્ય કર્યું, અને રાજાને તથા તેના સૈન્યને અનેક પ્રકારની વાનીઓ જમાડી. આથી સહસ્રાર્જુનને આશ્ચર્ય થયું કે, "આ એક જંગલમાં રહેનાર ભીખારીની સ્થિતિ ભોગવનાર ઋષિએ મારા સમગ્ર સૈન્યનું અને મારૂં એક સારા રાજાથી પણ ન બની શકે તેવું આતિથ્ય કર્યું. તેથી નિદાન તેની પાસે કોઈ મહાન શકિત હોવી જોઈએ, અને મારે પણ તેનો તપાસ કરી તે ઋષિના પાસેની શકિત



ને મેળવવા પ્રયાસ કરવો જોઈએ.' આમ વિચાર કરી તે ઋષિ પાસે ગયો; અને તપાસ કરતાં તેને માલૂમ પડયું કે, ઋષિજીની પાસે 'કામધેનુ' એ નામની દૈવી ગાય હતી, અને તેના પ્રતાપથી તેઓ રાજાનું આતિથ્ય કરી શકયા હતા. રાજાએ ઋષિને કહ્યું કે, "આ કામધેનુ મને આપો, અને તેના બદલામાં આપ જેટલું જોઈએ તેટલું ધન મારી પાસેથી બેલાશક માગી લો."

ઋષિએ કહ્યું કે, "આ પરમપૂજ્ય કામધેનુ કે જે અમારા જેવા ઋષિઓનું પવિત્ર જીવનનું સાધન છે, અને જે અમારા મહાન તપના સાધન રૂપ છે, તે કામધેનુ પોતાના દૂધથી અમને જીવાડે છે. તેનાં દૂધ, દહીં, ઘી, મૂત્ર અને ગોબર (જેને પંચ ગવ્ય કહેવામાં આવે છે તે) અમને રાત્રિ દિવસ પવિત્ર રાખે છે. અમારો નિર્વાહ માત્ર તેના ઉપર જ છે. માટે, હે રાજા ! તે ગાય અમારો જીવ જતાં પણ અમે કોઇને આપી શકીશું નહિ." તેથી રાજાએ કહ્યું કે, "તમે તે ગાય રાજીખુશીથી નહિ આપો તો અમે જબરજસ્તીથી લઈ જઇશું." રાજાનાં આ વચન સાંભળી ઋષિજી ક્રોધાયમાન થઇને કહેવા લાગ્યા કે, "હે રાજા ! પ્રજાના જાનમાલનું રક્ષણ કરવું તે રાજાનું કામ છે કે પોતાના સુખ માટે પ્રજાના જાનમાલનું ભક્ષણ કરવું તે ?

"હે રાજા, પ્રજાને કોઈ લૂંટતું હોય તો તેવા અધમ લૂંટારાઓનો નાશ કરી પ્રજાને બચાવવી તે તારૂં કામ છે કે આવી રીતે અમારા જેવા જંગલમાં વસતા નિરપરાધી ઋષિજનોનું જીવન લૂંટી લેવું તે તારૂં કામ છે ? હે રાજા ! તું પ્રજાનો પિતા કહેવાય છે, અને પિતાએ પોતાના બાળકોનું રક્ષણ કરવું તે ધર્મ છે; છતાં

તું પ્રજાનું ભક્ષણ કરવા કાળ સમાન પિતા થવા કેમ ચાહે છે ? હે રાજા ! વિચાર કર કે, ભૂતકાળમાં તારાથી પણ પ્રબળ રાજાઓ થયા છે, અને તેમનો અત્યારે પત્તો પણ નથી. હે રાજા ! પ્રજાને પોતાની સ્વતંત્રતા મુજબ વર્તવા દેવી. પ્રજાના હિતનું રક્ષણ કરવું. પ્રજાની હકીકત સાંભળવી, અને તેનો ન્યાય દ્રષ્ટિથી નિકાલ કરવો, તે તારા જેવા રાજાઓની ફરજ છે. તેને વિસરી જઈ આ અનીતિના રસ્તે ચઢી પ્રજાના જાનમાલનું ભક્ષણ કરવા કેમ તૈયાર થાય છે ? હે રાજા, તારાં પાપ કર્મોના ભોગ રૂપ બની પ્રજા ભૂખ મરાના દુઃસહ દુઃખથી મરે છે, તેનો તું જરાક વિચાર કર, વળી જેવો તું અનીતિએ વર્તનારો છે, તેવાં જ તેં સ્થળે સ્થળે તારા દાનવોનાં થાણાં બેસાડયાં છે. તે થાણાના અધિકારીઓ પણ તારે પગલે ચાલી પ્રજાને હેરાન કરે છે, પ્રજા ઉપર જુલમ ગુજારે છે, અને નિરપરાધી પ્રજાના ખુલ્લી રીતે પ્રાણ લેઇ તેઓ ઇજ્જતદારની ઇજ્જત ઉપર હાથ નાખે છે. આ તમામ પૃથ્વી તારાં અને તારા અધિકારીઓનાં પાપથી પીડાય છે, અને તેથી જ હવે તારો નાશ નજીક આવેલો હોવાથી અમારી પવિત્ર આજીવિકાનું હરણ કરવાની તારી વિપરીત બુદ્ધિ થઈ છે. હે રાજા ! તારા પાપનો ઘડો હવે ભરાઈ ગયો છે, અને તે ફૂટવાની તૈયારીમાં જ છે. માટે હજુ પણ સમજ, અને પાપ કરતો અટક, કે જેથી તારૂં રક્ષણ થઇ શકે, અને પ્રજાનો પ્રેમ તારા તરફ આકર્ષવાના ઉપાયો તું કર. તેમાં તારૂં હિત સમાએલું છે." રાજા સહસ્રાર્જુન ઋષિના અમૃત સમાન પણ તેને માટે ઝેર સમાન થએલાં વચનો સાંભળતાં ક્રોધાયમાન થઇ કહેવા લાગ્યો કે, "હે બ્રાહ્મણ, રાજનીતિ તે શું છે ? તે તમે ભીખારી શું સમજો ? અલ્યા ! અમે મોજશોખ ન



કરીએ તો પછી દુનિયામાં બીજું મોજશોખ કરનાર કોણ છે ? વળી પ્રજા એ અમારી ગુલામ છે, અને પ્રજાએ પોતાના જીવના જોખમે પણ રાજાની ઇચ્છા સાચવવી જોઇએ. એ પ્રજાની ખાસ ફરજ છે. તેને વીસરી જઈ પ્રજા નકામી શા સારૂ બૂમો મારે છે ? પ્રજાએ અમારાં મોજશોખનાં સાધનો પૂરાં પાડવાં જ જોઇએ, છતાં તે નકામા બૂમાટા કરે છે. તે તરફ અમે શા સારૂ લક્ષ આપીએ? તમને બ્રાહ્મણ સમજી આ જંગલમાં કોઇ પણ પ્રકારના કર વિના રહેવા દેવામાં આવે છે, તેનું પરિણામ તમે એ આપો છો કે, અમારી મરજીને આડે આવી ઉલટ અમને બોધ આપવા તૈયાર થાઓ છો. ચાલ, બકવાદ છોડી ગાય આપે છે કે નહિ ?" ઋષિએ સાફ ના જ પાડી, તેથી પોતાના સૈનિકને જબરાઇથી તે ગાય લઇ જવાની રાજાએ અધમ આજ્ઞા કરી. આ વખતે જમદગ્નિ ઋષિ મહા વિલાપ અને આજીજી કરતા આવ્યા. તેમનું મસ્તક રાજાએ પોતે જ કાપી નાખ્યું, અને ગાય લઈને તે ચાલ્યો ગયો. આ વખતે ઋષિજીનાં ધર્મપત્ની, ક્રોધી મુનિ પરશુરામજીનાં માતા પાસે હોઇ તેમણે પોતાના પુત્રનું સ્મરણ કર્યું, અને તેથી તેઓ હાજર થયા; અને પોતાના પિતાનું શબ જોઇ માતાને પૂછી, હકીકતથી વાકેફ થઇ, તેમણે પ્રતિજ્ઞા કરી કે, "જે ક્ષત્રિયો પ્રજાનું રક્ષણ કરવાને બદલે ભક્ષણ કરે છે, અરે, જેઓ પ્રજા એ શી વસ્તુ છે તેનું ભાન રાખતા નથી, જેઓ અમારા જેવા જંગલમાં વસનારા બ્રાહ્મણોને તુચ્છ માને છે, અને પોતાની પ્રજાને ગુલામ ગણે છે, તેમને, હે માતા, હું પ્રજાનું હિત કરવા મારૂં બળ બતાવીશ, અને બ્રાહ્મણોના બળનો તેમને ખ્યાલ કરાવીશ. બ્રાહ્મણોના ક્રોધ રૂપી અગ્નિનો ચાહે તેવો બલિષ્ઠ રાજા પણ

પતંગિયું થાય છે. તેનો એ દુષ્ટ રાજા સહસ્રાર્જુને વિચાર કર્યો નહિ. માટે તેને તથા તેની જાતના ક્ષત્રિયોને મારા ક્રોધ રૂપી અગ્નિના જવાળામાં બલિદાન તરીકે હોમી મારા પવિત્ર પિતાનું વેર લઇ મારા ક્રોધાગ્નિને હું શાન્ત કરીશ. હે માતા! એક વખત નહિ પણ અનેક વખત આ પૃથ્વીને હું નક્ષત્રી કરી પાપના બોજામાંથી મુકત કરીશ. માટે તમે શાન્ત રહો. હું જાઉં છું." આમ કહી ક્ષત્રિઓ માટે કાળ સ્વરૂપ બનેલા પરશુરામજી ગયા, અને તેમણે એક પછી એક એમ એકવીસ વાર આ પૃથ્વીને નક્ષત્રી કરી અને તે પૃથ્વી એકવીસે વખત બ્રાહ્મણોને દાનમાં આપી. તેમણે સહસ્રાર્જુનના તમામ બાહુઓ છેદ્યા, અને એ રીતે પ્રજાને પીડનારા રાજાઓનો તેમણે મદ ઊતાર્યો. પરશુરામજીએ એકવીસ વખત પૃથ્વી દાનમાં આપી છતાં પણ તેઓ તેનું રક્ષણ કરી શક્યા નહિ, અને બચેલા ક્ષત્રીઓએ તે પડાવી લીધી. આથી બ્રાહ્મણો તો ભિક્ષાવૃત્તિ જ કરવા મંડયા. પરશુરામજીને માલૂમ પડયું કે, બ્રાહ્મણો તો રાજ ગુમાવી પુનઃ પુનઃ ભિક્ષાવૃત્તિ જ કરવા મંડયા છે. તેથી તેમણે શાપ આપ્યો કે, न हि विप्रा राजयोगा भिक्षायोगाः पुनः पुनः અને તે પરશુરામજીના શાપના પ્રતાપે અદ્યાપિ બ્રાહ્મણો ભિક્ષાવૃત્તિનો જ ધંધો કરે છે.

જુઓઃ—બ્રાહ્મણોને પરશુરામજીના બળ વડે પુનઃ પુનઃ રાજ્ય મળવા છતાં પણ તેઓ નિર્બળ હોઇ તેને સાચવી શકયા નહિ. અને તેમનો ભિક્ષાવૃત્તિનો મૂળ સ્વભાવ સદાને માટે કાયમ રહ્યો.

### દોહરો.

સ્પર્શમણિના સ્પર્શથી; કનક કૃપાણ કહાય,
તો પણ તજે ન કુટિલતા, જાતિસ્વભાવ ન જાય.



ભાવાર્થઃ—સ્પર્શ મણિના અડકવાથી તરવાર સોનાની કહેવાઇ; પણ તેનો વાંકાપણું ન જવાનો જાતિસ્વભાવ ન જવા બદલઃ—

---

### દૃષ્ટાન્ત ૩૨.

પૂર્વે કોઇ એક નગરમાં સરલાદેવી નામની સતી સ્ત્રી રહેતી હતી. તેના સતીત્વનો પ્રભાવ બહુ હતો. એક વખત તે બાઇ પોતાના ગામના કૂવા ઉપર પાણી ભરવા ગઇ હતી. ત્યાં કોઇ સાધુને તરસ લાગવાથી તે કૂવા ઉપર આવ્યો, અને તે બાઇ પાસે તેણે પાણી માગ્યું. પરંતુ બાઇ તો કૂવામાંથી ઘડા કાઢીકાઢીને ભોંય ઢોળી દેતી હતી. આ જોઇ સાધુને અતિ ક્રોધ ચઢયો, અને તેણે કહ્યું કે "અરે દુષ્ટા! હું કયારનો તરશે મરૂં છું છતાં તેનો કાંઇ પણ ખ્યાલ ન કરતાં તું નાહક પાણીને કેમ ઢોળ્યાં કરે છે? તું જરા ભેખ સામું તો જો. અરે! કોઇના ઘેર જઇને કોઇ ઉભું રહે તો તેને જોઈતી ચીજ મળે, તો હું ઈશ્વરી બક્ષીસ રૂપ જળને આરે તારા સમક્ષ ઘણીવાર થયાં ઊભો છું છતાં, તને પૈસા ન પડે તેવા પાણીની હુ યાચના કરૂં છું તો પણ તે તું નથી આપી શકતી, તો તારા ઘરમાં રહેલી મોંઘી ચીજ તું બીજા માટે શું વાપરતી હોઇશ!" આટલું કહેતાં બાઈએ પોતાનું કાર્ય પૂરૂં કર્યું અને આસ્તે રહી વિનયથી કહ્યું કે, "મહારાજ! ક્ષમા કરો. મેં આપનો અપરાધ કર્યો છે. પરંતુ વાત એવી છે કે, અહીંથી ઘણે જ છેટે બીજે ગામ રહેનારી મારી બહેનનું ઘર સળગતું હતું, અને ઘરમાં તેનું એક નાનું બાળક સૂઇ રહ્યું હતું, અને મારી બહેન ઘર સૂતું મુકી જરૂરી કામ માટે બહાર ગઇ છે. તે મેં ઈશ્વરકૃપાથી જાણ્યું, એટલે

હું તે ઘર હોલવવા રહી એટલે આપને પાણી પાતાં વાર થઈ; માટે લો આરોગો જળ આપને જોઇએ તેટલું.

"વળી આપ એમ કહેતા હતા કે 'તું નાહકનું જળ જમીન ઉપર ઢોળે છે,' પણ તે જળતો મારા પતિસેવાના પ્રતાપે, મારી બહેનનું ઘર હોલવવા પહોંચતું હતું." આ સાંભળી મહારાજ તો દિઙ્મૂઢ જ બની ગયા. "પધારો, કૃપાળુ દેવ ! ભોજનાર્થે મારે ત્યાં; કારણ કે, હું અતિથિને જમાડયા વિના જમતી નથી. તેમ મારા પતિ પણ તેવા જ શ્રદ્ધાળુ હોઇ તે અતિથિની રાહ જોઇને બેઠા હશે."

મહારાજ તૃષાતુર હતા તેવા જ ક્ષુધાતુર પણ હતા, એટલે તેમને એ પાસો પાંસરો પડયો.

બાઈ પાણી ભરી ઘેર આવી ત્યારે પોતાનો પતિ ઘેર ન હતો, એટલે મહારાજને એમ લાગ્યું કે, "આ બાઈ જુઠું શા માટે બોલી હશે ?" એટલામાં તો પારણામાં પોઢેલા તે બાઇના પુત્ર ઉપર નાગદેવે છાયા કરેલી જોઇ, મહારાજ ચમકીને દૂર નાસી ગયા. બાઈનો પતિ બહારથી આવી મહારાજને જોઈ કહે કે, "પધારો, મહારાજ ! ભોજ નાર્થે, હું આપ જેવા અતિથિને શોધવા ગયો હતો. પરંતુ મને કોઇ ન મળવાથી હું પાછો આવતો હતો, અને આપ નજરે પડયા." ઉપરની તમામ હકીકત જાણી મહારાજનું હૃદય પીગળી ગયું. પછી તે પવિત્ર દંપતીના કહેવાથી મહારાજ પ્રસાદ લેવા બેઠા, એટલે મહારાજે પોતે કૂવા ઉપર તૃષાતુર થઇને કરેલી ધૃષ્ટતા તે બાઇના પતિ સમક્ષ કહી સંભળાવી. આ સાંભળી તે બાઈના પતિએ કહ્યું કે, "મહારાજ ! તમારી માફક મને પણ મારા કૃત્ય



માટે એક વખત બહુ પસ્તાવો થયો હતો. તે એ કે, "હું શિયાળાની એક રાત્રિએ ગરમ ભોજન જમી તુરત સૂઇ રહ્યો. દરમ્યાન મને ખાટો ઓડકાર આવ્યો, એટલે મેં મારી સ્ત્રી પાસે પાણી માગ્યું, પાણી લઇ મારી પાસે મારી સ્ત્રી આવી, એટલામાં મારી આંખ મળી ગઇ. પછી હું ત્રીજે પહોરે ઓચિંતો જાગી ઊઠયો. એટલે સ્ત્રી તો મને પાણી આપવા સારૂ ઊભી જ રહેલી મેં જોઇ. તે વખત તમારી માફક જ તેની પાસે ક્ષમાયાચના કરી હતી."

આ હકીકત સાંભળી મહારાજનું હૃદય બહુ જ કોમળ અને નિર્મળ થયું, દરમ્યાન મહારાજ તે જ ગામના એક દેવમંદિર- માં રોકાયા. ત્યાં ઉપર્યુક્ત દંપતીને દર્શનાર્થે આવવાનો નિત્ય- નિયમ હતો. મંદિરમાં રોકાએલા મહારાજે એક વખત પોતાને જમવા માટે થાળ પીરસ્યો, એટલામાં એક બિલાડીએ આવી અંદર મોં ઘાલ્યું. આ જોઇ મહારાજને ઘણો જ ક્રોધ ચઢયો. અને તુરત હાથમાં લકુ લઇ તે બિલાડીને મારવા દોડયા. પણ બિલાડી નાસી ગઇ એટલે તુરત બહારથી કોઈ અવાજ દેતું મહારાજને સંભળાયું. મહારાજે રીસમાં ને રીસમાં કહ્યું કે, "કોણ ચંડાળ અત્યારે બારણાં ઊઘડાવે છે ? ભાગી જા નહિતર બિલાડીનું વેર તારા ઉપર જ વાળવામાં આવશે." "મહારાજ ! એ તો હું નિત્યનિયમી છું. ક્ષમા કરો, ગુરુદેવ, હું આપને પ્રસાદ લેવા સારૂ બોલાવવા આવ્યો છું; માટે પધારો સત્વર." આવનાર ગૃહસ્થે આ પ્રમાણે કહ્યું એટલે સાધુ મહારાજ ઝંખવાણા પડયા. પણ તે શું કરે ? ભૂખ તો લાગેલી જ હતી, એટલે નિરુપાયે પ્રસાદ લેવા જવું જ પડયું.

જુઓ-સ્પર્શમણિના સ્પર્શથી લોઢાની તરવાર સોનાની થાય છે પણ વક્રતા મુકતી નથી તેમ, પવિત્ર દંપતીના સંગથી મહારાજનું હૃદય કોમળ અને નિર્મળ તો બન્યું, પણ તેનો ક્રોધ પ્રકૃતિરૂપ જાતિસ્વભાવ ન ગયો.

### દોહરો.

કસ્તુરી ભરિયો કળશ, જો કદિ ફૂટી જાય,
નિપટ તજે ન સુવાસના, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ—કસ્તુરીનું પાત્ર ફૂટી જાય તોપણ તેનો કસ્તુરીની સુવાસનો જાતિસ્વભાવ ન જવા બદલઃ—

### દૃષ્ટાંત ૩૩.

એક કપૂરચંદ કરીને શેઠ હતા. તેમનું કુટુંબ ખાનદાનીમાં પ્રસિદ્ધ હતું, અને તેઓ ઘરના પણ સુખી હતા. તેમની મોટાં મોટાં શહેરોમાં દુકાનો ચાલતી હતી. અને સંતતિમાં તેમને એ દીકરો કસ્તુરચંદ કરીને હતો. એટલે શેઠ પોતાને દરેક રીતે સુખી માનતા હતા. વળી તેમની પરોપકારવૃત્તિ વિશેષ હોવાથી તેમના નગરના તથા આજુબાજુનાં ગામોના લોકોમાં તેમની બહુ સારી ઇજ્જત હતી. આ કપૂરચંદ શેઠનું સુખ શનિ નામના ગ્રહથી સહન કરી શકાયું નહિ; અને તેથી તેમને તે નડવા લાગ્યો. શનિદેવની વિરુદ્ધતાથી શેઠની પેઢીઓ કાચી પડવા માંડી. રફતે રફતે શેઠને દેવાળું કાઢવા જેવો પ્રસંગ આવી પડયો. પરંતુ પોતાની ઇજ્જતનો વિચાર કરી શેઠે પોતાની પાસેની તમામ મિલ્કત વેચી, પોતાના લેણદારોને અમુક આની લહેણું ચુકાવી, ઈજ્જત સાચવી. હવે શેઠને મિલ્કતમાં રહેવા માટે એક જ ઘર રહેલું, તે અને



આજીવિકાનું સાધન તો માત્ર દીકરો કસ્તુરચંદ એક શરાફને ત્યાં નોકરી કરવા રહ્યો હતો તેના પગાર ઉપર જ હતું. બહુ જ કરકસરથી ચલાવવું પડતું હતું. આવી સ્થિતિમાં પ્રથમ એક વખત શેઠને ત્યાંથી સારી રીતે સન્માન પામેલો એક બ્રાહ્મણ આવ્યો, અને તેણે શેઠ પાસે યાચના કરી. શેઠે વિચાર કર્યો કે, " આ બ્રાહ્મણ મારી પ્રથમના જેવી જ સ્થિતિ સમજીને યાચવા આવ્યો છે; છતાં હું તેને નિરાશ કરીને મોકલીશ તો તે નિઃશ્વાસ નાખશે; અને મારી પાસે તેને આપવાનું કંઇ પણ સાધન નથી." છેવટ તેઓ એવા નિશ્ચય ઉપર આવ્યા કે, "નગરમાં એક હીરાલાલ નામના બીજા પરોપકારી શેઠ છે. તેમની પાસેથી બાકી કાઢી આપી પાંચ રૂપિયા લઈ આવું, અને આ બ્રાહ્મણને સંતોષું" આવો વિચાર કરી કપૂરચંદ શેઠ તે શેઠની પાસે ગયા. આ હીરાલાલ શેઠ તે શેઠની પ્રથમની સ્થિતિથી બરાબર વાકેફ હતા, તેથી તેમણે શેઠને પોતાને ત્યાં આવવાનું કારણ પૂછયું. શેઠે પોતાની સત્ય હકીકત જાહેર કરી, તે સાંભળી શેઠ હીરાલાલને આશ્ચર્ય થયું, અને મનમાં શેઠની પ્રશંસા કરી. તેણે શેઠને કહ્યું કે, " શેઠજી ! આપ બાકી કાઢી આપવાની શી વાત કરો છો ? આપ મારા ઉપર વખતોવખત કૃપા કરી જ્યારેજ્યારે આપને પૈસાની જરૂર પડે ત્યારે ત્યારે મને ફરમાવતા રહેજો; અને પાંચ રૂપિયામાં આપ શું માગો છો ? કાંઇક વિશેષ લો, શેઠે જવાબ આપ્યો કે, મારે હમણાં પાંચ જ રૂપિયાની જરૂર છે, માટે તાત્કાલિક આપો." હીરાલાલ શેઠે બહુ જ આગ્રહ કર્યો. પરંતુ શેઠે વિશેષ રકમ ન લીધી. શેઠે આવા ખાનદાન કુટુંબની પાયમાલીથી પોતાના મનમાં દિલગીર થઈ, કપૂરચંદને કહ્યું કે, " આપના સુપુત્ર કસ્તુર

ચંદને મારે ત્યાં મુકો. તમારા જેવા ખાનદાનના હાથમાં મારી દુકાનનો વહિવટ હોય તો મને બહોળો ફાયદો થવાનો સંભવ છે." કપૂરચંદે પોતાની સ્થિતિનો વિચાર કરી હા પાડી, અને પોતાના પુત્રને હીરાલાલ શેઠને ત્યાં નોકરીએ મુકયો. હીરાલાલ શેઠે તેને પોતાના મુનીમની જગાએ સારા પગારથી રાખ્યો. જુઓ, કપૂરચંદ શેઠ એ એક દ્રવ્યરૂપ કસ્તુરીથી ભરેલા પાત્ર હતા. તે દૈવકુયોગે દ્રવ્યરૂપ અભાવથી તુટી ગયા; પણ ખાનદાની રૂપ સુવાસનાનો પોતાનો જાતિસ્વભાવ તેમણે ન છોડયો.

### દોહરો.

પ્રથમ ચાહ પીવા પછી, ઊપજે સ્વાદ સદાય,<br>
વ્યસન બની વગળી પડે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:-એક વખત ચા પીવાથી તે હંમેશાં મીઠી લાગે છે, એટલે તેનો વ્યસન રૂપ થઇ વળગી પડવાનો જાતિસ્વભાવ જતો નથી તે બદલ:—

### દૃષ્ટાન્ત ૩૪.

ચીન દેશના વતની દરેક પ્રકારે વ્યસની હોય છે. ચાનું મૂળ સ્થાન ચીન દેશ છે. યુરોપના વતની જ્યારે પહેલવહેલા ત્યાં ગયા ત્યારે તેઓ તે દેશના વતનીઓની તમામ ખાદ્ય અને પેય વિધિથી વાકેફ થયા; કારણ કે, યુરોપના વતની સુધર્યા પછી દરેક પ્રકારે આરામ ભોગવનારા થયા. તેઓ કુદરતી વિચારશક્તિવાળા હોઇ, ઉદ્યોગ રૂપ પ્રવૃત્તિના અંગે પહેરવું, ઓઢવું અને ખાવુંપીવું એમાં સૌથી શ્રેષ્ઠ નીવડયા. તેમાં વળી પેય પદાર્થ તો તેમને પુષ્કળ પ્રિય થઇ પડયો. હવે ચીના લોકો સૂકી અગર લીલી ચા વ્યસન



તરીકે પીતા, એટલે તેઓ દૂધ, સાકર, વગેરેનો સ્વાદ રૂપ ઉપયોગ કરતા ન હતા. અને યુરોપીય લોકો સ્વાદિષ્ટ પદાર્થના ભોક્તા હોઇ તેમણે ચીનનું વ્યસન પોતાની ગરદને તાણી બાંધ્યું. તેઓ થંડા પ્રદેશના હોઇ તે વ્યસનને અનુકૂળ માની ત્યાગ ન કરી શકયાં, દેશ કાળને અનુસરી આપણા ભારતવાસીઓ બહુધા ત્યાંના સહવાસી થયા. કહેવામાં આવે છે કે, આપણા દેશમાં પ્રથમ ચાનું નામ જ ન હતું, કારણ કે, તે શબ્દ પુરાતન શબ્દકોષ અગર વૈદ્યક ગ્રંથમાં નથી; જો કે પ્રથમ બુન્દદાણાનો કાવો કાઢવામાં આવતો હતો; પણ ચા તો મૂળમાં જ ન હતી. સુધારાના પાયા ઉપર આવેલા વિદેશસહવાસી ભારતવાસીઓએ ચા દેવીનાં દર્શન કરી તેને શિરસાવંદનીય માની લીધી, તે એટલે સુધી કે, બાળકોની બાળ પોથીમાંથી "બા ભૂ પા" એ શબ્દ નાબૂદ થઇ "બા ચા પા" એ શબ્દે અગ્રસ્થાન લીધું, પારણામાં ઝુલતું પુષ્પ સમાન સુકોમળ બાળક 'ચા' સાંભળી ઝબકી ઊઠે. અહા ! શી ચા દેવીની અદ્દભુત શકિત ! ભૂલ ! ભયંકર ભૂલ ! ચાને એક વખત નહિ, પણ બે વખત દેવી કહી, તે દેવી નહિ, પરંતુ ભયંકર રાક્ષસી છે. રાક્ષસી તો માંસ, રુધિર અને વીર્યનું શોષણ કરનાર રાક્ષસીથી પણ ચઢિયાતી છે.

કદાચ કોઇને શંકા થાય કે, વિદેશીઓને ચા કેમ અનુકૂળ થઇ ? તો તેનું સમાધાન એ કે, તેમાં દેશ હવાનો તફાવત છે, આપણો પ્રદેશ શીતોષ્ણસમ પ્રધાન હોઇ આપણને ચા અત્યંત ગરમ પડે છે, અને યુરોપ દેશ ઠંડો હોઇ ત્યાંના વતનીઓને ચા અનુકૂળ છે.

" દેખાદેખી સાધે જોગ, તન છીટે ને વાધે રોગ," એ પ્રમાણે ચા દેખાદેખીથી સાધ્ય થઇ છે. પ્રકૃતિવશાત્ એકને તે અનુકૂળ

થઈ પડી એટલે બીજાએ પણ તેને ગ્રાહ્ય કરી. રફ્તે રફ્તે ચાનો મહિમા એટલે સુધી વધ્યો કે દસ ઘરનું ગામડું હશે ત્યાં પણ ચા તો ખરી જ, અને ખાસ તેથી કરીને અઢારે આલમ એકે આરે થઈ. ધગધગતા અંગારા જેવી ગ્રીષ્મઋતુમાં પણ ચા પહેલા હોઠ બાળી, પછી જીભ બાળી, પછી તાળવું બાળી, પછી ગળું સેકી અને પછી કાળજું સેકી, છેવટે અગ્નિ ભેગી અગ્નિ મળી, આખી હોજરીને સેકી, સર્વાંગને અંગારા સમાન કરે છે.

'બેટા ! ચા પીઓ,' 'ગગા ! ચા પી,' 'કાકુ ચા ગિત,' 'બુચા ! ચા પી,' 'પોરા ! ચા ગે,' 'બચ્ચા ! ચહા પીલે,' અહા ! ! ઉછરતા બાળકના કોમળ મગજના નાજુક સ્નાયુઓમાં પણ પોતાનાં માવિતરોએ ચાની અધમ શિક્ષા ઊતારી તે બચપણના સંસ્કારો મરતાં સુધી પણ શી રીતે ખસે ?

આ બાબતમાં અમે કેટલાંક કાવ્યો પણ નીચે પ્રમાણે લખીએ છીએ.

દોહરા.

ચાહ તણું ચટુ વ્યસન, કરે કલેજે દાહ,
રંક રાય રેડે ઉદર, ચાહ કરીને ચાહ. ૧

પાત્ર એક પીનાર સહુ, મટી ગઈ મર્યાદ,
ભલે ધૂઓ કે ના ધૂઓ, ચામાં શાનો બાદ . ૨

સગડી વળગી છાતીએ, સજ્જડ કિટલી સંગ ,
પ્યાલો મારો પ્રાણ છે, રંગ રકાબી રંગ. ૩

આવો તો અમૃત મળો, માનું કીધી મ્હેર,
ચાહ મળે તો આવીએ, નહિ તો રહીએ ઘેર. ૪



મનહર છંદ.

ચકલે ચકલે વધી ચાહની દુકાનો ઘણી,
ચાહ તણા ગ્રાહકોએ તોડી પાડયા ઓટલા,
રંક ને ભિખારી ઠોઠ ભણેલા તે ચાહ તણા,
બંધાણી બનેલ જાણે ચૂસાએલા ગોટલા,
ઓઢવાને ચાહ અને પાથરવાને ચાહ વળી,
પીવામાં તો ચાહ તણા પેટે બાંધે પોટલા,
ચાહના બનેલા ચેલા ચાહ વિના થયા ઘેલા,
ચાહે સદા ચાહ પણ ચાહે નહિ રોટલા. ૧

કોઈ કહે અમને જો નામે ચાહ મળે ન તો,
આખો દિન અમારો તે અકારો જ જાય છે,
કોઈ કહે મળ્યો નહિ ચાહ અમને તો આજે,
આખા દિવસથી મળબારણું મૂંઝાય છે,
કોઈ કહે કોનું મોઢું જોયું આજ ચાહ વિના,
સુસ્તી સાથે બગાસાંનું બળ વરતાય છે,
અરેરે ! આ ચાહ તણી ચાહ કેવી વધી પડી,
ગામોગામ ઠામોઠામ આની વાતો થાય છે. ૨

ઊગતે દિવસે ચાહ તણી ચિંતા ચોંટી પડે,
કથની કથાય નહિ કદિ કિરતાર,
કરવી મજુરી અને ચાહ પર ચાહ ઘણી,
પીવાય દિવસ રાત દસ બાર વારની,
કરે પાયમાલી ચાહ તન અને ધન તણી,
આઠના પગાર ઉપર ચાહ થાય ચારની,

કારની વ્હેવારની ન ઘરની ન બારની ન,
નારની કુમારની ન ચાહ ચાહ યારની. ૩

મોચી આવ્યો તોય ઝટ ખુરશીએ બેસી જાય,
ઘાંચી આવ્યો તોય ઝટપટ ચાહ માગે છે,
ઊજળાં લૂગડાં પહેરી ઢેડ છાનોમાનો પેસે,
પાસે હોય ભંગિયો તો શેઠ જેવો લાગે છે,
બ્રાહ્મણોના ભેળા ભાટ વાણિયા ભેળા પટેલ,
જોઇ ઢેડ ભંગિયાને જેઓ છેટા ભાગે છે,
'ચાહ લાવો', 'ચાહ લાવો', બોલે બધા એક સાથે,
જુઓ હોટલોમાં સદા ચાના ઘંટ વાગે છે. ૪

### દોહરા;

સેળભેળ ચાહે કરી, વિગતે વર્ણ અઢાર,
નષ્ટ થયા નર શ્રેષ્ઠના, વર આચારવિચાર. ૧

દહીં સાકર ઘી દૂધ છે, મોંઘાં સઘળે દેશ,
હાળાં ચૌટે ચાહના, વ્યસની થયા વિશેષ. ૨

ઘોળમાં કાળપ ભળી, મિઠાશમાં કડવાશ,
ચાએ છોડી ચોખવટ, દુનિયા કીધી દાસ. ૩

જળથળ વ્યાપક ચા થઇ, બ્રાહ્મણિયા જ ગણાય,
પાનારા પૈસા લઇ, પેદા થયા ઘણાય. ૪

---

### દોહરા.

પયને પાવક પર ધરો, આંચ દિયે ઊભરાય,
પુષ્ટ કરે પીનારને, જાતિસ્વભાવ ન જાય.



ભાવાર્થ—દૂધને અગ્નિ ઉપર મુકી અધિક તાપ દેતાં તે ઊભરાય છે, પણ પીનારને પુષ્ટ કરવાનો તેનો જાતિસ્વભાવ ન જવા બદલ:-

---

## દ્રષ્ટાંત ૩૬.

ચહુઆણ વંશાવતંસ અર્જુનસમાન બાણાવળી મહારાજા પૃથ્વીરાજને મહાન રાજદક્ષ કૈમાસ નામે પ્રધાન હતો. તે સમયે સમસ્ત ભારતવર્ષમાં કૈમાસ જેવા બુદ્ધિશાળી પ્રધાન ભાગ્યે જ હશે. એક વખતે મહારાજા પૃથ્વીરાજ આખેટ ખેલવા ગયા હતા. દરમ્યાન પોતાની " કર્ણાટકી " એ સંજ્ઞાથી ઓળખાતી પડદાયત સ્ત્રી, તરુણોને સ્પર્શ કરતા પતિની માફક સુવાસિત પુષ્પો સહવર્તમાન લતામંડપોને સ્પર્શ કરતા શીતળ, સુગંધિત અને મંદમંદ પવનના પરિમલવિસ્તારથી, તથા અડગ, ટેકી, ચકોર પક્ષીના ચિત્તને ચોરનારી નિશિનાથ એવા ચંદ્રમાની દિવ્ય ચાંદનીને જોઇ, પૃથ્વીરાજના વિરહથી વિયોગી મૃગલીની માફક વ્યથિત બની ગઇ.

તે જેમ જેમ પોતાના વિરહાગ્નિને શાન્ત કરવા સંયોગીને પ્રિય થઇ પડેલા શીતળ ઉપચારો કરે છે, તેમ તેમ તે શીતળ ઉપચારો તેને કટ્ટા દુશ્મન રૂપ થઇ પડે છે.

પુષ્કળ પવન ઢોળવા છતાં પણ દાસીઓ ઉપર તે ક્રોધનાં કટાક્ષ ફેંકે છે, અને વારંવાર પોતાના મનોહર શયનભુવનમાં આમથી તેમ ફર્યા કરે છે; અને તેથી પોતાનાં ચરણોમાં શોભતાં ઝાંઝરોનો કલહંસ જેવો મૃદુ અવાજ થાય છે તે પણ તેને ભૈરવના જેવો ભયંકર અને કર્ણકટુ માલૂમ પડે છે.

આ પ્રમાણે મહાવ્યથાએ કરી નિરર્થક વખત વ્યતીત કરતાં કરતાં ઝરૂખાની બારીએ આવી તેણે જોયું તો તેને દિવ્યમૂર્તિ વીર કૈમાસ દ્રષ્ટિગોચર થયો. તે જ સાથે કૈમાસની દૃષ્ટિ પણ ત્યાં પડતાં કૈમાસે નીચું જોયું.

"દાસી! સત્વર જા, અને (આંગળીના ઇશારા સાથે) કેળવાએલા અશ્વની ગતિથી જનાર કૈમાસને તારા બુદ્ધિબળથી તું અહીં વાળી લાવ," કર્ણાટકીએ પ્રલયવિરહાગ્નિના વેગમાં કહ્યું. ભયપ્રીતિના હુકમને અધીન થઇ દાસીએ ચોરની માફક ગમન કર્યું. અહીં કર્ણાટકીએ નવ ને સાત સોળે શણગાર સજ્યા અને અનેક ચંદ્રમાની જયોતિસમાન તે બની. વિશેષમાં અત્તર ગુલાબથી પોતાનું સ્વાભાવિક દિવ્ય સુગંધિત શરીર તરબોળ કર્યું. શયનભુવનના પ્રદીપોની શકિત એટલે સુધી તેણે વધારી કે, જાણે નક્ષત્રો સાથે અનેક શરદેન્દુઓનો ઉદય થયો હોયની શું? મનોહર બિછાયત કરાવી, તમામ સ્થળે સુગંધ સીંચાવી, તેણે મખમલના પાવડાં પસાર્યાં. કહ્યું છે કે—

દોહરો.

ઊંચા પહેરે ઘાઘરા, ઓઢે ચીર અજબ,
રાયજાદાં મન રીઝવે, ગોલિયું કરે ગજબ.

કર્ણાટકીની દાસીએ વીર કૈમાસ રૂપ હાથીને પોતાની કળા રૂપ કાચા તાંતણાથી ખેંચ્યો. કૈમાસ ઉપર આવ્યો અને રંગતાળી જામી. અહા! હે! દુષ્ટ નિષિદ્ધ કામ! તને હજાર વાર ધિક્કાર છે. કુકામલોલુપ અધમ સ્ત્રીઓ! તમને તો લક્ષ લ્યાનત છે; કારણ કે, તેવો કામ તમારાથી જ ઉપસ્થિત થાય છે!



રાગ ધનાશ્રી—(અરે જાતિસ્વભાવ ન જાય.)

દુષ્ટ હે કામ તને ધિક્કાર, વ્યાપી કરે તું ખ્વાર. દુષ્ટ હે.
પુષ્પનાં તારાં પાંચ શરોથી, સ્વાધીન સૌ સંસાર,
તારી અસર જડ ચેતન તનમાં, ન્યૂનાધિક ન લગાર, દુષ્ટ હે.

અન્ધ બનાવે અહા મનુષ્યને, શૂન્ય દિસે સંસાર,
તેજ, બુદ્ધિ, બળ હણે તત્ક્ષણ, ભાન રહે ન તલભાર. દુષ્ટ હે.

કળ્યું ન જાય તે કૌતક તારૂં, પ્રબળ પારાવાર,
પ્રાણી સરવને લાગુ પડીને, વળગાડે જ વિકાર. દુષ્ટ હે.

તુજ સમીપમાં રંચ રહે ના, વિધિનિષેધવિચાર,
મનહરતાથી માત્ર ચલાવે, ગમે તેમ ઘરબાર. દુષ્ટ હે.

જતિ જેવાના જશ ઉપર તું, પાણી ફેરવનાર,
દેવ અદેવને દેહ દુઃખીને, પાયમાલ કરનાર. દુષ્ટ હે.

અઘટિતપણાથી ઉત્તમ જનમાં, આવીશ નહિ કોઈવાર
પોષાય દુર્જન દુર્જન પાસે, જ્યારે અખજ ખાનાર. દુષ્ટ હે.

"આ વેશ્યા છે; પરંતુ મારા માલીકની માનીતી પડદાયત છે." એવા શ્યામધર્મવિચારબળ ઉપર પ્રેમદારૂપી શત્રુ સામે વીર કૈમાસ રતિરણમાં ચઢીને હારી ગયો. અહીં રંગતાળી જામતાંની સાથે જ શિકારે ગએલા પૃથ્વીરાજને પોતાની રાણી ઇચ્છનકુમારીના પ્રેમહલકારે રાજમહેલમાં રવાના કર્યો. "શું, પ્રિય કર્ણાટકીએ મારૂં આગમન સમજી પોતાનું શયનભુવન દેદીપ્યમાન કર્યું છે?" પૃથ્વીરાજે ઇચ્છનકુમારી સમક્ષ કર્ણાટકી પ્રત્યેનો પોતાનો પ્રેમ જાહેર કર્યો.

"મારા અખંડ દિવ્ય શણગાર! આપ જરાક દીર્ઘદ્રષ્ટિથી જુઓ," ઇચ્છનકુમારીએ ભેદભર્યો જવાબ આપ્યો.

"અરે! દુષ્ટ વેશ્યાએ કૈમાસને ફસાવ્યો!" દેખ્યું ન દેખ્યું કરી પૃથ્વીરાજ મૌન રહ્યો.

"ત્યારે શું કૈમાસ તો કાલે અહીં આવશે એટલે આપ દેખ્યું ન દેખ્યું કરશો?" ઇચ્છનકુમારીએ વીર પૃથ્વીરાજને ઉશ્કેર્યો. "લાવ કબાન" એમ કહી તેણે શરસંધાન કર્યું કે તુરત જ કૈમાસ પ્રાણગત થયો, અને કર્ણાટકી બાણ ઓળખી જીવ લઇને નાસી છૂટી. જુઓ જેમ દૂધને તપાવતાં ઊભરાય તેમ જ પૃથ્વીરાજને ઇચ્છિનકુમારીએ ઉશ્કેરણી રૂપ આંચ દીધી, એટલે પૃથ્વીરાજે ક્રોધરૂપી ઊભરાથી નીચા સ્થાને રહેલા કામાગ્નિરૂપ કૈમાસને હોલવી નાખ્યો, અને તે જ પૃથ્વીરાજના પ્રસન્નવદન રૂપ દૂધે ઇચ્છનકુમારીના પ્રેમ શરીરને પોષવાનો જાતિસ્વભાવ ન તજ્યો.

### દોહરો.

હંસે લીધો હોંસથી, મૂશકને પખ માંય,<br>
પળમાં કીધો પાંખવિણ, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—પાણીથી પલળેલા, ટાઢે ઠરતા ઉંદરને જોઇ કોઈ દયાળુ હંસે તેને હુંફ આપી હોંસમાં લાવવા સારૂ પોતાની પાંખમાં લીધો; પરંતુ સચેતાઈમાં આવતાંની સાથે જ તે ઉંદરનો હંસની પાંખ કાપી નાખવા રૂપ દુષ્ટ સ્વભાવ ન જવા બદલ:—

### દષ્ટાન્ત ૩૬.

કચ્છ વાગડના કોઈ એક ગામમાં બ્રહ્માની ખેડનો કાગવાસી ટેરિયો ભટ્ટ જઇ ચઢયો. ત્યાં તેણે કેટલાક વખત સુધી ટહેલ



બજાવી, છતાં પોતાનો મનોરથ સિદ્ધ કરનાર તેને કોઇ મળ્યું નહિ. ઉદરપોષણ પણ મુશ્કેલીથી તે કરતો હતો, અને તદ્દન ફાટે લૂગડે તે ફરતો હતો, તે જાણે સાક્ષાત્ તે સ્થળની કૃપણતા બતાવતો હોયની શું!

વળી તે તદ્દન દુર્બળ હોઇ દરિદ્રી જેવો ભાસતો હતો. તેથી પાખંડી દુનિયા તેને માનતી નહિ. એક વખત તેણે ગામના મુખીને બહુ જ કંગાળ સ્થિતિમાં કાલાવાલા કર્યા. મુખી પોતાના ધંધાના અંગે બહુ જ નિર્મળ અને પ્રવૃત્તિવાળો હતો. તેણે તે વાત લક્ષમાં લઇ બ્રાહ્મણને કાગળમાં ખરડો કરી આપ્યો એટલે કામ રસ્તે ચઢયું. તેની સાથે તેને પહેરવાનાં કપડાં આપી તેણે કહ્યું કે, "મહારાજ! તમારો ખરડો ચુકવાઇ રહેતાં સુધીમાં મારે ત્યાં રસોઇ કરીને જમતા રહેજો." આ પ્રમાણે પોતાનું બહેતર થયું જાણી બ્રાહ્મણ ખુશ થયો. એક વખતે પટેલને ઓચિંતું બહાર ગામ જવું પડયું, અને તે મહોલ્લામાં રહેનાર બધા ખેડુ હોઇ ખેતરમાં ગયા હતા. બપોરનો સમય હતો, મહારાજના ફૂટેલા નસીબે જોર કર્યું; તેથી મહારાજની દાનત બગડી. તુરત મહારાજ પટેલના ઘરમાં પેઠા. પટેલ મુખીની સ્ત્રી સગર્ભા હોઇ ઘર વચ્ચે સૂતી હતી. સાંભળેલી હકીકત પ્રમાણે લખતાં કલમ લજ્જિત થઇ કંપે છે, તેથી સંક્ષેપમાં નીચે મુજબ હકીકત માલૂમ કરાવે છે કે, મહારાજે આડુંઆવળું જોઇ ઘરના ખુણા સામી નજર કરી તો ત્યાં માત્ર એક લોઢાની કોશ જ હતી. તેને તેણે ઝટ ઊપાડી. ઊપાડતાંની સાથે જ તે હરામીએ તે બાઇના ગુહ્યપ્રદેશે ઘણા જ જોરથી તે ફેંકી, એટલે તે કોશ બાઈનું આડું પડેલું આખું શરીર વીંધીને ખોપરીથી બહાર નીકળી. દરમ્યાન તે અધમાધમ

બ્રાહ્મણ ઓરડાનો પટારો ઊઘાડી અંદર પેઠો, એટલે જાણે દૈવ બાળહત્યા તથા સ્ત્રીહત્યાનું અઘોર પાપ ન સહન કરી શકેલું હોયની શું તેમ પટારાનું ઢાંકણું અનાયાસે વસાઇ ગયું, અને નકુચામાં સાંકળ પણ અનાયસે ભરાઇ ગઇ.

જુઓ, જેમ હંસે પાંખમાં લીધેલા ઉંદરે હંસની પાંખો કાપી, તેમ જ આ બ્રાહ્મણે તેથી પણ વિશેષ ગજબ ગુજાર્યો. ગામના મુખીએ તેને પ્રથમ આશ્રય આપ્યો હોઇ તે બ્રાહ્મણે પોતાનો અઘોર કૃત્ય કરવા રૂપ જાતિસ્વભાવ ન તજ્યો.

ઇશ્વરી ન્યાય મોજુદ છે; નહિ તો પટારો બંધ થાય જ શાને?

## દોહરો.

મરે ભૂખે મૃગરાજ પણ, ખડ ન કદાપિ ખાય.
હાથી મદવાળા હણે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—સિંહ ભૂખે મરે, પણ ઘાસ કદાપિ ન ખાતો હોઇ તેનો મદવાળા હાથી હણવા રૂપ જાતિ સ્વભાવ ન જવા બદલ:—

---

## દૃષ્ટાન્ત ૩૭.

હળદીઘાટના પ્રચંડ યુદ્ધમાં ઉદેપુરના મહારાણા પ્રતાપસિંહનું સૈન્ય ખલાસ થતાં તે ધર્મવીર મહારાણાએ પોતાની ધર્મપત્ની અને બે સંતાનો સહિત કુંભલમેર (કોમલમેર)ના એક જંગલમાં પર્ણકુટી બાંધી નિવાસ કર્યો.

જે મહારાણો હિન્દનો શાલિગ્રામ કહેવાતો, જે મહારાણો હિન્દનો સૂરજ કહેવાતો, જે મહારાણો એકલિંગજીનો અવતાર હોઇ હિન્દુધર્મનો રક્ષક કહેવાતો, જે મહારાણા ઉપર અસંખ્ય દ્રવ્યની નજર નૌછાવર થતી હતી, જે મહારાણા ઉપર હજારો પરિચારકોના 'ઘણી ખમા'ના અવાજ સાથે ચામરો ઢળતાં હતાં, તે મહાન પ્રતાપી રાણો પ્રતાપ આજ એક પર્ણકુટીમાં દુઃખે દિવસો ગુજારે છે. અહા ! દૈવની ગતિ અતિ વિપરીત છે.



## કવિત.

કબૂ એક હાકમ હુકમ કુલ આલમપેં,
કબૂ એક કૂરે બોલ લોગનકે લહીએ.
કબૂ એક ઊંચી અટા બેઠ ઘનઘટા જોત,
કબૂ એક ઝૂંપરી મેં મેઘ બુન્દ સહીએ.
કબૂ એક છત્તીસે સુભોજન બનાયે ખાત,
કબૂ એક લૂખી ભાજી બિના લૌંન ચહીએ.
હરીએ ન હિમ્મત, બિસારીએ ન હરિનામ,
જાહી વિધ રાખે રામ, તાહી બિધ રહીએ.

આ પ્રમાણે મેવાડનો મુગટ મહારાણો પ્રતાપ પોતાને વેળાસર ખોરાક મળે અગર ન મળે તો પણ સંતોષ માનતો હતો. તે જેવો ટેકી હતો તેવી જ તેની ઇષ્ટદેવમાં આસ્થા હતી. પોતાના માટે અગર રાણીજી માટે આહાર ન મળે તેની તો તેને બિલકુલ દરકાર રહેતી જ નહિ; પરંતુ પોતાનાં લાડકોડમાં ઉછરેલાં અતિ માનીતાં સંતાનો સારૂં તો પાતાળ ફોડીને પણ તે ખોરાક પૂરો પાડતો. વખત ઉપર તેમને તો બે ત્રણ દિવસના સામટા કડાકા જ થતા હતા. એક વખતે સામાનો માત્ર એક જ રોટલો કરેલો તે તેમણે પોતાનાં સંતાનોને વહેંચી આપ્યો. દૈવવશાત્ એકના હાથમાંથી વગડાઉ બિલાડો બાકી રહેલો રોટલો ઝડપાવી ગયો, એટલે

મહારાણાથી બાળકનો કરુણનાદ ન સહન થઇ શકયો, અને તુરત પોતાનું ધનુષ્યબાણ લઇ રાણાશ્રી જંગલમાં રવાના થયા. સમય રાત્રિનો છે મન્દમન્દ બુન્દોયુકત વરસાદ વરસે છે. નિશાદેવીને બિરદાવી રહ્યાં હોય તેમ તમરાં તમતમ અવાજ કરે છે. જમીનનો પડદો વીજળીના ઝબકારા વિના દેખાતો નથી. એવામાં પર્ણકુટી પાસેના ઝાડના માળા ઉપર પોતાનાં પ્રિય બાળકોને મહા મુશીબતે પોઢાડીને મહારાણીશ્રી પોતાના પ્રતાપી પતિની રાહ જોતાં પર્ણકુટી આગળ જ ઊભાં છે, અને જરાક વાદળસમૂહ દૂર થતાં સહેજ ચંદ્રમા તરફ દષ્ટિ કરીને

## દોહરો.

કદ બાંધો કદ આધલો, કદ લૂકયો કદ લીહ,
દૈવે દિધા ન ચંદરે, સબે સારખા દીહ.

આ પ્રમાણે બોલતાં ધીરજવાન મહારાણી એકાએક ભયંકર અકસ્માતથી કાળમુખે ગ્રસિત થયાં.

અહીં અઘોર જંગલમાં મહારાણાજી ધનુષ્ય ઉપર બાણ ચઢાવી આમથી તેમ ભૂખ્યા વિકરાળ સિંહની માફક ફાળો ભરે છે, એટલામાં નૂપુરરવ થયો. રાણાશ્રીએ વીરનાદ કર્યો. “ કોણ ? વનદેવી ? અગર કોઇ ભૂતપિશાચ ? ખેર, ગમે તે હોય. ” દરમ્યાન વીજળીનો સહજ ચમકારો થતાં શિકાર સહિત વિકરાળ સિંહને જોઇ વિચાર્યું કે, “ કોઇ શિકારને મેળવી છકી ગએલો શ્વાન છે. ” કહેતાં તો શ્વાન સિંહે હાકલ દીધી, એટલે પર્વતોનાં શિખરો ચોગરદમ ગરગડી ઊઠયાં. મદોન્મત્ત થઇ નિઃશંકપણે તેને સામો ધસતો જોઇ રાણાજીએ ઝેરી સર્પના વેગ સરખું તીર છોડયું. તે



સિંહના ભાલપ્રદેશે પેસીને પૃષ્ઠભાગે નીકળી એક વિશાળ શિલાના કક્ષાન્તરે સમાઇ ગયું.

જેમ કોઈ મૂર્ખના મોઢામાંથી હસતાં હસતાં પાનનો લોચો બહાર નીકળી પડે તેમ શિકાર જમીનદોસ્ત થયો, અને સિંહ બરાડા પાડતો ગતપ્રાણ થઇ ઢળી પડયો, એટલે વળી ફરી વીજળીનો ચમકારો થયો. અરે ! કોઇ પરાયી પ્રેમદા ! લાવ આડું મોં રાખી અસ્પર્શ દાવે જરાક જળનું સિંચન કરૂ, એમ વિચારી પરોપકારી અને દયાળુ મહારાણાએ થોડાક જળનું તે કંઠપ્રાણ દેહ ઉપર સિંચન કર્યું એટલે દેહ શુદ્ધિમાં આવ્યો.

“ પ્રાણરક્ષક, પર પુરુષ, હું મહારાણા પ્રતાપની ધર્મપત્ની હોઇ આજથી જીંદગીપર્યંત તારી આભારી છું. તારા વ્રતશીલ પુણ્યશાળી સ્વભાવને ધન્ય છે હજારોવાર. કૃપા કરીને મારા દુઃખિત પતિની શોધ કર, આટલામાં જ હશે કે જે મારી પાસે આવી તે મને પોતાના નિવાસે ઊંચકી જાય.” આ પ્રમાણેનો અતિ કમકમાટ ઊપજાવનાર પોતાની ધર્મપત્નીનો વ્યથિત નાદ સાંભળી મહારાણો હૃદયમાં મહાખેદ પામીને, “કોણ, દેવી, પ્રાણપ્રિયા?” “દૈવી ગતિ ! ” પોતાના પ્રાણનાથનો સ્વર ઓળખી ધર્મપત્નીએ માત્ર એટલો જ જવાબ આપ્યો. કાળમુખગ્રસિત મહાવ્યથાથી કેટલેક કાળે પોતાની ધર્મપત્ની મુકત થતાં એક દિવસ કારણ વશાત્ મહારાણા પર્ણકુટીથી કેટલેક દૂર જઈ પહોંચ્યા. ત્યાં ભીલો ટોળાથી વીંટાઇને દારૂનો તોલિયો ઊંચકતો અને પોતાને બેસવાનો ઢોલિયો હચમચાવતો દોલિયો નામનો ભીલ નીચે મુજબ બોલતો હતોઃ—
“ભાઇઓ? આજે મને સમાચાર મળ્યા છે કે રાણા પ્રતાપનું માથું બાદશાહને લાવી આપે તેને અમુક ગામનો પટો આપવામાં આવશે!

માટે બિચારો પ્રતાપ બાદશાહના ત્રાસથી આપણા જ જંગલમાં સંતાઈ રહ્યો છે તેને મારી તેનું માથું બાદશાહને રજુ કરવું એમ મેં નકકી કર્યું છે. દરમ્યાન મને પટો મળવાથી હું ભીલો રાણો કહેવાઇશ અને મારી સ્ત્રી ભીલા રાણી કહેવાશે. માટે તમામ કામઠિયા તૈયાર થાઓ. ”

આવા પ્રકારના ઢોલિયા ભીલના આકાશકુસુમવત્ શેખચલ્લીના ઉદ્‌ગાર સાંભળતો રાણો પ્રતાપ ઝાડની ઓથે ઊભો હતો ત્યાંથી તેણે ઓચિંતી સિંહફાળ ભરી વિકરાળ ચહેરે પોતાની તીક્ષ્ણ તરવાર વાપરી.

### દોહરો.

(તેં) વાહી રાણ પ્રતાપસી, કુંજર રે શર ખગ,
એકે ઝટકે ત્રણ હણ્યાં, શુંડ દંતુશળ પગ.

તેમ જ દારૂનો તોલિયો, ઢોલિયો અને ઢોલિયો એ ત્રણેને એક સાથે ભેદી તે તરવાર એક હાથ ઊંડી જમીનમાં પેસી ગઇ, અને દારૂનું પીધેલું ભીલટોળું તીડોની માફક આમતેમ નાસવા મંડયું. પણ બિનગુનેગારોને રાણો શા માટે મારે ?

“અહા ! અત્યારે હું જે ઝાડ તળે જઇને ઊભો રહું છું તે ઝાડ પણ મને આઘો ખસેડી મુકે છે; માટે મારે હવે શો ઇલાજ લેવો?”

### દોહરો.

કમળિયા કીચડ હુવા, દિનકર વેરી હોય,
જયા દિન સમાન આપકા, તા દિન સગાં ન કોય.

હૃદયને ધીરજ આપી રાણો પ્રતાપ પોતાની પર્ણકુટિએ આવ્યો. રાત્રે તેને સ્વપ્ન થયું કે, પોતાની ધર્મપત્નીના અલંકાર ઊતરાવી



જાણે એક ભીલ લઈ જાય છે તે જોઇ રાણો પ્રતાપ તેની પાછળ દોડયો.

આ પ્રમાણેની ખરેખરી ઘટના જાણી રાણો પ્રતાપ અચાનક ઝબકી ઊઠયો, અને તેણે કહ્યું કે, “ દેવી, ગજબ કર્યો ! મારી દુનિયામાં બદનક્ષી થશે. તેં શા માટે વસ્ત્રાલંકાર ઊતારી આપ્યાં?” “પ્રાણનાથ ! આપની નિદ્રાને ખલેલ પહોંચવાની ધાસ્તીએ મેં બિનઆક્ષેપે તેને રાજીખુશીથી ઊતારી આપ્યા છે, તે આપે શી રીતે જાણ્યું ? એમ રાણીજીએ કહ્યું. ”

“મને સ્વપ્ન થયું. લાવ મારો કબાનિપો જલદી. ” એમ કહી રાણા પ્રતાપ ઉતાવળા ઉતાવળા ભીલને પગલે પગલે દોડયા. એટલામાં તો તે ભીલ પોતાના તામસી ઉપાસનાના સ્થળે બોલતો હતો કે, “ હે માતા ! કાલે તને હું એક પાડાનો ભખ આપીશ. તે માની લેજે. ”

આ પ્રમાણે સાંભળી “ લેજે માતા ભોગ અને ટાળજે રોગ ” એમ કહી રાણા પ્રતાપે તે ભીલને પ્રાણગત કર્યો.

માત્ર જયાં કેવળ અધર્મી જ વસતા હોય તે સ્થળનો સર્વથા ત્યાગ કરવો ઉચિત છે, એમ ધારી રાણાજીએ તે સ્થળનો ત્યાગ કર્યો. દૈવસંજોગે તેમને ભામાશા શેઠની અપાર આર્થિક મદદ મળી તે વડે પુષ્કળ સૈન્ય એકઠું કરી અનેક શત્રુઓનો નાશ કરી તેમણે મેવાડનો પુનરુદ્ધાર કર્યો.

જુઓ, જેમ સિંહ ભૂખે મરે પણ ઘાસ ન ખાય તેમ રાણા પ્રતાપે પોતાની ટેક જાળવી અને અનેક દુશ્મનો રૂપી હાથીઓને હણવા રૂપ પોતે પોતાનો જાતિસ્વભાવ ન છોડયો. વળી કહ્યું છે કે–

### દોહરો.

સિંહા એડી આખડી, પર માર્યાં નહ ખાય,
દાવ ચુકે જો આપણો, ( તો ) ભાંગ્યા લાર ન જાય.
જે શેરિયે સિંહ સંચર્યાં, રજ ઊડી તરણાંહ,
તે ખડ ઊભાં સૂકશે, ( પણ ) નહ ચૂગે હરણાંહ.

---

### દોહરો.

તન યદપિ ચાતક તણું, તરશે ભલે તપાય,
પય સ્વાતિ વિણુ નવ પિયે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—બપૈયાનું શરીર ભલે તરસથી તપી જાય તો પણ સ્વાતિબુન્દ વિના અન્ય જળ ન પીવાનો તેનો જાતિસ્વભાવ ન જવા બદલ:—

### દૃષ્ટાન્ત ૩૮.

રાણા પ્રતાપ જ્યારે કુંભલમેર ( કોમલમેર ) પ્રદેશના જંગલમાં રહેતા હતા ત્યારે ત્યાં એક વખત ફરતો ફરતો કોઇ એક મહા વિદ્વાન કવિ જઇ ચઢયો. તેણે રાણા પ્રતાપને નીચે પ્રમાણે એ બોલથી બિરદાવ્યો.

### દોહરા.

હું બલિહારી રાણિયાં, જીણ જાયા રાજપૂત,
અણહોતી હોતી કરે, સહવા તારી સૂત. ૧
અણદેશે જઇયે નહિ, જ્યાં રજપૂત ન હોય,
સામો આવી શેરીયે, કુશળ ન બૂઝે કોય. ૨
રજપૂતાં રા'દાવડા, સરપાંના ભારા જ,
રીઝવિયાં મોજાં અપે, ખીજવિયા ખારા જ. ૩



આ સાંભળી રાણાજીએ પ્રસન્નવદને કહ્યું કે, "કવિરાજ ! કયાંથી અને શા ઇરાદાથી આ અઘોર વેરાનમાં આપે આટલી બધી તકલીફ ઊઠાવી છે ? "

'અન્નદાતા ! મેવાડ મુકુટમણિ હિન્દુકા શાલિગ્રામ રૂપ આપ માલિકના પવિત્ર દર્શનાર્થે મધ્ય પ્રદેશથી ફરતો ફરતો અહીં આવ્યો છું, " કવિરાજે નિઃસ્વાર્થપરાયણ યથાર્થ ઉત્તર આપ્યો. " બોલો ત્યારે તમારી શી ઇચ્છા છે ! " રાણો ઇચ્છા પૂરવા તૈયાર થયો.

### છપ્પય.

યહ ઇચ્છા અવનીપ, દીર્ઘ આયુષ તવ દાની,
યહ ઇચ્છા અવનીપ, પ્રતાપ બઢો તન પાની;
યહ ઇચ્છા અવનીપ, રહો ધર્મ સુરખવારે,
યહ ઇચ્છા અવનીપ, હિન્દુકા સૂર્ય હમારે;
શત્રુ સમૂહ સંહારિકે, વિજય છત્ર શિરપેં ધરો,
મેવાડ રાજ ભંડારમેં, સુખ સંપત અવિચળ ભરો.

કવિરાજનો માત્ર આશીર્વાદાત્મક છપ્પય સાંભળી મહારાણાને સર્વાંગે હર્ષરોમાંચ ઊભાં થયાં. કહ્યું છે વૈતાળ કવિએ કે,

### છપ્પય.

કઠિન વિપત મેં દાન, કઠિન સાગ્રથ મેં સમતા,
કઠિન નિકંદન કામ, કઠિન મન મારન મમતા;
કઠિન હિ પરઉપકાર, કઠિન તનમન વશ કરવો,
કઠિન પ્રીતકી રીત, કઠિન ભવસાગર તરવો;

ત્યોં બચન નિભાવન અતિ કઠિન, કામ જુદ્ધ જીતન કઠિન,
બૈતાલ કહે બિક્રમ સુનો, દુર્બલ સ્નેહ પાલન કઠિન.

રાજાને મહાન વિચાર થઈ પડયો કે, "હું મહાન વિપત્તિમાં શાનું દાન કરૂં કે, જેથી કરી કવિરાજના હૃદયને સંતોષ થાય ! 'લો, કવિરાજ ? મારો શિરમુકુટ આપને સદાને માટે હું બક્ષીસ કરૂં છું; અને તેની સાથે ભીષ્મપ્રતિજ્ઞા કરૂં છું કે, મેવાડનો ઉદ્ધાર કરી હું પુન: શિરમુકુટ ધારણ કરીશ'. " 'હાજર સો હજુર' એ મુજબ રાણાજીએ કવિરાજને પોતાની દાનવીરતા દર્શાવી.

"અન્નદાતા ! આપના શિરમુકુટને ઘણી ખમ્મા ! હું તો માત્ર આપને બિરદાવવા માટે જ શોધતો શોધતો અહીં આવ્યો છું." કવિએ સંતોષકારક જવાબ આપ્યો.

રાણાજીના અત્યાગ્રહથી શિરમુકુટ જમણા હાથમાં લઇ કવિ ત્યાંથી દિલ્લીને રસ્તે રવાના થયો. દરમ્યાન કેટલેક સમયે દિલ્લીમાં આવી તેણે બાદશાહની મુલાકાત લીધી તેના વાક્ચાપલ્યથી બાદશાહ અતિ પ્રસન્ન થયો, અને કવિને પુષ્કળ દાન આપતાં કવિએ ડાબો હાથ ધર્યો. તે જોઇ બાદશાહ ચીઢાયો. "બન્દે નિવાજ ! આપ શા માટે ચીઢાઓ છો ? મેં મારો જમણો હાથ રાણા પ્રતાપને જીંદગી સુધી વેચાણ કર્યો છે." કવિએ પોતાની અડગ ટેક બતાવી. જુઓ, જેમ બપૈયો સ્વાતિનું પાણી જ પીએ છે તેમ કવિએ પોતાના રાણા પ્રતાપ સિવાય બીજાને ન યાચવાનો જાતિસ્વભાવ ન છોડયો.

---

### દોહરા

ચારે તરફ ચકોરને, ગગને ગ્રહો ઘણાય,
ચુકે ન સુરતિ ચંદ્રથી, જાતિસ્વભાવ ન જાય.



ભાવાર્થ:—આકાશમાં ચારેતરફ ઘણાય તારા છે; પણ ચકોર પક્ષીનો ચંદ્ર તરફની સુરતિથી ન ચુકવાનો જાતિસ્વભાવ ન જવા બદલ:—

### દૃષ્ટાન્ત ૩૯.

નારદ ઋષિના કહેવા ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખીને હિમાચળનાં પુત્રી પાર્વતીજીએ શંકર ભગવાનને વરવા માટે મહાન તપશ્ચર્યા આદરી; તે એટલે સુધી કે, તપશ્ચર્યાના પ્રભાવે કરી દેવતાઓમાં ખળભળાટ ઊઠયો, અને ઇન્દ્રને ચિન્તા થઇ કે, "અહો ! પાર્વતીની આવી શી મહાકાંક્ષા છે ?"

વળી તે તપશ્ચર્યા જોઇ શંકર ભગવાન પાર્વતીજી ઉપર અતિ પ્રસન્ન થયા અને સપ્તર્ષિઓને બોલાવરાવીને તેમણે કહ્યું કે, "જેણે મહાન ઉગ્ર તપશ્ચર્યા આદરી છે, એવી હિમાલયની પુત્રીની તમે ત્યાં જઇ પરીક્ષા લો." શંકર ભગવાનની આજ્ઞાથી સપ્તર્ષિઓ પાર્વતીજીની પાસે આવ્યા, અને તેમણે તેમને કહ્યું કે, "હે ! કુમારિકા ! આપ શિશુવયમાં હોઇ શા માટે દેહનું દમન કરો છો ? વળી આ તપના પ્રભાવે કયી અસાધ્ય વસ્તુને સાધ્ય કરવા ધારો છો ?" આ સાંભળી પાર્વતીજીએ કહ્યું કે, "હું પાંખો વગર આકાશમાં ઊડવાની ઇચ્છા ધરાવું છું તે આપને શું વિદિત નથી કે જેથી મને જાણીજોઇને પ્રશ્ન કરો છો ?" સપ્તર્ષિઓએ કહ્યું કે, "હા, જાણી તમારા મનની વાત. પરંતુ નારદને ભરોંસે જરા પણ ભોળવાશો નહિ. તેણે ઠગવિદ્યા આદરી કૈંકનાં ઘર ઘાલ્યાં છે. અમે ધારીએ છીએ કે, નારદવિદ્યાથી તમે અજાણ છો, માટે તમારા હિતની ખાતર કહીએ છીએ કે, દુનિયામાં વર કયાં નથી ? કે તમે તે

દિગંબરમૂર્તિ અલેકનાથને વરવા ચાહો છો ? સમ્પત્તિમાં માત્ર ભભૂતિના ગોળા જ છે. ભૂતપિશાચ તેમનો નોકરવર્ગ હોઇ તે પોતે સદા અમાંગલિક વેશે રહ્યાં કરે છે. વળી ખાવા બગાસાં અને પીવામાં ધૂમ્ર છે. વસ્ત્રમાં વ્યાઘ્રામ્બર અને ઘરેણાંમાં સર્પો છે-એવા ભભૂતનાથ શંકરને વરીને તમો શું સુખ માણશો ? વિશેષમાં તે વિરાગી હોઇ નિર્વિકારીપણે રહ્યાં કરે છે. માટે એ વાત મુકી દો, અને કોઇ યમ-કુબેર-વરુણ-ઇન્દ્રાદિક જેવાની ઇચ્છા કરો, અને તેમ નહિ તો અમે તમને અતિ સમર્થ, સર્વજ્ઞ, સર્વોપરિ અને મહાન સ્વરૂપવાન વર શોધી આપીએ, માટે અમારી વાતને તમે માન્ય રાખો, અને આ દેહને દમન કરનારૂં દારુણ તપ તજી દો.”

### દોહરો.

નિજ મનસેં લાગી લગન, કહો નિવેરત કૌન,
વિલગ હોય કૈસે વહી, જ્યોં જલ મિલિયો લૌન.

પાર્વતીજીએ કહ્યું કે, “દેવર્ષિઓ ! આપ પરોપકારવૃત્તિવાળા હોઇ મારા લાભ માટે અહાય તેટલા પ્રયત્ન કરશો તો પણ તે મારે તો પથ્થર ઉપર પાણી જેવા નકામા છે; કારણ કે, જીંદગી સુધી મારી તો એ જ હઠ છે કે, હું તો તમે જેને ભીખારી, ભભૂતનાથ વગેરે કહો છો તેને જ તનમનધનથી વરીશ અગર તો કુંવારી જ રહીશ. તેમ છતાં તમારે કૌતુક માટે કોઈનાં લગ્ન કરાવવાં જ હોય તો કાંઇ વરકન્યાઓનો તોટો નથી. ખુશી આવે ત્યાં જાઓ અને તમે તમારા મનનું ધાર્યું કરો. ક્ષમા કરજો આપને કાંઇ વધુ પડતું કહેવાઈ ગયું હોય તો.”



સપ્તર્ષિઓએ પાર્વતીજીના મનની મકકમતા જાણી અને કહ્યું કે, “કલ્યાણ થાઓ તમારૂં. આજથી તમે ઇશ્વરી, અંબિકા, સર્વમંગળા, વગેરે પવિત્ર નામોથી ઓળખાશો, અને તમારી મનોકામના શ્રી શંકર ભગવાન સિદ્ધ કરશે. અમે તેમના કહેવાથી જ તમારી પાસે આવ્યા હતા.” જુઓ, જેમ આકાશમાં ઘણા તારા છે છતાં મોર પક્ષીએ તો ચંદ્રમા સાથે જ સુરતિ જોડી છે તેમ પાર્વતીજીએ પણ શંકર ભગવાન સાથે જ સુરતિ જોડી રાખવાનો પોતાનો જાતિસ્વભાવ ન તજ્યો.

---

### દોહરો.

જળ ઝાઝેરૂં હોય પણ, જો નહિ રવિ જણાય,
કમળ જુઓ કરમાય છે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થઃ-પુષ્કળ પાણી હોવાં છતાં પણ જળાશયમાં રહેલા કમળનો સૂર્ય અસ્ત થતાં કરમાવાપણાનો જાતિસ્વભાવ ન જવા બદલઃ-

### દૃષ્ટાન્ત ૪૦.

નળરાજા જુગટું રમી સર્વસ્વ હારી જતાં પોતાની ધર્મપત્ની દમયંતી સાથે વનમાં ગયા. વનમાં અનેક પ્રકારની વિટંબણાઓ સહન કરતાં કરતાં તેઓ એક જળાશય ઉપર આવી પહોંચ્યાં. ત્યાં તેમને અનહદ ક્ષુધા વ્યાપી એટલે તેઓ જળાશયમાં ઊતર્યો અને માછલાં પકડી પકડી પોતાની ધર્મપત્નીને આપવા લાગ્યા. દમયંતીના હાથમાં અમૃતસ્રાવી પદ્મચિહ્ન હતું તેની બેમાંથી એકેને ખબર ન હતી. દમયંતીના હાથમાં જે જે માછલાં આવતાં તે આ ચિહ્નના આધારે સજીવન થઇને હાથમાંથી સ્રવી જળમાં કૂદી પડતાં હતાં.

થોડી વાર પછી પુણ્યશ્લોક નળરાજા બહાર આવી જુએ છે તો દમયંતીનો હાથ ખાલી જણાયો. આ જોઈ તેમને શંકા થઈ તેથી તેમણે પૂછ્યું કે, "કહો દેવી! તમને આપેલાં માછલાંનો તમે મારા વગર શો ઉપયોગ કર્યો?" દમયંતીએ કહ્યું કે, "પ્રાણનાથ, મેં કશો ઉપયોગ કર્યો નથી. મારા હાથમાં આપ જેમ જેમ માછલાં આપતા ગયા તેમ તેમ તે માછલાં સજીવન થઇ મારા હાથમાંથી સરકીને આ જળમાં જ પડતાં ગયાં મેં જોયાં છે." રાજાએ કહ્યું કે, "તમે અસત્ય બોલો છો. એ માછલાં તમે અત્યંત ક્ષુધાતુર હોઇ મારા આવ્યા વિના કાચાં ને કાચાં ખાતાં જ ગયાં છો." રાજાને ધર્મપત્નીનાં સત્ય વચનો ઉપર બિલકૂલ વિશ્વાસ બેઠો નહિ, અને તેમની શંકા દમયંતી ઉપર કાયમ રહી. છેવટે પુણ્યશ્લોકની એટલે સુધી અવદશા આવી ગઇ કે, એબ ઢાંકવા પૂરતું પણ વસ્ત્ર તેમની પાસે ન રહ્યું. એક રાતે એક કપડે એબ ઢાંકી કમનસીબ દંપતી સૂતાં છે એવામાં પુણ્યશ્લોક અરધું વસ્ત્ર કાપી લઇ અરધા દુઃખની ભાગીદાર દમયંતીને અરધી નિદ્રામાં સૂતી મૂકી એકાએક અઘોર વનમાં ચાલી નિકળ્યા. મોટે પરોઢિયે દમયંતી જાગીને જુએ છે તો પોતાનો ભરથાર જોડે ન હતો. દમયંતી નિઃશ્વાસ નાખી ઉલ્કાપાત રૂપ રુદન કરવા મંડી. અરે હે? સ્વામી, આપે કાંઇ પણ નિર્ણય કર્યા વગર માછલાં ખાઈ જવાનું મારા ઉપર ખોટું કલંક નાખ્યું! અને ખાસ તે વિષે મારા પ્રતિ આપને તિરસ્કાર છૂટવાથી આપે મને અઘોર વનમાં એકલી મૂકી પલાયન કરી જવાનું મહાન સાહસ કર્યું છે. ખરેખર આપ આ હતભાગિણીના દુઃખથી કંટાળ્યા. પ્રાણનાથ! કદાચ મારા વગર આપનું જીવન તો ટકી શકશે; પણ આપના વિના મારૂં જીવન ટકી શકવાની



મને બિલકૂલ આશા નથી." આ પ્રમાણે કલ્પાન્ત કરતી દમયંતી બેભાન સ્થિતિમાં ધરણી ઉપર ઢળી પડી. ત્યાં નજીક પડેલા એક વિશાળ અજગરે દમયંતીને પગેથી ગળવા માંડી. એક વનમાં ફરતા પારધીએ આ કરુણ દેખાવ જોઇ કુહાડાથી અજગરને છેદી દમયંતીનો પ્રાણ બચાવ્યો. દમયંતી અતિ સ્વરૂપવાન હોઇ પારધીએ તેના ઉપર કુદૃષ્ટિ ફેંકી. ઇશ્વરઇચ્છાથી પારધી પાયમાલ થયો. અને દમયંતી પોતાનું શિયળ જાળવતી અને પોતાના પતિનું સ્મરણ કરતી કરતી કેટલેક સમયે પોતાની માસીને ત્યાં આવી દાસીત્વ સ્વીકારીને પોતાનો કુસમય દુઃખમાં વ્યતીત કરતી રહી.

જુઓ, જેમ તળાવમાં જળ હોવા છતાં પણ સૂર્ય વગર કમળ કરમાય છે તેમ દમયંતી પોતાનામાં જળ રૂપ જીવન હોવા છતાં પણ સૂર્ય રૂપ નળરાજા વગર કરમાઈ ગઈ. તે દુઃખની અવધિ આવી રહેતાં પતિનો મેળાપ થયે તુરત જ પ્રફુલિત થઈ.

---

## દોહરો.

જયમ જયમ અગ્નિજવાળમાં, તાપે તપતી જાય,
ત્યમ ત્યમ ફૂલે ફટકડી, જાતિસ્વભાવ ન જાય. ૪૧

ભાવાર્થ:–જેમ જેમ અગ્નિની જવાળમાં તાપે તપતી જાય તેમ તેમ ફટકડી પોતાનો ફૂલવાનો જાતિસ્વભાવ ન તજે તે બદલ:—

## દૃષ્ટાન્ત ૪૧.

એક કામશંકર નામે મહાક્રોધી બ્રાહ્મણ હતો. તે પોતાના સ્વાર્થના અંગે હરકોઇ સાથે વખતોવખત તેજમિજાજ થઇ જતો

હતો. એક વખત તેણે પોતાની લોભપ્રકૃતિને લઇને એવો અખતરો રચ્યો કે, 'અમુક વનસ્પતિનો રસ તાંબાનું સોનું બનાવે છે,' એવું તેણે કોઇ ઠગારાના મોઢે સાંભળ્યું હોઇ તે સિદ્ધ કરવા માટે તેણે પોતાના ઘરઆંગણે રસાયનની ભઠ્ઠી ઘાલી. દરમ્યાન ઓચિંતો વરસાદ વરસવાથી તે ભઠ્ઠી બાતલ થઇ, એટલે તેણે ઘરના ઓરડામાં પુનઃ ઉપર પ્રમાણે મહેનત કરી.

આ જોઈ તેનો એક મોટો ભાઇ હતો તેણે કહ્યું કે, "ભાઇ! આ કામ આપણું નહિ. ભઠ્ઠી બનાવવી વગેરે કામ રસાયનશાસ્ત્રીઓ જાણે; કારણ કે તેમને નિદાન ચિકિત્સાની દરેક પ્રકારે સંપૂર્ણ માહિતી હોય. આપણે કદાચ શીખ્યું અગર સાંભળેલું કરીએ તો તેમાંથી કાંઇને બદલે કાંઇ પરિણામ આવે, અને આપણે અધવચ ભરાઇ પડીએ, માટે "કરતા હોઇએ તે કરીએ ઓર ન કરીએ કામ, માથુ રહી જાય છેવાડું અને ઊંચા રહી જાય પગ,' એ વચનોને અનુસરી મારૂં કહેવું માનો, અગર તમારે તેમ જ કરવાની ઇચ્છા હોય તો તેવા અનુભવીને સાથીત કરીને તમે તે કામ કરો."

ભાઈનો મિજાજ અધવચથી જ ગયો હતો; પણ "હમણાં બોલીશ તો મારી ખાનગી વાત જાહેર થઇ જશે," એમ જાણી પોતાના ભાઇની હકીકત સમ્પૂર્ણ સાંભળીને તેણે કહ્યું કે, "બોલીશ નહિ, હરામખોર! તને જો મારી વાત ન ગમતી હોય તો જલદીથી અલગ થઇ જા. હું તો મારે કરતો હોઇશ તે જ કરીશ. બોલ, હવે તારે શું કહેવું છે?" "ભાઇ! તારી ખુશી પડે તેમ કર. હું તારૂં કંઇ પણ તે વિષે નામ નહિ લઉં; પણ ભઠ્ઠી તો ઓરડામાં ન સળગે. તે તો ઇલાયદા મકાનમાં બની શકે આપણે બચરવાળ છીએ, અને આ કામ અગ્નિ સાથે છે માટે ન જાણે શું વિઘ્ન પાકે?"



હું તને પ્રથમથી જ કહું છું કે:—"તું અલગ થઇ જા, પછી વધારે બડગડાટ શાનો કરે છે?" ભાઇનો મિજાજ હાડાંમાંથી જ ગયો એટલે નાનો ભાઇ બોલતો બંધ રહ્યો. દરમ્યાન ભઠ્ઠી સળગી, એટલે દૈવ યોગે ઓરડાની જમીન ફાટી અને છાપરૂ ઉડયું અસમાનમાં. બૈરાં છોકરાં બચી નિકળ્યાં, મોટો ભાઇ બહાર ગયો હતો તે ઉપરની હકીકત સાંભળી દોડતો હાંફતો ઘેર આવ્યો." ગજબ કર્યો, અલ્યા કર્મ ચંડાળ! મેં તને કહ્યું છતાં પણ તેં ન માન્યું. માટે હવે તારૂં અપકૃત્ય તારે તો શું પણ અમારે બધાને ભોગવવાનો વખત આવ્યો. મૂર્ખા, આપણી પાસે સુવર્ણનું અક્ષય પાત્ર હોવા છતાં તારે સોનાને શું કરવું છે? સોનાના કસિયાનાં કાંઇ બચકાં ન ભરાય અને તારા જેવી મૂર્ખાઇ કર્યે કોઇ કયાંય સોનું પકવી શકે ખરો કે? આપણી ભિક્ષાવૃત્તિ છે તે નરવું સોનું જ છે, માટે શા સારૂ લોભને વશ થઇ હેરાન થાય છે?"

આ સાંભળી કામશંકરે કહ્યું:—"તું તારી ચિન્તા કર, મારી જરા પણ ધાસ્તી ધરાવીશ નહિ. નહિ તર તારે ને મારે હમણાં જ સાઠમારી ઉડશે" "અલ્યા? ખરૂં કહું છું તેમાં શાનો ઉડી હાલે છે? શું, હું તને પહોંચવા સમર્થ નથી? પણ ધારૂં છું કે ફજેતી લુંટાય, માટે હવે મહેરબાની કરી માની જા, તારાથી થાય તે હમણાં જ કરી નાંખ." એટલામાં તો બે ભાઇ સામ સામા આખડયા.

જુઓ:—જેમ ફટકડી જવાળાથી ફુટતી જ જાય તેમ કામશંકરે ક્રોધાગ્નિથી તપીને પોતાનો કુલક્ષણ સ્વભાવ ન જ તજ્યો.

### દોહરો

ઘાંચી મોચી ઘાંયજા, ભલેને ભૂપતિ થાય,
પ્રસંગ પડયેથી પૂર્વનો જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:— ઘાંચી, મોચી અને ઘાંયજા દૈવ સંજોગે કદાચ ભલેને રાજા થાય, પરંતુ પ્રસંગોપાત્ત પોતાનો પૂર્વનો જાતિસ્વભાવ ન જવા બદલ,

### દૃષ્ટાન્ત ૪૨.

પૂર્વે બાદશાહી વખતમાં એક અમીર રાજના કામે દિલ્લીથી કંદહાર ગયો, તેની સાથે એક મરજીદાન ગુલામ હતો, તે અમીરે કંદહાર પહોંચતાં પોતાના નિવાસેથી બાદશાહને મળવા માટે વરધી પહોંચડાવી. એટલે બાદશાહે કારભારી સાથે કહાવી મોકલ્યું કે, "આપ અમારા માનીતા મિજમાન હોઇ થોડોક વખત મિજમાની કરો, એટલા સુધીમાં હું નિવૃત્ત થઇ આપને જરૂર રૂબરૂ બોલાવીશ." એમ કરતાં કરતાં કેટલાક દિવસ વ્યતીત થયા. બાદ અમીરે પુનઃ સલામત બાદશાહને ભેટવા માટે કારભારીને કહ્યું. કારભારીએ જવાબ આપ્યો કે, "જી, હા. જરૂર મોખો મળ્યે આપને માટે હું હજુરમાં વરધી પહોંચાડીશ; પરંતુ પુષ્કળ રાજ-કાજના અંગે કારભારી સલામત બાદશાહને કહી શકયો નહિ. દરમ્યાન કુદૈવ યોગે સલામત બાદશાહ બિમાર થયા. આ હકીકત સાંભળી અમીરને ચિન્તા થઇ કેટલાક દિવસ વિત્યા બાદ અસાધ્ય દર્દને લઇ બાદશાહ પ્રાણગત થયા. એટલે શહેર આખામાં હડતાલ પડી. અમીરે જાણ્યું કે, "ગજબ થયો અને



હવે તાત્કાળિક જવાય પણ શી રીતે ?" બાદશાહના મરણ પછી કારભારી અમીરને મળવા આવ્યો. એટલે અમીરે કારભારી સમક્ષ ઘણી જ દિલગીરી જાહેર કરતાં પૂછયું કે, "હવે શાહજાદા તખ્તનશીન થશે એટલે મને આપ જરૂર બોલાવશો કે ?"

કારભારીએ કહ્યું, "ના, અહીં જુદા જ પ્રકારનો રિવાજ હોઇ શાહજાદા તખ્તનશીન થઇ શકશે નહિ." અમીરે કહ્યું. "ત્યારે શું કોઇ ભાયાત વર્ગમાંથી કે કોઇ પટાવત વર્ગમાંથી કે પ્રજા પ્રસન્ન કરશે તેમાંથી રાજગાદીનો માલીક થઇ શકશે?" કારભારીએ કહ્યું, "ના, તેમ નથી, પરંતુ અહીંથી થોડેક છેટે એક શાહીથી મેદાન છે, અને ત્યાં તમામ મેદની હાજર થશે અને પાક પરવર ખુદાતાલાની બંદગી કરવામાં આવશે, દરમ્યાન આકાશમાંથી 'હુમાયું' પક્ષી ઉતરશે, તે જેના માથા ઉપર બેસશે તે આ રાજગાદીનો માલીક થશે, માટે આપ પણ ત્યાં પધારજો." એમ કહી કારભારી રવાના થયા. આ હકીકત સાંભળી અમીરને તો બહુ જ આશ્ચર્ય થયું. આ વખત અમીરની સાથે આવેલો ગુલામ અમીર પાસે હાજર હતો. તેણે ઉપરની હકીકત સાંભળી અમીરને અરજ કરી "કૃપાળુ, એ શાહી મેદાનમાં આપ પધારશો, અને આપના મસ્તક ઉપર હુમાયુ પક્ષી બેસે તો કેવું સારૂં," અમીરે કહ્યું કે, "ખુદાતાલા મને એવો વખત ન આપે. કારણ કે રાજકાજના અંગે અનેક પ્રપંચો આદરવા પડે છે. તેમ જ અનેકોના ત્રાસ પણ લેવા પડે છે. માટે તેવું તો હું સ્વપ્ને પણ ન ઇચ્છું." ગુલામે કહ્યું કે, "આપ ખાનદાન અને મહાન પવિત્ર હોઇ એવું ન ઇચ્છો, એમાં નવાઇ નથી, પરંતુ તગદીર વશાત તેવી હકીકત બને તો આપ શું કરો ?"

"જો ભાઇ ? તેમ બનવા સંભવતો નથી; પરંતુ બને તો નીતિ નીતિ એમ સૌ કોઇ કહે છે. પરંતુ ન્યાય નીતિનું પ્રત્યક્ષ સ્વરૂપ કોઇએ જોયું નથી. તે હું જગજાહેર બતાવી આપું. વળી પ્રજાને આનંદ થાય, તેવો ધર્મ માર્ગ નિર્મળતા સાથે ખુલ્લો કરૂં. પરંતુ તે વખત તું પણ મારી સાથે હોઇશ અને કદાપિ ખુદાતાલાની મરજી મુજબ તારા ઉપર હુમાયુ બેસે, તો તું શું કરે ?" અમીરનું કહેવું સાંભળી ગુલામે હસતે મોંઢે કહ્યું કે, "તેમ બનવા સંભવ તો નથી, પણ કદાચ બને તો, દુનિયા સહુ અનીતિ અનીતિ કહે છે, પણ અન્યાય અનીતિનું પ્રત્યક્ષ સ્વરૂપ કોઇએ જોયું નથી, તે હું જગજાહેર બતાવી આપું, અને પ્રજાને મહા ત્રાસ પડે તેવો મહા મલીન અધર્મ માર્ગ સર્વ સ્થળે ખુલ્લો કરૂં". આ ગુલામની હકીકત સાંભળી અમીર બહુ જ ચીઢાયો અને પોતે કહ્યું કે, "કમ બખત ! શું ખુદાને ત્યાં ઇન્સાફ નથી કે તારા જેવાના માથા ઉપર હુમાયુ પક્ષી બેસે ? અરે, હરામખોર, તારા આવા દુષ્ટ વિચારો શું ખુદાતાલા નહિ જાણતો હોય ?"

પોતાને માલીક તરફથી તે બાબતમાં તિરસ્કાર મળ્યો જાણી હાથ જોડી વિનય કરે છે કે, "ખુદાવિંદ, દરગુજર કરો; મેં ભયંકર ભૂલ ખાધી કે હું આપ સમક્ષ બેઅદબ થઇ ન બોલવાનું બકી ગયો, એતો અમારો ગોલાઓનો સ્વભાવ જ છે. એટલે મેં તે પ્રમાણે આપને સ્વાભાવિક જવાબ આપવા સાહસ કર્યું છે વળી ખાનગીમાં માલીકની મરજીને લઇ હું માલીકથી બેઅદબ વાતો કરી શકું, નહિ તો મારી શી તાગાત કે હું એક હરફ સરખો પણ આપ સમક્ષ ઉચ્ચારી શકું ? માટે માફ કરો."



જાહેર ખબર પ્રમાણે સર્વ મેદની શાહી મેદાનમાં એકઠી થઇ. ત્યાં અમીર–ઉમરાવ–પટાવત–ભાયાત વગેરે તમામ હાજર થયા અને ગુલામ સાથે દિલ્લીથી આવેલો અમીર પણ આવ્યો. પાક પરવર ખુદાતાલાની બંદગી શરૂ થઇ, સૌ કોઇ એક ચિત્તે, એક દ્રષ્ટિએ અને એકે અવાજે થયું. એટલે આકાશમાંથી ઘરરરર અવાજ કરતું ઇન્દ્ર વૈમાનની માફક સ્વર્ગ પક્ષી નીચું ઉતર્યું. સૌ કોઇ ઊંચી દષ્ટિએ જોઇ રહ્યું કે તુરત જ દિલ્લીના અમીર સાથે આવનાર ગુલામના માથા ઉપર જ બેઠું, અને બેસતાની સાથે જ તમામ અમીર ઉમરાવોએ તેના ઉપર પુષ્પનો વરસાદ વરસાવ્યો, અસંખ્ય મોતીઓથી વધાવી લીધો અને તખ્તનશીન થવા માટે સુવર્ણથી શણગારેલા હાથી ઉપર તેને બેસાડવામાં આવ્યો. પાછળ ચમરો ઢળી રહ્યાં છે, માથે મેઘાડંબર દેદીપ્યમાન છત્ર શોભિ રહ્યું છે. અને વાજતે ગાજતે તમામ મેદની સાથે બાદશાહ બનેલો ગુલજારાજ દરબારમાં આવ્યો, ત્યાં તખ્ત સિંહાસન તૈયાર હતું તે જોઇ તે ઉપર બેસવાની સાથે જ 'નિઘા રખે, મહેરબાન સલામપે,' ઈત્યાદિ ચોપદારના નેકી પોકાર સાથે અનેક અમીર ઉમરાવો સલામ ભરવા માંડયા. અખુટ દ્રવ્યની નજર ન્યોછાવર થવા માંડી. માન માટે તોપોના બહાર થવા લાગ્યા, ઈત્યાદિ; સમયને લઇ તે બાદશાહ થનાર ગુલામની દરેક વસ્તુ સ્થિતિમાં તદ્દન જ બહોળા ઉઠાવનો ફારફેર થઈ ગયો ! અહો, કહ્યું છે કોઇ વિદ્વાને કે,

### દોહરો

શાંચાં ટેઢી અખિયાં, વેરી ખલક તમામ;
ટકુઇક ઝોલા કહેરકા, (તો) લાખો કરત સલામ.

સહુ કોઇ સલામ કરી રહ્યું એટલે કારભારીએ વિનંતી કરી કે, "બંદે નિવાજ, ગરીબ પરવર શો હુકમ છે, આ દિલ્હીથી આવેલા અમીરને?" અમીર સલામ સાથે નજીક આવી ઉભો રહ્યો. બાદશાહે કહ્યું કે, "હુકમ તો એ છે કે મેં એની ઘણા કાળ સુધી ગુલામગિરી કરી છે. માટે તેને હું રાજ્ય મંત્રી તરીકેની ગુલામગિરી સોંપું છું. શાહી હુકમને કોની મગદૂર છે કે ઓળંગી શકે?" ભાવિને લઇ ભૂતકાળના ગુલામની ગુલામગિરી અમીરે સ્વીકારી; અને રફતે રફતે પોતાની શરત પ્રમાણે અધર્મને માર્ગે ચઢી તે ગુલામ બાદશાહ અન્યાય અને અનીતિની રીતે પ્રજાને પાયમાલ કરવા માંડયો, છેવટે પ્રજાએ આર્ત પોકાર કર્યા, પણ કોણ સાંભળે? આ કરૂણાજનક વર્તન જોઇ પ્રધાન થએલા અમીરે સવિનય અરજ કરીકે "રૈયત બહુજ ત્રાસ પામે છે. માટે આપ જરા રહમ નિગાહ કરો. આ સાંભળી ગુલામ બાદશાહે કહ્યું કે " ચુપ કર, હરામખોર? હવે પછી કોઈ દિવસ એ પ્રમાણે બોલ્યો તો જીભાન કાપી નાંખવામાં આવશે. તારી સજ્જનતા અને ખાનદાની મારા આગળ તદ્દન નકામી છે. કારણ કે. ખુદાતાલાની ન્યાય અને નીતિ ફેલાવવાની મરજી હોત તો શા માટે તારા શિર ઉપર હુમાયુ ન બેઠું? માટે ખાસ ખુદાતાલાની મરજી થઇ છે, ત્યારે જ હુમાયુ મારા માથા ઉપર બેઠું છે તેથી હું અનીતિ–અન્યાય, અધર્મ, વગેરે પ્રત્યક્ષ બતાવી આપીશ. હજુ તો મેં પ્રજાને પાયમાલ કરવા ખરૂં રૂપ ધારણ કર્યું નથી. અને ખરૂં રૂપ ધારણ કરીશ એટલે તો તે તારાથી જોયું પણ નહિ જાય, માટે તારાથી સહન ન થઈ શકતું હોય તો ભાગી જા જલદી અહીંથી, પરંતુ હું મારા કબૂલ કરેલા વર્તનમાં તો જરા પણ ફેરફાર કરી શકું તેમ નથી." આ



પ્રમાણે સાંભળી અમીરે સાવ નિરૂપાયે રજા લઈ લટકતી સલામ કરી દિલ્હી આગવઃ ગમન કર્યું. બાદ એણે એક નીચે પ્રમાણે દોહરો કહ્યો.

### દોહરો.

જબ લગ તેરે પુણ્યકો, પહોંચ્યો નહિ કરાર;
તબલગ તોકું શાફ હે, અવગુન હોય હજાર.

જુઓ; જેમ અમીરની સાથે આવનાર ગુલામ દૈવયોગે ભલે બાદશાહ થયો, પરંતુ તેણે પોતાનો મૂળ ગુલામનો જાતિ સ્વભાવ ન છોડયો, તેમ હલકી કોમના મનુષ્ય ભલેને કદી રાજા થાય, પરંતુ વખત આવ્યે પોતાનો મૂળ સ્વભાવ મૂકતા નથી. વર્તમાન સમયનાં કેટલાંક રાજ્યોમાં તેવી જ અનીતિ ફેલાઈ રહી છે. તે રાજ્યના માલીકો ઘણે ભાગે હુમાયુ બેઠેલા રાજાઓ જ હોવા જોઇએ અને જો કદાપિ તેમ ન હોય તો તેટલી અનીતિ ન હોય, એ સ્પષ્ટ માલૂમ પડે છે.

---

### દોહરો.

ચોરી કરતાં ચોર જન, બહુ વખત બંધાય;
ચાહ ચોરીની ના તજે, જાતિ સ્વભાવ ન જાય.

ભાવાર્થઃ–ચોર ચોરી કરતાં ઘણી વખત પકડાઇ જાય છે. પણ ચોરી કરવાની ઇચ્છા ન તજવાનો તેનો જાતિ સ્વભાવ ન જવા બદલ,

### દૃષ્ટાન્ત ૪૩.

કોઇ એક શહેરમાં એક ધનાઢય શાહુકાર રહેતો હતો. તે નગર શેઠ હોઇ તેનો આગરૂ સારી હતી. એકવખત શિયાળાની

પૌષ મહિનાની રાત્રિ હતી, એવામાં ચોર લોકે વિચાર કર્યો કે આજ ઠીક લાગ છે. કારણ કે ટાઢ પોતાના પરિતાપ સાથે વાવા માંડી છે. અત્યારે કોઇ ગોદડામાંથી મોઢું બહાર કાઢે તેમ નથી અને આપણા સિવાય તમામ જગત શાન્ત છે, કહ્યું છે કોઈ વિદ્વાન કવિએ કે

### દોહરો.

ચરણ ધરત ચિન્તા કરત, શ્રવણ સુહાત ન શોર;
સુવરણકો શોધત સદા, કવિ, કામી અરુ ચોર.

ભાવાર્થ:— કવિ પોતાની કવિતાના ચરણમાં સુવરણ એટલે સારા અક્ષર શોધે; આગળ પગલું ભરતાં કામી સુવર્ણ એટલે સારા રંગવાળી અર્થાત સ્વરૂપવાન સ્ત્રી શોધે; અને ચોર સુવર્ણ એટલે સોનું શોધે. વિશેષમાં ચિંતા પણ ખરી, કારણ કે કવિ વગર વિચાર્યે અક્ષર ગોઠવે તો કોઇ ભૂલ કાઢનાર મળે, અને કામી તથા ચોરને પારકા ઘરમાં પગ મૂકવા રૂપ ધોકા ખાવાની ચિન્તા રહે છે. માટે તે ત્રણે જણ એકાન્ત શોધે છે, તેમાં કામી અને ચોરની એકાન્ત તો મહા ખરાબ છે. પરંતુ યોગ સાધનાર યોગીની માફક કવિતા રચનાર કવિની એકાન્ત તો ઘણીજ સારી છે. નિષિદ્ધ એકાન્ત માટે કહ્યું છે કવિએ કે,

### શ્લેષાર્થ શાર્દૂળવિક્રીડિત વૃત્ત

વાધે તાપ ઘણો અને વિકળતા, જેને જરી દેખતાં;
જેમાં માત્ર ભર્યા વળી દુરગુણો લેખાયનાં લેખતાં.
વૃત્તિને બદલાવો મધ્ય દિવસે, ધારે હૃદે ધ્વાંતને;
દુર્યોગી બનતાં જ બુદ્ધિ વણસે, ધિક્કાર એકાંતને.



ભાવાર્થ:—એકાન્ત શબ્દ વર્ણ છેદ શ્લેષ હોઇ, "એ+કાન્ત" એટલે " એપતિ " અને એકાન્ત એટલે જનશૂન્ય સ્થળ જેને જોતાં વ્યાકુળતા અને બહુ તાપ વધે, વળી જેમાં ગણાતાં ગણાય નહિ તેવા માત્ર દુર્ગુણો જ ભર્યા છે. ચિત્ત વૃત્તિને બદલાવી મધ્ય દિવસે હૃદયમાં અંધારૂં થાય, અને દુર્યોગી થતાં બુદ્ધિ નાશ પામે. ધિક્કાર છે એવા એકાન્તને.

આ પ્રમાણે મધ્યરાત્રિનો નિષિધે એકાન્ત ચોરોએ શોધ્યો અને તેઓ આ નગરશેઠના ઘર આગળ ખાતર પાડવાના ઇરાદે આવી ઊભા રહ્યા. તેમાંથી એક જણાએ ખાતરિયા વડે કરાની ભીંતમાંથી ઇંટ કાઢી તે વખતે તે જ ઠેકાણે અંદર ચોક વચ્ચે શેઠ-શેઠાણી બન્ને નિદ્રાવશ થયાં હતાં. પરંતુ શેઠ તો આપણા અઢારમા દૃષ્ટાન્તના પાત્ર રૂપ વેશ્યાને ઠગનારા હતા, એટલે અવાજ સાંભળી તે ઓચિંતા ઝબકી ઊઠયા. તેમણે જાણ્યું કે, બહાર ભીલ લોકો જરૂર ખાતર પાડે છે. આમ નિર્ણય કરી પોતાની સ્ત્રીને જગાડી એક મોટા કોડિયામાં તેલ પૂરાવી કાકડો વણાવીને હવા જઇ શકે તેવી યુક્તિથી તેના ઉપર તપેલું ઢાંકયું. અંદર દીવો બળતો હતો, એટલે ચોકમાં તો અંધારૂં જ હતું, શેઠ પોતે ઊંઘને મિષે નસકોરાં બોલાવવા લાગ્યા. પેલા ચોર ખાતર પાડી રહ્યા. પછી એક જણ પોતાના રિવાજ પ્રમાણે પહેલાં પગ અંદર રાખી આડે પાસે પેઠો, અને તેણે જોયું તો વચમાં બે ખાટલા હતા, અને ખૂણામાં એક માટીની કોઠી પડી હતી. ચોરે જાણ્યું કે, " થઇ રહ્યું ! આ તો આજુબાજુ અગિયારસ અને વચમાં ગોકુળ આઠમ જેવું છે. પ્રવેશદ્વાર બંધ છે; અને ચોકમાં તો ગામપાધરના મેદાન જેવું છે. માટે અંધારામાં જરૂર ઘર ભૂલાયું. પરંતુ ખેર ! ચોર

ચોરીથી જાય, પણ શુકનથી ન જાય. એમ નક્કી કરી બહારના ચોરોને રવાના થઇ જવાનું કહી તેણે પોતે ખૂણામાં રહેલી કોઠી તરફ નજર ફેંકી. કોઠીનું મોઢું હાથ આવતાં માલૂમ પડયું કે, “ અન્દર બે મણેકને આશરે બાજરી છે, માટે લાવ લઇ જાઉં ” એવો વિચાર કરી, શરીરે ઘાટડી વાળેલી પછેડી છોડી કોઠીના કાંણા નીચે તેણે પાથરી, એટલામાં તો શેઠ ઓચિન્તા ઝબકી ઊઠયા એટલે ચોર ખમચાઇને વેગળો ઉભો રહ્યો.

શેઠે--શેઠાણી ! જાગો છો કે ?

શેઠાણી—જી હા, સ્વામીનાથ ! શો હુકમ છે ? ફરમાવો !

શેઠ—હુકમ તો જગતમાલીકનો; પરંતુ મને એક વાત યાદ આવી.

શેઠાણી—શી વાત યાદ આવી વારૂ ?

શેઠ--અમે નાના હતા ત્યારે ચોરી કરવાની અમને ટેવ હતી. (ચોરે જાણ્યું કે, જરૂર ઘર ભૂલ્યા. નાનપણથી ચોરીની ટેવ જેને હોય તેના ઘરમાં શું અંગારા હશે ?) તે વખતે સરખાસરખા ગોઠિયાઓએ મળી. એક ઠેકાણે ખાતર પાડયું. પહેલો હું અંદર પેઠો, જોઉં છું તો અંદર બાજરીની કોઠી સિવાય કાંઇ ન હતું. મેં શુકન સાધી લેવાનું સમજી કોઠીના કાણા નીચે પછેડી પાથરી, એટલામાં પછેડીને અંધારૂં ગળી ગયું.

આટલું કહી ચોરની પછેડી શેઠે ખેંચી લીધી, અને શેઠ નિદ્રાનું બહાનું કરી ઊંઘી ગયાનો ઢોંગ એટલે શેઠાણી પણ ઉંઘ્યાં. ચોરે જાણ્યું કે, “ આ શેઠને જેવી બીના બની હતી તેવી જ મારે



પણ બની છે, માટે રખે મારી પછેડી પણ અંધારૂં ગળી ગયું હોય ! ” એવી શંકા કરી તે જુએ છે તો પછેડી હાથ આવી નહિ એટલે ચોરે જાણ્યું કે, “ જરૂર મારી પછેડી પણ અંધારૂં ગળી ગયું. ”

પછી ચોરે વિચાર્યું કે, “ લાવ ને, હવે અંધારે કોણ ભાળે છે ? અને આ તો ઊંઘી ગયાં છે ! માટે પાયજામો કાઢી પાયચા બાંધી અંદર બાજરી ભરીને ઊંચકી જાઉં. ” આવો વિચાર કરી ચોર પોતાનો પાયજામો કાઢો કોઠીના કાણા નીચે પાયજામો મૂકે છે, તેવા જ શેઠ ઓચિન્તા ઝબકયા અને તેમણે કહ્યું કે, “શેઠાણી, જાગો છો કે ? ”આ સાંભળી ચોર ખમચાઇને બાજુ ઉપર ઊભો રહ્યો. શેઠાણીએ કહ્યું કે, “ શેઠ સાહેબ ! પેલી તમારી નાનપણની વાતનું પછી આગળ શું બન્યું, તે સંભળાવો; કારણ કે, નિદ્રા આવતી નથી, ” શેઠે કહ્યું કે, “ હા, તે દિવસોમાં તો અમારી બહુ જ બેવકુફાઇ; કારણ કે, જેવું અંધારૂં પછેડી ગળી ગયું તેવો જ મેં તો ઝટ કાણા નીચે પાયજામો પાથર્યો. ” શેઠાણીએ કહ્યું કે, “હે શેઠ, તમે તે વખતે નાગા થયા ? ” શેઠે કહ્યું કે, “ ત્યારે શું કરૂં ? ત્રીજું વસ્ત્ર તો મારી પાસે હતું નહિ.” શેઠાણીએ કહ્યું કે, “ પછી શું થયું ?” એટલે શેઠે કહ્યું કે “ પછી થયું એ કે, પછેડીને ગળી જનારૂં અંધારૂં પાયજામાને પણ ગળી ગયું. ” એમ કહી પાયજામો ખેંચી લીધો. પછી શેઠાણીએ કહ્યું કે, “ હેં, શેઠ, તે વખતે તમે કહો છો તે પ્રમાણે કેવા દેખાતા હતા; ” તુરત શેઠે દીવા ઉપરનું તપેલું ઝટ ઊંચું કરી કહ્યું કે, “ જો ! પેલા નમાયા અને નબાપા હબસીના ભાઇ જેવા અમે દેખાતા હતા.” એમ કહી તુરત જ ચોરનો શેઠે હાથ પકડયો, એટલે ચોર ઘણો જ

ખસિયાણો પડયો, અને કહ્યું કે, "મા બાપ ભૂલ્યો, તમારો મોટો અપરાધ કર્યો. પણ હવે કોઇ દિવસે અહીં તો નહિ જ આવું." શેઠે કહ્યું કે, "બેટાજી ! ખબર નહતી કે, વેશ્યાની તાલીમના લેનાર શેઠનું આ ઘર છે ? નાશી જા, હરામખોર ! હવે કોઇ વખત આવ્યો તો જાનથી મારી નાખીશ." જુઓ, ચોર લોકો આ પ્રમાણે અનેક વખત અનેક રીતે ફસાય છે છતાં પણ ચોરી કરવાનો જાતિસ્વભાવ છોડતા નથી.

## દોહરો.

મેડકને મૂકો લઇ, માનસરોવર માંય,
ખાવા કાદવ ખોળશે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—દેડકાને લઈને માનસરોવરમાં મૂકીએ તો પણ ખાવા માટે કાદવ જ ખોળવાના તેના જાતિસ્વભાવ બદલ,

---

## દૃષ્ટાન્ત. ૪૪.

કોઇ એક મોટાનગરમાં કોટિધ્વજ શાહુકાર રહેતો હતો. તેના પરોપકાર વડે ઘણા ગુણીજનો મોજ માણતા હતા. તેણે એક વખતે એક વિદ્વાનને પૂછયું કે, "ભાઈ! ગુણમિશ્રિત દોષને ત્યાગી માત્ર ગુણોનું જ ગ્રહણ કરવા રૂપ હકીકત તમે મને સમજાવશો?" ત્યારે વિદ્વાને કહ્યું કે, "સાંભળો, શેઠ ! એક વેશ્યાને ત્યાં અચાનક કોઇ એક સાધુ મહાત્મા ચઢી આવ્યા. વેશ્યાએ તેમને પૂજ્ય માની તેમનો ઘણો જ સત્કાર કર્યો, એટલે મહારાજે કહ્યું કે, "બાઇ ! તું વીણા સાથે શ્રીહરિનો શૃંગાર સારો ગાય છે, પરંતુ તેમાં તારી પૂજ્યભાવના નથી. તે તો તારો એક કસબ હોઇ તારે ત્યાં આવનાર



માણસનું દિલ સંતુષ્ટ કરવા માટે તું લહેકાવીને ગાય છે. માટે મારૂં કહેવું એમ છે કે, જો તારાથી તારા ધંધાનો ત્યાગ ન થઇ શકે તેમ હોય તો તું પૂજ્યભાવનાથી પ્રભુનો શૃંગાર ગા અને મને પણ તારૂં વીણાયંત્ર વગાડવાની કળા શીખવ, એટલે તેની સાથે હું મારા શ્રી પ્રભુનાં મધુરાં ગીત ગાઉં અને નિરંતર તે ગાનતાનમાં મસ્ત રહું." અર્થાત વીણાયંત્ર સહવર્તમાન શ્રી પ્રભુનો શૃંગાર ગાવા રૂપ ગુણમિશ્રિત વેશ્યાના વ્યભિચાર રૂપ દૂષણ સામું ન જોતાં સાધુ મહાત્માએ વીણાયંત્ર વગાડવા રૂપ કળા શીખવાની પોતાની ઇચ્છા જાહેર કરી.

આ પ્રમાણે હકીકત સાંભળી શાહુકારે તે વિદ્વાનની યથાર્થ કદર કરી. દરમ્યાન એક સાધારણ સ્થિતિનો માણસ તે શાહુકાર પાસે પોતાની આર્થિક ઉમેદ બર કરવા સારૂ આવ્યો, અને તેણે શેઠને સવિનય પ્રણામ કર્યા. શેઠે તેને પૂછયું કે, "અહીં તારૂં શા માટે આવવું થયું છે?" તે માણસે કહ્યું કે, "મને મારા નિર્વાહ માટે યોગ્ય ચાકરી આપો." તે સાંભળી શેઠે તેને નોકરી આપી. આ માણસે નિખાલસ મનથી શેઠની સેવા બજાવી, એટલે શેઠ તેના ઉપર પ્રસન્ન થયા, અને તેમણે તેને તેથી ચઢિયાતો અધિકાર આપ્યો. આ પ્રમાણે તે માણસ પોતાની લાયકાત મુજબ વધતો ગયો.

એક દિવસે શેઠે તેને પૂછયું કે, "તું અહીં આવ્યો ત્યારથી અત્યાર સુધી લાયકાતને લઇ આગળ પડતો થયો, પરંતુ તારી સ્થિતિમાં હું કાંઇ ફેરફાર જોતો નથી તેનું શું કારણ ? તે માણસે કહ્યું કે, "શેઠ સાહેબ ! પારકી તાબેદારી તો ઠીકરી ઉપરનું દૂધ

છે, કારણ કે આજ નોકરી છે, અને ભાગ્યવશાત કાલે ન હોય તો પછી હું વિશેષ ટાપટીપમાં અન્યોઅન્યો કયાં સુધી નભું. ? એમ સમજીને હું મારી અગાઉની સ્થિતિ યાદ કરી જેવો છું તેવો રહું છું; બલ્કે મારી ગરીબી કાઢવા હું સમર્થ નથી. હું સ્વાભાવિક ગરીબ સ્થિતિ ભોગવનાર માણસ છું, આપ મને આપને દરજ્જે મૂકશો તો પણ મારા હૃદયની એ ગરીબી તો નહિ જ જાય."

જુઓ, જેમ દેડકું માનસરોવરમાં ગયું હોય તો પણ તેનો ખોરાક તો કાદવ જ છે, તેમ આ માણસ મોટે દરજ્જે પહોંચ્યો તો પણ ગરીબ હાલત ન ત્યજવાનો જાતિસ્વભાવ તેણે ન છોડયો.

---

### દોહરો.

દુ:ખમાં પણ દાની સમીપ, જાચક જન જો જાય,
અરપી ધન આદર કરે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:-દુ:ખના સમયમાં પણ દાતાર પાસે જો જાચક જાય તો તે દ્રવ્ય આપી તેનો આદર કરે છે; કારણ કે, દાતાનો તે જાતિસ્વભાવ છે. તે બદલ:-

### દૃષ્ટાન્ત ૪૫.

ભગવાન શ્રી રામચંદ્રજીને બીજા દિવસે સવારમાં તો રાજ્ય મળવાનું હતું. પરંતુ ભાવિવશાત્ કૈકેયીની બુદ્ધિ ફરી જતાં મહારાજા શ્રી દશરથજી પાસેથી વચન માગીને તેણે તેમને વનગમન કરાવ્યું. શ્રી રામચંદ્રજી વનમાં સીધાવ્યા બાદ તેમના પિતા સ્વર્ગવાસી થયા. વળી આગળ ગમન કરતાં શ્રી જાનકીજીને રાવણ



નામનો રાક્ષસ ઊપાડી ગયો, એટલે વાનર અને રીંછોનું સૈન્ય એકઠું કરી ભગવાન શ્રી લક્ષ્મણજી સહિત સમુદ્રતટ ઉપર પધાર્યા. ત્યાંથી લંકામાં જવા જળમાર્ગે પહાડોનાં શિખરોની પાળ બાંધી લંકાના કિનારા ઉપર તેઓ પધાર્યા. લંકામાં રાવણના નાના ભાઇ વિભીષણે રાવણને અનેક પ્રકારે તેના હિતનાં વચનો કહી સંભળાવ્યાં. પરંતુ તે વાત તેના મહાન અભિમાનને લઇ તેને બિલકૂલ રુચિ નહિ, અને તેણે સભાની વચમાં વિભીષણને લાતનો પ્રહાર કર્યો. તે ઉપરથી વિભીષણ ભગવાન શ્રી રામચંદ્રજીના અભયચરણશરણમાં જવાનો નિશ્ચય કરી ત્યાંથી એકાએક ચાલી નીકળ્યો, તેને આવતો જોઇ વાનરો તેના ઉપર ધસી આવ્યા, એટલે તેણે કહ્યું કે, " હું શ્રી રામનો દાસ છું. " તેથી દર્શનાર્થે આવ્યો છું, આમ વિભીષણ શ્રી રામચંદ્રજી પાસે આવી નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો:—

### છંદ હરિગીત.

જય પ્રણતપાલ કૃપાલ દીનદયાલ દશરથનંદનં
સુરપાલ બાહુ બિશાલ અવધ ભુવાલ જય જગવંદનં,
અશરનશરન કારનકરન ભવભયહરન દુ:ખભંજનં
જય રામ સુખમા ધામ સુંદરશ્યામ જનમનરંજનં ॥ ૧

જેહિ ઠોરતેં પ્રગટી સુભગ મંદાકિની મંગળપ્રદા.
તેહિ ચરનપંકજ સેવિતં બ્રહ્માદિ સુરગન સર્વદા;
આગમનિગમ વર્ણનસદા કહિ નેતિ નેતિ નિરંજનં,
જય રામ સુખમા ધામ સુંદરશ્યામ જનમનરંજનં ॥ ૨

નવનિરદ તન અભિરામ પર પટ પીત છબિ ઈમ છાજીતં,
જીમિ નીલ મનિ નગ નવલ પર વર પ્રાત આતપ રાજીતં;
અતિ વક્ર ભ્રકુટી કષ્ટમોચન લાલ લોચન કંજનં,
જય રામ સુખમા ધામ સુંદરશ્યામ જનમનરંજનં ॥ ૩
બિરદાવલી સહ બિનય પઠીતં બેદગન બંદીજનં,
સનકાદિ તાપસ સિદ્ધ ગુનગન ગાન કરત મુદિતમનં;
રવિચંદ્ર શિર પર છત્ર શોભિત ચંવર કરત પ્રભજંનં,
જય રામ સુખમા ધામ સુંદરશ્યામ જનમનરંજનં ॥ ૪
સારંગ કુલ સારંગ સમ સારંગ સદન મનોહરં,
ઠવની સુવા સારંગ સમ સારંગ સમ સુખ સુંદરં;
સારગ કર સારંગ રાજત સર્વ ખલ દલ ગંજનં,
જય રામ સુખમા ધામ 'સુંદરશ્યામ જનમનરંજનં ॥ ૫
વાલી હતેઉ સર એક સેં સુગ્રીવ શોક નિવારેઉ,
ગજરાજ ગનિકા ગિદ્ધગુહ તમામ પતિતન તારેઉ;
સ્વામી સબલ શિવલાલ કે દશ ભાલકે સુખ મંજનં,
જય રામ સુખમા ધામ સુંદર શ્યામ જનમનરંજન ॥ ૬

ઉપર્યુકત સ્તુતિથી પ્રસન્ન થઇ અભિમત્ત દાની શ્રી રાઘવેન્દ્રે આપત્તિસમયમાં પણ લંકા જેવી વિભૂતિ કે જે અસાધ્ય શત્રુ રાવણના હસ્તમાં અદ્યાપિ વિદ્યમાન હતી તે વિભીષણને તત્કાળ બક્ષીસ કરી. તે માટે એક કવિએ નીચે પ્રમાણે દોહરો કહ્યો છેઃ—

દોહરો ઉલટ.

અધિપતિ આડો અંક, રાઘવ રજપૂતી તણો;
લીધા પ્હેલી લંક, દીધી તેં દશરથ તણા.

વળી, રામાયણમાં મહાત્મા તુલસીદાજીએ કહ્યું છે કે,

---



દોહરો.

જો સંપત્તિ શિવ રાવણહિ, દીન્હ દિયે દશમાથ,
સો સંપત્તિ વિભીષણ હું, સકુચી દીન્હ રઘુનાથ

સારાંશ કે, ગમે તેવા વિષમ વખતમાં પણ શ્રી રઘુવીર દાનો વીરતાનો જાતિસ્વભાવ ન ગયો.

---

દોહરો.

ધ્યાન જુઓ બગલો ધરે, દૂધવરણો દેખાય,
મળતાં મારે માછલાં, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થઃ—જુઓ, જળાશયઉપર ધ્યાન ધરીને બેઠેલો બગલો દૂધવરણો દેખાય છે; પણ માછલું મળ્યું એટલે તુરત તેને મારી ખાવાનો તેનો જાતિસ્વભાવ ન જવા બદલ,

દૃષ્ટાન્ત ૪૬.

અનુપરામ કરીને કોઇ એક ઠગ વૈષ્ણવ હતો. તે ટીલાંટપકાં કરીને સાધુના જેવો ડોળ રાખતો; પણ તેણે પોતાના હૃદયના દુર્ભાવના બીલકુલ ત્યાગી ન હતી. એક દિવસે ફરતા ફરતા બે ચાર યાત્રાળુ ત્યાં આવી પહોંચ્યા. તેમણે તેને કહ્યું કે, "ભાઇ આજની રાત અહીં રોકાવું છે, માટે તમે અમને આશ્રય આપો." આ સાંભળી તેણે કહ્યું કે, "શું, અહીં કાંઇ ધર્મશાળા અગર ચોરો છે ? જાઓ, કોઈ સાધુ અતીતની જગ્યામાં, અગર તો જાઓ ગામને પાધર તળાવકિનારે ઠાકોરમન્દિરમાં." યાત્રાળુઓએ કહ્યું કે, "ભાઇ ! અમે તો તમને સાધુવેશે જોઇ અહીં આવવા ઇચ્છા કરી. ખેર; તેમ છતાં તમે અમને આશ્રય નહિ આપો તો અમે વટેમાર્ગુનું તમારા ઉપર કાંઈ જોર

નથી." એમ તેમણે ઘણો વિનય કર્યો; પણ આ ઠગ એકનો બે થયો નહિ, છેવટે યાત્રાળુ બિચારા હતાશ થઇને ચાલ્યા ગયા.

એ રાત્રે તે ઠગ હાથમાં તંબુરો લઇ રાગડા તાણવા લાગ્યો. આ સાંભળી ત્યાં આવનાર માણસો એકઠાં થયાં અને રાગ સાંભળી રીઝાયાં પછી સૌ પોતપોતાને સ્થાને ગયાં, એટલે દુષ્કર્મ-વાદી તે ઠગ વૈષ્ણવ હળેલી અધમ સ્ત્રીઓ સાથે કામચેષ્ટા કરવા લાગ્યો. તેમાં મેમાન તરીકે આવેલી અજાણી બાઇ પણ ફસાઈ ગઇ. આ પ્રમાણે હંમેશાં તે પોતાનું વર્તન ચલાવતો હતો. એક દિવસે તે જ યાત્રાળુ ફરતા ફરતા પાછા ત્યાં આવ્યા. તેમની સાથે બીજા પણ કેટલાક ગૃહસ્થાશ્રમી યાત્રાળુઓ હતા. આ જોઇ ઠગ વૈષ્ણવે કહ્યું કે, "ભાઇઓ! તમે વટેમાર્ગુ છો તો અત્યારે અંધારે કયાં પંથ કરશો ? માટે આજની રાત અહીં રહી પછી સુખેથી જજો." પેલા યાત્રાળુઓના મનને શંકા થઇ કે, "તે વખતે તો આ માણસે આપણને ધૂતકારી મુકયા હતા, અને અત્યારે આ લોકોનો તે સત્કાર કરે છે, તેનું શું કારણ હશે ? અજાણ્યા યાત્રાળુ-ઓએ કહ્યું કે, "ચાલો, ત્યારે ત્યાં જઇએ" એટલે તેમની સાથેનાં યાત્રાળુઓએ કહ્યું કે, "ના, ભાઇ ! અમને કાંઇક ભેદ માલૂમ પડે છે, માટે ત્યાં જવામાં માલ નથી. વિશેષમાં અમે તો જોખમ વગરના છીએ, અને તમે જોખમવાળા છો; માટે અમે તમને સંમત થતા નથી." આમ સાંભળતાં તેમને વિપરીત શંકા થઇ, અને તે યાત્રાળુઓનો શુભ સંગાથ તોડી, ખરાબ થવાના ભાવિએ ગૃહસ્થાશ્રમી યાત્રાળુઓ પાખંડની પરીક્ષા કર્યા વગર અજાણ દાવે ઠગાવાના અર્થે ત્યાં આવ્યા અને પૈસેટકે તથા ઇજ્જતઆબરૂએ



ખરાબ થયા. એની હકીકત સ્પષ્ટ લખતાં અમને ઘણો જ સંકોચ ઉત્પન્ન થાય છે.

જુઓ, જેમ બગલો ઉજ્જ્વલવર્ણ હોય અને ધ્યાન ધરતો માલૂમ પડે તેમ આ ઠગ વૈષ્ણવે પાખંડ વડે પોતાનો દુષ્કર્મ કરવા રૂપ જાતિ સ્વભાવ ન તજ્યો.

### દોહરો.

છૂટે ન દમડી સૂમની, ચમડી તૂટે ન્હાય,
સંચ્યામાં સમજે સદા, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—કૃપણ મનુષ્યની ચામડી તૂટે, પણ પાઇ સરખી, તેની પાસેથી છૂટી શકે નહિ; કારણ કે દ્રવ્ય એકઠું કરવાનો તેનો જાતિસ્વભાવ હોઇ તે ન મટવા બદલ:—

---

### દષ્ટાન્ત ૪૭.

કોઇ એક ગામમાં ઊકો નામે કૃષિકાર વૈશ્ય રહેતો હતો. તેને ત્યાં ચાર પુત્ર હતા. તે શરીરસંપત્તિ વગેરેથી સુખી હતો. પરંતુ તેનું દિલ એટલા સુધી નાદાન હતું કે, તે પાઇ સરખી પણ પરમાર્થે વાપરતો નહિ. લક્ષ્મી બહુ જ ચંચળ હોય છે; પણ કોઇ પૂર્વના અપરાધને લઇ તેને ત્યાં કેદખાને સડયાં કરતી હતી, આ કૃપણની ઉત્તરઅવસ્થા થઇ એટલે છોકરા મોટા થયા. પરંતુ તમામ કારવ્યવહાર તે પોતાના હાથે જ ચલાવતો હતો.

ભોગના જોગે એક બ્રાહ્મણ તેને દ્વારે જઇ ચઢયો, અને તેણે તેને આશીર્વાદ આપ્યો ત્યારે તેણે કહ્યું કે, "મહારાજ ! કયાંથી ભૂલા પડયા ?" બ્રાહ્મણે કહ્યું કે, "દયાળુ ! હું યાત્રાર્થે નીકળ્યો

મારે ઘેરથી જ આવું છું. તમને સારા જાણી આશીર્વાદ આપવા આવ્યો છું." "આશીર્વાદ મરી ગયો, સીધાવો સામા પંથે, હમણાં ને હમણાં જ", કૃપણે હૃદયનો ઉદ્‌ગાર જણાવ્યો, એટલે બ્રાહ્મણ હતાશ થઇ ચાલ્યો ગયો. આવા અનેક પ્રસંગ જોઇ દીકરાઓએ તેને કહ્યું કે, " બાપા ! હવે તો તમે પરલોક સુધારો, અને કયાંક જાત્રાએ પધારો. " બાપાએ કહ્યું કે, " વાર છે, બેટમજી ! તમે એમ જાણતા હશો કે, " બાપો જાય અને અમે મોજમજા કરીયે. પણ બાપો દ્રવ્ય સિવાય કશાનો ભાવિક નથી. " આમ કરતાં કરતાં અકર્મી ઊકો દિવસે દિવસે અશકત થવા લાગ્યો. દરમ્યાન છોકરાઓએ વિચાર કર્યો કે, " આપણા બાપે જીંદગીમાં કોઇ વખત પણ કિંચિત્ સાર્થક કર્યું નથી, માટે હવે આપણે તેમને તેમના ભલા માટે કહીએ. " એમ નકકી કરી તેમણે મહા મુશીબતે જાત્રાએ જવા માટે બાપને ઊભો કર્યો, અને મોટો છોકરો ગાંઠમાં પુષ્કળ દ્રવ્ય લઇ બાપની સાથે જાત્રાએ નીકળ્યો. દરમજલ કરતા તેઓ કેટલાક સમયે કાશી નજીક આવી લાગ્યા, એટલે અધવચમાં ગદ્ધા ક્ષેત્રમાં ઊકાની તબિયત લથડી, અને તેણે એકાએક પોતાના અધમ પ્રાણને તજી દીધો. છોકરાએ જાણ્યું કે, " ગજબ ! થયો, અકર્મી બાપ તો અધવચમાં મુવો, માટે ચાલ હવે મૃત દેહનો ગંગાકિનારે અગ્નિસંસ્કાર કરૂં. " એમ નકકી કરી તેણે તે લાસને ઘોડા ઉપર બાંધી. ઘોડું જીવાળ હોઇ રસ્તે જતાં ચમકયું અને ચમકતાંની સાથે જ પાંખો કરીને ઊડયું. છોકરાને બહુ જ દિલગીરી ઉત્પન્ન થઇ; તે પણ શું કરે ? ઉપાય શો ? અહીં ઘોડું ધણીને બારણે આવીને જ ઊભું તે છોકરાઓએ જોયું, અને તેને જોતાંની સાથે જ છોકરાઓ ચમકયા



કે, " આ એકલું ઘોડું આવ્યું તો બાપો તથા ભાઇ કયાં હશે ? " વધુ તપાસ કરતાં અકર્મી ઊકાની લાસ તેમને નજરે પડી. અકસ્માત મૃત્યુથી ચૂંથાએલી તથા ગંધાતી લાસનો અગ્નિ-સંસ્કાર થયો. પછી છોકરાઓએ તેની પાછળ મરણક્રિયા યથા-વિધિ કરી. પછી મોટોભાઇ ઘેર આવ્યો, અને તેણે પોતાની વીતેલી હકીકત જાહેર કરી. પોતાના બાપનાં બળેલાં હાડકાં લઇ ગંગા-જીમાં નાખવા સારૂ તેનાથી નાનો ભાઇ ગયો. થોડેક જતાં વિશ્રામ લેવા એક જળાશય ઉપર તે બેઠો, અને તેણે હાડકાંની થેલી નીચે મૂકી એટલે તુરત જ એક સમડીએ માંસનો લોચો જાણી તે લાલ બનાતની થેલી ઝડપાવી લઈ સહસા ગમન કર્યું, અને ઊકાના ઘર આગળના ઝાડ ઉપર જઇ બેઠી. તે દગ્ધ થએલો શુષ્ક પદાર્થ હોવાથી તે સમડીને પણ ઉપયોગનો ન હોઇ તુરત થેલી સાથે નીચે પડયો તે છોકરાઓએ જોયો " અરે ! આ બાપાનાં હાડકાં ગંગાએથી પગ કરીને અહીં આવ્યાં કે શું ? અરે ! અભાગિયા પિતા ! તારાં હાડકાં પણ ગંગા સુધી ન પહોંચ્યા" ગએલો છોકરો યાત્રા કરી પાછો વળ્યો અને ઘેર આવ્યો એટલે હાડ-કાંની હકીકત સમજાઇ. પછી છોકરાઓએ વિચાર કર્યો કે, " આ હાડકાં અહીં નજીક સિદ્ધપુર પહોંચડાવીએ. " એમ નકકી કરી તેમણે એક બ્રાહ્મણને તૈયાર કર્યો, અને તેને હકીકત સમજાવી વાટ-ખરચી આપી એક હજામ નોકર સાથે રવાના કર્યો. મહારાજ ઊકાનાં હાડકાં લઇ સરસ્વતીને કિનારે આવ્યા, અને અકબંધ ડબો લઇ જળમાં ઊતરી ડબો ઊઘાડવા જાય છે તેવો તે જ હાથમાંથી સરી તળિયે પહોંચ્યો. તેને બહાર કાઢવાની કોશીષ મહારાજે કરી નહિ.

દરમ્યાન સાથે આવેલો હજામ નાહવા પડયો. તેને પગ-

તળિએ તે પડેલો ડબો અડકયો, એટલે તેણે જાણ્યું કે, " કોઇ શ્રદ્ધાળુએ અહીં ગુપ્તદાન કર્યું છે, માટે લાવ છાનોમાનો લઇ લઉં." એમ નકકી કરી ડબાને લૂગડે લપેટી તે બહાર નીકળ્યો અને કપડાં બદલી તૈયાર થયો. તુરત તેણે મહારાજને કહ્યું કે, " ચાલો બાપજી, મારે તો ઘરમાં બૈરૂં આકરા પાણીનું છે, માટે મોડું થશે તો તે કંકાસ કરશે." મહારાજે કહ્યું કે, "રાંડના દુષ્ટ,જાત્રા કર્યા વગર એમ ને એમ જ જઇશ કે શું?" હજામે કહ્યું કે," બાપજી! દીઠા દેવ અને પહોંચી જાત્રા. તમે તમારે ભલે જાત્રા કરીને પધારજો. હું તો જાઉં છું. લો!રામ રામ! વહેલા પધારજો ! " એમ કહી હજામ ઉતાવળા પગે ઘેર આવ્યો. ત્યાં તો બૈરીએ તેને ગાળોથી વધાવી લીધો. હજામે કહ્યું કે," રાંડ, કલેશ કરીશ નહિ. આપણી સાત પેઢી ખાય એટલો માલ લાવ્યો છું." બૈરીએ ખુશી થઇને કહ્યું કે, "હેં ! હેં ! શું કહો છો ?" હજામે કહ્યું કે, " હા, સાચી વાત છે. લે, જો. " બૈરી પાસે આવી એટલે તેણે ડબો ઉઘાડયો, તો અંદર ઊકાનાં હાડકાં ! હાય ! હાય ! આ તો અકર્મી ઊકો !" આ જોઇ બૈરીએ ગાળોનો વરસાદ વરસાવ્યો. હજામ ઝંખવાણો પડી તે ડબાને તે ઊકાના ઊકરડામાં જ દાટી આવ્યો. જેઠ મહિને ખાતર નાખવાનો વખત આવ્યો એટલે ઊકરડા ફેંદાયા તો તુરત અંદરથી ડબો નીકળ્યો. છોકરાઓએ ડબાઉપરનું નામ વંચાવ્યું તો " ઉકરડા બગદા " એ નામ નીકળ્યું. તે સાંભળી છોકરા ચમકી ઊઠયા અને પુષ્કળ અફસોસ કરવા લાગ્યા. પછી તેમણે બ્રાહ્મણને બોલાવી તેને પૂછયું કે, " મહારાજ ! બાપનાં હાડકાં નાખવા જવા માટે તમને ડબો આપ્યો હતો ! તે કયાં છે ? લાવો. " મહારાજે કહ્યું, કે, " મુઓ તારો બાપ ! અભાગિયો સૌને પુગ્યો; અને ડબો તો ગયો સરસ્વતીને ભોંયતળિયે ! "



છોકરાએ કહ્યું કે, " ત્યારે મહારાજ ! આ શું ? " મહારાજ ડબો જોઈ ચમકયા. પછી તેમણે હજામને બોલાવ્યો " અને તેને પૂછયું કે, "અલ્યા ! બોલ સાચું ! આ ડબો અહીં કયાંથી આવ્યો?' હજામે કહ્યું કે, " બાપજી ! દ્રવ્યની લાલચે સરસ્વતીના ભોંયતળિયેથી તે લાવ્યો છું. અંદરથી હાડકાં નીકળતાં મને ધાસ્તી થઈ કે, જરૂર ઊકા કાકાના દીકરા ડબો ભાળશે તો મને મારી નાખશે. માટે તે ડબો મેં આપના ઊકરડામાં દાટયો હતો. " આ હકીકત સાંભળી છોકરાઓએ મન વાળ્યું.

જુઓ, કૃપણની શી સ્થિતિ થાય છે ! અભાગિયા ઊકાએ જીવતાં તો કાંઇ પણ સાર્થક ન કર્યું; પરંતુ મરી જવા પછી પણ કેટલાઓને તે નડયો, અને છેવટે તેની માટી બગડી, ને હાડકાં સમડીએ ચૂંથ્યાં, અને અન્તે ઊકરડાનો માલ ઊકરડામાં જ ગયો.

### દોહરો.

શ્વાન કનકની સાંકળે, બહુ પ્રેમે બંધાય,
ભસે સરવને ભાળીને, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થઃ—કૂતરૂં ઘણા પ્રેમથી સોનાની સાંકળે બાંધીએ તો પણ સારાનરસા સર્વને ભસવાનો તેનો જાતિસ્વભાવ ન જવા બદલઃ—

### દૃષ્ટાન્ત ૪૮.

એક રાજાની પાસે એક વૈદ્યરાજ રહેતા હતા. તે સ્વભાવે બહુ જ તીખા હોઇ કોઈને ગણકારતા નહતા. વિશેષમાં પોતાની ચાલાકી વડે તેમણે રાજાને એટલે સુધી વશ કર્યા કે, ખુદ રાજા તે વૈદ્યરાજ વિના જમવા પણ ન બેસે. વૈદ્યરાજ આટલા બધા

માનીતા હોઇ છેક પ્રધાન સુધી પણ પોતે તેજમિજાજ રહેતા હતા.

એક દિવસે ઉપર્યુકત વૈદ્યરાજથી કંટાળી જઇ કચેરીમંડળે વિચાર કર્યો કે, "સદાને માટે આ વૈદ્યરાજનો પગ રાજ્યમાંથી કઢાવવો ઉચિતછે." એમ ધારીને તેમણે દરવાજાના પહેરેગીરોને ભંભેર્યા અને કહ્યું કે," આજ વૈદ્યરાજની ગાડી આવે તો તમારે તેને અંદર ન જવા દેવી. અને તેને માટે તમને જે હરકત થાય તેના જુમ્મેદાર અમે છીએ." આ પ્રમાણે નક્કી થયા પછી બીજા દિવસે સવારમાં વૈદ્યરાજની ગાડી દરવાજે આવી, એટલે પહેરેગીરોએ તેને રોકી પાડી. વૈદ્યરાજે કહ્યું કે, " હરામખોરો ! તમારી બુરી સ્થિતિ થશે, અને જરૂર હું તમને ખરાબ કરાવીશ." પહેરેગીરોએ કહ્યું કે, "પછી ખરાબ કરાવજો; પણ હમણાં તો હુકમ નથી, માટે જલદી પાછા જ સિધાવો. " વૈદ્યરાજ લાચાર થઇ નિરુપાયે પાછા ફર્યા. તે વખત રાજાએ વૈદ્યરાજને યાદ કર્યા, એટલે દિવાન સાહેબે કહ્યું કે, "અન્નદાતા ! તે વૈદ્યરાજને તો આજે મરકી લાગુ પડી છે, માટે તે નહિ આવી શકે." રાજાએ કહ્યું કે,"હેં! મરકી?" પ્રધાનજીએ કહ્યું કે, "હા જી! ભયંકર ચેપીરોગ. "સાંભળી રાજાએ કહ્યું કે,"ત્યારે તો તેમને ગામથી બહાર રાખજો. " રાજા ઘણા ભાગે કાચા કાનના અને વહેમી હોઇ સાહસ કરતા નથી. વૈદ્યરાજનું ગાડું અટકયું એટલે બધાસુખી થયા. બાદ રાજાએ પૂછયું કે, " વૈદ્યરાજનું શું થયું ?" એટલે પ્રધાને કહ્યું કે, "વૈદ્યરાજ ગુજરી ગયા."પછી વિજયા દશમીને દિવસે રાજાની સ્વારી બહાર શમીપૂજન માટે નીકળી એટલે વૈદ્યરાજે વિચાર કર્યો કે, " હું કોઇ વાતે હવે ફાવવાનો નથી. સામા વૃક્ષ ઉપર અગાઉથી ચઢી જઇ પછી રાજાજી પધારે એટલે



પોકાર કરૂં." આમ નક્કી કરી વૈદ્યરાજ અગાઉથી જ શમીવૃક્ષ ઉપર ચઢી ગયા. દરમ્યાન રાજાજીની સ્વારી ગાજતે વાજતે શમીવૃક્ષ નીચે આવી. ત્યાં બરાબર શમી પૂજવાનો વખત થયો, એટલે વૈદ્યરાજે કાનોમાં આંગળી ઘાલી કરેડાવીને ભયંકર ચીસ પાડીને કહ્યું કે, "ગૌબ્રાહ્મણપ્રતિપાળ! ધર્મધુરંધર ! નોંધારાંના આધાર! મને બચાવો, બચાવો ! " રાજાએ ચમકીને ઊંચુ જોયું, એટલે પ્રધાને જાણ્યું કે, " ગજબ થયો! આ હરામખોર અહીં કયાંથી ! " રાજાએ પ્રધાનજીને પૂછયું કે, " તમે કહેતા હતા કે, વૈદ્યરાજ તો મરી ગયા; અને વૈદ્યરાજ અહીં કયાંથી ! " એટલે પ્રધાને કહ્યું કે, " અન્નદાતા ! એ તો ભૂત થયા છે ! " રાજાએ કહ્યું કે, "હેં, ભૂત !" પ્રધાને કહ્યું કે, "હા, જી ! ભયંકર ભૂત ! " આ સાંભળી રાજાએ બંદુક મારવાનો હુકમ કર્યો. હુકમ થતાંની સાથે જ વીસપચીસ બંદુકોના અવાજ છૂટયા અને વૈદ્યરાજને ચાળણીની માફક વીંધી નાખવામાં આવ્યા. છેવટે મરતાં મરતાં વૈદ્યરાજે એક શ્લોક કહ્યો:—

चक्रं सेव्यं वक्रं सेव्यं, ना सेव्यः केवलः प्रभुः ।
केवलं प्रभुसेवायां, विप्रः प्रेतगतिं गतः ॥

જુઓ, જેમ શ્વાનને પ્રેમયુકત પાળવામાં આવે છતાં તે ભસવાનો સ્વભાવ ન તજે, તેમ વૈદ્યરાજ રાજાના માનીતા થઇ સૌને હેરાન કરતા હતા, તોપણ પોતાનો જાતિસ્વભાવ ન છોડતા હોઈ તેમને હાથનાં કર્યાં હૈયે વાગ્યાં, અને તે અકાળ મૃત્યુને પ્રાપ્ત થયા.

———

## દોહરો.

ક્ષુધાતુર હોવા છતાં, ખાવા ન દે ન ખાય,
સંપ જોઇ લો શ્વાનનો, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—શ્વાન અત્યંત ભૂખ્યા હોય છતાં તેમના જાતિસ્વભાવને લઈ ન તે ખાય કે ન તે બીજાને ખાવા દે, એવા કુસંપ બદલ:—

### દષ્ટાન્ત ૪૯.

કોઈ એક ઘરધણી રાજપૂતને ત્યાં કાંઇ પ્રકરણ હતું, એટલે ન્યાત જમતી હતી. જમવાનું ખલાસ થયા બાદ કોઈ સાધારણ માગણિયાત ટોળું ત્યાં આવી પહોંચ્યું. તે અડ્ડો જમાવીને બેઠું કે, "ખાવા આપશો તો જ અહીંથી ખસીશું." ત્યારે ઘરધણીએ કહ્યું કે, "ભાઈઓ! ખાવાનું તો ખલાસ થયું છે; તેથી કાંઇક દાનદક્ષિણા લઇ જાઓ. તેમાંથી તમે નાસ્તાપાણી કરી લેજો." આ સાંભળી તેમાંથી એક જણ બોલી ઊઠયો કે, "ફટ ભૂંડા! તું ગરાસિયો થઈ અમને ખાવા ન આપતાં આંખો કેમ મીંચી દે છે! દાનદક્ષિણાની વાત તો બાજુ ઉપર રહી; પણ અમે ભૂખ્યા હોઇ તમને ખાવું શું ઘટિત છે ?" ગરાસિયાએ કહ્યું કે, "ભાઈઓ! ઘટિત તો બિલકુલ નથી; પણ તમે બધા ટાણાસર આવ્યા હોત તો ખાવા મળત. પરંતુ હવે બધું ખલાસ થયા પછી શું આપું ? તેમ છતાં બે ચાર જણ હોય તો પૂરું થાય; પણ પચીસ પચાસ માટે અત્યારે ટાણા વગરની કોણ માથાકૂટ કરે? માટે લો આ સીધું અને કરો તમારા હાથે બ્રહ્મભોજન." એટલે બીજો બોલ્યો કે, "અમારી પાસે શું સાધન છે કે, અમે હાથે બ્રહ્મ-



ભોજન કરી લઇએ? માટે એ તો તમે જ કરાવી આપો; કારણ કે, તમે ખાનદાન કુટુંબના હોઇ બહુ ઇજ્જતદાર છો, અને અમે તમારા આંગણેથી ભૂખ્યા જઇએ તો તેમાં તમારી ઘણી જ ફજેતી થાય." ગરાસિયાએ જાણ્યું કે, "આ લોક મારો કેડો નહિ મુકે અને જરૂર મને ફજેત કરશે; માટે લાવ કાંઇક યુક્તિ રચું. એમ ધારી તેણે કહ્યું કે, "ઠીક, ભાઈ! તમે બધા નિરાતે બેસો, હું તમારા માટે નવી રસોઇ કરાવરાવું છુ" એટલે ટોળાને ખાત્રી થઇ કે, "હાં, કાંઇક ઠેકાણે આવ્યો ખરો." એમ જાણી તે ટોળાના બધા લોકો નિરાંતે બેઠા. પેલા રાજપૂતને તો કયારે ખવડાવવું જ હતું? જેમ તેમ કરીને વળગેલા ઝોડને વેગળું કરવાનો જ તેનો વિચાર હતો. ગરાસિયે રંધવારા બોલાવરાવી ચૂલા ઉપર ઠાલાં કડાયાં અને કડછા પાણીમાં હલાવરાવ્યાં, એટલે બધાઓને પૂર્ણ ખાત્રી થઇ કે, જરૂર તે જમાડશે. થોડીક વાર પછી તેણે એક બાજુએ પતરાવળાંનો ગંજ કરાવ્યો અને એક બાજુએ ચપણિયાંનો ગંજ કરાવરાવ્યો, અને ઘડી પછી કહ્યું કે, "ચાલો, ભાઇઓ જમવા!" આ સાંભળી બધા રાજી થઇ સંગાથે ઊઠયા. પછી તેણે વચમાં મોટો બાજઠ ઢળાવ્યો અને કહ્યું કે, "ભાઇઓ! તમારામાંથી વડેરો હોય તે આ બાજઠે બેસે એટલે હું રસોઇ પીરસાવું." એટલે તેઓ એકબીજાના સામું જોવા લાગ્યા. એક કહે કે, "હું બેસું; અને બીજો કહે કે, "હું બેસું." એમ ચઢાચઢીમાં સામા પડેલાં ચપણિયાં એકબીજાના કપાળમાં ઠોકવા તેઓ મંડી પડયા, અને બધા લોહીલુહાણ થઇ નાસવા લાગ્યા. ગરાસિયે કહ્યું કે, "ભાઇ! જમતા જાઓ. મારી રસોઇ શા સારૂ બગાડો છો!" પણ કોણ

જમવા રહે? જુઓ. ભૂખ્યા હતા છતાં તેમણે ન ખાધું કે ન કોઇને ખાવા દીધું, અને કૂતરાં જેવો કુસંપ કરીને તેઓ નાઠા, પણ તેમનો જાતિસ્વભાવ કાયમ રહ્યો.

---

### દોહરો.

જુઓ તુંબડી જગતમાં, વિણસ્વાદે વખણાય,
તારી બીજાને તરે, જાતિસ્વભાવ ન જાય.

ભાવાર્થ:—જુઓ, જગતમાં તુંબડી કડવી છે છતાં વખણાય છે; અને પોતે તરીને બીજાને પણ તારવાનો તેનો જાતિસ્વભાવ ન જવા બદલ:—

### દૃષ્ટાન્ત ૫૦.

કોઇ એક જંગલપ્રદેશમાં એક સાધુ મહાત્મા રહેતા હતા. તેઓ ફળાહારી, ઉદાસીનવૃત્તિવાળા અને દુનિયાના કોઇ પણ સ્વાદિષ્ઠ ભોગ્ય પદાર્થથી અલિપ્ત હતા. તેની પાસે એક ગૃહસ્થ માણસ જઇ ચઢયો. તેણે જઇને મહારાજને આદેશ કહ્યા. આ સાંભળી મહારાજે પણ આદેશ કહ્યા. પછી મહારાજે પૂછ્યું કે, "ભાઇ! તું અહીં શા માટે આવ્યો છે? ચાલ્યો જા જલદી: નહિ તો હેરાન થઇશ." આવનાર ગૃહસ્થે કહ્યું કે, "આપજી! સાધુ પાસે આવનાર માણસ હેરાન થયો હોય એવું મેં મારા કાને કદિ સાંભળ્યું નથી. છતાં આપ આ શું ફરમાવો છે?" "હું ઠીક કહું છું કે, તું મારી પાસે જરા પણ નહિ નભી શકે, અને ખાસ એટલા જ કારણથી હું જંગલમાં નિવાસ કરૂં છું. પ્રથમ હું વસતિમાં જ રહેતો હતો; પરંતુ હું વસતિથી કંટાળીને જ અહીં આવ્યો છું. માટે હું તને કહું છું કે, તું સત્વર અહીંથી નાસી જા." પેલા માણસે કહ્યું કે, "આપજી! આપ મહાન જ્ઞાની સંત હોઇ હું આપની સેવામાં સત્સંગ માટે આવ્યો છું." "તારે સત્સંગ કરવો હોય તો વસતિમાં ગમે ત્યાં પવિત્ર સાધુ અગર દેવમંદિર હોય ત્યાં જઇ સત્સંગ કરજે. પણ અહીંથી તો તું ઊઠી જ જા; કારણ કે, અહીં તારા જેવાઓને અનેક પ્રકારે ભય રહે છે, અને તારૂં જીગર નરમ માલૂમ પડે છે." આવનારે સવિનય અરજ કરી કે, "કૃપાનાથ! સાચા ગુરુનું શરણ લેતાં ભય શાનો? વળી મેં કેટલાએકને મોઢે સાંભળ્યું છે કે, આપ પાત્રકુપાત્ર જોવા માટે પરીક્ષા કરો છો તે જોઇ કુપાત્ર હોય છે તે તો સત્વર અહીંથી પલાયમાન થઇ જાય છે. પરંતુ હું તો આપની કૃપારૂપ પ્રસાદીની ઇચ્છાએ અહીં આવ્યો છું. માટે મુજ રંક ઉપર દયા કરી મને આપની ચરણસેવા ફરમાવો. આપની ચરણસેવા કરીને ઘણા જણ સુધરી ગયા છે તો મારા જેવા બગડેલા પામર જીવને આપ પરોપકારી હોઇ સુધારો કે જેથી મારી જીંદગી હું સાર્થક માનું." આ પ્રમાણે સાંભળી મહારાજના મનને ખાત્રી થઇ કે, "જરૂર કોઇ સુપાત્ર છે." એટલે મહારાજ તેને ક્રોધદૃષ્ટિથી ન જોવા લાગ્યા. મહારાજ દુનિયાની પ્રકૃતિ ઓળખવા માટે જ દુનિયા સાથે ક્રોધ કરતા હતા. તેથી અવળચંડી દુનિયા તો કોઇ તે મહાત્મા પાસે ફરકતી પણ ન હતી. પરંતુ કોઇ સ્વચ્છ હૃદયવાળો હિમ્મત રાખીને મહાત્મા પાસે જઇ શકતો અને અલભ્ય લાભ લઈ આવતો હતો. આ પ્રમાણે આવનાર માણસ ઉપર પણ મહાત્માજીએ આસ્તે આસ્તે દયાની નજરથી જોવા માંડયું. એ મહાત્માની જ્યારે સંપૂર્ણ દયા થઇ ત્યારે તેનું હૃદય શ્રીહરિસ્મરણના શુદ્ધ રસમાં રંગાઇ ગયું, અને

શ્રીહરિને સાક્ષાત્ નિહાળવા લાગ્યો. તે દુનિયામાં રહે તો પણ તે જાણે દુનિયાથી ન્યારો જ; તે કર્મ કરે તોપણ જાણે કર્મથી ન્યારો જ; કારણ કે, મહાત્માની પ્રસાદીથી તે જે કાંઇ કરતો હતો તે શ્રી-હરિસમર્પણનિમિત્તે કરતો હતો તે અનેકનો હિતચિંતક થઈ પડયો. જુઓ, જેમ તુંબડી કડવી હોઇ તરીને તારે તેમ મહાત્મા પરીક્ષા માટે સહજ ક્રોધ કરો જતા તો પણ પાત્ર ઓળખી તેને ન્યાલ કરતા હતા. સાધુની પ્રકૃતિ ઓળખનાર જ સહેલાઇથી તરી શકે છે.

પૂર્વાર્ધ સમાપ્ત.

# શ્રી સયાજી સાહિત્યમાળા


છપાએલાં પુસ્તકો. કિંમત

**૧. વિજ્ઞાન-ગુચ્છ:—**

| | કાચી | પાકી |
|---|---|---|
| ૨. ભૂપૃષ્ઠવિચાર (બીજી આવૃત્તિ) | | ૦-૧૨-૦ |
| ૧૧. દેહધર્મવિદ્યાનાં તત્ત્વો. | ૦-૧૪-૦ | ૧- ૦-૦ |
| ૧૨. વિજ્ઞાનપ્રવેશિકા. | ૦-૧૦-૦ | ૦-૧૧-૦ |
| ૧૩. જીંદગીનો વીમો. (બીજી આવૃત્તિ) | | ૦-૧૪-૦ |
| ૧૭. ઉદ્‌ભિજ્જવિદ્યાનું રેખા દર્શન | | ૧-૦-૦ |
| ૧૮. કરોળીઆ ( સચિત્ર ). | ૦-૧૩-૦ | ૦-૧૪-૦ |
| ૨૨. પ્રાણીવિદ્યાનું રેખાદર્શન ( સચિત્ર ). | ૦-૧૪-૦ | ૧- ૦-૦ |
| ૨૫. મનુષ્યવિદ્યાનાં તત્ત્વો. | ૦-૧૫-૦ | ૧- ૦-૦ |
| ૩૫. જીવવિદ્યા ( સચિત્ર ). | ૦-૧૪-૦ | ૧- ૦-૦ |
| ૩૮. તુલનાત્મક ભાષાશાસ્ત્ર. | ૧- ૨-૦ | ૧- ૪-૦ |
| ૪૬. રાજનીતિનો સંક્ષિપ્ત ઇતિહાસ. | | ૧- ૪-૦ |
| ૪૭. સમાજશાસ્ત્રપ્રવેશિકા. | | ૦-૧૪-૦ |
| ૪૮. બાળઉછેર. | | ૧- ૮-૦ |
| ૫૦. બાળસ્વભાવ અને બાળઉછેર. | | ૧- ૮-૦ |
| ૫૧. શરીરયંત્રનું રેખાદર્શન ( સચિત્ર ). | | ૧- ૪-૦ |
| ૬૩. વિદ્યુત ( સચિત્ર ). | | ૧- ૪-૦ |
| ૬૪. સુપ્રજનશાસ્ત્ર. | | ૦-૧૩-૦ |
| ૬૭. પ્રાણીસૃષ્ટિ ( સચિત્ર ), | | ૧- ૮-૦ |
| ૭૦. રસાયનપ્રવેશિકા ( સાચત્ર ). | | ૧- ૩-૦ |
| ૭૫. વડોદરાનું અર્થશાસ્ત્ર. | | ૦-૧૨-૦ |
| ૮૧. સત્યમીમાંસા. | | ૧- ૧-૦ |
| ૮૪. सनईवादन पाठमाला पु ३. ( मराठी ) | | ૧- ૨-૦ |

| | કાચી | પાકી |
|---|---|---|
| ८५. सदर सदर पु. ४. ( मराठी ) | | १-१२-० |
| ८६. अवताररहस्य (हिन्दी) | | ०-१४-० |
| ८८. सजीव सृष्टीची उत्क्रांति (मराठी ) (सचित्र) | | २-११-० |
| ९१. यात्रिक प्रदीप ( प्रथम भाग ) (मराठी) (सचित्र) | | २- ६-० |
| ૯૨. સહકાર્ય અને રાષ્ટ્રીય જીવન. | | ૦-૧૩-૦ |
| ૯૫. મલ્લવિદ્યા ( સચિત્ર ) | | ૧- ૦-૦ |
| ૯૬. નૃકુળવિદ્યા. | | ૦-૧૫-૦ |
| ૯૭. મનોધર્મવિદ્યાનાં મૂળતત્ત્વો. | | ૦-૧૧-૦ |
| ૯૯. સૃષ્ટિની બાલાવસ્થા (સચિત્ર) | | ૧- ૨-૦ |
| ૧૦૦. આયુર્વેદનો સંક્ષિપ્ત ઇતિહાસ. | | ૧- ૦-૦ |
| ૧૦૨. સામર્થ્યનું વિજ્ઞાન. | | ૧- ૪-૦ |

## ૨. ચરિત્ર-ગુચ્છઃ—

| | કાચી | પાકી |
|---|---|---|
| ૮. પ્રેમાનંદ ( સચિત્ર ). | ૦-૧૨-૦ | ૧-૦-૦ |
| ૧૪. દયારામ. | ૦-૧૦-૦ | ૦-૧૫-૦ |
| ૨૦. મીરાબાઇ. | ૦-૧૦-૦ | ૦-૧૨-૦ |
| ૩૦. ગિરધર. | ૦-૧૦-૦ | ૦-૧૪-૦ |
| ૩૩. ભાલણ ( સચિત્ર ). | ૦-૧૫-૦ | ૧-૦૦- |
| ૪૦. તુકારામ (સચિત્ર ). | | ૧-૦-૦ |
| ४१. महाराजा शिवाजी ( मराठी ) ( सचित्र ). | १- ०-० | १-६-० |
| ૪૫. વિષ્ણુદાસ. | | ૧-૦-૦ |
| ૪૯. વીર શિવાજી ( સચિત્ર ). | | ૧-૦-૦ |
| ૫૩. મણિશંકર કીકાણી ( સચિત્ર ). | | ૧-૬-૦ |
| ૬૨. દલપતરામ ( બીજી આવૃત્તિ ). | | ૧-૨-૦ |
| ૭૨. સમુદ્રગુપ્ત ( સચિત્ર ). | | ૦-૧૩-૦ |
| ७४. मीरांबाई ( मराठी ) | | ०-१५-० |
| ૭૭. ચક્રવર્તી અશોક. | | ૦-૧૪-૦ |



| | કાચી | પાકી |
|---|---|---|
| ७८. समुद्रगुप्त ( हिन्दी ) (सचित्र). | | ०-१२-० |
| ९८ अप्रसिद्ध ऐतिहासिक चरित्रें (मराठी) | | १-०-० |
| ૧૦૪. શેક્સપિયર. | | ૦-૧૧-૦ |

## ૩. ઇતિહાસ-ગુચ્છઃ—

| | કાચી | પાકી |
|---|---|---|
| ५. संस्कृत वाङ्मयाचा इतिहास. ( मराठी ). | | २-८-० |
| ૯. જગતનો વાર્તારૂપ ઇતિહાસ, ભાગ ૧ લો.(બીજી આવૃત્તિ) | | ૩-૮-૦ |
| ૧૯. બ્રિટિશ રાષ્ટ્રીય સંસ્થાઓ. | ૦-૧૨-૦ | ૦-૧૩-૦ |
| ૨૪. પૅલેસ્ટાઇનની સંસ્કૃતિ. | ૦-૧૧-૦ | ૦-૧૨-૦ |
| ૨૬. જગતનો વાર્તારૂપ ઇતિહાસ, ભાગ ૨ જો. | | ૩-૦-૦ |
| ૩૧. પાર્લામેન્ટ. | ૧-૨-૦ | ૧-૪-૦ |
| ૩૪. ઇતિહાસનું પ્રભાત. | ૧-૨-૦ | ૧-૪-૦ |
| ૪૩. નવીન જાપાનની ઉત્ક્રાંતિ. | | ૧-૦-૦ |
| ૫૫. ચીનની સંસ્કૃતિ. | | ૧-૬-૦ |
| ૫૬. નેપોલીઅન બોનાપાર્ટ, ભાગ પહેલો | | ૨-૧૨-૦ |
| ૫૭. નેપોલીઅન બોનાપાર્ટ, ભાગ બીજો | | ૨-૧૦-૦ |
| ૫૮. નેપોલીઅન બોનાપાર્ટ, ભાગ ત્રીજો | | ૨-૧૨-૦ |
| ૬૦. ઉન્નતિવિચાર ( પુર્વાર્ધ ). | | ૧-૧૦-૦ |
| ૬૧. પ્રાચીન હિંદુસ્તાનમાં સ્થાનિક સ્વરાજ્ય | | ૧-૧-૦ |
| ६५ हिंदुस्थानचा अर्वाचीन इतिहास--मराठी रिसायत (मध्यविभाग) भा. १ (मराठी) (द्वितीयावृत्ति) | | २-१२-० |
| ६६ सदर भाग २ ,, | | २-१२-० |
| ६८ सदर भा. ३ | | २-४-० |
| ૬૯. હિંદુસ્તાનની સંસ્કૃતિ | | ૧-૧૨-૦ |
| ૮૨. રોમનો ઇતિહાસ | | ૧-૦-૦ |
| ८३. पार्लमेंट. (मराठी) | | १-८-० |
| ९०. मराठ्यांच्या प्रसिद्ध लढाया (मराठी) | | ३-०-० |
| ૧૦૦. અશોકના શિલાલેખો. | | ૧-૬-૦ |
| ૧૦૩. હિંદુસ્તાનના લોકો અને પ્રશ્નો | | ૧-૦-૦ |

| | કાચી | પાકી |
|---|---|---|
| **૪ વાર્તા-ગુચ્છ:—** | | |
| ૩. આપણા લઘુબન્ધુ અંગ્રેજ ( અંગ્રેજ બાલજીવન-બીજી આવૃત્તિ. ) | | ૦-૧૫-૦ |
| ૪. અલકાનો અદ્દભુત પ્રવાસ (સચિત્ર-બીજી આવૃત્તિ) | | ૧-૪-૦ |
| ૧૬. વીર પુરુષો. | | ૦-૧૨-૦ |
| ૧૦૫ જાતિસ્વભાવ શતક ( પૂર્વાર્ધ ) | | ૦-૧૫-૦ |
| **૫. ધર્મ-ગુચ્છ:—** | | |
| ૬. હિન્દુસ્તાનના દેવો (સચિત્ર). | | ૪-૦-૦ |
| २३. दीर्घनिकाय भा. १ ला (मराठी) | | १-८-० |
| ૩૨. તુલનાત્મક ધર્મવિચાર | ૦-૧૨-૦ | ૦-૧૩-૦ |
| ૩૬. ધર્મનાં મૂળતત્ત્વો | ૦-૯-૦ | ૦-૧૦-૦ |
| ૪૨. વિવિધ ધર્મોનું રેખાદર્શન | | ૦-૧૨-૦ |
| ૪૪. ઉત્તર યુરોપની પુરાણકથા | ૦-૧૨-૦ | ૦-૧૪-૦ |
| ८०. तुलनात्मक धर्मविचार ( हिन्दी ). | | १-०-० |
| **૬. નીતિ-ગુચ્છ:—** | | |
| ૫. માબાપને બે બોલ (ત્રીજી આવૃત્તિ) | | ૦-૬-૦ |
| ૭. નીતિશાસ્ત્ર | | ૦-૧૪-૦ |
| ૨૭. નીતિવિવેચન | ૧-૦-૦ | ૧-૨-૦ |
| ૨૯. કૅાએટનો ઉપદેશ (બીજી આવૃત્તિ) | ૦-૧૪-૦ | ૦-૧૫-૦ |
| ૩૭. નૈતિક જીવન તથા નૈતિક ઉત્કર્ષ. | ૦-૧૪-૦ | ૦-૧૫-૦ |
| ૭૧. ઉદાસીપંથનાં નીતિવચનો. | | ૦-૧૦-૦ |
| ७६. नीतिविवेचन ( हिन्दी ) | | १-७-० |

**૭. શિક્ષણ-ગુચ્છ:—**



| | કાચી | પાકી |
|---|---|---|
| १० बालोद्यानपद्धतीचें गृहशिक्षण (सचित्र) (मराठी) | ०-९-० | ०-१०-० |
| ૨૮. બાલોદ્યાનપદ્ધતિનું ગૃહશિક્ષણ (સચિત્ર). | ૦-૧૨-૦ | ૦-૧૪-૦ |
| ૫૨. શાળા અને શિક્ષણપદ્ધતિ. | | ૦-૧૫-૦ |
| ૮૯. પ્રાચીન હિન્દમાંની કેળવણી. | | ૦-૧૩-૦ |
| **૮. પ્રકીર્ણ-ગુચ્છ:—** | | |
| १५. सुधारणा आणि प्रगति. (द्वितीयावृत्ति.) ( मराठी ) | | ३-०-० |
| २१. शिस्त ( मराठी ) | | १-०-० |
| ३९. हिंदुस्तानचा लष्करी इतिहास व दोस्तराष्ट्रांच्या फौजा ( मराठी ). | | |
| ૫૪. સંસ્કૃતિ અને પ્રગતિ. | | ૨-૮-૦ |
| ७३. जबाबदार राज्यपद्धति ( मराठी. ) | | ०-१३-६ |
| ७९. इंग्रजी शिष्टाचार ( मराठी ). | | ०-१४-० |
| ८७. नागरिकांचीं कर्तव्यें ( मराठी ). | | ०-१२-० |
| ૯૩. હિન્દુસ્તાનમાં ક્ષયરોગ. | | ૧-૦-૦ |
| ९४. बडोद्याचें मराठी साहित्य ( मराठी ) | | ०-१०-० |

પ્રકાશક—એમ. સી. કોઠારી,
રાવપુરા, કાપડીપોળ-વડોદરા.

# શ્રી સયાજી બાળજ્ઞાનમાળા.

| છપાએલાં પુસ્તકો:— | કિંમત |
| --- | --- |
| ૧ ગિરનારનું ગૌરવ ( બીજી આવૃત્તિ ) ( સચિત્ર ) | ૦—૬—૦ |
| ૨ ઋતુના રંગ ( બીજી આવૃત્તિ) | ૦—૬—૦ |
| ૩ શરીરનો સંચો ( બીજી આવૃત્તિ ) ( સચિત્ર ) | ૦—૬—૦ |
| ૪ મહારાણા પ્રતાપ ( બીજી આવૃત્તિ ) ( સચિત્ર ) | ૦—૬—૦ |
| ૫ કોષની કથા ( બીજી આવૃત્તિ ) ( સચિત્ર ) | ૦—૬—૦ |
| ૬ પાટણ-સિદ્ધપુરનો પ્રવાસ ( બીજી આવૃત્તિ) | ૦—૬—૦ |
| ૭ પાવાગઢ ( બીજી આવૃત્તિ ) | ૦—૬—૦ |
| ૮ ઔરંગઝેબ ( બીજી આવૃત્તિ ) ( સચિત્ર ) | ૦—૬—૦ |
| ૯ મધપુડો ( બીજી આવૃત્તિ ) ( સચિત્ર ) | ૦—૬—૦ |
| ૧૦ રણજીતસિંહ ( બીજી આવૃત્તિ ) | ૦—૬—૦ |
| ૧૧ સુખી શરીર ( બીજી આવૃત્તિ ) | ૦—૬—૦ |
| ૧૨ શ્રી હર્ષ ( બીજી આવૃત્તિ ) | ૦—૬—૦ |
| ૧૩ સૂર્યકિરણ ( બીજી આવૃત્તિ ) ( સચિત્ર ) | ૦—૬—૦ |
| ૧૪ વાતાવરણ ( બીજી આવૃત્તિ ) | ૦—૬—૦ |
| ૧૫ ગ્રહણ ( બીજી આવૃત્તિ ) ( સચિત્ર ) | ૦—૬—૦ |
| ૧૬ બાલનેપોલીઅન (બીજી આવૃત્તિ) | ૦—૬—૦ |
| ૧૭ कोषकी कथा ( सचित्र हिन्दी ) | ૦—૮—૦ |
| ૧૮ લોહીની લીલા | ૦—૬—૦ |
| ૧૯ श्री हर्ष ( हिन्दी) | ૦—૮—૦ |
| ૨૦ સિકંદરની સ્વારી | ૦—૬—૦ |
| ૨૧ સુરત | ૦—૬—૦ |
| ૨૨ એશિયાની ઓળખાણ, ભાગ પહેલો | ૦—૬—૦ |
| ૨૩ ભૂસ્તરની કથા. | ૦—૬—૦ |
| ૨૪ લૉર્ડ વિલિયમ બેન્ટિન્ક | ૦—૬—૦ |
| ૨૫ નાના ફડનવીસ | ૦—૬—૦ |
| ૨૬ ચંદ્ર | ૦—૬—૦ |
| ૨૭ વડોદરાનો વૈભવ | ૦—૬—૦ |
| ૨૮ મહાદજી સિંધિયા | ૦—૬—૦ |
| ૨૯ ઘરઘોણી | ૦—૬—૦ |
| ૩૦ ચાંચડ | ૦—૬—૦ |
| ૩૧ પાચનક્રિયા અને દૂધ | ૦—૬—૦ |
| ૩૨ એશિયાની ઓળખાણ, ભાગ બીજો | ૦—૬—૦ |
| ૩૩ ગર્ભની કથા | ૦—૬—૦ |
| ૩૪ બાલ બાબર | ૦—૬—૦ |
| ૩૫ નાડી તંત્ર | ૦—૬—૦ |
| ૩૬ બૌદ્ધ ગુફાઓ | ૦—૬—૦ |
| ૩૭ મહાબળેશ્વર | ૦—૬—૦ |
| ૩૮ હિંદુસ્તાનનું વહાણવટું | ૦—૬—૦ |
| ૩૯ જાતિ અને જ્ઞાતિ, ભાગ પહેલો | ૦—૬—૦ |
| ૪૦ જાતિ અને જ્ઞાતિ, ભાગ બીજો | ૦—૬—૦ |
| ૪૧ વિલિયમ યુવર્ટ ગ્લૅડસ્ટન | ૦—૬—૦ |
| ૪૨ શૂરવીર શિવાજી ( સચિત્ર ) | ૦—૬—૦ |
| ૪૩ आरोग्यता ( हिन्दी ) | ૦—૮—૦ |
| ૪૪ દરિયાકાંઠો ( સચિત્ર ) | ૦—૬—૦ |
| ૪૫ બરફ અને પાણી. | ૦—૬—૦ |
| ૪૬ અર્થશાસ્ત્રની ઓળખાણ. | ૦—૬—૦ |
| ૪૭ संभाजी महाराज ( मराठी ) | ૦—६—૦ |
| ૪૮ महाराणा प्रताप ( मराठी ) | ૦—६—૦ |
| ૪૯ કોયલાની કથા. | ૦—૬—૦ |

| | |
|---|---|
| ૫૦ જઠરની કથા. | ૦-૬-૦ |
| ૫૧ ડયુક ઑફ વેલિંગ્ટન | ૦-૬-૦ |
| ૫૨ માકણ અને જૂ | ૦-૬-૦ |
| ૫૩ પાણીનાં પરાક્રમ, ભાગ પહેલો. | ૦-૬-૦ |
| ૫૪ પાણીનાં પરાક્રમ, ભાગ બીજો | ૦-૬-૦ |
| ૫૫ રસાયનપ્રવેશ. | ૦-૬-૦ |
| ૫૬ બાળપૃથ્વી. | ૦-૬-૦ |
| ૫૭ હવા અને પાણી. | ૦-૬-૦ |
| ૫૮ કોયલાની ખાણ | ૦-૬-૦ |
| ૫૯ ઉત્સર્ગતંત્ર. | ૦-૬-૦ |
| ૬૦ कोषाचें वर्णन. ( मराठी ) | ०-६-० |
| ૬૧ રાષ્ટ્રીય કેળવણી. | ૦-૬-૦ |
| ૬૨ ફેફસાંની કથા. | ૦-૬-૦ |
| ૬૩ ઈંગ્લાંડનું વહાણવટું | ૦-૬-૦ |
| ૬૪ औरंगजेब ( हिंदी ) | ०-८-० |
| ૬૫ કરકસર. | ૦-૬-૦ |

**પ્રકાશક—એમ. સી. કોઠારી,**
રાવપુરા રોડ, વડોદરા.

THE UNIVERSITY LIBRARY,
BARODA.
NOT TO BE ISSUED
SRI HANSA MEHTA LIBRARY, BARODA
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY
NOT TO BE ISSUED
SHML
14298
ENTERED
PK
1930
.B291
Ja
1926-1
NOT TO BE ISSUED
BAR/JAT
14298